આ ગ્રંથના અધિકારી ફક્ત સાધુ-સાધ્વીઓ જ છે

# શ્રી ઓઘનિર્યુક્તિ પરાગ

卐

પૂ. આ. શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન

પૂ. મુ. શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ

ऐँ नमः

अनन्तलब्धिनिधान गौतमगणधरेभ्यो नमः

[ શ્રીઆત્મ-કમલ-દાન-પ્રેમ-જંબૂસૂરિજી જૈન ગ્રંથમાળા ૪૪ ]

# શ્રી ઓઘનિર્યુક્તિ પરાગ

: લેખક-સંપાદક :

સાર્ધદ્વિશતશ્રમણસાર્થાધિપતિ સિદ્ધાંતમહોદધિ કર્મસાહિત્ય
નિષ્ણાત વાત્સલ્યવારિધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત
**શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના**
પટ્ટપ્રભાવક આગમપ્રજ્ઞ પૂજ્યપાદ આચાર્ય-
દેવ **શ્રીમદ્વિજયજંબૂસૂરી-**
**શ્વરજી** મ૦ના શિષ્યરત્ન
**પૂ૦ મુ૦ શ્રી નિત્યાનંદ વિજયજી ગણિવર્ય**

: મંગલ પ્રેરક :

વિદ્વદ્વર્ય પ્રશાંતમૂર્તિ આચાર્યકલ્પ
**પૂ૦ પં૦ મહારાજશ્રી કનકવિજયજી ગણિવર.**

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૮૮ | કિંમત : | આવૃત્તિ : પહેલી |
| વિક્રમ સં. ૨૦૧૮ | ૧.૫૦ | પ્રત : ૧૦૦૦ |

પ્રકાશક :
આર્યશ્રી જંબૂસ્વામી જૈન મુક્તાબાઈ
આગમમંદિર
શ્રીમાળીવાગા, ડભોઈ (વડોદરા).

▲

## —: ગ્રંથ મળવાના સ્થળો :—

(૧) આર્યશ્રી જંબૂસ્વામી જૈન મુક્તાબાઈ જ્ઞાનમંદિર
શ્રીમાળીવાગા, ડભોઈ (વડોદરા).

(૨) સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના, અમદાવાદ.

(૩) સોમચંદ ડી૦ શાહ
જીવનનિવાસ સામે, પાલીતાણા (સૌરાષ્ટ્ર).

(૪) શાહ ડાહ્યાભાઈ મોહનલાલ
દોશીવાડાની પોળ, પટવાનો ખાંચો, અમદાવાદ.

મુદ્રણ સ્થાન :
પ્રતિમા પ્રિન્ટરી
બોરસદ (જિ૦ ખેડા).

# પંચપરમેષ્ઠિ સ્તુતિ

અર્હંતો ભગવંત ઇન્દ્રમહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતાઃ
આચાર્યા જિનશાશનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ ।
શ્રીસિદ્ધાંતસુપાઠકા મુનિવરા રત્નત્રયારાધકાઃ,
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મંગલમ્ ॥

## શ્રી ગુરુ સ્તુતિ

નિર્ગ્રંથેશ પ્રતાપી ! પરમસુખખની પ્રૌઢ હે પ્રેમમૂર્તિ,
વાત્સલ્યાબ્ધિ ! વ્રતીશ ! પ્રસમરસનિધિ સંયમે ભવ્યસ્ફૂર્તિ;
જ્ઞાતા સર્વાગમોના જિનમતગગને સૂર્યશા ધર્મધૂરિ,
સ્વીકારો વંદનાને મુનિજનગણની હે પ્રભો દાનસૂરિ. ૧


વ્યાપ્યો છે સંઘમાંહે અનુપમમહિમા ભવ્યચારિત્રમૂર્તિ,
શાસ્ત્રાર્થોના રહસ્યે વિમલમતિમહા વંદતા આશ ફળતી;
તેજસ્વી સૂરિદેવ ! પ્રવરગુણનિધિ ત્યાગ વૈરાગ્યવંતા,
પૂજ્ય શ્રીપ્રેમસૂરિ ! પ્રભુપથવહતા મુક્તિસામ્રાજ્ય દેતા. ૨

# સ મ ર્પ ણ

ॐ अर्हम्

અનંત ઉપકારને વરસાવનારા શ્રીતીર્થંકર ભગ-
વંતોની આજ્ઞાનું પરિપાલન કરવા અને કરાવ-
વામાં ઉદ્યમશીલ, સંયમમાર્ગે અવિરત
પ્રયાણ કરી રહેલ, મુક્તિમાર્ગના કાબેલ
સુકાની કૃપાવારિધિ પરમવાત્સલ્યનિધિ
કર્મસાહિત્યનિષ્ણાંત નિસ્પૃહચૂડામણી
તત્ત્વજ્ઞ સિદ્ધાંતમહોદધિ પૂજ્યપાદ
પરમ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી મદ્વિજય પ્રેમ-
સૂરીશ્વરજી મહારાજના પરમપવિત્ર આશીર્વાદના
પ્રતાપે આ ગ્રંથરત્નનું સર્જન થવા પામ્યું છે,
તે ઉપકારની સ્મૃતિરૂપે તેઓશ્રીના પરમ-
પાવનકારી કરકમલમાં ભક્તિભર હૃદયે
આ 'ઓઘનિર્યુક્તિપરાગ' ગ્રંથ
સમર્પણ.

—શિશુ નિત્યાનંદ.



સિદ્ધાંતમહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ

**શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ**



આગમપ્રજ્ઞ પૂજ્યપાદ આચાર્યદેવ

શ્રીમદ્વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજ સાહેબ

# પ્રકાશકનું નિવેદન

પરમ પૂજ્ય ઉપકારી ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજ સાહેબના ઉપદેશ અને અનુગ્રહથી અમારી આ સંસ્થા સ્થપાયા પછી થોડા વખતમાં શ્રી આત્મ–કમલ–દાન–પ્રેમ–જંબૂસૂરિજી જૈન ગ્રંથમાળાના મણકા-રૂપે સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી એવા ૪૩ ઉપયોગી પ્રકાશનો સમાજને અર્પણ કરવા ભાગ્યશાળી બની છે.

આ સંસ્થાને ૨૫ વર્ષ થતાં ભારે નવ છોડનો દિવ્ય રજતમહોત્સવ પૂજ્યપાદ આચાર્ય-દેવશ્રીની પાવન નિશ્રામાંજ આ સાલે કારતક મહિનામાં મુંબઈના શેઠ છગનલાલ લક્ષ્મીચંદ તરફથી અભૂતપૂર્વ ઉજવવામાં આવ્યો હતો અને આજે પૂજ્ય ગુરુમહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂજ્ય મુનિરાજ શ્રી નિત્યાનંદ વિજયજી મહારાજે ગુરુગમથી શ્રમપૂર્વક લખીને તૈયાર કરેલ 'શ્રી ઓઘનિર્યુક્તિ પરાગ' નામક આ ભવ્ય ગ્રંથ ગ્રંથમાળાના ૪૪મા મણકારૂપે પ્રગટ કરવામાં આવે છે, તેથી અમો વિશેષ આનંદ અનુભવીએ છીએ.

આ ગ્રંથ નાનો છતાં પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજાને ચારિત્રશુદ્ધિ માટે અને નિત્યની સામાચારી વિધિયુક્ત સુંદર રીતે પાલન કરવા માટે ખૂબ જ ઉપયોગી છે, એમાં શંકાને સ્થાન નથી. આ એક શરૂઆતનો માર્ગદર્શક ગ્રંથ છે. આના અધ્યયનપૂર્વક મૂળ આકર ગ્રંથમાં પ્રવેશ થવો ઘણો સુગમ બનશે, એમ અમારૂં નમ્ર મંતવ્ય છે.

વિદ્વદ્વર્ય સુપ્રસિદ્ધવક્તા પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવરે 'મંગલવચન' લખી આપેલ છે. આથી ગ્રંથની સુંદરતામાં અનેક-ઘણો વધારો થયો છે.

વાચક મહાશયો, આ ગ્રંથને સુંદર ન્યાય આપશે અને સ્વપર ઉપકાર અર્થે એનો સારો લાભ ઉઠાવશે એવી અમો આશા રાખીએ છીએ. આ શ્રુતજ્ઞાનની ભક્તિરૂપે પ્રકાશન કાર્યમાં જે દાતાઓએ દ્રવ્ય સહાય કરી છે, તે પુણ્યશાળી-ઓનો સુકૃત અનુમોદનાપૂર્વક અમો આભાર માનીએ છીએ, તેઓના શુભ નામો આ ગ્રંથમાં પ્રગટ કર્યાં છે.

'પ્રતિમા પ્રિન્ટરી'ના માલિક છોટુભાઈએ

આ ગ્રંથને સુંદર રીતે મુદ્રિત કરી આપ્યો છે, તથા પ્રાસંગિક, પ્રકાશકનું નિવેદન, અનુક્રમણિકા આદિ સુલેખા પ્રિન્ટિગ પ્રેસ (નવાડીસા)ના માલિક શ્રી. મફતલાલે મુદ્રિત કરી આપેલ છે. તે કેમ ભૂલી જવાય. આ ગ્રંથમાળા દ્વારા સાહિત્ય સેવા કરવાનું વિશેષ સામર્થ્ય શાસનદેવ બક્ષે. એવી પ્રાર્થના કરતાં અમો વિરમીએ છીએ. પ્રેસ દોષ કે દૃષ્ટિ દોષથી રહી ગએલી ભૂલો સુધારી લેવા વિનંતિ છે.

સંવત ૨૦૧૮
વૈશાખ સુદ ૩
(અખાત્રીજ)
રવિવાર

મંત્રી,
શાહ જયંતિલાલ
બાપુલાલ વડજવાળા
આર્યશ્રી જંબૂસ્વામી જૈન
મુક્તાબાઈ આગમ મંદિર,
શ્રીમાળીવાગા,
ડભોઈ (વડોદરા).

# પ્રાસંગિક

આ અવસર્પિણી કાળમાં ભગવાનશ્રી ઋષભદેવથી માંડી ભગવાનશ્રી મહાવીર સ્વામીજી સુધી ચોવિસ શ્રી તીર્થંકર ભગવંતો થયા અને તેમના ૧૪૫૨ ગણધર ભગવંતો થયા. શ્રી તીર્થંકર ભગવંતના શ્રીમુખેથી ત્રિપદી (उप्पन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा) સાંભળી ૧૪૫૨ ગણધર ભગવંતોએ સંપૂર્ણ દ્વાદશાંગીની રચના કરી. તેઓના શાસનકાળમાં અસંખ્ય આત્માઓ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષસ્થાનને પામેલા છે. જ્યારે શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીજીના શાસનમાં સેંકડો આત્માઓ મોક્ષે ગએલા છે.

અવસર્પિણી કાળના પ્રભાવે જીવોની પ્રજ્ઞાશક્તિ મંદ થતી આવતી હતી છેલ્લા ચૌદ પૂર્વધર શ્રી સ્થૂલભદ્ર મુનિવર થયા, તે પછી ચૌદપૂર્વનું જ્ઞાન વિચ્છેદ પામ્યું અને દિવસે દિવસે શ્રુતજ્ઞાનમાં હાનિ થતી આવી. જ્યારે ધારણા શક્તિ અતિમંદ પડી ગઇ ત્યારે શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે ભાવિ જીવોના ઉપકારાર્થે વાચનાઓ ભેગી કરી જેટલું જ્ઞાન કંઠસ્થ હતું તે બધું પુસ્તકારૂઢ કર્યું —

એટલે લખાવી લીધું અને જ્યાં જ્યાં શંકાશીલ લાગ્યું ત્યાં ત્યાં 'तत्त्वं केवली गम्यम्' લખ્યું. તે લખાવેલ જ્ઞાનમાંથી બચેલો વારસો આપણને વર્તમાનમાં મળે છે, કેમકે મુસ્લીમ કાળમાં ઘણાં ગ્રંથ ભંડારોનો નાશ થઈ ગયો હતો.

શ્રી આચારાંગસૂત્ર, શ્રી સૂયગડાંગસૂત્ર, શ્રી ઠાણુંગસૂત્ર, શ્રી સમવાયાંગસૂત્ર, શ્રી વિવાહ-પ્રજ્ઞપ્તિ (ભગવતીજી)સૂત્ર, શ્રી જ્ઞાતાધર્મકથાંગસૂત્ર, શ્રી ઉપાસકદશાંગસૂત્ર, શ્રી અંતકૃતાંગસૂત્ર, શ્રી અનુત્તરોપપાતિકસૂત્ર, શ્રી પ્રશ્નવ્યાકરણસૂત્ર, શ્રી વિપાકસૂત્ર અને શ્રી દૃષ્ટિવાદ. આ બાર અંગો કહેવાય છે. તેમાંનાં છેલ્લા દૃષ્ટિવાદ નામના બારમા અંગમાં આવતા ચૌદપૂર્વમાંનાં નવમાં પૂર્વની ત્રીજી આચાર નામની વસ્તુના વીસમા ઓઘપ્રાભૃતમાં આ ઓઘનિર્યુક્તિ ગ્રંથનું સ્થાન હતું.

આ ઓઘનિર્યુક્તિ ગ્રંથનું જ્ઞાન પહેલા વીસ વર્ષનો દીક્ષાપર્યાય થાય ત્યારે યોગ્યતા પ્રમાણે સાધુઓને પ્રાપ્ત થતું હતું. અવસર્પિણી કાળના પ્રભાવે દિવસે દિવસે જીવોનું આયુષ્ય, શરીર વગેરેની હાનિ થતી હતી, સાથે સાથે જ્ઞાનના ક્ષયોપશમમાં પણ મંદતા થવા લાગી, આથી

સાધુઓના અનુગ્રહાર્થે આ ગ્રંથનું જ્ઞાન જલદી મળે તે હેતુથી યુગપ્રધાન શ્રી ભદ્રબાહુ સ્વામીજીએ નવમાં પૂર્વમાંથી આનો ઉદ્ધાર કરી શ્રીઓઘ-નિર્યુક્તિરૂપે રચના કરી છે.

"सुत्तं गणहररइयं, तहेव पत्तेयबुद्धरइयं च ।
सुयकेवलिणारइयं, अभिन्नदसपुव्विणारइयं ॥"

'શ્રી ગણધર ભગવંતોએ રચેલ, શ્રી પ્રત્યેક બુદ્ધ મુનિ ભગવંતોએ રચેલ, શ્રી ચૌદપૂર્વધર (શ્રુતકેવળી) ભગવંતોએ રચેલ અને સંપૂર્ણ દશ પૂર્વધર મુનિવરોએ રચેલ શ્રુતને સૂત્ર કહેવાય છે'. શ્રી ભદ્રબાહુ સ્વામીજી મહારાજ ચૌદપૂર્વધર હતા. તેથી આ ઓઘનિર્યુક્તિ ગ્રંથ પણ મહા-સૂત્ર કહેવાય.

શ્રી ઓઘનિર્યુક્તિ ગ્રંથ દીક્ષિત થનારને દીક્ષાના પ્રથમ દિવસથી મળવાની શરૂઆત થઈ, જેથી દીક્ષિતોને પોતાના આચારો પાળવાની સુગમતા રહે. આ ઉપરથી આ ગ્રંથ સાધુ–સાધ્વી-જીઓ માટે કેટલો ઉપકારક તથા ઉપયોગી છે તે સમજી શકાય એમ છે.

શ્રી ભદ્રબાહુ સ્વામીજી મહારાજે આ ગ્રંથ પ્રાકૃત ભાષામાં ૮૧૨ ગાથા પ્રમાણ નિર્યુક્તિરૂપે

બનાવેલ છે, તેના ઉપર પૂર્વાચાર્ય રચિત પ્રાકૃત ભાષામાં ૩૨૨ ગાથાઓનું ભાષ્ય છે, તેના ઉપર નવાંગી ટીકાના શુદ્ધિકારક નિર્વૃત્તિકુલભૂષણ પ્રકાંડ વિદ્વદ્વર્ય શ્રીમદ્ દ્રોણાચાર્ય મહારાજે સંસ્કૃત ભાષામાં ટીકા કરેલી છે. જે ટીકા સહિત આખો ગ્રંથ હાલમાં સાધુ–સાધ્વીજીઓના ભણવા–વાંચવાના ઉપયોગમાં આવે છે.

સામાન્ય સંસ્કૃતજ્ઞાન હોય અથવા સંસ્કૃત ભાષાનો બિલકુલ અભ્યાસ કર્યો ન હોય તેવા સાધ–સાધ્વીજીઓ પણ આ ગ્રંથની સુવાસથી વંચિત રહી ન જાય અને પોતાના આચારો કેવા હોવા જોઇએ તેનું જ્ઞાન પણ પ્રાપ્ત થાય તે હેતુથી નિર્યુક્તિ, ભાષ્ય અને ટીકાના આધારે 'ઓઘ-નિર્યુક્તિપરાગ, નામનો આ ગ્રંથમાં લખવા પ્રયત્ન કરેલ છે. જો કે ઓઘનિર્યુક્તિ ગ્રંથનું અક્ષરશઃ ભાષાંતર કે દરેક ગાથાઓનો અર્થ લખ્યો નથી, છતાં જરૂરી બધા દ્વારોનું વર્ણન આવી જાય અને દરેક દ્વારો સારી રીતે સમજી શકાય એ રીતે ગુજરાતી ભાષામાં સંકલના કરેલી છે.

આ ગુજરાતી ગ્રંથ પ્રથમ બરાબર સંપૂર્ણ વિચારી ગયા પછી મૂલ ગ્રંથ વાંચવામાં આવશે

તો મને લાગે છે કે સંસ્કૃતના થોડા અભ્યાસીઓ પણ મૂળગ્રંથનું જ્ઞાન સારી રીતે પ્રાપ્ત કરી શકશે.

બીજુ આ ગ્રંથ ગુરુગમથી વાંચવામાં આવશે તો તેના રહસ્યો સારી રીતે જાણી શકાશે. દરેક ગ્રંથનું જ્ઞાન ગુરુગમથી જ પ્રાપ્ત કરવું જોઇએ, જેથી કોઈ અર્થનો અનર્થ થવા સંભવ રહે નહિ. શાસ્ત્રમાં જે વસ્તુનું નિરૂપણ કરવામાં આવ્યું હોય છે તેમાં ઉત્સર્ગ અપવાદ વગેરે વિષયનું જ્ઞાન ગીતાર્થ મહાપુરુષોને જ હોય છે. આ કારણથી જ શાસ્ત્રમાં ગીતાર્થ મુનિવરોનો અથવા ગીતાર્થ મુનિવરની નિશ્રાનો, એમ બે પ્રકારના વિહારો જ અનુજ્ઞાત કરાએલા છે. શાસ્ત્રની આ આજ્ઞા પ્રમાણે વર્તનારા મહાનુભાવો આરાધક બની શકે છે.

પૂજ્યપાદ ગચ્છાધિપતિ સિદ્ધાંતમહોદધિ તત્ત્વસાહિત્યચિંતનશીલ આચાર્યદેવ શ્રી મદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબે સાધુઓને શ્રી- ઓઘનિર્યુક્તિની વાચના અનેકવાર આપી છે તથા અનેકવાર ગ્રંથના પદાર્થો સમજાવે છે. તેઓશ્રીને બીજા ગ્રંથો ઉપરાંત આ ગ્રંથ સાદ્યંત કંઠસ્થ છે. અવારનવાર તેના પાઠ તેઓશ્રીને હજુ પણ ચાલુ છે. આ ઉપરથી મને લાગેલું કે 'પૂજ્યપાદ પરમ

ગુરુદેવ આચાર્ય ભગવંત આ ગ્રંથ માટે આટલો ભાર મૂકે છે તેથી સાધુ-સાધ્વીજીઓ માટે આ ગ્રંથ ઘણો ઉપયોગી છે. જો આખા ગ્રંથનું દ્વારવાર પદાર્થો જો ગુજરાતી ભાષામાં તૈયાર કર્યા હોય તો સંસ્કૃત-પ્રાકૃતભાષા નહિ ભણેલા પણ આ ગ્રંથનું જ્ઞાન મેળવી શકે.' મારી આ ભાવનાને વચમાં ઘણા વર્ષો પસાર થઈ ગયા. સંવત ૨૦૧૯ની સાલનું ચાતુર્માસ મારા પૂજ્ય ગુરુમહારાજ આચાર્યદેવ **શ્રી મદ્વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજ સાહેબની** આજ્ઞાથી પૂજ્ય ગુરુભ્રાતા જ્યોતિર્વિદ્ પંન્યાસજી મહારાજ **શ્રી રૈવતવિજયજી** ગણિવરની સાથે ડભોઇ થયું હતું. ત્યાં મારા પૂજ્ય ગુરુદેવના ઉપદેશથી ત્રણ દેરાસરોના જિર્ણોદ્ધારપૂર્વક એક ભવ્ય **શ્રી ઋષભાદિજયતિલક** નામે પ્રાસાદનું નવ નિર્માણ થવા સાથે **આર્યશ્રી જંબૂસ્વામી જૈન મુક્તાબાઈ આગમ મંદિર અને શ્રી આદિનાથ જૈન શ્રમણસમાધિ સ્તૂપોના** દિવ્ય નિર્માણ થયેલ છે. આગમ મંદિરમાં હજારોની સંખ્યામાં સંગૃહિત કરાએલા પ્રાચીન-અર્વાચીન અનેક મહાન કલાકૃતિઓનો અદ્‌ભુત સાહિત્ય ખજાનાને વ્યવસ્થિત કરવાનો હતો. તે માટે પૂજ્ય પંન્યાસજી મહારાજ સવારથી કામે

લાગી જતા, તે વખતે હું પણ સાથે મદદ કરાવતો સાથે સાથે પૂજ્યપાદ ગુરુદેવના આશીર્વાદ લઈ આ ઓઘનિર્યુક્તિ મૂલ ગ્રંથ ઉપરથી થોડુ થોડુ ગુજરાતીમાં લખવાનું શરૂ કરેલું અને પૂજ્ય ગુરુદેવની કૃપાથી તે કાર્ય ચોમાસામાં જ સંપૂર્ણ થએલ. તે વખતે પૂજ્યપાદ ગુરુદેવનું ચાતુર્માસ ખંભાત જૈનશાળામાં હતું. ચોમાસુ પૂર્ણ થયે ખંભાતથી વિહાર કરી ડભોઇ પધાર્યા હતા. ત્યારે આ 'ઓઘનિર્યુક્તિ પરાગ'નું લખાણ સામાન્ય દૃષ્ટિથી તપાસી ગયા હતા અને તે વખતે આ ગ્રંથ મુદ્રિત કરવાનું નક્કી થયેલ.

સંવત ૨૦૧૭ની સાલનું મારૂં ચાતુર્માસ પૂજ્ય ગુરુદેવની આજ્ઞાથી બોરસદ–કાશીપુરામાં થયું. તે વખતે આખુ લખાણ ફરીથી તપાસી જઈ પ્રેસકોપી તૈયાર કરી હતી. તે પ્રેસકોપી તપાસી આપવા પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવ **શ્રી મદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબને** (જેઓશ્રી પિંડવાડામાં ચાતુર્માસ બિરાજમાન હતા) વિનંતી કરતા તેઓશ્રીએ મારા પૂજ્ય ગુરુદેવશ્રી પાસે તપાસી લેવાની આજ્ઞા ફરમાવી. (પૂજ્ય મારા ગુરુદેવે પણ અનેકવાર ઓઘનિર્યુક્તિ

ગ્રંથની વાચના આપેલી છે.) જેના ફળ સ્વરૂપે આ આખુ લખાણુ પૂજ્યપાદ ગુરુદેવ આચાર્યદેવ **શ્રી મદ્વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજને** ચાતુર્માસમાં ડભોઇ જોવા મોકલી આપ્યું હતું. તેઓશ્રીએ પ્રેસકોપી સાદ્યંત તપાસી સુધારા-વધારા અને સુસંગત કરી મને બોરસદ મોકલી આપી. તેને વ્યવસ્થિત કર્યા બાદ **આર્યશ્રી જંબૂસ્વામી જૈન મુક્તાબાઇ આગમ મંદિર (ડભોઇ)** તરફથી છપાવવાનું શરૂ કરવામાં આવ્યું. જે પ્રગટ થઇ રહેલ છે.

આ ગ્રંથમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જેઓએ સહાય કરી કિંમતી માર્ગદર્શન આપ્યું છે તે સૌને કૃતજ્ઞ ભાવે યાદ કરવાનું કેમ ભૂલાય ? વળી વિદ્વદ્વર્ય શાંતમૂર્તિ પ્રસિદ્ધ પ્રવચનકુશળ પૂજ્ય **પંન્યાસજી મહારાજ શ્રી કનક વિજયજી ગણિવરે** સુંદર 'મંગળ વચન' લખી આપ્યું છે તેથી ઘણા આનંદ સાથે આભાર વ્યક્ત કરૂ છું.

આ **'ઓઘનિર્યુક્તિ પરાગ'** સાધુ-સાધ્વીજીઓ મનનપૂર્વક વાંચી યથાશક્ય પાલન કરવા તત્પર બનશે એવી આશા રાખુ છું. પ્રાંતે આ ગુજરાતી ગ્રંથ લખવામાં મતિમંદતાદિના કારણે શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞાથી વિરૂદ્ધ મારાથી

જે કાંઈ લખાયું હોય તે બદલ ત્રિવિધે મિચ્છામિ દુક્કડં અર્પું છું. પ્રેસદોષ કે દૃષ્ટિ દોષથી રહી ગયેલ ભૂલો સુધારીને વાંચવા વિનંતિ છે અને સુજ્ઞજનો તેવી ભૂલો બતાવવા ઉદારતા દાખવશે. **આ ગ્રંથરત્ન પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજને સમર્પણ કરી વિરમુ છું.**

સંવત્ ૨૦૧૮ના
ચૈત્ર સુદી ૧૩
(શ્રી મહાવીર જિન
જન્મ કલ્યાણક દિન)
શ્રીવિજયદાનસૂરીશ્વરજી
જ્ઞાનમંદિર
કાળુપુરરોડ, અમદાવાદ

પૂજ્યપાદ આચાર્ય ગુરુદેવ
શ્રીમદ્વિજયજંબૂસૂરીશ્વરજી
પાદપદ્મપરાગપિપાસુ —
નિત્યાનંદ.

# મંગલ વચન

દેવાધિદેવ શ્રમણ ભગવાન શ્રી મહાવીર દેવનાં શાસનમાં વિશ્વના-સમગ્ર ત્રણેય લોકના સર્વ જીવો પર પરમ ઉપકારક-આલંબન શ્રી શ્રુતજ્ઞાન છે. તીર્થ, પ્રવચન કે, શાસનનો આધાર-સ્થંભ શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાનનો ઉપકાર નિરવધિ છે. પાંચ જ્ઞાનોમાં શ્રુતજ્ઞાન ખરેખર સ્વ તથા પર બન્નેનું ઉપકારક છે. શ્રી તીર્થંકર દેવો તીર્થની સ્થાપના કરીને સ્વયં કૃતકૃત્ય બની લોકના અગ્રભાગે જ્યારે બિરાજમાન બને છે. તથા તેઓશ્રી જ્યારે આ રીતે વિશ્વના ત્રણેય ભુવનના આત્માઓની આસપાસથી દૂર-સુદૂર હોવા છતાંય તેઓશ્રીએ પ્રરૂપેલ શ્રુતજ્ઞાન વિશ્વપર ત્રણેય કાલ માટે અનંત ઉપકારોની અમીવૃષ્ટિ કરી રહેલ છે.

આ શ્રુતજ્ઞાન ચાર વિભાગોમાં વિભક્ત છે. દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ તથા ધર્મકથાનુયોગ : આ રીતે જૈન શાસનનું સમસ્ત શ્રુતજ્ઞાન ચાર પ્રકારે રહેલું છે. જીવાસ્તિકાય અજીવાસ્તિકાય-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ

આદિ દ્રવ્યોની તાત્ત્વિક સૂક્ષ્મતર વિચારણા મુખ્યત્વે દ્રવ્યાનુયોગમાં હોય છે. તેમ જ ત્રણેય લોકના પદાર્થોના ગણિતની વિચારણા ગણિતાનુયોગમાં વિસ્તારપૂર્વક કરી હોય છે, તદુપરાંત; આચારશુદ્ધિ — ચારિત્ર્યશુદ્ધિ વિષે તલસ્પર્શીમીમાંસા અને માર્ગદર્શન ચરણકરણાનુયોગમાં પ્રરૂપિત થયેલ હોય છે. આ રીતે જ્યારે દ્રવ્યાનુયોગનો જ્ઞાતા, ગણિતાનુયોગનો અભ્યાસક બનીને ચરણ–કરણાનુયોગની કથનીય આચરણાને–ચારિત્ર્યશુદ્ધિને આરાધીને જે રીતે સદ્‌ગતિગામી બનીને પરંપરાયે પરમપદને પામે છે, તેમ જ જે આત્માઓ ચરણકરણાનુયોગમાં ફરમાવેલ ચારિત્ર્યધર્મની આરાધનાથી વિમુક્ત બને છે, તેઓ કઈ રીતે સંસાર પરિભ્રમણ કરે છે. તે દર્શાવનાર સાહિત્ય શ્રુતજ્ઞાન ધર્મકથાનુયોગ છે.

ગણિતાનુયોગનું સમ્યગ્‌જ્ઞાન પ્રાપ્ત કરનારને દ્રવ્યાનુયોગ પ્રત્યે શ્રદ્ધા પ્રગટે છે, એટલે તે આત્મા ચરણકરણાનુયોગ દ્વારા ઉપદેશેલ ચારિત્રધર્મની સાધના કરવા ઉજમાલ બને છે, પરિણામે તે આરાધક આત્મા ધર્મકથાનુયોગના સાહિત્યમાં અનુકરણીય પ્રશંસનીય તરીકે પ્રસિદ્ધિને પામે છે, ને વિરાધક આત્મા હેય કોટિમાં મુકાય છે.

દ્રવ્યાનુયોગ એ દ્રવ્યોનું સ્વરૂપ યથાર્થરૂપે દર્શાવે છે. ગણિતાનુયોગ તે તે દ્રવ્યોનું વાસ્તવિક ગણિત દર્શાવે છે. ચરણકરણાનુયોગ આત્માને હેય-ઉપાદેય હકીકતને પ્રદર્શિત કરે છે. ને ધર્મકથાનુ-યોગ આદર્શને પામેલાઓનું ઉદાહરણ રજૂ કરે છે. આ રીતે જૈન સાહિત્યમાં ચારે પ્રકારના અનુયોગો એકમેકનાપૂરક તથા પરસ્પરના સમ-ન્વયના સુંદર દ્રષ્ટાંતરૂપ છે.

આ ચારે અનુયોગોને જૈનશાસ્ત્રમાં રત્નની ખાણ, સુવર્ણની ખાણ, રજત–ચાંદીની ખાણ તથા લોખંડની ખાણની ઉપમા આપી છે. રત્ન, સુવર્ણ કે ચાંદીની ખાણને ખોદવા માટે લોખંડની તો જરૂરિયાત રહેવાની. તે દૃષ્ટિએ ચરણ કરણાનુ-યોગને લોખંડની ખાણની ઉપમા આપવામાં આવી છે. તેના યોગે જ — ચરણકરણાનુયોગના યોગે જ બાકીના ત્રણે અનુયોગો સાર્થક તથા ઉપકારક બને છે.

વિશ્વમાં સારરૂપે શ્રી જૈન શાસન છે. તેના સારરૂપે શ્રી શ્રુતજ્ઞાન છે, ને શ્રુતજ્ઞાનના સારરૂપે દ્વાદશાંગી છે, ને તેનો સાર આચાર છે. એટલે ચરણકરણાનુયોગ આ દૃષ્ટિએ સારનો સાર.

શ્રેયનું શ્રેય અને મંગલનું પરમમંગલ છે. આ ચરણકરણાનુયોગના સાહિત્યમાં દશવૈકાલિક સૂત્ર પરમ શ્રેષ્ઠરૂપે સ્વીકાર્યું છે. પરમ પ્રભાવક સમર્થ શ્રુતધર સ્થવિર ભગવંત શ્રી શય્યંભવસૂરિજી મહારાજે પોતાના પુત્ર તથા શિષ્ય મહા ભાગ્યશાળી શ્રી મનક મુનિના શ્રેય કાજે સમસ્ત શ્રુતજ્ઞાનના સારરૂપે શ્રી દશવૈકાલિક સૂત્રની રચના કરી છે. આમે ચરણકરણાનુયોગ અલ્પ શબ્દ અને અર્થગંભીર છે. તેમાં શ્રી દશવૈકાલિક સૂત્ર ખરેખર અર્થગંભીર મહાન્ સૂત્રવર છે. આ સૂત્ર પર સમર્થ શ્રુતધર ભગવાન્ શ્રી ભદ્રબાહુ સ્વામીજી મહારાજે ચરણકરણાનુયોગથી સાર ગ્રહણ કરીને, અલ્પ શબ્દ યુક્ત, અર્થગંભીર ઓઘનિર્યુક્તિની રચના કરી છે.

નવમાં પૂર્વમાં રહેલ ત્રીજી આચાર વસ્તુના વીસમા ઓઘ પ્રાભૃતમાં રહેલી ત્રણ સામાચારી– ઓઘ સામાચારી, પદ વિભાગ સામાચારી ને ચક્રવાલ સામાચારી. આમાંથી ઓઘ સામાચારીની વસ્તુને નિરૂપણ કરનારી આ નિર્યુક્તિને પૂ. શ્રી ભદ્રબાહુ સ્વામીજી મહારાજે શ્રી જૈન શાસનના ચારિત્ર ધનની આરાધનાના ખપી સાધુ–સાધ્વી વર્ગના અનુગ્રહ માટે રચી છે.

ઓઘનિર્યુક્તિના સાત વિભાગો છે.

૧. પ્રતિલેખના, ૨. પિંડ, ૩. ઉપધિપ્રમાણ, ૪. અનાયતન, ૫. પ્રતિસેવના, ૬. આલોચના, ૭. વિશુદ્ધિ : આ સાત વિભાગોમાં ઓઘનિર્યુક્તિ સમગ્રનો સમાવેશ થઈ જાય છે. આ સાતે વિભાગો રત્નત્રયી તેમાંય સમ્યક્ ચારિત્રની આરાધનાને માટે અત્યુપકારક તથા ઉપયોગી છે.

૧. પ્રતિલેખના એ સંયમી જીવનો પ્રાણ યતના માટે આવશ્યક છે. જૈન શાસનનું સૂત્ર છે કે ઉપયોગ–યતના એ ધર્મ છે. એ યતનાની તથા ઉપયોગની રક્ષા માટે જીવદયારૂપ ધર્મના હાર્દને જાળવવા માટે પ્રતિલેખના ઉપકારક અનુષ્ઠાન છે. તે માટે પ્રથમ વિભાગમાં તેની વિધિ તથા તેને અંગેનું વિસ્તાર પૂર્વકનું વિવેચન છે. ૨. સંયમી સાધકને સંયમની સાધના માટે આહારનું ભાડું દેહને આપવું આવશ્યક બને છે. ત્યારે આહારની શુદ્ધિ જાણવી જરૂરી બને છે. તે માટે પિંડ દ્વારમાં આહાર ગ્રહણાદિ શુદ્ધિનું નિરૂપણ છે. ૩. સાધુ જીવનમાં ધર્મની આરાધના માટે શરીરને સાચવવામાં વસ્ત્ર તથા પાત્રની આવશ્યકતા રહે છે. તેને અંગેની વિધિનું નિરૂપણને ઉપધિનું પ્રમાણ

ઇત્યાદિ ત્રીજા વિભાગમાં દર્શાવ્યું છે. ૪. સાધુને વસતિમાં રહેવું, સંયમી જીવનની સાધના માટે જ્યારે અનિવાર્ય બને છે, ત્યારે વસતિ સંબંધી ત્યાજ્ય, ગ્રાહ્ય હકીકતો જાણવી જરૂરી બને છે. આ ચોથા વિભાગમાં વસતિને અંગે નિષેધ્ય વસતિનું નિરૂપણ કરીને વિસ્તાર દર્શાવ્યો છે. ૫. સંયમી જીવનમાં પ્રમાદાદિ કારણે દોષો, સ્ખલનાઓ સંભવિત છે. તે દોષોનું નિરૂપણ પ્રતિલેખના વિભાગમાં કરવામાં આવેલ છે. ૬. થયેલા દોષોના પ્રાયશ્ચિત્તની આવશ્યકતાનુ નિરૂપણ કરતો છઠ્ઠો વિભાગ છે. ને ૭. તે દ્વારા શુદ્ધિનું નિરૂપણ સાતમા-છેલ્લા વિભાગમાં છે.

એકંદરે આ સાતે વિભાગો સંયમી જીવનમાં રહી રત્નત્રયીની આરાધના કરનાર સાધુ-સાધ્વી વર્ગને ખૂબ જ ઉપકારક છે.

(૨)

ઉપરોક્ત સાતે વિભાગોનું સૂક્ષ્મ-સૂક્ષ્મતર નિરૂપણ કરનારો આ ગ્રથ સંયમી આત્માઓને અનેક રીતે માર્ગદર્શક છે. આવા ગ્રંથરત્નનું જેઓ અધ્યયન અધ્યાપન કરે-કરાવે છે, તેઓ પોતાના ને પરના સંયમી જીવનની શુદ્ધિ રક્ષા

કરી-કરાવીને લોકોત્તર શ્રી જૈન શાસનના રત્નત્રયી માર્ગની સુંદર આરાધના કરી કલ્યાણનું, શ્રેયનું તથા મંગલનું ભવ્ય પાથેય બાંધી શકે છે, તે દૃષ્ટિયે આવા ચરણકરણાનુયોગના મૌલિક મહાન ગ્રંથરત્નનું અધ્યયન-અધ્યાપન વર્તમાનકાલે અતિ આવશ્યક છે. શક્તિશાલી આત્માઓ માટે ઓઘનિર્યુક્તિ તથા તેના પર પૂ૦ શ્રી દ્રોણાચાર્ય સૂરિ મહારાજ રચિત વૃત્તિગ્રંથનું અધ્યયન-અધ્યાપન, મનન, પરિશીલન તથા ચિંતન ખૂબ જ ઉપકારક છે અને તે દરેક રીતે ચારિત્રમાર્ગની આરાધના માટે માર્ગદર્શક છે.

વર્તમાનકાલમાં ચારિત્રશુદ્ધિની પરમ આવશ્યકતા છે. ડગલે ને પગલે આરાધના માર્ગનો ખપ રાખવો જરૂરી છે. આયુષ્ય ક્ષણભંગુર છે, સંસારમાં ઈષ્ટ સંયોગો ચંચલ છે, જીવનમાં ડગલે ને પગલે જ્ઞાનીએ ભાખેલ સંસારની અસારતા નજરે પડી રહી છે. પૂર્વના મહાન પુણ્યોદયે વર્તમાનકાલે માનવદેહ, આર્યદેશ, આર્યજાતિ, આર્યકુલ, તેમ જ પાંચે ઇંદ્રિયોની અનુકૂલતાવાળું શરીર ને ઉત્તમોત્તમ ધર્મસામગ્રી પ્રાપ્ત થઈ છે. આ બધું હૃદયમાં લઇ અલ્પકાલમાં

ભગવાન શ્રી જિનેશ્વર દેવના રત્નત્રયીરૂપ મંગલ-માર્ગની આરાધના માટે આજે વીજળી ઝબૂકતાં મોતી પરોવવા જેવી જાગૃતિ રાખવી જરૂરી છે.

તે રત્નત્રયીમાં સમ્યક્ ચારિત્રની શુદ્ધિ મહત્ત્વની છે. તેના દ્વારા સમ્યગ્દર્શન તથા સમ્યગ્-જ્ઞાન સફલ બને છે. ને એ રીતે રત્નત્રયીની આરાધના દ્વારા આત્મા અનંત જન્મ–મરણની પરંપરાને તોડી શાશ્વત સુખધામ–મુક્તિ સુખના મંદિરે પહોંચે છે.

આ માટે રત્નત્રયીની આરાધનાના પ્રાણરૂપ ચારિત્રશુદ્ધિનું નિરૂપણ કરનારો આ મહાન ગ્રંથ આજે બાલભોગ્ય શૈલીમાં સરલતાપૂર્વક ગૂર્જર ભાષાનુવાદને પામે છે. જો કે આવા ગંભીર ગ્રંથરત્નની ગૂર્જર ભાષામાં અનુવાદ કરવો એ ગાગરમાં સાગર સમાવવા જેવું સાહસ ગણી શકાય, છતાં સંયમી જીવનના ખપી આત્માર્થી આત્માઓને–સાધુ–સાધ્વી વર્ગને તેવા પ્રકારના ક્ષયોપશમની મંદતાના કારણે અથવા ધારણા શક્તિની અલ્પતાના કારણે સંપૂર્ણ નિર્યુક્તિગ્રંથનો સ્વાધ્યાય, પઠન–પાઠન નહિં કરનારને માટે પ્રસ્તુત પ્રકાશન અનેક રીતે ઉપયોગી તથા ઉપકારક છે.

પ્રસ્તુત ગ્રંથનું સંયોજન-સંપાદન, તેના અભ્યાસી અને તે વિષયમાં અધિકૃત વિદ્વાન મુનિવર શ્રી નિત્યાનંદ વિજયજીએ કાળજીપૂર્વક કરીને જૈન શાસનના ચરણકરણાનુયોગના સાહિત્યમાં પોતાનો મહત્ત્વનો મહામૂલ્ય ફાળો આપ્યો છે. સરલશૈલી, ભાવસ્પર્શી વિવેચન તથા સુબોધ પદ્ધત્તિપૂર્વક આ ગ્રંથનું સંયોજન-સંપાદન કરીને સંયોજક મુનિવરશ્રીએ ખરેખર પોતાની શક્તિ તથા સામગ્રી દ્વારા જૈન સાહિત્યની સુંદર સેવા કરી છે. બહુ શ્રુત વિદ્વાનોની દૃષ્ટિથી શંશોધિત-સંમાર્જિત થયેલી આ કૃતિ તે વિષયને પૂર્ણ ન્યાય આપનારી બની છે. તેમ નિઃશંક કહી શકાય.

ઓઘનિર્યુક્તિ સટીકગ્રંથ ગુરુગમથી વાંચતાં વિચારતાં તેના સારરૂપે જે કાંઇ દોહન સંયોજક મુનિરાજશ્રીએ કરીને નોંધમાં ટપકાવેલ તે આજે આ રીતે '**ઓઘનિર્યુક્તિ પરાગરૂપે**' છપી તથા અધિકારી આત્માઓ માટેની અનુગ્રહ બુદ્ધિથી પ્રકાશનને પામે છે, જે ખૂબ આનંદનો વિષય છે.

પૂજ્યપાદ પરમકૃપાળુ પરમ ગુરુદેવની શુભ-નિશ્રામા રહી, પોતાના પૂજ્ય પરમોપકારી ગુરુ-

દેવની કૃપાદૃષ્ટિથી રત્નત્રયીની આરાધનામાં આત્મ-શ્રેયના ઉદ્દેશથી પ્રગતિ કરી રહેલા પ્રસ્તુત પ્રકાશનના લેખક–સંયોજક મુનિપ્રવર શ્રી નિત્યાનંદ વિજયજી, તપસ્વી, ત્યાગી, અને આત્મનિષ્ઠ સાહિત્યપ્રિય વિદ્વાન લેખક છે. તેઓ સરલશૈલીયે મધુર ભાષામાં સારૂં લખી શકે છે. તદુપરાંત તેઓ ઉપદેશકવક્તા પણ છે. વર્ષોની સંયમ સાધના દ્વારા ગ્રામાનુગ્રામ ગુરુ આજ્ઞાપૂર્વક વિચરીને તેઓએ અનેક ભવ્ય જીવોને ધર્મમાર્ગમાં પ્રેરણા આપી છે.

તેઓ અધ્યયન–અધ્યાપનનિષ્ઠ શ્રુતાભ્યાસી છે. પરિશ્રમપૂર્વક આ ગ્રંથરત્નનું તેમણે સંપાદન–સંયોજન કર્યું છે. આ પ્રકાશનને હાથમાં લેતાં તેમણે આ પ્રકાશન પાછળ લીધેલા પરિશ્રમનો સર્વ કોઈ તે વિષયના અભ્યાસીને અવશ્ય ખ્યાલ આવી જશે. પુષ્પનો સાર જેમ તેનો પરાગ છે, તેમ આ ગ્રંથ સમગ્ર ઓઘનિર્યુક્તિના સાર રૂપે છે. પ્રસ્તુત ગ્રંથને અભ્યંતર દૃષ્ટિએ સર્વાંગસુંદર બનાવવા સંપાદક મુનિશ્રીએ પ્રાસંગિક અનેક વિધ વિષયોનું સંકલન કરવા સમુચિત પરિશ્રમ લીધો છે.

ઓઘનિર્યુક્તિના વિષયોનું પરિશીલન, મનન, ચિંતન કરવા માટે આ ગ્રંથ દરેક રીતે ઉપકારક તથા માર્ગદર્શક બની શકશે તે નિઃશંક છે. પ્રસ્તુત ગ્રંથનાં સંપાદક–સંયોજક વિદ્વાન મુનિશ્રીનો પ્રયત્ન, પરિશ્રમ તથા પુરૂષાર્થ અવશ્ય અભિનંદનને પાત્ર છે. આવા ગ્રંથરત્નનો સ્વાધ્યાય અધિકારી સાધુ–સાધ્વી સમૂહમાં વિસ્તરે તે માટેની તેમની ભાવના જરૂર સ્તુત્ય છે.

પ્રસ્તુત ગ્રંથરત્નનું સંયોજન–સંપાદન એકંદરે દરેક દૃષ્ટિએ સફલ બન્યું છે. તે માટે ખરેખર આની પાછળ જેઓએ પ્રેરણા, પ્રોત્સાહન તથા આત્મભોગ આપેલ છે તે દરેક આપણા અભિનંદનના અધિકારી બને છે. તેમજ વિશેષ રીતે આવા અત્યુત્તમ ગ્રંથરત્નનું આવું સુંદર સંયોજન–સંપાદન કરવામાં સફલ બનનાર મુનિવર શ્રી નિત્યાનંદ વિજયજીની લાગણીપૂર્વકની ચીવટ આપણા અભિનંદનની અધિકારી છે.

જૈન શાસનના પરમપાવની મહામંગલમયી શ્રી રત્નત્રયીની આરાધનાના ખપી— અધિકારી આત્માર્થી આત્માઓ, આ ગ્રંથના મનન, પરિશીલન, ચિંતન દ્વારા સંયમી જીવનની સુવિશુદ્ધ

સાધનાને અપૂર્વ આત્મઉલ્લાસપૂર્વક નિરતિચાર-પણે સાધી, જન્મ-મરણની અનંત પરંપરાને ટાળી ક્રમશઃ શાશ્વત સુખધામને પામો ! ને તે રીતે સર્વ કોઈ પ્રસ્તુત પ્રકાશનના સંયોજક વિદ્વાન મુનિવરશ્રીના પ્રયત્ન, પરિશ્રમ તથા શ્રુતભક્તિના પુરૂષાર્થને સફલ બનાવો.

એ અભિલાષા સહ હું વિરમું છું.

શ્રાવણ સુદી ૧૦,
શનિવાર
વીર સંવત ૨૪૮૮
વિક્રમ સંવત ૨૦૧૮
તા. ૧૧-૮-૧૯૬૨

જૈન તપગચ્છ ઉપાશ્રય,
ભુજ (કચ્છ).

પં૦ કનકવિજય ગણિવર

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
| --- | --- | --- |
| ૧. | પંચપરમેષ્ઠિ સ્તુતિ : ગુરુ સ્તુતિ | ૩ |
| ૨. | સમર્પણ | ૪ |
| ૩. | પ્રકાશકનું નિવેદન | ૫ |
| ૪. | પ્રાસંગિક | ૮ |
| ૫. | મંગલ વચન | ૧૭ |

* * *

| | | |
| --- | --- | --- |
| | ભૂમિકા | ૧ |
| | ચરણસિત્તરી | ૩ |
| | કરણસિત્તરી | ૭ |
| | ચાર અનુયોગ | ૧૨ |
| | ઓઘનિર્યુક્તિના સાત દ્વારો | ૧૪ |

## પહેલું પ્રતિલેખના દ્વાર

| | |
| --- | --- |
| કારણે એકાકીનાં કારણો | ૧૭ |
| ૧. અશિવ | ૧૭ |
| ઉપદ્રવ કરનાર દેવતાના ચાર પ્રકાર | ૧૮ |
| ઉપદ્રવવાળાની સારવાર કેવી રીતે કરવી ? | ૨૦ |
| સેવા કરનાર સાધુ | ૨૧ |
| મૃત્યુ પછી | ૨૧ |

| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૨. | દુકાળ | ૨૨ |
| ૩. | રાજભય | ૨૨ |
| ૪. | ક્ષુભિત | ૨૪ |
| ૫. | અનશન | ૨૪ |
| ૬. | સ્ફિટિત | ૨૪ |
| ૭. | ગ્લાન | ૨૫ |
| ૮ | અતિશય | ૨૫ |
| ૯. | દેવતા | ૨૫ |
| ૧૦. | આચાર્ય | ૨૭ |
| | વિહાર વિધિ | ૨૮ |
| | પ્રમાર્જના કરવા, નહિ કરવાનો કોઠો | ૩૦ |
| | રસ્તો કેવી રીતે પૂછવો ? | ૩૧ |
| | રસ્તામાં ષટ્કાયની જયણા | ૩૩ |
| ૧. | પૃથ્વીકાયની જયણા | ૩૩ |
| ૨. | અપ્કાયની ,, | ૩૪ |
| ૩. | તેઉકાયની ,, | ૩૬ |
| ૪. | વાયુકાયની ,, | ૩૭ |
| ૫. | વનસ્પતિકાયની ,, | ૩૭ |
| ૬. | ત્રસકાયની ,, | ૩૮ |
| | એક બાજુ આત્મવિરાધના અને બીજી બાજુ સંયમવિરાધના હોય તો શું કરવું ? | ૩૯ |
| | ગામમાં પ્રવેશ કરવાની વિધિ (સાતદ્વારો) | ૪૨ |
| ૧. | ગ્લાન વિષય દ્વાર | ૪૨ |
| | ઇહલૌકિક ગુણો | ૪૨ |

| ક્રમાંક વિષય | પૃષ્ઠ |
|---|---|
| પારલૌકિક ગુણો | ૪૩ |
| અવિધિ પૃચ્છા | ૪૩ |
| વિધિ ,, | ૪૪ |
| ગ્લાન પરિચર્યાદિ | ૪૪ |
| ૨. ગ્લાન વિષયક બીજું દ્વાર | ૪૮ |
| રાજા અને મુખીનું દૃષ્ટાંત | ૫૦ |
| ૩. શ્રાવક દ્વાર | ૫૨ |
| ૪. સાધુ દ્વાર | ૫૭ |
| બાહ્ય દ્રવ્યથી પરીક્ષા | ૫૭ |
| ,, ભાવથી ,, | ૫૮ |
| અભ્યંતર દ્રવ્યથી પરીક્ષા | ૫૮ |
| ,, ભાવથી ,, | ૫૯ |
| ૫. વસતિ દ્વાર | ૫૯ |
| ૬. સ્થાનસ્થિત દ્વાર (કારણે) | ૬૦ |
| ,, ,, (અકારણે) | ૬૨ |
| વિહાર કરનાર સાધુના પ્રકાર | ૬૩ |
| માસકલ્પ કે ચોમાસુ પૂર્ણ થયે આચાર્ય આદિ બીજા ક્ષેત્રમાં કેવી રીતે જાય ? | ૬૫ |
| સાધુ ક્ષેત્ર જોવા કેવી રીતે જાય ? | ૬૯ |
| વસતિ કયા સ્થાને કરવી અને કયા સ્થાને ન કરવી | ૬૯ |
| શય્યાતર સાથે વાર્તાલાપ | ૭૦ |
| ક્ષેત્રની તપાસ કર્યા પછી આચાર્ય પાસે આવીને શું કરવું જોઇએ ? | ૭૨ |
| સંકેત વગેરે ૭ દ્વારો ૧. સંકેત | ૭૪ |

| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૨. | વસતિ ગ્રહણ | ૭૬ |
| ૩. | સંજ્ઞી | ૮૦ |
| ૪. | સાધર્મિક | ૮૧ |
| ૫. | વસતિ | ૮૨ |
| | પ્રમાણયુક્ત આદિ વસતિમાં કેવી રીતે ઉતરવું ? | ૮૩ |
| ૬. | સ્થાનસ્થિત | ૮૫ |
| | સ્થાપનાદિ કુળો સ્થાપવાનું શું કારણ ? | ૮૭ |
| | દશ પ્રકારના સાધુ આચાર્યની સેવા માટે અયોગ્ય છે | ૮૯ |
| | સંઘાટ્ક ગોચરી કેવી રીતે ગ્રહણ કરે ? | ૯૩ |
| | પડિલેહણા | ૯૪ |
| | કેવળીની દ્રવ્ય પડિલેહણા | ૯૪ |
| | ,, ભાવ ,, | ૯૪ |
| | છદ્મસ્થની દ્રવ્ય ,, | ૯૫ |
| | ,, ભાવ ,, | ૯૫ |
| | શું શું પડિલેહણ કરવું જોઇએ ? | ૯૫ |
| ૧. | સ્થાન | ૯૫ |
| ૨. | ઉપકરણ | ૯૫ |
| | પડિલેહણા કેવી રીતે કરવી ? | ૯૬ |
| | સવારે પડિલેહણા ક્યારે કરવી ? | ૯૭ |
| | પડિલેહણમાં પુરુષ વિપર્યાસ | ૯૮ |
| | ,, ઉપધિ ,, | ૯૮ |
| | સર્વ આરાધક કોણ કહેવાય | ૯૯ |
| | પોરિસીનું યંત્ર | ૧૦૧ |

| ક્રમાંક વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૩. સ્થંડિલ | ૧૦૨ |
| આપાતના પ્રકાર | ૧૦૩ |
| પરપક્ષના આપાતમાં થતાં દોષો | ૧૦૪ |
| તિર્યંચના ,, ,, ,, | ૧૦૪ |
| સંલોકમાં થતાં દોષો | ૧૦૪ |
| કાલ સંજ્ઞા | ૧૦૫ |
| અકાલ ,, | ૧૦૫ |
| સ્થંડિલ ભૂમિના દશ દોષો | ૧૦૫ |
| ૪. અવષ્ટંભ | ૧૦૭ |
| ૫. માર્ગ | ૧૦૭ |

## બીજું પિંડ દ્વાર

| | |
|---|---|
| પિંડના પ્રકાર | ૧૦૮ |
| ૧. પૃથ્વીકાય પિંડ | ૧૦૯ |
| અચિત્ત પૃથ્વીકાયનો ઉપયોગ | ૧૦૯ |
| ૨. અપ્કાય પિંડ | ૧૧૦ |
| અચિત્ત અપ્કાયનો ઉપયોગ | ૧૧૦ |
| કપડાનો કાપ કેવી રીતે કાઢવો | ૧૧૧ |
| ૩. અગ્નિકાય પિંડ | ૧૧૧ |
| અચિત્ત અગ્નિકાયનો ઉપયોગ | ૧૧૨ |
| ૪. વાયુકાય પિંડ | ૧૧૨ |
| અચિત્ત વાયુકાયના પાંચ પ્રકાર | ૧૧૨ |
| ,, ,, નો ઉપયોગ | ૧૧૩ |
| ,, ,, ક્યાં સુધી રહે | ૧૧૩ |

| ક્રમાંક વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૫. વનસ્પતિકાય પિંડ | ૧૧૪ |
| અચિત્ત વનસ્પતિકાયનો ઉપયોગ | ૧૧૪ |
| ૬-૭-૮. બેઇન્દ્રિયાદિ પિંડ, તેનો ઉપયોગ | ૧૧૪ |
| ૯. પંચેન્દ્રિય પિંડ | ૧૧૪ |
| નારકોનો ઉપયોગ | ૧૧૪ |
| તિર્યંચનો ,, | ૧૧૪ |
| મનુષ્યનો ,, | ૧૧૫ |
| દેવનો ,, | ૧૧૫ |
| ૧૦. લેપ પિંડ | ૧૧૫ |
| ,,નો ઉપયોગ | ૧૧૬ |
| પાત્રા સાંધવાના પ્રકાર | ૧૧૭ |
| પિંડના એક અર્થવાળાં નામો | ૧૧૭ |
| ભાવ પિંડના પ્રકાર | ૧૧૮ |
| **એષણા** | ૧૧૮ |
| **૧. ગવેષણા એષણાના દ્વારો** | ૧૧૯ |
| ૧. પ્રમાણ | ૧૧૯ |
| ૨. કાલ | ૧૧૯ |
| ૩. આવશ્યક | ૧૨૦ |
| ૪. સંઘાટ્ટક | ૧૨૦ |
| ૫. ઉપકરણ | ૧૨૧ |
| ૬. માત્રક | ૧૨૧ |
| ૭. કાઉસ્સગ્ગ | ૧૨૧ |
| ૮. યોગ | ૧૨૧ |
| અપવાદ | ૧૨૧ |

| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | ભિક્ષા ગ્રહણ કરતાં પાંચ મહાવ્રતોની યતના | ૧૨૨ |
| | ભિક્ષાવેળા થઇ છે કે નહિ તે કોને કેવી રીતે પૂછવી ? | ૧૨૩ |
| | દ્રવ્ય ગવેષણાનું દૃષ્ટાંત | ૧૨૪ |
| | ભાવ ,, ,, | ૧૨૫ |
| ૨. | ગ્રહણ એષણા | ૧૨૬ |
| | દ્રવ્ય ગ્રહણ એષણાનું દૃષ્ટાંત | ૧૨૬ |
| | ભાવ ગ્રહણ એષણાના દ્વારો | ૧૨૮ |
| ૧. | સ્થાન | ૧૨૮ |
| | अ. આત્મ ઉપઘાતિક સ્થાનો | ૧૨૮ |
| | ब. પ્રવચન ,, ,, | ૧૨૮ |
| | क. સંયમ ,, ,, | ૧૨૮ |
| ૨. | દાયક | ૧૨૯ |
| ૩. | ગમન | ૧૨૯ |
| ૪. | ગ્રહણ | ૧૨૯ |
| ૫. | આગમન | ૧૨૯ |
| ૬. | પ્રાપ્ત | ૧૨૯ |
| ૭. | પરાવૃત્ત | ૧૩૦ |
| ૮. | પતિત | ૧૩૦ |
| ૯. | ગુરુક | ૧૩૦ |
| ૧૦. | ત્રિવિધ | ૧૩૦ |
| ૧૧. | ભાવ | ૧૩૨ |
| | લૌકિક પ્રશસ્ત અપ્રશસ્ત ભાવનું દૃષ્ટાંત | ૧૩૨ |
| | લોકોત્તર પ્રશસ્ત અપ્રશસ્ત ,, ,, | ૧૩૨ |

| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | ગોચરીની આલોચના કેવી રીતે કરવી ? | ૧૩૩ |
| ૩. | ગ્રાસ એષણા | ૧૩૬ |
| | દ્રવ્ય ગ્રાસ એષણા માછલાનું દૃષ્ટાંત | ૧૩૬ |
| | ભાવ ગ્રાસ એષણા | ૧૩૮ |
| | દ્રવ્ય પ્રકાશ | ૧૩૯ |
| | ભાવ પ્રકાશ સાત પ્રકારે | ૧૩૯ |
| | માંડલી કરવાના કારણો | ૧૪૦ |
| | ભિક્ષાએ ગયેલા સાધુ ઉપાશ્રયમાં આવે ત્યારે | ૧૪૨ |
| | વસતિપાલક સાધુએ શું કરવું જોઇએ ? | ૧૪૨ |
| | સાધુઓને ગોચરી કોણ વહેંચી આપે ? | ૧૪૨ |
| | આહાર કેવી રીતે વાપરવો ? | ૧૪૩ |
| | આહાર વાપરવાના છ કારણો | ૧૪૫ |
| | આહાર નહિ વાપરવાના છ કારણો | ૧૪૫ |
| | આહાર વધ્યો હોય તો શું કરવું ? | ૧૪૫ |
| | પાત્રામાંથી કેવો આહાર બીજાને આપી શકાય | ૧૪૬ |
| | અવિધિ ભોજન | ૧૪૭ |
| | વિધિ ભોજન | ૧૪૭ |
| | વધેલો આહાર કેવી રીતે પરઠવવો ? | ૧૪૭ |
| | આચાર્યને પ્રાયોગ્ય ગ્રહણ કરવાથી થતાં લાભો | ૧૪૯ |
| | પરઠવતાં ઢગલી કરવાનું કારણ | ૧૫૦ |
| | પડિલેહણાનો વિધિ | ૧૫૦ |
| | કાલગ્રહણ | ૧૫૨ |
| | વ્યાઘાત | ૧૫૨ |
| | અવ્યાઘાત | ૧૫૨ |

| ક્રમાંક વિષય | પૃષ્ઠ |
|---|---|
| કાલગ્રાહી કેવા હોવા જોઇએ | ૧૫૪ |
| કાલ ચાર પ્રકારના | ૧૫૩ |
| અપવાદ | ૧૫૪ |
| **ત્રીજું ઉપધિપ્રમાણુ દ્વાર** | |
| ઓઘ ઉપધિ | ૧૫૫ |
| ઉપગ્રહ ઉપધિ | ૧૫૫ |
| જિનકલ્પિની ઓઘ ઉપધિ | ૧૫૫ |
| સ્થવિર કલ્પિની ,, સાધુ માટે | ૧૫૬ |
| ,, ,, સાધ્વી માટે | ૧૫૬ |
| જિનકલ્પિમાં જઘન્યાદિ ઉપધિ | ૧૫૭ |
| સ્થવિર કલ્પિમાં ,, ,, | ૧૫૮ |
| ઓઘ ઉપધિનું પ્રમાણુ | ૧૫૮ |
| પાત્રના ગુણુ દોષ | ૧૫૯ |
| ઉપગ્રહ ઉપધિનું પ્રમાણુ | ૧૬૨ |
| યષ્ટિના લક્ષણુ | ૧૬૪ |
| **ચોથું અનાયતન વર્જન દ્વાર** | |
| દ્રવ્ય અનાયતન સ્થાન | ૧૬૮ |
| લૌકિક ભાવ અનાયતન સ્થાન | ૧૬૮ |
| લોકોત્તર ,, ,, ,, | ૧૬૯ |
| ભાવુક દ્રવ્યો | ૧૭૦ |
| અભાવુક ,, | ૧૭૦ |
| અનાયતન સ્થાનો | ૧૭૦ |
| દ્રવ્ય આયતન સ્થાન | ૧૭૧ |
| ભાવ ,, ,, | ૧૭૧ |

| ક્રમાંક | વિષય | પૃ |
|---|---|---|

## પાંચમું પ્રતિસેવના દ્વાર

| | |
|---|---|
| મૂલ ગુણમાં છ પ્રકારે | ૧૭૩ |
| ઉત્તર ,, ત્રણ ,, | ૧૭૩ |
| પ્રતિસેવનાથી બચવાના માર્ગો | ૧૭૩ |
| દ્રવ્ય પ્રતિબંધ | ૧૭૫ |
| ક્ષેત્ર ,, | ૧૭૫ |
| કાલ પ્રતિબંધ | ૧૭૫ |
| ભાવ ,, | ૧૭૫ |
| પ્રતિબંધોને નિવારવા માટે વિચારણા | ૧૭૬ |
| અસંયમ પાપ છે અને તે અનેક પ્રકારે | ૧૭૭ |

## છઠ્ઠું આલોચના દ્વાર

| | |
|---|---|
| આલોચનાના પ્રકાર | ૧૭૯ |
| શલ્યના પ્રકાર | ૧૮૦ |
| શલ્યોદ્ધારનો ઉપાય | ૧૮૨ |
| શલ્ય એટલે શું ? | ૧૮૩ |
| મદના આઠ સ્થાનો | ૧૮૩ |
| કેવળી થયાના ભાવો | ૧૮૫ |

## સાતમું વિશુદ્ધિ દ્વાર

| | |
|---|---|
| દ્રવ્ય શુદ્ધિ | ૧૯૧ |
| ભાવ શુદ્ધિ | ૧૯૧ |
| દોષો કેવી રીતે લાગે ? | ૧૯૨ |
| આલોચના કેવી રીતે કરવી ? | ૧૯૩ |
| આત્મશુદ્ધિ નહિ કરવાથી થતું નુકશાન | ૧૯૪ |
| આરાધના કરવાથી થતો લાભ | ૧૯૫ |
| શુદ્ધિપત્રક | |
| પરિશિષ્ટ કોઠા | ૧૯૭ |

# શ્રુતભક્તિમાં લાભ લેનારની શુભ નામાવલી

નામ ગામ

રૂા. ૨૦૧ શ્રીકર્પુર–અમૃતસૂરિ જૈન જ્ઞાનમંદિર
હા. શા. રાયચંદભાઇ અંબાલાલ, **બોરસદ.**

રૂા. ૨૦૦ પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી જયંત
વિજયજી ગણિવરના ઉપદેશથી,
શ્રી શાતિભુવન જૈન ઉપાશ્રય, **જામનગર.**

રૂા. ૧૫૧ શા. વીરચંદભાઇ છોટાલાલ
(વાડાસિનોરવાળા), **અમદાવાદ.**

રૂા. ૧૦૧ કોઠારી તળશીભાઈ મુળચંદભાઈ,
ભાઇ મણીલાલની દીક્ષા નિમિત્તે, **અલાઉ.**

રૂા. ૧૦૦ પરીખ છોટાલાલ હરિલાલના સ્મરણાર્થે
હા. મોતીબેન તરફથી, **અમદાવાદ.**

રૂા. ૫૧ જુદા જુદા ભાઇઓ તરફથી,
હા. દંતારા માસ્તર **બોરસદ.**

રૂા. ૫૧ શા. મુળજીભાઈ રામદાસ, **બોરસદ.**

રૂા. ૪૧ ઝવેરી રતિલાલ મણીલાલ કોઠારી, **અમદાવાદ.**

રૂા. ૨૫ શાહ ચંદુલાલ વીરચંદ, **નાસિક સીટી.**

રૂા. ૨૫ શાહ ખાતે, **બોરસદ.**

રૂા. ૨૫ ચોકસી મોહનલાલ લલ્લુભાઇના સ્મરણાર્થે,
હા. ચોકસી રસીકલાલ મોહનલાલ, **બોરસદ.**

રૂા. ૨૫ શાહ ચીમનલાલ ફુલચંદ, **અમદાવાદ.**

રૂા. ૨૫ શાહ મંગળદાસ હરગોવનદાસ
પોતે કરેલ જ્ઞાનપંચમીના તપ નિમિત્તે, **ખેડા.**

રૂા. ૨૫ આણુંદ જૈન સંઘ, **આણુંદ.**

રૂા. ૨૫ શાહ નાનચંદ પીતામ્બરદાસ, **બોરસદ.**

# પૂર્વાચાર્યકૃત હિતશિક્ષા

**સમ્યક્** પ્રકારે શાસ્ત્રકારોના હિતકારી વચનોને ગુરુમુખે સાંભળ્યા, સાચા તરીકે સદ્દહ્યા, વૈરાગ્યભાવથી સંસારના બંધનો દૂર કરી દીક્ષા લીધી, શાસ્ત્રોનું અવગાહન કરીને, વિવિધ પ્રકારના તપ કરીને શરીરને સૂકવી નાંખ્યું અને હવે ધર્મધ્યાન કરવા માટે અવસર આવ્યો, તૈયારી કરી ત્યાં મોહરાજાની ધાડ પડી, મોહની ચેલછાએ મને ભ્રમિત કર્યો, અરેરે ! મારા દુર્ભાગ્યની શી વાત કરું ? ક્યાં જઇને પોકાર કરું ? ૧

કેડે ચોલપટ્ટો અને ઉપર સફેદ કપડો ઓઢી, માથાના વાળનો લોચ કરી, ખભે કાંબળ નાંખી, ઓઘો બગલમાં લઇ, મુહપત્તિ મોઢે રાખી, 'ધર્મલાભ'ના આશીર્વાદ દેતા કેવળ વેષના આડંબરની વિડંબનાને ભજતા મારા આ આત્માની શી દશા થશે ? ૨

શાસ્ત્રકારોના વચન મુજબ એક પણ મહાવ્રતની દેશથી કે સર્વથા વિરાધના કરવાથી દુર્ગતિમાં જનારા મુનિને શ્રી તીર્થંકર ભગવાન પણ બચાવી શકતા નથી, તો પછી પાંચે મહાવ્રતોની વિરાધના કરી નિર્ધ્વંસ પરિણામવાળા થઇને અમો જે નિઃશંક ફરીએ છીએ, તો ખરેખર અમારે કેટલી સજા ભોગવવી પડશે ? તે તો કેવળી જાણે. ૩

હે આત્મન્ ! ગોચરી, પુસ્તકો, વસ્ત્ર, પાત્ર, મકાન, કાંબલો આદિ મેળવવા માટે મુગ્ધજનોને ઠગવામાં જેટલો

ઉદ્યમ કરીએ છીએ, તેવો પ્રયત્ન આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે પ્રમાદને છોડીને એક ક્ષણવાર થઇ જાય તો સર્વ અર્થની સિદ્ધિ–મોક્ષ થતાં વાર ન લાગે. ૪

અરેરે ! મેં આ જગતના જીવોને રાજી કરવા માટે હજારો પાંખડો રચ્યા, ઘણા ગ્રંથો ભણ્યો, લોભ અને અજ્ઞાનદશામાં મૂઢ બની વિવિધ પ્રકારની તપસ્યાઓ કરી, ક્યાંક ક્યાંક ઉજ્જડ ગામમા એરંડાની પ્રધાનતા મુજબ ગુરુમહારાજ તરીકે બની મિથ્યા અભિમાન કર્યું, તેથી કર્મના વિપાકના બંધનથી મુક્ત થઈ યથાસ્થિત સુખ પામી શક્યો નહિ. ૫

ખરેખર મારા આચરણો તો અંદર ઈર્ષ્યા, દ્વેષની કાતીલ છૂરી રાખી, બહારના દેખાવે શાંત મુદ્રા ધારણ કરનાર તથા ધર્મના અંચળા નીચે પ્રચ્છન્ન પાપ કર્મો કરનાર, નદીમાં સ્નાન કરી શુદ્ધ થયેલો દારૂડીઓ, વણિક્-વૃત્તિવાળો, પાખંડી, બકવૃત્તિવાળા ઢોંગી ધુતારાઓના સરદાર જેવા છે. આરાધનાના માર્ગે આવવા છતાં ભયંકર પાપો સેવી જાતે જ વિનાશ નોતરનાર એવી મારી શી દશા થશે? ૬

ઉપર કહ્યા મુજબ સંયમમાં મારી વિપરિત પ્રવૃત્તિ છે છતાં, એવા પણ મહામુનિઓ છે કે જેમના દર્શન, વંદન, નમસ્કાર, ચરણ સ્પર્શ તથા પ્રશંસાદિ કરવાથી શુક્લપક્ષમાં થતી રાત્રિની નિર્મળતાની જેમ પ્રાણી માત્ર પાપોથી મુક્ત થાય છે. તેવા ઉત્તમ મુનિઓને હું પાપનો પશ્ચાત્તાપ કરતો નમસ્કાર કરૂ છું. ૭

卐

# ક્ષમાપના

આ અસાર સંસારમાં પોતપોતાના શુભાશુભ કર્મના વિપાકવશ ભટકતા બધા જીવોને હું ખમાવું છું, ખમાવ્યા છે અને તેઓ પણ મને માફ કરે, મારે કોઈની સાથે વૈરભાવ નથી, સહુ જીવો સાથે મૈત્રીભાવ રાખુ છું અને જે કંઈ સંસારી જીવો પ્રત્યે અશુભ સંકલ્પ, વચન, ચેષ્ટાદિ કર્યા હોય તે બધાનું સાચા ભાવથી મિથ્યા દુષ્કૃત દઉં છું.

卐 卐 卐

# અપૂર્વ ભાવના

તે દિવસ મારો ક્યારે આવશે ? કે જ્યારે હું નિર્મળ ચારિત્રને પાળીશ અને પૂર્વના મહાપુરુષોએ આચરેલ માર્ગે ચાલવા ઉદ્યત થઈશ, તથા જન્મ-જરા-મરણના દુઃખસમુહથી મુક્ત બની, ઉત્તમ સંવેગ, નિર્વેદ, જિનેશ્વર ભગવાનના વચનો ઉપર અવિહડ શ્રદ્ધા, દયાળુતા અને પ્રશમભાવને ધારણ કરનારો ક્યારે બનીશ ?

# શ્રી ઓઘનિર્યુક્તિ-પરાગ

(આ ગ્રંથના અધિકારી જૈન સાધુ-સાધ્વીજીઓ જ છે.)

ॐ नमः

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

આચાર્ય શ્રી દાન-પ્રેમ જંબૂસૂરીશ્વર ગુરુભ્યો નમઃ

★

# શ્રી ઓઘનિર્યુકિત-પરાગ.

**श्री शङ्खेशं जिनं नत्वा, जम्बूसूरिगुरुंस्तथा ।**
**परागमोघनिर्युक्ते-र्वक्ष्ये शास्त्रानुसारतः ॥**

## ભૂમિકા.

શ્રી ઓઘનિર્યુક્તિના કર્તા ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ-સ્વામીજી છે. તેઓશ્રીએ સાધુ-સાધ્વીઓના અનુગ્રહ માટે નવમા પૂર્વમાં રહેલી, ત્રીજી આચાર વસ્તુના વીસમા ઓઘ પ્રાભૃતમાં રહેલી ૧ ઓઘ સામાચારી, અને ૨ પદવિભાગ સામાચારીને ઉદ્ધૃત કરી છે. ત્રીજી દશવિધ સામાચારી છે.

**૧ દશવિધ સામાચારી:**–ઇચ્છા-મિચ્છાદિસ્વરૂપ ઉત્તરાધ્યયન સૂત્રમાં જણાવી છે,

**૨ ઓઘ સામાચારી :**— સાધ્વાચારાદિસ્વરૂપ ઓઘ નિર્યુકિતમાં જણાવી છે.

**૩ પદવિભાગ સામાચારી:**—પ્રાયશ્ચિતાદિસ્વરૂપ બૃહત્કલ્પ વ્યવહાર આદિમાં જણાવી છે.

પહેલાં વીસ વર્ષનો દીક્ષા–પર્યાય થાય ત્યારે દૃષ્ટિવાદ ભણાવવામાં આવતો, જ્યારે હાલમાં આ સામાચારી (ઓઘ સામાચારી) દીક્ષાના પ્રથમ દિવસે પણ આપી શકાય છે.

'ઓઘ, પિંડ, સમાસ, સંક્ષેપ.' આ એક અર્થ જણાવનારા શબ્દો છે–એકાર્થિક નામો છે.

શ્રી ભદ્રબાહુસ્વામીજીએ આ ઓઘનિર્યુક્તિની રચના કરતાં કહ્યું છે, કે 'હું સઘળા અરિહંત ભગવંતોને, સઘળા ચૌદ પૂર્વધરોને સઘળા દશ પૂર્વધરોને સઘળા અગ્યાર અંગોને ધારણ કરનારાઓને, તથા સર્વ સાધુઓને નમસ્કાર કરીને, ચરણ – કરણાનુયોગમાંથી અલ્પ અક્ષરવાળી અને મહાન અર્થવાળી એવી **'ઓઘનિર્યુક્તિ'** સાધુઓના અનુગ્રહને માટે કહું છું.' આથી આ ઓઘનિર્યુક્તિમાં શબ્દો ઘણા થોડા હોવા છતાં, અર્થથી મહાન છે અને સાધુ-સાધ્વી માટે ખૂબ ઉપકારક છે.

સાધુ–સાધ્વી માટે ચરણ સિત્તરી અને કરણ સિત્તરીની આરાધના મુખ્ય છે.

**ચરણ સિત્તરીના સિત્તેર ભેદો નીચે પ્રમાણે છે.**

**वय–समणधम्म–संजम–वेयावच्चं च बंभगुत्तीओ ।**
**नाणाइतियं तव-कोहनिग्गहाई चरणमेयं ॥**

१—व्रत
२—શ્રમણ ધર્મ
૩—સંયમ
૪—વૈયાવચ્ચ
૫—બ્રહ્મચર્ય
૬—જ્ઞાનાદિત્રિક
૭—તપ
૮—ક્રોધાદિ નિગ્રહ

**૧ વ્રત પાંચ છે.**—સર્વથી ૧. પ્રાણાતિપાત વિરમણ વ્રત. ૨. મૃષાવાદ વિરમણ વ્રત. ૩. અદત્તાદાન વિરમણ વ્રત. ૪. મૈથુન વિરમણ વ્રત. ૫. પરિગ્રહ વિરમણ વ્રત.

**૨ શ્રમણધર્મ દશ છે.**— ૧. ક્ષમા, ૨. માર્દવતા, ૩. સરળતા, ૪. મુકિત (બાહ્ય અભ્યંતર આશંસા- ઇચ્છાનો ત્યાગ–સંતોષ) ૫. તપ, ૬. સંયમ, ૭. સત્ય ૮. પવિત્રતા ( મૈત્રી આદિ ભાવનાવાળું હૃદય ) ૯. નિષ્પરિગ્રહિતા ૧૦. બ્રહ્મચર્ય.

**૩ સંયમ સત્તર પ્રકારનું** છે. ૧. પૃથ્વી, ૨. અપ્, ૩. તેજ, ૪. વાયુ, ૫. વનસ્પતિ, ૬. બેઇન્દ્રિય, ૭. તેઇન્દ્રિય, ૮. ચઉરિંન્દ્રિય, ૯. પંચેન્દ્રિય, આ નવે પ્રકારના જીવોની વિરાધના, પરિતાપના, કિલામણા ન થાય તેમ વર્તવું. ૧૦. અજીવ, (સુંદર વસ્તુઓ જોઇ તેમાં ન લોભાવું. અથવા ઠોકર આદિ વાગતાં તે નિર્જીવ વસ્તુ ઉપર રોષ નહિ કરવારૂપ સંયમ રાખવો તથા લીલફુલ થઈ ગયેલી વસ્તુ ગ્રહણ ન કરવી) ૧૧. પ્રેક્ષા સંયમ (પ્રત્યેક કાર્ય કરતાં ચક્ષુ આદિથી પડિલેહવાનો ઉપયોગ રાખવો.) ૧૨. ઉપેક્ષા સંયમ શક્તિ

હોવા છતાં સંયમમાં વીર્ય (સમજાવવા છતાં) ન ફોરવતા હોય તેવા આત્માઓ તથા સાવદ્ય વ્યાપારમાં પ્રવર્તતા ગૃહસ્થો તરફ ઉપેક્ષાભાવ કેળવવો.[૧] (પોતે નિરવદ્ય વ્યાપારમાં ઉદ્યમવંત રહેવું.) ૧૩. પ્રમાર્જના વસ્તુ લેતાં કે મૂકતાં પૂંજવાનો ઉપયોગ રાખવો ૧૪. પરિષ્ઠાપના ઠલ્લો માત્રુ વગેરે વિધિપૂર્વક પરઠવવાનો ઉપયોગ રાખવો. ૧૫. મન, ૧૬. વચન, ૧૭. કાયાની અશુભ પ્રવૃત્તિઓ રોકી શુભ પ્રવૃત્તિમાં ઉપયુક્ત રહેવું.

૪ **વૈયાવચ્ચ દશ પ્રકારની** છે. ૧. આચાર્ય, ૨. ઉપાધ્યાય, ૩. તપસ્વી, ૪. શૈક્ષક (નવ દીક્ષીત) ૫. ગ્લાન (બિમાર) ૬. કુલ (એક આચાર્યની પરંપરા), ૭. ગણ (એક વાચનાવાળો યતિ સમુદાય) ૮. સંઘ, ૯. સાધુ, ૧૦. સમનોજ્ઞ (સરખી સામાચારીવાળા શુદ્ધ ચારિત્રી) આ દસેની ભક્તિ વૈયાવચ્ચ કરવી.

૫ **બ્રહ્મચર્ય નવ પ્રકારે** :—૧. સ્ત્રી, પશુ અને નપુંસક રહેતો હોય તે વસતિમાં ન રહેવું. ૨. સ્ત્રીની સાથે રાગથી વાતચિત ન કરવી અથવા સ્ત્રી-પશુ કે નપુંસક સંબંધી કામ કથા ન કરવી. ૩. સ્ત્રી બેઠી હોય તે જગ્યાએ પુરુષે બે ઘડી અને પુરુષ બેઠેલ હોય તે જગ્યાએ સ્ત્રીએ ત્રણ પ્રહર સુધી બેસવું નહિ. (સાધુએ સ્ત્રી અથવા સાધ્વીની જગ્યાએ

---

૧ સાધુ સંયમમાં બરાબર વર્તતો ન હોય તેને સંયમમાં પ્રવર્તવવા પ્રેરણા કરવી. ગૃહસ્થને પાપકારી વ્યાપારમાં પ્રેરણા ન કરવી. આ પણ ઉપેક્ષા સંયમ.

બે ઘડી અને સાધ્વીએ પુરુષ અથવા સાધુની જગ્યાએ ત્રણ પ્રહર સુધી બેસવું નહિ.) ૪. સ્રીના અંગોપાંગ—મુખ, સ્તન, ચક્ષુ, પગ, હાથ, વગેરે રાગદૃષ્ટિથી જોવા નહિ. દૃષ્ટિ પડી જાય તો તુરત ખસેડી લેવી. ૫. સ્રી સંબંધી વિષય-કામકથા ભીંત કે બીજા સ્થાનના આંતરેથી સાંભળવી નહિ. અથવા સ્રી પુરુષ સુતા હોય તથા કામક્રીડા કરતા હોય ત્યાં ભીંત આદિના આંતરે રહેવું નહિ, તેમજ જોવું નહિ. ૬. ગૃહસ્થ-પણામાં સ્ત્રી સાથે કરેલ કામક્રીડાનું સ્મરણ કરવું નહિ. ૭. પૌષ્ટિક, ઉત્તેજક કામવાસના વધારે તેવો સ્નિગ્ધ આહાર વાપરવો નહિ. ૮. વિગઈ વિનાનો, (લુખો એવો) પણ આહાર ક્ષુધા શાંત થાય તેથી વધારે વાપરવો નહિ. ૯. સારા દેખાવાના વ્યામોહમાં પડી શરીર, કપડાં આદિની સાફસૂફી કે ટાપટીપ કરવી નહિ

**૬ જ્ઞાનાદિ ત્રણ :**—૧. જ્ઞાન, ૨. દર્શન. ૩. ચારિત્ર આ ત્રણેની સુંદર પ્રકારે આરાધના કરવી.

**૭ તપબાર પ્રકારે:**—છ બાહ્ય અને છ અભ્યંતર બાહ્ય એટલે બીજાના જાણવામાં આવી શકે. એટલે કે 'આ મહાત્માએ છઠ્ઠ કર્યો છે, અઠ્ઠમ કર્યો છે, ઈત્યાદિ. અભ્યંતર એટલે બીજાના જાણવામાં આવી ન શકે.

**છ બાહ્ય તપો:-૧ અનશન**—આહારના ત્યાગરૂપ ૨—ઊનોદરિકા-ભૂખ કરતાં બે ચાર કોળીયા ઊના રાખી આહાર કરવો. ૩—**વૃત્તિસંક્ષેપ**-દ્રવ્યનો સંક્ષેપ કરવો, એટલે કે 'આજે મારે આટલા દ્રવ્યથી વધુ દ્રવ્ય વાપરવાં

નહિ.' ૪ **રસત્યાગ**–છ ભક્ષ્ય વિગઈમાંથી બે ત્રણ કે છ એ વિગઈઓનો ત્યાગ કરવો. ૫ કાયક્લેશ–ઠંડી, ગરમી, લોચ આદિ સહન કરવા. ૬ **સંલીનતા**–બીન જરૂરી–કામ સિવાય હરવું ફરવું કે આંટા મારવા નહિ.

**છ અભ્યંતર તપો:–પ્રાયશ્ચિત્ત**–નાની કે મોટી જે કોઇ ભૂલો જાણતાં કે અજાણતાં થઈ ગઈ હોય, તે આચાર્ય ભગવંત પાસે પ્રગટ કરી, પ્રાયશ્ચિત્ત લઈ આત્માની શુદ્ધિ કરવી. ૨ **વિનય**–આચાર્ય આદિ વડિલોનો વિનય સાચવવો, એટલે આવે ત્યારે ઉભા થવું, હાથ જોડવા, આસન આપવું વગેરે ૩ **વૈયાવચ્ચ**–બાલ, વૃદ્ધ, તપસ્વી, આચાર્ય આદિની સેવા કરવી. આહાર, પાણી, ઔષધ આદિ લાવી આપવા, અંગ દબાવવા, વગેરે સેવા કરવી, ૪ **સ્વાધ્યાય**–જે કાંઈ કંઠસ્થ કરેલું હોય તેને યાદ કરવું, નવો અભ્યાસ કરવો, વાંચવું, વંચાવવું, શંકા પૂછવી, ધર્મ કથા કરવી, ચિંતવન કરવું, વગેરે ૫ **ધ્યાન**– એકાગ્ર મનથી શુભ ધ્યાન કરવું-તત્વઆદિની વિચારણા કરવી. પિંડસ્થ પદસ્થ આદિ ધ્યાન કરવું. ૬ **કાઉસ્સગ્ગ**–કર્મોના ક્ષય નિમિત્તે સ્થિરતા પૂર્વક એક સ્થાને રહી શક્તિ પ્રમાણે શરીર વોસિરાવી મૌનપણે ધ્યાન કરવા રૂપ કાઉસ્સગ્ગ કરવો.

**૮ ક્રોધાદિ નિગ્રહ**–૧ ક્રોધનો નિગ્રહ ક્ષમાથી કરવો, ૨ માનનો નિગ્રહ નમ્રતાથી કરવો, ૩ માયાનો નિગ્રહ સરળતાથી કરવો, ૪ લોભનો નિગ્રહ સંતોષથી કરવો.

૫+૧૦+૧૭+૧૦+૯+૩+૧૨+૪ = ૭૦ આ

પ્રમાણે સિત્તેર ભેદો ચરણ સિત્તરીના છે. આ ચરણ સિત્તરી તે સાધુ સાધ્વીના મૂલ ગુણ ૩૫ છે.

કરણ સિત્તરીના સિત્તેર ભેદો નીચે પ્રમાણે છે.

**पिंड विसोहि समिई, भावणा पडिमा य इंदियनिरोहो ।**
**पडिलेहणगुत्तीओ, अभिग्गहा चेव करणं तु ॥**

૧—પિંડ વિશુધ્ધિ
૨—સમિતિ
૩—ભાવના
૪—પ્રતિમા
૫—ઇન્દ્રિયનિરોધ
૬—પ્રતિલેખના
૭—ગુપ્તિ
૮—અભિગ્રહ

**૧ પિંડવિશુદ્ધિચાર પ્રકારેઃ—** ૧ વસ્ત્ર, ૨ પાત્ર, ૩ વસતિ, ૪ આહાર નિર્દોષ મેળવવા-કરવાની ગવેષણા વગેરે કરવી.

**૨ સમિતિ પાંચ પ્રકારેઃ— ૧ ઇર્યા સમિતિ**—સાડા ત્રણ હાથ પ્રમાણ ભૂમિ ઉપર દૃષ્ટિ રાખી ચાલવું. **૨ ભાષાસમિતિ**—મુખ આગળ મુહપત્તિ રાખી, પાપરહિત, હિતકારી, જરૂર પૂરતી એવી સત્ય ભાષા બોલવી. **૩ એષણા સમિતિ**—ફક્ત સંયમ યાત્રાના નિર્વાહ માટે બેંતાલીસ દોષથી રહિત જયણા પૂર્વક ગોચરીની ગવેષણા વગેરે કરવી. **૪ આદાનભંડમત્ત-નિક્ષેપણા સમિતિ**—વસ્ત્ર પાત્ર વગેરે કોઇ પણ વસ્તુ લેતાં કે મૂકતાં દૃષ્ટિથી જોઈ પૂજી પ્રમાર્જી લેવું કે મૂકવું. **દા. ત.** દાંડો લેવો હોય તો જ્યાંથી પકડવો હોય તે સ્થાન દૃષ્ટિથી જોઈ પ્રમાર્જીને પછી લેવો, મૂકવો હોય ત્યાં તેની ઉપરની અને નીચેની એટલે નીચેની જમીન અને મોગરો

રહે તે ભીંત આદિનો ખૂણો દૃષ્ટિથી જોઈ, રજોહરણ ઓઘાથી પૂજી પછી મૂકવો. આ રીતે દરેક વસ્તુમાં સમજી લેવું. ૫ પારિષ્ઠાપનિકા સમિતિ–સંયમને અનુપયોગી થયેલી વસ્તુઓ તુટેલ–ફુટેલ પાતરાં કપડાં આદિ તથા કફ, મલ, માત્રુ, ઠલ્લો આદિ નિર્જીવ જગ્યાએ વિધિપૂર્વક પરઠવવાં તેમજ પ્રવચનનો ઉડ્ડાહ ન થાય તેમ પરઠવવા ઉપયોગ રાખવો.

**૩ ભાવના બાર પ્રકારેઃ—૧ અનિત્યભાવના**—જગતના પદાર્થો અનિત્ય નાશવંત છે. **૨ અશરણભાવના**–પાપના ઉદયમાં કોઇ બચાવતું નથી. **૩ સંસારભાવના**–ચોરાસી લાખયોનિમય–ચારગતિરૂપ સંસાર ભયંકર છે, તેમાં શત્રુ, મિત્ર થાય છે, મિત્ર, શત્રુ થાય છે. **૪ એકત્ત્વભાવના**–જીવ એકલો જન્મે છે, પોતાના કર્મ અનુસાર એકલો જ કર્મનાં ફળ ભોગવે છે, મરીને એકલો જ પરલોકમાં જાય છે, સાથે કોઈ આવતું નથી. **૫ અન્યત્ત્વભાવના**–બીજાઓ કુટુંબ ધન, યાવત્ શરીર પણ પોતાનું નથી. મારૂં કોઇ નથી. સૌ પોતપોતાના સ્વાર્થમાં ડૂબેલા છે. **૬ અશુચિત્ત્વભાવના**–શરીરની ઉત્પત્તિ, સ્વરૂપ અને પરિણામ અપવિત્ર છે, સ્ત્રી પુરૂષના શરીરમાંથી નિરંતર અશુચિ ઝર્યા કરે છે. શરીર પણ માંસ, રૂધીર, મલ–મૂત્ર વગેરેથી ભરેલો દાભડો છે. **૭ આશ્રવભાવના**-ઇન્દ્રિયાદિ આશ્રવો આત્માને કર્મથી મલીન કરનારા છે. **૮ સંવર ભાવના**–સમિતિ, ગુપ્તિ આદિના પાલનથી કર્મનો બંધ અટકે છે. **૯ નિર્જરા ભાવના**–કર્મને છૂટાં પાડવાં તે. અકામ. નિર્જરા–અનિચ્છાએ અનેક પ્રકારનાં

દુઃખ સહન કરવાથી થાય છે. સકામ નિર્જરા કેવળ કર્મનો નાશ કરવાની ઇચ્છાથી બાહ્ય-અભ્યંતર તપ કરવાથી થાય છે. **૧૦ લોકસ્વરૂપ ભાવના**-જીવ, પુદ્ગલ વગેરેથી વ્યાપ્ત ચૌદ રાજલોકમાં એકે પ્રદેશ જીવે છોડ્યો નથી વગેરે સ્વરૂપનો વિચાર. **૧૧ બોધિદુર્લભ ભાવના**-દેવતાઈ સુખો મળવા સુલભ છે, પણ સમ્યક્ત્વ-શ્રી જિનેશ્વર ભગવંતના વચન ઉપર શ્રદ્ધા થવી મુશ્કેલ છે. **૧૨ ધર્મસ્વરૂપ ભાવના**-અહો! શ્રી જિનેશ્વર દેવોએ કેવો સુંદર શ્રાવકધર્મ અને સાધુ ધર્મ ઉપદેશ્યો છે.

૪ **પ્રતિમા બાર પ્રકારે**-પહેલી પ્રતિમા એક માસ સુધી અલેપ ભોજન કરે અને આહાર અને પાણીની એક એક દત્તી લે.

બીજી પ્રતિમા બે માસની, તેમાં બે દત્તી આહારની અને બે દત્તી પાણીની લેવી.

ત્રીજી પ્રતિમા ત્રણ માસની, તેમાં ત્રણ દત્તી આહારની અને ત્રણ દત્તી પાણીની લેવી.

ચોથી પ્રતિમા ચાર માસની, તેમાં ચાર દત્તી આહારની અને ચાર દત્તી પાણીની લેવી.

પાંચમી પ્રતિમા પાંચ માસની, તેમાં પાંચ દત્તી આહારની અને પાંચ દત્તી પાણીની લેવી.

છઠ્ઠી પ્રતિમા છ માસની, તેમાં છ દત્તી આહારની અને છ દત્તી પાણીની લેવી.

સાતમી પ્રતિમા સાત માસની, તેમાં સાત દત્તી આહારની અને સાત દત્તી પાણીની લેવી.

આઠમી પ્રતિમા સાત અહોરાત્રીની તેમાં ચોવિહારા ઉપવાસ કરી ગામ બહાર કાઉસ્સગ્ગ ધ્યાને રહે.

નવમી પ્રતિમા સાત દિવસની, સાત ચોવિહારા ઉપવાસ કરી, ઉત્તાનાદિ આસને ગામ બહાર કાઉસ્સગ્ગમાં રહે, જે કોઇ ઉપસર્ગ આવે તે સહન કરે.

દશમી પ્રતિમા સાત દિવસની, સાત ચોવિહારા ઉપવાસ કરી ગામ બહાર ગોદોહિકા આસને રહે.

અગિયારમી પ્રતિમા એક અહોરાત્રીની, તેમાં ચોવિહારો છઠ્ઠ કરી, ગામ બહાર કાઉસ્સગ્ગ કરે. ઉપસર્ગો આવે તે સહન કરે.

બારમી પ્રતિમા એક અહોરાત્રીની, તેમાં ચોવિહારો અઠ્ઠમ કરી ઈષત્ પ્રાગભાર આસને (શરીર અને દષ્ટિ કંઇક નમાવીને) ઉભા રહી એકાદ પુદ્ગલ ઉપર એકાગ્ર દષ્ટિથી કાઉસ્સગ્ગ કરે. ઉપસર્ગ આવે તે સહન કરે.[૧]

૫ ઇન્દ્રિય નિરોધ પાંચ પ્રકારે–૧ સ્પર્શનેન્દ્રિય, ૨ રસનેન્દ્રિય, ૩ ઘ્રાણેન્દ્રિય, ૪ ચક્ષુરિન્દ્રિય, ૫ શ્રોત્રેન્દ્રિય, આ પાંચે ઈન્દ્રિયોના વિષયભૂત સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ ઉપર રાગ કે દ્વેષનો ત્યાગ કરી, સમભાવ કેળવવામાં ઉદ્યમશીલ રહેવું.

---

૧ વજ્રઋષભનારાચ સંઘયણવાળો, ધીરજવાળો, સત્ત્વશાળી નવમા પૂર્વની ત્રણ વસ્તુ સુધીનું જ્ઞાન હોય, તેવો સાધુ ગુરુ મહારાજની આજ્ઞા મળે આ પ્રતિમાઓ વહન કરી શકે.

૬ પડિલેહણા પચ્ચીસ પ્રકારે—પચ્ચીસ બોલો બોલવા પૂર્વક વિધિ પૂર્વક સોળ[2] દોષોથી રહિત પડિલેહણા કરવી. ૨

૭ ગુપ્તિ ત્રણ પ્રકારે:—૧. મન, ૨. વચન અને ૩. કાયાની અશુભ પ્રવૃત્તિઓ રોકવી.

અભિગ્રહ ચાર પ્રકારે:—૧. દ્રવ્ય, ૨. ક્ષેત્ર, ૩. કાલ અને ૪. ભાવથી અભિગ્રહો ધારણ કરવા.

૪+૫+૧૨+૧૨+૫+૨૫+૩+૪=૭૦ અથવા

---

૧. **નર્તન** વસ્ત્રને કે શરીરને નચાવવું. ૨. **વલન** વસ્ત્ર કે શરીર સીધું ન રાખવું, ૩. **અનુબંધ** અખોડાપખોડા વધારે કરવા ૪. **મોસલી** કપડા જેમ તેમ, ગમે તેમ ધબાધબ કરતાં લેવાં મૂકવાં. ૫. **આરભટ** ઝટપટ ઉતાવળથી પડિલેહણ કરવી. ૬. **સંમર્દ** વસ્ત્રને પુરૂં ખોલ્યા સિવાય પડિલેહણ કરવી. ૭. **પ્રસ્ફોટન** વસ્ત્રને ઝાપટવા. ૮. **વિક્ષેપ** વસ્ત્ર એકબાજુ ફેંકતા જવું અથવા કપડાના છેડા અધ્ધર કરવા. ૯. **વેદિકા** अ બે ઢીંચણ ઉપર બે હાથ રાખવા, ब બે ઢીંચણ નીચે બે હાથ રાખવા, क બે હાથ વચ્ચે બે ઢીંચણ રાખવા ड બે હાથ વચ્ચે એક ઢીંચણ રાખવો. આ રીતે પડિલેહણ કરવાથી વેદિકા દોષ લાગે છે. બે ઢીંચણ વચ્ચે બે હાથ રાખીને પડિલેહણ કરવું જોઇએ. ૧૦. **પ્રશિથિલ** કપડું ઢીલું પકડવું ૧૧. **પ્રલંબ** કપડું લટકતું રાખવું ૧૨. **લોલ** કપડું જમીનને લગાડવું. ૧૩. **એકામર્શ** એકબાજુથી પકડી હલાવીને નીચે મૂકી દેવું. ૧૪. **અનેકરૂપ ધૂનન** અનેક કપડા ભેગા કરી ખંખેરવા ૧૫. **શંકિતગણના** અખોડા પખોડા ભૂલી જવા. ૧૬. **વિતથકરણ** પડિલેહણ કરતાં પરસ્પર વાતો કરવી, વિકથા કરવી, વાચના આપવી, પચ્ચક્ખાણ આપવું વગેરે

૪૨+૫+૧૨+૧+૫+૧+૩+૧=૭૦ આ પ્રમાણે સિત્તેર ભેદો કરણ સિત્તરીના છે. કરણસિત્તરી તે સાધુસાધ્વીના ઉત્તર ગુણ રૂપ છે.

હંમેશાં જે કરવાનું-પાળવાનું હોય-મહાવ્રતો વગેરે તે ચરણ કહેવાય છે. પ્રયોજન પડે એટલે જરૂર પડે ગોચરી વગેરે કરવાનું-કરણ કહેવાય છે. વ્રતો કાયમજિંદગી પર્યંતના હોય છે, ગોચરી વગેરે જરૂર પડે હોય છે, આ રીતે ૭૦+૭૦=૧૪૦માં વિતથ આચરવાથી અતિચાર લાગે છે, માટે ૧૪૦માંથી કોઈપણ દોષ ન લાગે તે માટે સાવધ રહેવું.

અહીંયાં શ્રી ભદ્રબાહુ સ્વામીજીએ કહ્યું કે 'ચરણકરણાનુયોગમાંથી હું ઓઘનિર્યુક્તિ કહીશ.' આથી ચરણકરણાનુયોગ સિવાય બીજા અનુયોગો પણ હોવા જોઈએ. તે બીજા અનુયોગો ત્રણ આ પ્રમાણે છે અને તે ચારિત્રની રક્ષા માટે છે.

૧ ચરણકરણાનુયોગ સાધુના આચારરૂપ આચારાંગ વગેરે

૨ ધર્મકથાનુયોગ—કથાનક સ્વરૂપ જ્ઞાતાજી-ઉત્તરાધ્યયન વગેરે

૩ ગણિતાનુયોગ—સૂર્ય-ચંદ્રની ગતિ વગેરે ગણિતસ્વરૂપ. સૂર્ય પ્રજ્ઞપ્તિ વગેરે.

૪ દ્રવ્યાનુયોગ—જીવ-અજીવાદિ પદાર્થ વિચારણા સ્વરૂપ. દૃષ્ટિવાદ, સમ્મતિતર્ક વગેરે.

આ ચારે અનુયોગો એક એકથી ચઢીયાતા છે.

## — દૃષ્ટાંત —

એક રાજાના પ્રદેશમાં ચાર ખાણો હતી. એક રત્નની, બીજી સોનાની, ત્રીજી ચાંદીની, ચોથી લોઢાની. આ ચારે

ખાણો ચારે પુત્રને એક એક વહેંચી આપી. આથી જેના ભાગમાં લોઢાની ખાણ આવી તેને ચિંતા થઈ કે 'મારા ભાઈઓને કિંમતી ખાણો મળી, જ્યારે મને તો કિંમત વિનાની નકામી ખાણ મળી.' આ વિચારથી તે બહુ દુઃખી થવા લાગ્યો. કુમારને દુઃખી થતો જોઈને સુબુદ્ધિ નામના પ્રધાને તેને સમજાવ્યો કે 'તું દુઃખી શા માટે થાય છે? ચારે ખાણોમાં કિંમતીમાં કિંમતી ખાણ તને મળી છે. કેમકે બીજી ત્રણે ખાણો લોઢા ઉપર આધાર રાખે છે, લોઢા સિવાય તે રત્નો, સોનું કે રૂપું કાઢી શકાતું નથી. માટે હાલ તું રાહ જો. જ્યારે તે બધા તારી પાસે લોઢું માગવા આવે ત્યારે તું રત્નો વગેરેના બદલામાં લોઢું આપજે જેથી સૌથી ધનવાન બની શકીશ.'

આ રીતે જો ચરણકરણાનુયોગ હોય, તો જ બીજા ત્રણે અનુયોગો છે, ચરણકરણાનુયોગમાં અલ્પ અક્ષરો હોવા છતાં અર્થથી મહાન્ વિસ્તૃત છે. તે પહેલા ભંગમાં છે, તેનું દૃષ્ટાંત ઓઘનિર્યુક્તિ છે.

ધર્મકથાનુયોગમાં ઘણા અક્ષરો અને અર્થ થોડો. તે બીજા ભંગમાં છે. જેમ જ્ઞાતાધર્માદિ.

દ્રવ્યાનુયોગમાં ઘણા અક્ષરો અને ઘણો અર્થ છે; તે ત્રીજા ભંગમાં છે. જેમ દૃષ્ટિવાદ.

ગણિતાનુયોગમાં થોડા અક્ષરો અને થોડો અર્થ છે; તે ચોથો ભંગ છે જેમ લૌકિક વગેરે.

સાધુસાધ્વીઓના અનુગ્રહ માટે શ્રી ભદ્રબાહુસ્વામીજીએ આ ઓઘનિર્યુક્તિની રચના કરેલી છે. તેના મુખ્ય સાત દ્વારો પાડવામાં આવ્યાં છે.

**पडिलेहणं च पिंडं, उवहिपमाणं अणाययणवज्जं ।**
**पडिसेवणमालोअण, जह य विसोही सुविहियाणं ॥**

૧ **પ્રતિલેખના દ્વાર**—પડિલેહણા કેમ કરવી તેનું નિરૂપણ.

૨ પિંડદ્વાર—ભિક્ષા—ગોચરીની શુદ્ધિ કેમ કરવી તેનું નિરૂપણ.

૩ **ઉપધિપ્રમાણ દ્વાર**—સંખ્યા અને માપથી કેટલી અને કેટલા પ્રમાણવાળી વસ્તુ રાખવી તેનું નિરૂપણ.

૪ **અનાયતનવર્જન દ્વાર**—કેવી વસતિમાં ન રહેવું તેનું નિરૂપણ.

૫ **પ્રતિસેવના દ્વાર**—સંયમની સાધનામાં પ્રમાદાદિ દોષો થાય તેનું નિરૂપણ.

૬ **આલોચના દ્વાર**—થયેલા દોષોનું પ્રાયશ્ચિત્ત લેવું તેનું નિરૂપણ.

૭ **વિશુદ્ધિ દ્વાર**—પ્રાયશ્ચિત્ત કરી દોષોની શુદ્ધિ કરવી તેનું નિરૂપણ.

આ સાતેનો ક્રમ નીચેના હેતુપૂર્વક છે.

સર્વક્રિયા પ્રતિલેખનાપૂર્વક કરવી જોઇએ માટે સૂત્રમાં બતાવેલ વિધિપૂર્વક ક્ષેત્રાદિને જોવું, તે માટે સૌથી પ્રથમ

પ્રતિલેખના દ્વાર, પ્રતિલેખના કરતાં શરીરને ભાડુ આપવું પડે એટલે બીજું પિંડ દ્વાર, પિંડ-આહાર ગ્રહણ કરવા માટે પાત્ર આદિ જોઈએ માટે ત્રીજું ઉપધિદ્વાર, આહાર લાવ્યા પછી વાપરવા માટે સ્થાનની જરૂર પડે એટલે કોઇ પણ પ્રકારના વ્યાઘાત વિનાની–પશુ-પંડકાદિથી રહિત વસતિ જોઇએ માટે ચોથું અનાયતનવર્જનદ્વાર, આ બધું ગ્રહણ કરતાં અવિધિ વગેરે થઇ હોય તે તપાસવારૂપ પાંચમું પ્રતિસેવનાદ્વાર, તેમાં જે જે દોષો લાગ્યા હોય તેની આલોચના કરવી, એટલે ગુરુ પાસે તેનું પ્રાયશ્ચિત્ત કરવું, તે છઠ્ઠું આલોચના દ્વાર, અને આલોચના આપી હોય તે પ્રમાણે તપશ્ચર્યાદિ કરી પાપની–દોષોની શુધ્ધિ કરવી તે સાતમું વિશુદ્ધિદ્વાર.

# પહેલું પ્રતિલેખનાદ્વાર

પ્રતિલેખનના એકાર્થિક[1] નામો ૧. આભોગ, ૨. માર્ગણા, ૩. ગવેષણા, ૪. ઇહા, ૫ અપોહ, ૬. પ્રતિલેખના, ૭. પ્રેક્ષણા, ૮. નિરક્ષણા, ૯. આલોકના, ૧૦. પ્રલોકના.

પ્રતિલેખના શબ્દથી ૧. **પ્રતિલેખક** = પડિલેહણ કરનાર સાધુ ૨. **પ્રતિલેખના** (આગળ કહેવામાં આવશે તે) બે પ્રકારની અને ૩. **પ્રતિલેખિતવ્ય** = પડિલેહણ કરવાની વસ્તુઓ. આ ત્રણ વસ્તુ સમજવાની છે. જેમ ઘડો કહેવાથી તેનો કર્તા કુંભાર અને તેનું સાધન માટી વગેરે તથા તે બનાવવાની ક્રિયાનો સંબંધ પણ આવી જાય છે.

કર્તા, કર્મ અને ક્રિયા. આ ત્રણમાંથી કોઇ એકનો નિર્દેશ જ્યાં કરવામાં આવે ત્યાં બાકીના બે ફલિતાર્થથી સમજાય છે.

**પ્રતિલેખક**–(પડિલેહણ કરનાર સાધુ) એક હોય અથવા અનેક હોય, તે કારણિક હોય અથવા નિષ્કારણિક હોય, વળી તે સાધર્મિક હોય કે વૈધર્મિક હોય.

---

૧. કંઇક કંઇક અર્થભેદ હોવા છતાં અર્થમાં સરખાપણું ઘણું હોવાથી એકાર્થિક કહેવાય છે.

અશિવાદિ કારણે એકલા થાય તે **કારણિક.**

ધર્મચક્ર સ્તુપ, યાત્રાદિ જોવાના કારણે એકલા થાય તે **નિષ્કારણિક.**

એકલા હોય તે **એક.**

એકથી વધારે હોય તે **અનેક.**

સમાન આચાર–વ્યવહારવાળા તે **સાધર્મિક.**

જુદા આચાર–વ્યવહારવાળા તે **વૈધર્મિક.**

**નીચેના કારણોએ એકલા થાય તે કારણિક કહેવાય.**

૧. અશિવ.
૨. દુકાળ.
૩. રાજાનોભય.
૪. ક્ષોભ–ત્રાસ.
૫. અનશન.
૬. માર્ગભૂલવો.
૭. બિમારી.
૮. અતિશય.
૯. દેવતા.
૧૦. આચાર્ય.

**૧ અશિવ–** દેવતા આદિના ઉપદ્રવ થવાથી. બાર વર્ષ અગાઉ ખબર પડે કે આ પ્રદેશમાં દુષ્કાળ આદિ થવાનો છે, તો સાધુઓ તે વખતે ત્યાંથી વિહાર કરી, સૂત્રપોરિસી અર્થપોરિસી કરતા કરતા બીજા સુકાળ પ્રદેશમાં જાય.

દુકાળ વગેરે પડવાનું નીચેના કારણે ખબર પડે.

૧. અવધિજ્ઞાનના પ્રભાવે. ૨. તપસ્વીના પ્રભાવે, કોઈ દેવતા આવીને કહી જાય. ૩. આચાર્ય નિમિત્ત જાણતા હોય તો તે કહે, અર્થાત્ શિષ્યને વાચના આપતા હોય તે વખતે જણાવે, અથવા કોઈ નૈમિત્તકના કહેવાથી ખબર પડે.

બાર વર્ષ અગાઉ ખબર પડે તો બાર વર્ષ અગાઉ વિહાર કરી જાય, તે ક્ષેત્ર છોડી દે. કદાચ બાર વર્ષ

પહેલાં ખબર ન પડી પણ અગિયાર વર્ષ પહેલાં ખબર પડે તો ત્યારે, યાવત્ દશ–નવ–આઠ–સાત–છ–પાંચ–ચાર ત્રણ–બે એક વર્ષ અગાઉ ખબર પડે તો તે વખતે પણ તે ક્ષેત્રમાંથી વિહાર કરી જાય. છેવટે આશિવાદિ થયા પછી ખબર પડે તો તે વખતે વિહાર કરી, બીજા સારા ક્ષેત્રમાં જાય. રસ્તામાં જતાં સૂત્રપોરિસી અર્થપોરિસી કરવાનું ચૂકે નહિ.

**ઉપદ્રવ કરનાર દેવતાદિ ચાર પ્રકારના હોય છે.**

૧. સાધુઓને ઉપદ્રવ ન કરે, પણ ગૃહસ્થને ઉપદ્રવ કરે.

૨. ગૃહસ્થોને ઉપદ્રવ ન કરે, પણ સાધુઓને ઉપવ કરે.

૩. સાધુઓને ઉપદ્રવ ન કરે તેમ ગૃહસ્થને પણ ઉપદ્રવ ન કરે.

૪. ગૃહસ્થોને ઉપદ્રવ કરે તેમ સાધુઓને પણ ઉપદ્રવ કરે.

ત્રીજા ભાંગામાં રહેવું. જ્યારે બાકીના ત્રણ ભાંગામાં અવશ્ય નીકળી જવું. જો કે પહેલા ભાંગામાં સાધુઓને ઉપદ્રવ કરનાર નથી, પરંતુ ગૃહસ્થને ઉપદ્રવ કરતાં દેવતા કદાચ સાધુઓને પણ ઉપદ્રવ કરનાર થઈ જાય, માટે પહેલા ભાંગામાં પણ નીકળી જાય.

ગામમાં ઉપદ્રવ થઈ ગયા પછી નીકળવાનું થાય તો તે ઉપદ્રવ કરનાર દેવતા આખા ગચ્છને ઉપદ્રવ કરે તેમ હોય તો અર્ધા અર્ધા સાધુ થઈ જાય અર્થાત્ અર્ધા અર્ધા થઈને વિહાર કરે, અર્ધા અર્ધા થવા છતાં ઉપદ્રવ કરે તો

તો તેથી ઓછા ઓછા થઈને વિહાર કરે, યાવત્ છેવટે એક એક થઈને વિહાર કરે.

વિહાર કરતાં જેવા પ્રકારનો ઉપદ્રવ કરનાર દેવતા હોય, તે પ્રમાણે સંકેત કરીને બધા વિહાર કરે અને જ્યાં ભેગા થાય ત્યાં જે ગીતાર્થ હોય (નાનો હોય કે મોટો હોય) તેમની પાસે આલોચના કરી લે[1]

હવે જો **સૌમ્યમુખી**[2] દેવતા હોય તો તે તેજ ક્ષેત્રમાં ઉપદ્રવ કરે, માટે બીજા ક્ષેત્રમાં જવું. **કાલમુખી**[3] દેવતા હોય તો તે ચારે દિશાના બીજા ક્ષેત્રમાં પણ ઉપદ્રવ કરે, માટે ત્રીજા ક્ષેત્રમાં જવું. **રક્તાક્ષી**[4] વતા હોય તો ચારે દિશાના ત્રીજા ક્ષેત્રમાં પણ ઉપદ્રવ કરે માટે ત્રણ ક્ષેત્રને મૂકીને ચોથા ક્ષેત્રમાં જવું.

---

૧ 'ઉપદ્રવ વિનાના અમુક ક્ષેત્રમાં બધાએ ભેગા થવું' આ પ્રમાણે સંકેત કરી જુદા જુદા નીકળ્યા હોય, રસ્તામાં સંયમમાં જે કાંઇ દોષ લાગ્યા હોય, તે દોષોની આલોચના બીજા સાધુ ભેગા થાય તે વખતે પ્રથમ આલોચના કરે, પછી આહાર પાણી કરવાની વિધિ છે. હાલમાં તો પોતપોતાના આચાર્યાદિ પાસે કેટલાક પખવાડીએ, ચાર માસે કે બાર માસે ભેગી આલોચના લે છે.

૨ એક જ ક્ષેત્રમાં ઉપદ્રવ કરનાર દેવઆદિને **'સૌમ્યમુખી'** સંજ્ઞા શાસ્ત્રમાં આપવામાં આવી છે.

૩ સાધુ રહ્યા હોય તે ક્ષેત્રમાં અને ચારે બાજુ આવતા પહેલા પહેલા ક્ષેત્રમાં પણ ઉપદ્રવ કરનાર દેવતાને **'કાલમુખી'** સંજ્ઞા આપવામાં આવી છે.

૪ રહયા હોય તે ક્ષેત્રમાં તથા ચારે બાજુ આવેલા ત્રણ ત્રણ ક્ષેત્રમાં પણ ઉપદ્રવ કરનાર દેવતાને 'રક્તાક્ષી' સંજ્ઞા આપવામાં આવી છે.

જો નીકળતા પહેલાં કોઈ સાધુને મિથ્યાદૃષ્ટિ દેવતાએ ઉપદ્રવ કરેલો હોય, તો તે સાધુને પૂછીને, શક્ય હોય તો બીજા કોઇ કારણસર રોકાયેલા સાધુને ભલામણ કરીને બીજા સાધુઓ ઉપદ્રવથી ન ઘેરાય તેટલા માટે વિહાર કરી જાય. (વિશેષ જાણવાની ઈચ્છાવાળાએ મૂલ ગ્રંથમાં જોવું.)

## ઉપદ્રવવાળાની સારવાર કેવી રીતે કરવી?

હવે કોઇ કારણસર (કોઈ ગ્લાન હોય, ચાલી શકવાની શક્તિ ન હોય તેથી) તેની સારવારના કારણે નીકળી શકાય એમ ન હોય એટલે સારવાર માટે રોકાવું પડે તો, સારવાર માટે રોકાયેલા સાધુએ

૧ વિગઈઓ ન વાપરવી.

૨ મીઠું ન વાપરવું

૩ દશીવાળુ વસ્ત્ર ન વાપરવુ-

૪ લોઢાને સ્પર્શ ન કરવો.

૫ જે ઘરોમાં દેવતાનો ઉપદ્રવ હોય તે ઘરોમાં ગોચરીએ ન જવું

૬ બધા જ ઘરોમાં દેવતાનો ઉપદ્રવ હોય તો, આહાર ગ્રહણ કરતાં ગૃહસ્થ સામી એક નજર ન કરવી એટલે આહાર આપનારની સામી દૃષ્ટિ મેળવવી નહિ, કેમકે એક દૃષ્ટિ થવાથી તેનો ઉપદ્રવ સાધુમાં સંક્રમવાનો સંભવ છે.

જે સાધુને દેવતાઆદિનો ઉપદ્રવ હોય, તે સાધુને બીજા ઓરડામાં રાખવો. બીજો ઓરડો ન હોય તો વચમાં પડદો કરવો. અંદર જવા આવવાનો રસ્તો જુદો

રાખવો, એટલે જે બાજુથી જાય તેનાથી બીજી બાજુથી બહાર આવે.

આહારાદિ ત્રણ પરંપરાએ આપે. એટલે એક આપે બીજો ગ્રહણ કરે અને ત્રીજો ઉપદ્રવવાળા સાધુને અનાદરથી વાપરવા આપે. આહાર આપ્યા પછી તેના દેખતાં માટીથી હાથ ધોઈ નાખે. કેમકે અનાદર કરવાથી ઉપદ્રવ કરનાર દેવતાદિ જલ્દી ચાલ્યો જાય. સાધુને ઉંચા નીચા કરવા પડે, ફેરવવો પડે તો વચમાં કપડું રાખીને સારવાર કરે.

**સેવા કરનાર સાધુ:—** ૧. બીકણ હોવા ન જોઈએ. તેમજ (મીઠું, વિગઈ, દશીવાળું વસ્ત્ર વાપરે નહિ તથા લોઢાને અડે નહિ.)

૨. તપશ્ચર્યામાં વધારો કરે. એટલે નવકારશી કરતો હોય તો પોરિસી કરે, પોરિસી કરતો હોય તો સાઢપોરિસી કરે, સાઢપોરિસી કરતો હોય તો એકાસણું કરે. એમ જે તપ કરતો હોય તેમાં વૃદ્ધિ કરે. એટલે અધિક તપ કરે.

**મૃત્યુ પછી:—** ઉપદ્રવવાળો સાધુ કદાચ કાળ કરી જાય તો, તેની ઉપધિ પાતરાં વગેરે પરઠવી દેવાં. તેની કોઈ પણ વસ્તુ બીજા કોઈએ વાપરવી નહિ. કેમકે જો તે સાધુની ઉપધિ પાતરાં આદિ કોઈ પણ વસ્તુ બીજા સાધુ વાપરે, તો કદાચ તે દેવતાદિ તેને પણ ઉપદ્રવ કરે.

સેવા કરતાં તે ક્ષેત્ર મૂકી દેવાનો અવસર આવે (સારો થાય એમ ન હોય અથવા બીજા કોઈ કારણસર) તો, તે ઉપદ્રવવાળા સાધુને ગામમાં સેવા માટે રોકાયેલા બીજા સાધુને સોંપે. તેની પાસે મૂકે. સાધુ ન હોય તો

પાસત્થાદિ પાસે મૂકે, તે ન હોય તો ચૈત્યવાસી પાસે મૂકે, તે ન હોય તો શય્યાતરને સોંપે, તે પણ ન હોય તો છેવટે કોઈ યોગ્ય ઉપાય પૂર્વક પોતે નીકળી જાય.

**૨ દુકાળ:—** બાર વરસ પહેલાં ખબર પડે, તો ત્યારે નીકળી જાય, યાવત્ દુકાળ પડે ત્યારે નીકળી જાય. જતાં આખા ગચ્છનું પુરૂં થાય એમ હોય તો બધા સાથે નીકળે, બધાનું પુરૂં થાય એમ ન હોય તો અર્ધા અર્ધા થાય અર્ધાનું પણ પુરૂં થાય. એમ ન હોય તો ત્રણ વિભાગમાં થઈને જાય, યાવત્ બબ્બેનું પણ પુરૂં થાય એમ ન હોય, તો છેવટે એક એક થઈને વિહાર કરે અને સંયમનો નિર્વાહ કરે.

ગાયોને ચારો એક ઠેકાણે પુરો થાય એમ ન હોય તો ગોવાળીઓ ગાયોને થોડી થોડી કરી જુદે જુદે ઠેકાણે ચરાવે છે, તેમ આચાર્ય પણ સાધુઓને નિર્વાહ થાય એમ ન હોય, તો યાવત્ એક એક સાધુને વિહાર કરાવે. આમાં ગ્લાન સાધુને એકલો મૂકી ન દે, પણ સાથે લઈ લે.

**૩ રાજભય** રાજા તરફથી ભય ચારે પ્રકારે થાય.

૧. વસતિ ન આપે. (રાજ્યમાંથી કાઢી મૂકે.)
૨. આહાર પાણી ન આપે.
૩. વસ્ત્ર–પાત્રાદિ છીનવી લે.
૪. મારી નાખે.

વસ્ત્ર–પાત્રાદિ લઈ લે, ચારિત્રથી ભ્રષ્ટ કરે કે મારી નાખવાનો સંભવ લાગે તો તે રાજ્યમાંથી નીકળી જાય. બીજા નિરૂપદ્રવ–સારા ક્ષેત્રમાં જાય.

**પ્રશ્ન**—શા કારણથી રાજાનો ભય આવે? કેમકે સાધુઓ તો—

“ यस्य हस्तौ च पादौ च, जिह्वाग्रं च सुयन्त्रितम् ।
इन्द्रियाणि च गुप्तानि, तस्य राजा करोति किम् ॥”

સાધુઓના તો હાથ, પગ અને જીભ કાબુમાં હોય છે, તેમજ ઇન્દ્રિયો પણ સ્વાધીન હોય છે, તો પછી તેમને રાજા શું કરે?

**ઉત્તર**—આચાર્ય મહારાજ જવાબ આપે છે કે—

૧. તમારી વાત સાચી છે. પણ કોઇ વખતે કોઇએ સાધુનો વેષ લઇને રાજકુલમાં પેસી કોઈનું ખૂન કર્યું હોય, તેથી કોપાયમાન થયેલો રાજા બધા સાધુઓને બોલાવીને મારી નાખે અથવા બીજાની પાસે મારી નંખાવે.

૨. અથવા કોઈ રાજા, સાધુઓનું દર્શન અપમંગલ માનતો હોય.

૩. અથવા કોઇએ રાજાને ચઢાવ્યો હોય કે ‘આ સાધુ તમારૂં ખરાબ કરવાની પેરવી કરી રહ્યા છે.’

૪. રાજાનો નિષેધ હોવા છતાં કોઈને દીક્ષા આપી હોય, આથી રાજા કોપાયમાન થાય અને તેથી સાધુને હેરાન કરે.

૫. કોઇ સાધુ વેષધારીએ અંતપુરમાં પેસી અકૃત્ય સેવ્યું હોય.

૬. કોઇ વાદી સાધુએ અભિમાની રાજાનો પરાભવ કર્યો હોય. રાજા આ કારણોથી કોપાયમાન થઈ વસ્ત્ર–પાત્ર છીનવી લે, ચારિત્રથી ભ્રષ્ટ કરે કે મારી નાખે તેમ હોય

તો સાધુઓ વિહાર કરી જાય. ચારિત્રનો નાશ કે જીવિતનો નાશ થવાના કારણે એકાકી થાય.

**૪–ક્ષુભિત**—ક્ષુભિત એટલે ભય પામવો–ત્રાસ પામવો. જેમકેઃ– ઉજ્જયની નગરીમાં ઘણા ચોર લોકો ગામમાં આવી આવીને ઘણા મનુષ્ય આદિનું હરણ કરી જતા હતા. એક વખતે કેટલાક માણસો કોઇ ઝાડ નીચે બેઠેલા હતા, ત્યારે કોઇ માણસે કહ્યું કે '**माला पतिता**' (રેંટની માળા કુવામાં પડી ગઇ.) બેઠેલા માણસો સમજ્યા કે '**मालवाः पतिताः**' (માલવા દેશના ચોરો આવ્યા.) આથી ગભરાટથી ત્યાં બેઠેલા માણસોએ નાશભાગ કરી મૂકી. આવી રીતે કોઇ અકસ્માતથી કોઇ સાધુને ક્ષોભ થવાથી એકલો થઈ જાય.

**૫–અનશનઃ–** કોઇ સાધુને અનશન સ્વીકારવું છે, પણ આચાર્ય પાસે નિર્યામણા કરાવી શકે એવો સાધુ નથી, બીજા સ્થાને નિર્યામણા કરાવી શકે એવા સાધુ છે, એટલે અનશન સ્વીકારવાની ઇચ્છાવાળો સાધુ બીજા સ્થાને જાય. ત્યારે રસ્તામાં એકલા થવું પડે.

અથવા કોઈ સાધુએ અનશન સ્વીકારેલું છે. તે સાધુ પાસે જેવું અપૂર્વ શ્રુત–જ્ઞાન છે, તેવું બીજા પાસે નથી, અથવા શંકાવાળું છે. તેથી જ્ઞાન–સૂત્ર–અર્થ, અથવા સૂત્ર અર્થ, ઉભય સ્વીકારવા માટે સંઘાટકના અભાવે એકલો જાય.

અથવા અનશન સ્વીકારેલા સાધુની સેવા કરવા માટે સંઘાટકના અભાવે એકલો જાય.

**૬–સ્ફિટિતઃ–** ૧ માર્ગે જઈ રહ્યા છે, ત્યાં રસ્તામાં

બે રસ્તા આવે, ત્યાં ભૂલથી બીજા રસ્તે ચઢી જાય તેથી એકલા થઈ જાય.

૨ ધીમે ધીમે ચાલવાના યોગે પાછળ પડી જાય.

૩ વચમાં ડુંગર આદિનો કઠણ ચઢાવ આવે, ત્યાં બીજા શક્તિવાળા સાધુ તે રસ્તે ચઢીને આગળ જાય, જ્યારે ગ્લાન, બાળ કે વૃદ્ધઆદિ સાધુ તે ડુંગરઆદિ ઉપર ચઢી શકે એમ ન હોય, તેથી તે ડુંગર ફરીને જાય. જ્યાં સુધી ગચ્છને ભેગા ન થાય ત્યાં સુધી એકાકી થાય.

**૭ ગ્લાન:–** ૧ બીમાર સાધુ માટે ઔષધ આદિ લાવવા માટે બીજા કોઇ ન હોય તેથી એકલા જવું પડે.

૨ અથવા બીજા કોઈ સ્થળે સાધુ બીમાર હોય, તેની સેવા કરનાર કોઇ નથી, તો તેની સેવા કરવા માટે એકલા જવું પડે.

**૮ અતિશય:–** કોઇ અતિશય સંપન્ન આત્મા જ્ઞાનથી જાણે, અથવા એને ખબર પડે કે 'નવ દીક્ષિત–સાધુના સગાવહાલા તેને પાછો લઇ જવા માટે આવે છે.' આવા કારણે સંઘાટકના અભાવે સાધુને એકલા વિહાર કરાવે. જો સાધુને એકલો વિહાર ન કરાવે તો તેના સંબંધીઓ આવી પહોંચતાં તેને ઘેર લઇ જાય–ઉપાડી જાય, માટે તેના રક્ષણ માટે એકલો વિહાર કરાવે.

**૯ દેવતા:–** દેવતાના કહેવાથી એકલા થવું પડે.

## દૃષ્ટાંત

કલિંગ દેશમાં કંચનપુર નામનું નગર છે, ત્યાં

ઘણા જ્ઞાની આચાર્ય ભગવંત રહેલા હતા. એક વખત આચાર્ય ભગવંત શિષ્યોને પાઠ આપીને ગામ બહાર સ્થંડિલ ભૂમિ જતા હતા, ત્યાં રસ્તામાં એક ઝાડ નીચે કોઈ સ્ત્રી રુદન કરી રહી હતી, તે આચાર્યના જોવામાં આવી. બીજે દિવસે પણ આચાર્યે તે સ્ત્રીને રુદન કરતી જોઇ, આથી આચાર્ય ભગવંતને શંકા થઈ કે આ સ્ત્રી શા માટે રુદન કરે છે?' 'પાછા વળતા તે સ્ત્રીને પૂછી જોઈશ.' વળતા આચાર્યે તે સ્ત્રીને પૂછ્યું કે ' હે ધર્મશીલ ! તું શા માટે રુદન કરે છે.'

તે સ્ત્રીએ કહ્યું કે મારે થોડું રડવાથી શું ?

આચાર્યે પૂછ્યું કે 'કેમ શા માટે રુદન કરવું પડે છે?'

તે સ્ત્રીએ કહ્યું કે ' હું આ નગરની દેવતા છું, આ નગરી જલપ્રલયથી ડૂબી જવાની છે, વળી તમે જે અહીંયાં સ્વાધ્યાય ભૂમિમાં સ્વાધ્યાય કરો છો તેનો વ્યાઘાત થશે એટલે તમો અહીંથી બીજે ચાલ્યા જશો, તેથી હું રુદન કરૂં છું.

આચાર્યે પૂછ્યું કે 'નગરીમાં જલપ્રલય થશે તેની શી ખાત્રી?'

દેવતાએ કહ્યું કે 'આવતી કાલે તમારા નાના સાધુને પારણામાં દૂધ મળશે. તે દૂધ પાતરામાં પડતાં રુધિર થઇ જશે. જો એમ થાય તો જાણજો કે જલપ્રલય થશે. તે દૂધ (રુધિર થઇ ગયેલું) બીજા સાધુઓને પાતરામાં થોડું થોડું આપજો અને તે પાતરા સાથે વિહાર કરાવજો

જે ક્ષેત્રમાં તે દૂધ સ્વાભાવિક થાય ત્યાં જલપ્રલય નહિ થાય.

બીજે દિવસે દેવતાના કહ્યા મુજબ નાના સાધુને પારણામાં દૂધ મળ્યું, તે રૂધિર જેવું થઇ ગયું. એટલે આચાર્યે તે દૂધ સાધુઓને પાતરામાં થોડું થોડું આપીને વિહાર કરાવ્યો. જે ક્ષેત્રમાં તે દૂધ સ્વાભાવિક થયું ત્યાં બધા ભેગા થયા.

**૧૦ આચાર્ય:**–કોઇ કારણસર આચાર્ય, સાધુને એકલા મોકલે તેથી એકલા થવું પડે. કોઇ કાર્ય પ્રસંગ આવે ત્યારે, આચાર્ય ભગવંત બધા સાધુઓને ભેગા કરી પૂછે કે 'અમુક કાર્ય છે, તો તે માટે કોણ જશે? ત્યારે બધા સાધુ કહે કે 'હું જઇશ, હું જઈશ' આચાર્ય તે સાંભળી વૈયાવચ્ચ કરનાર, યોગવહન કરનાર, ગ્લાન, બાળ વગેરેના કારણો જણાવી, તે કામ કરવા માટે સમર્થ સાધુને આજ્ઞા આપે, તે સાધુ કહે કે 'મારા ઉપર આપે મહાન અનુગ્રહ કર્યો.'

હવે તે સાધુને સવારમાં વહેલું જવાનું હોય તો, સૂત્રપોરિસી (સ્વાધ્યાય) કરીને અથવા સ્વાધ્યાય કર્યા સિવાય સૂઇ જાય, સૂતી વખતે પણ આચાર્ય ભગવંતને કહેતો જાય કે 'ભગવન્! આપે કહેલા કામ માટે સવારે હું જઈશ.' જો આ પ્રમાણે ન કહે તો દોષ થાય કેમકે પૂછવાથી લાભ છે.

૧. કદાચ આચાર્યને સ્મરણ થઈ આવે કે 'મારે અમુક કાર્ય કહેવાનું હતું અને કહ્યું બીજું.'

૨. કોઇ સાધુ કે શ્રાવક દ્વારા જાણવામાં આવ્યું હોય કે 'જે કામ માટે સાધુને મોકલે છે, તે આચાર્ય ત્યાં નથી અથવા ત્યાંથી નીકળી ગયા છે.

---

૧ અભિગ્રહકવાળા સાધુ (એટલે આચાર્ય ભગવંતના કાર્ય પ્રસંગે જવાના અભિગ્રહ વાળો) ન હોય ત્યારે.

૩. સંઘાટક સાધુ આચાર્યને કહી જાય કે 'આપે અમુક સાધુને જવા માટે આજ્ઞા કરી, પણ તે સાધુ ગચ્છમાંથી નીકળી જવાની ઈચ્છાવાળો છે.'

સાધુ પૂછવા આવે ત્યારે આચાર્ય ભગવંત તે સાધુને કહે કે 'જવાની જરૂર નથી,' અથવા તો જે કામ માટે ભલામન કરવાની હોય, તે કરે અને કહે કે 'સારૂં જજે.'

સવારમાં જવાવાળો સાધુ આચાર્ય પાસે આવે. જો આચાર્ય ભગવંત ઉંઘતા હોય તો ગીતાર્થ સાધુ આચાર્યને જગાડે અથવા પગે સંઘટ્ટના કરે એટલે આચાર્ય જાગે. સાધુ વંદના કરીને કહે કે 'આપે જે કામ બતાવ્યું હતું, તે કાર્ય માટે હું જઉં છું.'

આચાર્ય ભગંત જાગેલા હોય અને ધ્યાનાદિમાં હોય તો જનાર સાધુ ત્યાં ઊભો રહે, કેમકે ધ્યાનાદિમાં કોઇ કાર્ય સિદ્ધ થવાનું હોય તો તે અટકી જાય. માટે ધ્યાનાદિથી નિવૃત્ત થાય એટલે ધ્યાન પુરૂં કરે ત્યારે વંદના કરીને કહે કે 'હું કાર્ય કરવા માટે જઉં છું.'

જનાર સાધુ, રત્નાધિક–દીક્ષામાં મોટા હોય તે બધા સાધુઓને વંદના કરે, નાના સાધુ હોય તે જનાર સાધુને વંદના કરે.

આ રીતે એકાકી થનાર સાધુ વિહારમાં શી વિધિ સાચવે?

## (૧) વિહારવિધિ

ઘણું લાંબું જવાનું હોય તો વહેલો વિહાર કરે. નીકળતી વખતે ઘણું અંધારું હોય કે કૂતરા કે શિકારી

જનાવરનો ભય હોય તો, બીજો સાધુ તેની સાથે અજવાળું થાય ત્યાં સુધી સાથે જાય.

જનાર સાધુને ઠલ્લા માત્રાની શંકા હોય તો ગામની નજીક શંકા ટાળીને આગળ વિહાર કરે. (કેમકે ગામની નજીકમાં ગાયો વગેરે ચરતી-રહેતી હોવાથી તે જગ્યા સ્થંડિલ માટે શુધ્ધ હોય.) બીજો સાધુ પાછો વસતિમાં જાય.

વહેલા જવામાં ચોર આદિનો ભય હોય તો અજવાળું થયા પછી વિહાર કરે.

જનાર સાધુને વાપરીને જવાની ઇચ્છા હોય તો, ગીતાર્થ સાધુ સંખડી કે સ્થાપનાકુલમાંથી યોગ્ય વસ્તુ લાવી આપે. તે સાધુને વસતિમાં વાપરવું હોય તો વસતિમાં વાપરી લે, વસતિમાં વાપરવું ન હોય તો વાપરવાની વસ્તુ સાથે લઇને વિહાર કરે અને બે કોસની અંદર તે આહાર વાપરી લે. કેમકે બે કોસ (લગભગ હાલના ૪।।-૫ માઇલ) ઉપર આહાર પાણી લઇ જવામાં આવે તો તે આહાર પાણી ક્ષેત્રાતિક્રમ દોષવાળું થઇ જાય છે. માટે સાધુ-સાધ્વીઓએ આહાર કે પાણી બે કોસની અંદર વાપરી લેવું જોઈએ.

ગામની હદ્દ પુરી થતાં [૧]રજોહરણથી પગ પૂંજી લે. કેમકે જો પગ ન પૂંજે તો ગામની અચિત્ત રજ પગને ચોંટી હોય તે રજથી ગામ બહારની મિશ્ર-સચિત્ત પૃથ્વીની

૧ હાલમાં દંડાસનથી પગ પૂંજવાની વિધિ છે, પણ પૂર્વકાળમાં રજોહરણ-ઓઘાથી પગ પૂંજવાની વિધિ હતી, તેને અનુલક્ષીને આ વિધિ બતાવવામાં આવી છે.

વિરાધના થાય. માટે જ્યાં જ્યાં જુદી જુદી ભૂમિ આવે ત્યાં ત્યાં અવશ્ય પગ પૂંજવા જોઇએ. (હાલમાં દંડાસનથી પગ પૂંજવામાં આવે છે.)

પગ પૂંજવાના વખતે ત્યાં કોઇ ગૃહસ્થ જોતો હોય તો પગ પૂંજવામાં ભજના. રજોહરણથી ન પૂંજે પણ નિષદ્યાથી પૂંજે અને તે નિષદ્ય શરીરને ન અડે તેમ હાથમાં લટકતું લઈને આગળ થોડે સુધી જાય, તે ગૃહસ્થ દેખતો બંધ થાય એટલે તે નિષ પાછું બગલમાં મૂકી દે.

પગ પૂંજવાને વખતે ત્યાં રહેલા ગૃહસ્થો કોઈ ચલ, વ્યાક્ષિપ્ત કે અનુપયુક્ત હોય, તેમાં—

**ચલ** એટલે ચાલતો હોય.

**વ્યાક્ષિપ્ત** ,, હળ વગેરે ચલાવતો હોય કે કોઈ બીજા કામમાં ચિત્તવાળો હોય

**અનુપયુક્ત** એટલે સાધુ શું કરે છે, તે તરફ ધ્યાન ન હોય.

આ ત્રણ પ્રકારના ગૃહસ્થ હોય તો રજોહરણથી પગ પૂજે. આ ત્રણમાં આઠ ભાંગા થાય છે. તેમાં કયા ભાંગામાં પગ પૂંજે અને કયા ભાંગામાં પગ ન પૂંજે? તે કહે છે.

| ભાંગા | નામ | પ્રમાર્જના કરે કે ન કરે |
|---|---|---|
| ૧ | ચલ–વ્યાક્ષિપ્ત–અનુપક્ત | પ્રમાર્જના કરે. |
| ૨ | ,, ,, ઉપયુક્ત | ,, ન કરે. |
| ૩ | ,, અવ્યાક્ષિપ્ત અનુપયુક્ત | ,, કરે. |
| ૪ | ,, ,, ઉપયુક્ત | ,, ન કરે. |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | સ્થિર – વ્યાક્ષિપ્ત | અનુપયુક્ત | ,, | કરે. |
| ૬ | ,, ,, | ઉપયુક્ત | ,, | ન કરે. |
| ૭ | ,, અવ્યાક્ષિપ્ત | અનુપયુક્ત | ,, | કરે. |
| ૮ | ,, ,, | ઉપયુક્ત | ,, | ન કરે |

**સ્થિર** એટલે ઉભો હોય.

**અવ્યાક્ષિપ્ત** એટલે કાંઇ કામ કરતો ન હોય.

**ઉપયુક્ત** એટલે સાધુ શું કરે છે, તે તરફ ધ્યાન હોય.

આ આઠ ભાંગામાં પહેલા ભાંગામાં અવશ્ય પગની પ્રમાર્જના રજોહરણથી કરે, બાકીના સાત ભાંગામાં ભજના, સાધુ તરફ જ્યાં ઉપયોગ ન હોય ત્યાં પૂંજે, ઉપયોગ હોય ત્યાં ન પૂંજે.

**વિહાર કરતાં રસ્તો પૂછવો પડે તો કેવી રીતે પૂછે ?**

રસ્તો પૂછવામાં ત્રણ ત્રિક થાય છે.

બે જણને રસ્તો પૂછવો, જેથી ભૂલા ન પડાય.

મુખ્ય રીતે બે તરૂણ શ્રાવકને રસ્તો પૂછવો, તે ન હોય તો બે તરૂણ અન્યધાર્મિકને ધર્મલાભ આપીને પ્રીતિપૂર્વક રસ્તો પૂછવો. બાકીના આઠ ભાંગામાં પૂછવાથી દોષનો સંભવ છે.

**૧–વૃદ્ધ** વિસ્મૃત થઇ ગઇ હોય, તો રસ્તો બરાબર બતાવી ન શકે.

**૨–બાલ** કેલીપ્રિય હોવાથી કદાચ ખોટા રસ્તે ચઢાવી દે.

**૩–૪–સ્ત્રી** અને **નપુંસક** મધ્યમ વયનાને પૂછવાથી કોઇને શંકા થાય, કે 'સાધુ સ્ત્રીની સાથે શું વાત કરે છે ? અથવા આ બેને કાંઇ કાર્ય છે ?' ઈત્યાદિ.

**૫-૬-૭-૮ વૃદ્ધ નપુ. બાળ નપુંસક, વૃદ્ધા સ્ત્રી, બાલિકા.** આ ચારે માર્ગથી અજાણ હોય અથવા બરાબર ખબર ન હોય.

નજીકમાં રહેલાની પાસે જઈને રસ્તો પૂછે. જો તે માણસ મુંગો રહે તો ન પૂછે. જો દૂરથી બૂમ પાડીને

તો તેને કદાચ શંકા થાય કે 'આની પાસે દ્રવ્ય હશે અથવા બળદ આદિને લઈ જનાર હશે ?' અથવા જો તે દોડતો આવે તો રસ્તામાં વનસ્પતિ વગેરે હોય તેની વિરાધના થાય, સાધુ જો દૂર સુધી તેની પાસે જાય તો પૃથ્વીકાય, વનસ્પતિ આદિની વિરાધના થાય, કાંટા વગેરે હોય તો પગમાં કાંટા પેસી જાય. આથી સંયમ વિરાધના અને આત્મવિરાધના થાય. માટે નજીકમાં રહેલા હોય તેને પુછે.

મધ્યમવયના પુરૂષ ન હોય તો દૃઢ સ્મૃતિવાળા વૃદ્ધને પૂછે.

દૃઢસ્મૃતિવાળ વૃદ્ધને ન હોય તો ભદ્રિક તરૂણને પૂછે.

સ્ત્રીમાં પ્રથમ મધ્યમ વયવાળી સ્ત્રીને પૂછે.

તે ન હોય તો દૃઢસ્મૃતિવાળી વૃદ્ધ સ્ત્રીને પૂછે.

,, ,, તરૂણ સ્ત્રીને પૂછે.

,, ,, સરલ બાળ ,, ,,

નપુંસકમાં પ્રથમ મધ્યમ વયના નપુંસકને પૂછે.

તે ન હોય તો દૃઢસ્મૃતિવાળા વૃદ્ધ ,, ,,

,, ,, સરળ બાલ ,, ,,

આ દરેકમાં પરસ્પર સંયોગી ભાંગા એકસો ઇકોતેર થાય છે.

સાધર્મિકમાં ૪૫ ભાંગા થાય છે.

અન્યધાર્મિકમાં ૪૫ ,, ,,

સાધર્મિક અને અન્યધાર્મિક ઉભયમાં (૯×૯) ૮૧ ભાંગા થાય છે.

કુલ ૧૭૧ ભાંગા.

## (૨) રસ્તામાં ષટ્કાયની જયણા

૧. પૃથ્વીકાયની જયણા, ૨, અપ્કાયની જયણા, ૩. તેઉકાયની જયણા, ૪. વાયુકાયની જયણા. ૫. વનસ્પતિકાયની જયણા, ૬. ત્રસકાયની જયણા.

**૧. પૃથ્વીકાયની જયણા:**—પૃથ્વી પાંચે વર્ણની હોય છે. કાળી, લીલી, લાલ, પીળી અને સફેદ, તેમજ પૃથ્વીકાય સચિત્ત, મિશ્ર, અને અચિત્ત એમ ત્રણ પ્રકારે હોય છે.

અચિત્ત પૃથ્વીમાં જાય. અચિત્ત પૃથ્વીમાં, આર્દ્ર (ભીની) અને શુષ્ક હોય તો શુષ્કમાં જાય. શુષ્કમાં પણ રેતીવાળો માર્ગ અને રેતી વિનાનો માર્ગ હોય તો રેતી વિનાના માર્ગે જાય. રેતી વિનાના માર્ગમાં પણ આક્રાંત (અવરજવરવાળો) અને અનાક્રાંત (અવર–જવર વિનાનો) એમ બે પ્રકારે હોય, તેમાં આક્રાંત માર્ગે જાય.

મુખ્ય રીતે અચિત્ત, શુષ્ક, રેતી વિનાનો અને આક્રાંત હોય તેવા રસ્તે જાય. તેવો રસ્તો ન હોય તો આર્દ્ર માર્ગે જાય.

આર્દ્ર માર્ગ ત્રણ પ્રકારે હોય. **મધુસિકથ** (પગની પાની સુધી કાદવ) **પિંડક** (પગ મોજાં પહેર્યા જેવો થાય તેવો કાદવ) **ચિક્ખિલ્લ** (ગરકી જવાય તેવો કાદવ)

માર્ગમાં જતાં સંયમવિરાધના અને આત્મ વિરાધના ન થાય તેવા પૃથ્વીકાયમાં જાય. **સંયમ વિરાધના**—સજીવ પૃથ્વીકાયની વિરાધના થાય તે. **આત્મવિરાધના**-કાંટા આદિ વાગવાથી શરીરને પીડા થાય તે.

શિયાળા અને ઉનાળામાં રજોહરણથી પગ પૂંજે, ચોમાસામાં પાદલેખનિકાથી પૂંજે. (પાદલેખનિકાઉદુમ્બર વડ કે આંબલીના વૃક્ષની બાર આંગળ લાંબી, એક આંગળ જાડી અને બન્ને બાજુ નખના જેવી અણીવાળી કોમળ દરેક સાધુએ જુદી જુદી રાખવાની હોય છે.) એક બાજુથી સચિત્ત પૃથ્વી પગે લાગી હોય તે દૂર કરે અને બીજી બાજુથી અચિત્ત પૃથ્વી દૂર કરે.

**૨ અપ્કાયની જયણા**—બેપ્રકારે પાણી જમીનમાંથી નીકળતું અને આકાશમાંથી પડતું.

આકાશમાંથી પડતું પાણી બે પ્રકારનું ૧—ધુમસનું ૨—વરસાદનું,

ધુમસ પડતું હોય તો મકાનનાં બારીબારણાં બંધ કરી, કામળી ઓઢીને મકાનમાં એક બાજુ બેસી રહે. પડિલેહણ આદિ ક્રિયાઓ ન કરે. ઉંચે સાદે બોલે પણ નહિ. એકબીજાને જરૂર પડે ઇસારાથી વાત જણાવે.

વરસાદ પડતો હોય તો મકાનમાંથી બહાર જાય નહિ. નીકળ્યા પછી જો વરસાદ પડે તો રસ્તામાં ઝાડ આદિ નીચે ઉભો રહે. ઘણો વરસાદ પડતો હોય તો સુકા ઝાડ ઉપર ચઢી જાય. અથવા તો કોઇ એવા સ્થાને રહે કે જ્યાં શરીર ઉપર પાણી પડે નહિ.

જો ત્યાં ઉભા રહેવામાં કોઇ ભય હોય તો વર્ષાકલ્પ ઓઢીને જાય.

રસ્તામાં જતાં નદી આવે તો જો બીજો રસ્તો હોય તો ફરીને જાય, પુલ હોય તો પુલ ઉપર થઇને જાય. કાચો પુલ હોય અને ચાલતાં રેતી વગેરે ખરતી હોય કે ભયવાળો હોય તો તેવા પુલ ઉપરથી ન જાય.

જે નદીમાં પાણી અર્ધી જંઘા જેટલું હોય તેને **સંઘટ્ટ** કહેવાય છે.

નાભિ પ્રમાણ પાણી હોય તેને **લેપ** કહેવાય છે.

નાભિથી વધારે પાણી હોય તેને **લેપોપરી** કહેવાય છે.

સંઘટ્ટ નદી ઉતરતાં એક પગ પાણીમાં અને બીજો પગ પાણીથી ઉંચે અદ્ધર રાખવો તેમાંથી પાણી નીતરી જાય, એટલે તે પગ આગળ પાણીમાં મૂકે અને પાણીમાં રહેલો પગ બહાર કાઢે, પાછો તે નીતરી જાય એટલે આગળ પગ મૂકે. આ રીતે સામા કિનારે જઈ ઊભોરહે, પગનું પાણી નીતરીને, કંઇક સુકાઈ જાય એટલે ત્યાં ઇરિયાવહિ કરે, પછી આગળ જાય.

નાભિ પ્રમાણ પાણીવાળી નદી જો નિર્ભય હોય તો જો ગૃહસ્થ સ્ત્રી વગેરે ઉતરતાં હોય તો, તેમની પાછળ પાછળ ઉતરે.

ભયવાળું પાણી હોય તો ચોલપટ્ટાને બરાબર ગાંઠ બાંધી માણસોની વચમાં ઉતરે, કેમકે કદાચ પાણીમાં ખેંચાય તો લોકો બચાવી લે. સામે કિનારે ગયા પછી ચોલપટ્ટાનું પાણી નીતરી જાય ત્યાં સુધી ઉભો રહે, પછી ઇરિયાવહિ કરી આગળ જાય. જો કાંઠે શિકારી જનાવર કે ચોર આદિનો ભય હોય તો ભીનો ચોલપટ્ટો શરીરને ન અડે એ રીતે લટકતો રાખી આગળ જાય.

નદી ઉતરતી વખતે ત્યાં જો ગૃહસ્થ ન હોય તો **નાલીકા** (શરીરથી ચાર આંગળ ઉંચી લાકડી) થી પાણી માપી જૂએ, જો ઘણું પાણી હોય તો ઉપકરણો ભેગાં કરી બાંધી લે અને મોટું પાતરૂં ઉંધુ શરીર સાથે બાંધીને તરીને સામે કાંઠે જાય.

નાવમાં બેસીને ઉતરવું પડે તેમ હોય તો નાવમાં થોડા માણસો બેઠા પછી ચઢવું, એટલે મધ્યમાં ચઢે, નાવના મધ્ય ભાગમાં બેસવું અને ઉતરતાં પણ થોડા માણસો ઉતર્યા પછી ઉતરવું, છેલ્લા ન ઉતરવું. નાવમાં બેસતાં સાગારિક અનશન કરવું અને નવકારમંત્રનું સ્મરણ કરવું કાંઠે ઉતરી ઈરિયાવહિ કરી આગળ જાય. (કાઉસ્સગ્ગ પચીસ શ્વાસોશ્વાસ પ્રમાણનો કરવો.)

**૩. તેઉકાયની જયણા:**—રસ્તામાં જતાં વનદવ (વનમાં લાગેલો અગ્નિ) આગળ હોય તો પાછળ જવું. સામો આવતો હોય તો સુકી જમીનમાં ઉભા રહેવું, સુકી જમીન ન હોય તો કામળી ભીની કરીને ઓઢી લે,

જો ખૂબજ અગ્નિ હોય તો ચામડું ઓઢી લે, અથવા ઉપાનહથી જાય.

**૪. વાયુકાયની જયણા:**–પવન ઘણો હોય તો પર્વતની ખીણમાં કે વૃક્ષના ઓઠે ઉભા રહેવું. ત્યાં ઉભા રહેવામાં ભય હોય તો છિદ્ર વિનાની કામળી આદિ ઓઢી લે, છેડા લટકે નહિ તેમ ઉપયોગ પૂર્વક જાય.

**૫. વનસ્પતિકાયની જયણા:**—પ્રત્યેક વનસ્પતિકાય અને સાધારણ વનસ્પતિકાય. દરેકમાં અચિત્ત, મિશ્ર, સચિત્ત. દરેકમાં સ્થિર[1], અસ્થિર[2], તે દરેકમાં ચાર પ્રકાર,

૧. આક્રાંત નિષ્પ્રત્યપાય.

૨. ,, સપ્રત્યપાય.

૩. અનાક્રાંત નિષ્પ્રત્યપાય.

૪. ,, સપ્રત્યપાય.

**આક્રાંત** એટલે કચરાએલી, નિષ્પ્રત્યપાય એટલે ભયવિનાની.

**અનાક્રાંત** એટલે નહિ કચરાએલી, સપ્રત્યપાય એટલે ભયવાળી.

આમાં જયણા કેવી રીતે ?

મુખ્ય રીતે:—

૧અચિત્ત, પ્રત્યેક, સ્થિર, આક્રાંત અને ભયવિનાની વનસ્પતિમાં જવું. તે ન હોય તો.

---

૧. **સ્થિર** એટલે દઢ–મજબૂત સંઘયણવાળી, ૨. **અસ્થિર** એટલે શિથીલ સંઘયણવાળી.

૨ અચિત્ત પ્રત્યેક, સ્થિર, આક્રાંત અને ભયવિનાની વનસ્પતિમાં જવું. તે ન હોય તો.

૩ અચિત્ત, પ્રત્યેક, અસ્થિર આક્રાંત અને ભયવિનાની વનસ્પતિમાં જવું. તે ન હોય તો.

૪ અચિત્ત, પ્રત્યેક અસ્થિર અનાક્રાંત અને ભયવિનાની વનસ્પતિમાં જવું. તે ન હોય તો.

૫ અચિત્ત, અનંતકાય, સ્થિર આક્રાંત અને ભયવિનાની વનસ્પતિમાં જવું. તે ન હોય તો,

૬ અચિત્ત, અનંતકાય, સ્થિર અનાક્રાંત અને ભયવિનાની વનસ્પતિમાં જવું. તે ન હોય તો.

૭ અચિત્ત અનંતકાય, અસ્થિર, આક્રાંત અને ભયવિનાની વનસ્પતિમાં જવું. તે ન હોય તો.

૮ અચિત્ત અનંતકાય, અસ્થિર, અનાક્રાંત અને ભયવિનાની વનસ્પતિમાં જવું. તે ન હોય તો.

મિશ્ર, પ્રત્યેક, સ્થિર, આક્રાંત અને ભયવિનનાની વનસ્પતિમાં જવું. તે ન હોય તો.

બાકીના સાત અચિત્ત મુજબ સમજી લેવા. તે ન હોય તો સચિત્ત, પ્રત્યેક, સ્થિર, આક્રાંત અને ભયવિનાના માર્ગે જવું.

બાકીના સાત અચિત્ત પ્રમાણે સમજી લેવા,

ભયવિનાની વનસ્પતિમાં જયણા પૂર્વક જવું,

**૬. ત્રસકાયની જયણા:**—બેઇન્દ્રિય, તેઇન્દ્રિય ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય. દરેકમાં સચિત્ત, મિશ્ર અને અચિત્ત. દરેકમાં સ્થિર સંઘયણવાળા અને અસ્થિર

સંઘયણવાળા. તે દરેકમાં ૧. આક્રાંત, ૨. અનાક્રાંત, ૩. સપ્રત્યપાય, ૪. નિષ્પ્રત્યપાય.

**સચિત્ત**-જીવતા બેઇન્દ્રિયાદિ જીવોથી ભૂમિ વ્યાપ્ત હોય.

**અચિત્ત**-મરી ગયેલા ,, ,, ,,

**મિશ્ર**–ભૂમિ ઉપર કેટલાક બેઇન્દ્રિયાદિ જીવો જીવતા અને કેટલાક મરેલા હોય. મુખ્ય રીતે અચિત્તમાં જવું.

સજાતીયમાં યતના કીધી. હવે વિજાતીયમાં યતના નીચે પ્રમાણે.

૧. પૃથ્વીકાય અને અપ્‌કાય હોય તો પૃથ્વીકાયમાં જવું.

૨. ,, વનસ્પતિકાય ,, ,, ,,

૩. ,, ત્રસકાય ,, ત્રસથી રહિત પૃથ્વીમાં જવું.

૧૧ ભાંગા સચિત્તમાં, ૧૧ અચિત્તમાં અને ૧૧ મિશ્રમાં કુલ ૩૩ ભાંગા થાય છે. તેમાં જ્યાં ઓછી વિરાધના થતી હોય તેમાં જવું.

**પ્રશ્ન** :—આ રીતે જતાં કદાચ એવું હોય કે એક બાજુ **આત્મવિરાધના** (પડી જવું, વાગવું આદિ થાય એમ) હોય અને બીજી બાજુ **સંયમવિરાધના** (જીવનો ઘાત) થાય એમ હોય તો શું કરવું ?

આવા વખતે સંયમવિરાધના ગૌણ કરી આત્મરક્ષા કરવી.

**ઉત્તર—सव्वत्थ संजमं संजमाउ अप्पाणमेव रक्खिज्जा ।**
**मुच्चई अइवायाओ, पुणो विसोहि न याविरई ॥**

બધે સંયમ રક્ષા કરવી, સંયમથી પણ આત્માની રક્ષા કરવી. કેમકે જીવતો હશે તો થયેલી જીવવિરાધનાદિથી આત્માની શુદ્ધિ, તપ વગેરે દ્વારા કરી શકાશે.

**પ્રશ્ન** :—જીવનીહિંસા થઇ તેથી પહેલા મહાવ્રતનું ખંડન થયું. વળી કહ્યું છે કે '**एकव्रतभङ्गे सर्वव्रतभङ्गः**' એક વ્રતના ખંડનમાં બધા વ્રતનું ખંડન થાય છે.'

**ઉત્તર**—આશયશુદ્ધિ હોવાથી તથા ચિત્તના વિશુદ્ધ પરિણામ હોવાથી તેને અવિરતિ થતી નથી, '**विशुद्धपरिणामस्य मोक्षहेतुत्वात्**' **વિશુદ્ધપરિણામ મોક્ષના હેતુભૂત છે.** અર્થાત્ વિશુદ્ધ પરિણામ એ મોક્ષનું કારણ છે.

**પ્રશ્ન**—'સાધુ શરીરને સાચવે,' એમ કહ્યું તો પછી ગૃહસ્થ અને સાધુમાં ફેર શો રહ્યો ? કેમકે ગૃહસ્થો પણ કાદવ, શિકારી જનાવરો, વાઘ, ધૂળવાળો રસ્તો, કાંટાવાળો રસ્તો, ઘણું પાણી વગેરે હોય તેવા રસ્તાનો ત્યાગ કરે છે, અર્થાત્ તેવા રસ્તે જતા નથી.

**ઉત્તર**—સાધુ અને ગૃહસ્થોમાં ઘણો ફેર છે. કેમકે ગૃહસ્થો જયણા, અજયણા, સચિત્ત, મિશ્ર, પ્રત્યેક કે સાધારણ આદિ જાણી શકતા નથી તથા જીવવધ કરવાના પચ્ચકખાણ નથી એટલે ગમે તેમ ચાલે, તેથી જીવોની વિરાધના કરે છે. જ્યારે સાધુ ઉપયોગપૂર્વક ચાલે છે, વળી દયાના પરિણામવાળા છે, ઉપયોગપૂર્વક ચાલવા છતાં કદાચ જીવની વિરાધના થઇ જાય તો પણ શુદ્ધ સાધુને હિંસાજન્ય કર્મબંધ થતો નથી. કેમકે કહ્યું છે કે '**जे जत्तिआ अ हेऊ भवस्स ते चेव तत्तिआ मुक्खे.**'

જે અને જેટલા હેતુઓ સંસારને માટે છે, તે અને તેટલા જ હેતુઓ મોક્ષને માટે છે.

રસ્તામાં જયણા પૂર્વક ચાલવામાં આવે તો તે ક્રિયા મોક્ષ માટેની થાય છે, જ્યારે જેમ તેમ ચાલવામાં આવે તો તે ક્રિયા કર્મબંધ માટે થાય છે. કર્મબંધમાં અને કર્મની નિર્જરામાં પણ સાધુ અને ગૃહસ્થમાં ઘણો ફરક પડે છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને સાધુમાં ફરક જણાવ્યો. સાધુ–સાધુમાં પણ કેટલીક વસ્તુઓમાં પરિણામવશે ફરક પડે છે,

શ્રી જિનેશ્વર ભગવંતોએ કોઈ વસ્તુનો એકાંતે નિષેધ પણ કર્યો નથી, તેમ એકાંતે વિધિ પણ કહ્યો નથી. વ્યક્તિને આશ્રીને નિષેધ અને વિધિ છે. જેમ જ્વરવાળા તાવ આવેલા માણસને તાવ હોય ત્યારે ભોજનનો નિષેધ કરાય છે, પણ જો જીર્ણતાવ હોય તો તેને ભોજન ખાસ આપવામાં આવે છે. તાવવાળો જો ખાવા માંડે અને જીર્ણતાવવાળો ભોજનનો ત્યાગ કરે તો બન્નેને નુકશાન કારક થાય છે. તેમ સાધુને આશ્રીને શાસ્ત્રમાં ઉત્સર્ગ અને અપવાદ બન્ને રહેલા છે. તેનો ઉપયોગ કેવી રીતે ક્યાં અને ક્યારે કરવો તે ગીતાર્થોને સોંપેલો છે.

**પ્રશ્ન**—'બાહ્ય વસ્તુને આશ્રીને કર્મબંધ થતો નથી, પરંતુ જેવો આત્માનો પરિણામ તે પ્રમાણે કર્મબંધ થાય છે,' તો પછી પૃથ્વીકાય આદિની જયણા શું કામ કરવી ? માત્ર મન શુધ્ધ રાખવું.

**ઉત્તર**—જો કે 'બાહ્ય વસ્તુને આશ્રીને કર્મબંધ નથી,' તો પણ મુનિઓ પરિણામની વિશુદ્ધિ માટે પૃથ્વીકાય

આદિની યતના કરે છે. જો પૃથ્વીકાય આદિની યતના ન કરે તો; પરિણામની શુદ્ધિ રહી શકે નહિ, માટે મુનિઓએ અવશ્ય પૃથ્વીકાય આદિની યતના કરવી જોઇએ.

જે મુનિ જયણા વિના વર્તે છે, તેનાથી જીવહિંસા ન થાય તો પણ જીવહિંસા પ્રત્યયિક કર્મબંધ થાય છે, જ્યારે જે મુનિ જયણાપૂર્વક વર્તે છે, અને તેનાથી કદાચ જીવહિંસા થઇ જાય, તો પણ તેને જીવહિંસાનો કર્મબંધ થતો નથી. કેમકે તેને પરિણામની શુદ્ધિ રહેલી છે.

**રસ્તામાં કોઇ ગામ વગેરે આવે તો તેમાં પ્રવેશ કરવાની વિધિ.**

| સાત દ્વારો. |
|---|
| ૧-૨-ગ્લાનયતના. |
| ૩-શ્રાવક. |
| ૪-સાધુ. |
| ૫-વસતિ. |
| ૬-સ્થાનસ્થિત. |
| ૭-મહાનિનાદ. |

**૧. ગ્લાન વિષય:-** અહિં દ્વારના પ્રારંભમાં જ ગ્રંથકાર શંકા કરે છે.

આચાર્યાદિના કાર્ય માટે જલ્દી જવાનું છે, તો પછી ગામમાં પ્રવેશ કરવાનું શું પ્રયોજન? તેનું સમાધાન કરતાં તેઓજ જણાવે છે. પ્રવેશ કરવામાં ઘણા ગુણો રહેલા છે. (૧) ઈહલૌકિક અને (૨) પારલૌકિક.

**૧. ઇહલૌકિક ગુણો:-** જે કામ માટે સાધુ નીકળેલો હોય તે કામની ગામમાં કંઈ ખબર મળે 'કે તેઓ ત્યાંથી નીકળી ગયા છે, હાલ અમુક સ્થાને રહેલા છે. અથવા તો માસકલ્પાદિ કરીને કદાચ તેજ ગામમાં આવેલા હોય, તો તેથી, ત્યાંજ કામ પતી જાય. આગળ

જવાની જરૂર રહે નહિ. અથવા ગામમાં ગોચરી પાણી કરીને અથવા તો સુકુંપાકું લઈને જ્યાં જવું હોય ત્યાં શીઘ્રતાથી પહોંચી શકાય.

**(૨) પારલૌકિકગુણો:**– કદાચ ગામમાં કોઇ (સાધુ સાધ્વી) બીમાર હોય તો તેની સેવાનો લાભ મળે. કેમકે ભગવાને કહ્યું છે કે '**जे गिलाणं पडियरइ सो मं पडियरइ जे मं पडियरइ से गिलाणं पडियरइ**' જે ગ્લાનની સેવા કરે છે તે મારી સેવા કરે છે, જે મારી સેવા કરે છે, તે ગ્લાનની સેવા કરે છે.

ગામમાં જિનમંદિર હોય તો તેનાં દર્શન વંદન થાય, તેથી પુણ્યપ્રાપ્તિ થાય.

ગામમાં કોઇ વાદી હોય કે પ્રત્યનીક હોય અને પોતે વાદલબ્ધિસંપન્ન હોય તો તેને શાંત કરી શકે, આથી શાસનની પ્રભાવના થાય.

**પૃચ્છા**– ગામમાં પ્રવેશ કરતાં પૃચ્છા બે પ્રકારે થાય. **(૧) અવિધિપૃચ્છા, (૨) વિધિપૃચ્છા.**

**૧. અવિધિપૃચ્છા**– 'ગામમાં સાધુઓ છે કે નહિ?' ગામમાં સાધ્વીઓ હોવા છતાં, પ્રશ્ન સાધુ વિષયક પૂછવાથી, જવાબ આપનાર માણુસ ના પાડે, કે 'સાધુઓ નથી.' જો પ્રશ્ન એમ પૂછે કે 'સાધ્વીઓ છે કે નહિ ?' તો સાધુઓ હોવા છતાં પ્રશ્ન સાધ્વી વિષયક હોઇ, જવાબ આપનાર માણુસ ના પાડે કે 'સાધ્વીઓ નથી.' ઉપરાંત 'ઘોડા-ઘોડી' ન્યાયે શંકા પણ થાય.

શ્રાવક છે કે નહિ એમ પૂછે તો એને શંકા થાય

કે 'આને અહીં આહાર કરવો હશે.' શ્રાવિકા વિષય પૂછે તો તેને શંકા થાય કે જરૂર આ ખરાબ આચારવાળો હશે.' જિન મંદિરનું પૂછે તો બીજા [1]ચાર હોય તો પણ ન કહે એથી તદ્વિષયક લાભની હાનિ થાય. માટે વિધિ પૃચ્છા કરવી જોઇએ.

**૨. વિધિપૃચ્છા:**– ગામમાં જવા આવવાના રસ્તામાં ઉભા રહીને અથવા ગામની નજીકમાં કે કૂવા પાસે માણસોને પૂછે કે 'ગામમાં અમારો પક્ષ છે–સંપ્રદાય છે?' પેલો જાણતો ન હોય તો પૂછે કે 'તમારો પક્ષ કયો?' ત્યારે સાધુ કહે કે 'જિન મંદિર, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા'

જો ગામમાં જિન મંદિર હોય તો પહેલા મંદિરે દર્શન કરી પછી સાધુ પાસે જાય. [2]સાંભોગિક સાધુ હોય તો વંદન કરીને સુખશાતા પૂછે. બધા સુખશાતામાં હોય, તો કહે કે 'આપના દર્શન કરવા ગામમાં આવ્યા છીએ. હવે અમારા અમુક કામે જઈએ છીએ. જો ત્યાં રહેલા સાધુ એમ કહે કે 'અહીં સાધુ બિમાર છે, તેને ઔષધ કેવી રીતે આપવું, તે અમે જાણતા નથી.' આવેલ સાધુ જો જાણતો હોય, તો ઔષધની સંયોજના બતાવે અને વ્યાધિ શાંત પડે એટલે આગળ વિહાર કરે. કોઇ કારણ ન હોય તો દર્શન, વંદન કરી આગળ જાય.

**ગ્લાનપરિચર્યાદિ:**– ૧. ગમન, ૨. પ્રમાણ,

૧. સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા.
૨. ગોચરી, વંદનાદિ વ્યવહારવાળા.

૩. ઉપકરણ, ૪. શુકન, ૫. વ્યાપાર, ૬. સ્થાન, ૭. ઉપદેશ, ૮. લાવવું.

**૧. ગમનઃ—** બિમાર સાધુમાં શક્તિ હોય તો વૈદ્યને ત્યાં લઈ જાય. જો શક્તિ ન હોય તો બીજા સાધુ ઔષધ માટે વૈદ્યને ત્યાં જાય.

**૨. પ્રમાણ—** વૈદ્યને ત્યાં એક સાધુએ ન જવું, પણ ત્રણ પાંચ કે સાત સાધુએ જવું.

**૩. ઉપકરણ—** વૈદ્યને ત્યાં જતાં ચોકખાં કાપ કાઢેલાં કપડાં પહેરીને જવું.

**૪. શુકન—** જતી વખતે સારા શુકન જોઇને જવું.

**૫. વ્યાપાર—** જો વૈદ્ય ભોજન કરતો હોય, ગટ-ગુમડ કાપતો હોય તો તે વખતે ન પૂછવું.

**૬. સ્થાન—** જો વૈદ્ય ઉકરડા ઉપર ઉભો હોય કે ફોતરા વગેરેના ઢગલા ઉપર હોય તો તે વખતે ન પૂછવું, પણ પવિત્ર જગ્યાએ બેઠા હોય ત્યારે પૂછવું.

**૭. ઉપદેશ—** વૈદ્યને યતનાપૂર્વક પૂછયા પછી વદ્ય જે કહે તે બરાબર સાંભળી લેવું, એટલે બિમાર માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ સંબંધી જે કહે તે ધારી લેવું અને તે મુજબ પરિચર્યા—સેવા કરવી.

**૮. લાવવું—** જો વૈદ્ય એમ કહે કે 'બિમારને જોવો પડશે' તો બિમારને ઉપાડી વૈદ્યને ત્યાં લઈ ન જવો, પણ વૈદ્યને ઉપાશ્રયમાં લાવવા. વૈદ્ય ઉપાશ્રયમાં આવે તે પહેલાં બિમાર સાધુને ગંધોદકથી વાસિત કપડાં પહેરાવવાં, માટી, પાણી આદિ વૈદ્યને હાથ ધોવા માટે તૈયાર રાખવું.

વૈદ્ય આવવાને થોડીવાર હોય એટલે આચાર્ય ભગવંત ઉપાશ્રયમાં આંટા મારતા રહે. કેમકે આચાર્ય ભગવંત બેઠેલા હોય અને વૈદ્ય આવે તે વખતે ઉઠે તો લાઘવતા થાય અને ન ઉઠે તો વૈદ્યને કોપ થાય, માટે વૈદ્યના આવતાં પહેલાં ઉપાશ્રયમાં ફરતા હોય તો તેથી કોઈ જાતનો દોષ થાય નહિ.

ગ્લાન સાધુ નવકારશી લાવતો થઈ જાય કે ગામ બહાર ઠલ્લે જતો થઇ જાય, ત્યાં સુધી વૈયાવચ્ચ કરે, પછી ત્યાં રહેલા સાધુ જો સહાય આપે તો તેમની સાથે આગળ વિહાર કરે, નહિતર એકલા આગળ વિહાર કરે.

[1]અન્યસાંભોગિક સાધુ હોય તો, બીજા સાધુને સામાચારી જોતાં વિપરીત પરિણામ ન થાય તે માટે, પોતાની ઉપધિ આદિ ઉપાશ્રયની બહાર મૂકીને અંદર જાય. જો બિમાર અંગે રોકાવું પડે તો, બીજી વસતીમાં રહીને ગ્લાનની સેવા કરે.

ગામની પાસેથી જતાં કોઇ માણસ એમ કહે કે 'તમે ગ્લાનની સેવા કરશો?' સાધુ કહે 'હા, કરીશ.' પેલો કહે કે 'ગામમાં સાધુ ઠલ્લા, માત્રાથી લેપાયેલા છે,' તો સાધુ પાણી લઈને ગ્લાન સાધુ પાસે જાય, અને લોકો જુએ એ રીતે બગડેલાં વસ્ત્ર આદિ ધૂએ. કોઇ પૂછે કે, તમે કયા સંબંધથી આની સેવા કરો છો?' સાધુ કહે કે 'ધર્મ સંબંધથી.' આ સાંભળી લોકોને થાય કે 'અહો! ધર્મની સફળતા છે, કે જે નહિ જોએલા એવાની પણ

૧. ગોચરી, વંદન આદિ વ્યવહાર ન હોય તેવા.

બાંધવથી ચે અધિક સેવા કરે છે.'

સાધુ વૈધિકનું જાણતો હોય તો તે રીતે ઔષધાદિ કરે, ન જાણતો હોય તો વૈદ્યની સલાહ મુજબ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી વૈયાવચ્ચ કરે.

**દ્રવ્યથી**– પ્રાસુક આહાર, પાણી, ઔષધઆદિથી ન મળે તો અપ્રાસુકથી પણ.

**ક્ષેત્રથી**– વસતી નહિ કરેલી, નહિ કરાવેલી વગેરે તેવી ન મળે તો કરાવેલી પણ.

**કાલથી**– પહેલી પોરિસીમાં પ્રાસુક ન મળે તો પછી અપ્રાસુક કરીને પણ આપે.

**ભાવથી**– ગ્લાનને જેમ સમાધિ રહે તે રીતે પ્રાસુક આપ્રાસુક આપવું.

ગ્લાન કારણે એકાકી થયો હોય તો સારૂ થયે તેની અનુકુળતા પ્રમાણે સાથે વિહાર કરે. નિષ્કારણે એકાકી થયો હોય તો શાસ્ત્રમાં કહ્યા મુજબ તેને ઠપકો આપે.

**સાંભોગિક, અન્ય સાંભોગિક એક કે અનેક કારણિક, નિષ્કારણિક સાધ્વીની યતના—**

ગામમાં સાધ્વી રહેલાં હોય તો ઉપાશ્રય પાસે આવી બહારથી નિસીહિ કહે. જો સાધ્વીઓ સ્વાધ્યાયઆદિમાં લીન હોય તો બીજા પાસે કહેવરાવે કે 'સાધુ આવ્યા છે' આ સાંભળી, સાધ્વીઓમાં મુખ્ય સાધ્વી સ્થવિરા વૃદ્ધ હોય તો બીજી એક અથવા તે સાધ્વી સાથે બહાર આવે જો તરુણી હોય તો બીજી ત્રણ કે ચાર વૃદ્ધ સાધ્વીઓ

સાથે બહાર આવે. સાધુને આસન આદિ નિમંત્રણા કરે. પછી સાધુ, સાધ્વીજીઓની સુખશાતા પૂછે. કોઇ જાતની બાધા હોય તો સાધ્વીજી જણાવે. તે સાધુ સમર્થ હોય તો પ્રત્યનીક આદિનો નિગ્રહ કરે, પોતે સમર્થ ન હોય, તો બીજા સમર્થ સાધુને મોકલી આપે.

કોઈ સાધ્વીં બિમાર હોય તો તેને ઔષધિ આદિની ભલામણ કરે. પોતે ઔષધનું જાણતો ન હોય તો વૈદ્યને ત્યાં જઇ **વિધિપૂર્વક** પૂછી લાવે અને સાધ્વીને તે પ્રમાણે બધું કહે. સાધુને રોકાવું પડે એમ હોય તો બીજા ઉપાશ્રયમાં રોકાય. સાધ્વીને સારૂં થાય એટલે વિહાર કરે.

કદાચ સાધ્વી એકલી હોય અને તે બીમાર હોય અને બીજા ઉપાશ્રયમાં રહીને બરદાસ થઈ શકે એમ ન હોય તો તેજ સ્થાનમાં (સાથે ગૃહસ્થો રાખીને) વચ્ચે પડદો રાખી શુશ્રૂષા કરે. સારૂં થાય એટલે જો તે સાધ્વી નિષ્કારણે એકલી થઇ હોય તો ઠપકો આપીને ગચ્છમાં ભેગી કરાવે. કારણે એકલી થઇ હોય તો યતના પૂર્વક સ્થાને પહોંચાડે.

**ગ્લાનવિષયનું બીજું દ્વાર:**—ગામમાં જિનમંદિરમાં દર્શન કરી, બહાર આવી, શ્રાવકને પૂછે કે 'ગામમાં સાધુ છે કે નહિ ?' શ્રાવક કહે કે 'અહીં સાધુ નથી પણ બાજુના ગામમાં છે. અને તે બિમાર છે.' તો સાધુ તે ગામમાં જાય. શ્રાવક વાપરીને જવા માટે આગ્રહ કરે તો નવકારથી કરીને અથવા સુકુંપાકું લઇને જાય. ત્યાં જઇને બિમાર સાધુની સેવા કરે.

સાંભોગિક, અન્ય સાંભોગિક, અને ગ્લાનની સેવા કરે તે મુજબ પાસત્થો, ઓસન્ન, કુશીલ, સંસક્ત, નિત્યવાસી ગ્લાનની પણ સેવા કરે, પરંતુ તેમની સેવા પ્રાસુક આહાર પાણી ઔષધ આદિથી કરે.

કોઇ એવા ગામમાં જઇ ચડે કે જ્યાં ગ્લાનને યોગ્ય વસ્તુ મળી. પછી આગલા ગામમાં ગયો, ત્યાં ગ્લાન સાધુના સમાચાર મળ્યા તો તે ગામમાં જઇ આચાર્યાદિ હોય તો તેમને બતાવે, આચાર્ય કહે કે–'ગ્લાનને આપો.' તો ગ્લાનને આપે, પણ એમ કહે કે– 'ગ્લાનને યોગ્ય બીજું ઘણું છે, માટે તમેજ વાપરો,' તો પોતે વાપરે. જાણવામાં આવે કે– 'આચાર્ય શઠ છે.' તો ત્યાં રોકાય નહિ.

વેશધારી કોઇ ગ્લાન હોય તો, તે સાજો થાય એટલે કહે કે–'ધર્મમાં ઉદ્યમ કરો, જેથી સંયમમાં દોષ ન લાગે, શાસનની હીલના ન થાય તેમ વર્તો, ઇત્યાદિ પ્રકારે સમજાવે.

આ રીતે ગ્લાનાદિની સેવા કરતો આગળ વિહાર કરે.

**શંકા–** આવી રીતે બધે સેવા આદિ કરતો વિહાર કરે તો આચાર્યની આજ્ઞાનો લોપ કર્યો ન કહેવાય ? કેમકે જે કામે આચાર્યે મોકલ્યો છે, તે સ્થાને તો તે ઘણા કાલે પહોંચે.

**સમાધાન–** શ્રી તીર્થંકર ભગવંતની આજ્ઞા છે કે– 'ગ્લાનની સેવા કરવી.' આથી વચમાં રોકાય, તેમાં આચાર્યની આજ્ઞાનો લોપ કર્યો ન કહેવાય. પણ આજ્ઞાનું પાલન

જ કહેવાય. [૧]કારણ કે તીર્થંકરની આજ્ઞા આચાર્યની આજ્ઞા કરતાં બલવાન છે. તે સંબંધી અહીં રાજા મુખીનું દૃષ્ટાંત છે.

## રાજા અને મુખીનું દૃષ્ટાંત.

એક રાજા હતો. તે એક વખતે યાત્રાએ નીકળ્યો, સિપાઇને આજ્ઞા કરી કે–'અમુક ગામે મુકામ કરીશું. ત્યાં એક આવાસ (મકાન) કરાવો.' સિપાઇ ગયો અને તે ગામવાળાઓને કહ્યું કે– 'રાજા આવવાના છે માટે રાજા માટે એક આવાસ તૈયાર કરજો.' આ વાત સાંભળી મુખીએ પણ ગામ લોકોને કહ્યું કે–'મારા માટે પણ એક આવાસ બનાવજો.'

ગામ લોકોએ વિચાર કર્યો કે– 'રાજા તો એક દિવસ રહીને જતા રહેવાના, જ્યારે મુખી તો કાયમ અહીં રહેવાના છે, માટે રાજા માટે સામાન્ય મકાન

---

૧. અહીં એમ સમજાય છે કે–'આચાર્ય ભગવંતે જે કાર્ય માટે સાધુને મોકલ્યો છે, તે કામ એવું વિશિષ્ટતમ ન હોય તો આ રીતે ગ્લાનાદિની પરિચર્યા માટે રોકાય, પરંતુ જ્યાં આચાર્ય ભગવંતનું કામ પ્રવચન પ્રભાવના કે પ્રવચનની રક્ષા અંગેનું વિશિષ્ટ હોય તો સાધુએ વચ્ચે ન રોકાવું જોઇએ કેમકે– 'જો વચ્ચે વચ્ચે ગ્લાનાદિ કાર્ય અંગે રોકાતો રોકાતો જાય તો પ્રવચન વિરાધના થાય, ન રોકાય તો સંયમવિરાધના છે. આવા પ્રસંગે પ્રવચન વિરાધના ન થાય તેમ વર્તવું જોઈએ, એવી શાસ્ત્ર આજ્ઞા છે. સર્વત્ર તીર્થંકર ભગવાનની આજ્ઞા બલવત્તી છે. એટલે આચાર્યની આજ્ઞા એમાં સમાઈ જાય છે. માટે કાર્ય કરનારે કાર્યના બલાબલનો વિવેક કરી વર્તવું, એ તાત્પર્ય છે.

બનાવીએ અને મુખી માટે સુંદર મકાન બનાવીએ.' આવો વિચાર કરીને ગામ લોકોએ રાજા માટે ઘાસના માંડવા જેવું મકાન બનાવ્યું, જ્યારે મુખી માટે સુંદર મહેલ જેવું મકાન બનાવ્યું અને અંદર બહાર સુંદર–મનોહર ચિત્રકામ–રંગ વગેરે કરાવ્યો.

રાજા તે ગામમાં આવ્યો, ત્યારે તેમને સામાન્ય મકાનમાં ઉતારો આપ્યો. સુંદર મકાન રાજાના જોવામાં આવતાં પૂછ્યું કે– 'આ મકાન કોનું છે. ?' માણસોએ કહ્યું કે– 'મુખી માટે બનાવ્યું છે,'—

આ સાંભળતાં રાજા એકદમ ગુસ્સે થઈ ગયા અને મુખીને કાઢી મૂકી ગામ લોકોનો દંડ કર્યો.

અહીં મુખીની જગ્યાએ આચાર્ય છે, રાજાની જગ્યાએ શ્રી તીર્થંકર ભગવંત. ગામ લોકોની જગ્યાએ સાધુ. શ્રી તીર્થંકર ભગવંતની આજ્ઞાનો લોપ કરવાથી. આચાર્ય અને સાધુને સંસાર રૂપી દંડ થાય છે. અર્થાત્ સંસાર વધે છે.

બીજા ગામના લોકોએ વિચાર્યું કે– 'રાજા માટે સુંદરમાં સુંદર મહેલ જેવું બનાવીએ, કેમકે રાજાના ગયા પછી મુખીના કામમાં જ આવશે' આમ વિચાર કરી સુંદર મકાન રાજા માટે બનાવ્યું. મુખી માટે ઘાસનો માંડવો કર્યો. રાજા આવ્યો, તે મકાન જોઈ ખુશ ખુશ થઈ ગયો, અને ગામ લોકોનો કર માફ કર્યો અને મુખીનો દરજ્જો વધારી, બીજા ગામનો પણ સ્વામિ બનાવ્યો.

આ પ્રમાણે જે શ્રી તીર્થંકર ભગવંતની આજ્ઞા

પ્રમાણે વર્તે છે તે સંસાર સમુદ્ર તરી જાય છે. તીર્થંકરની આજ્ઞામાં આચાર્યની આજ્ઞા આવી જાય છે.

**૩. શ્રાવકદ્વાર—** ગ્લાનને માટે રસ્તામાં રોકાય, પણ ભિક્ષા માટે વિહારમાં વિલંબ ન કરવો. તેનાં દ્વારોઃ—

૧. ગોકુલ, ૨. ગામ, ૩. સંખડી, ૪. સંજ્ઞી, ૫. દાન, ૬. ભદ્રક, ૭. મહાનિનાદ. આ બધાના કારણે જવામાં વિલંબ થાય.

**૧. ગોકુલ—** રસ્તામાં જતાં ગોકુલ આવે ત્યાં દૂધ વગેરે વાપરીને તુરત ચાલવામાં આવે તો રસ્તામાં [1]ઠલ્લા વગેરે થાય, તથા કાંજી સાથે દૂધ વિરોધી છે. તેથી સંયમ વિરાધના થાય અને શંકા રોકે તો મરણ થાય. વળી ગોકુલમાં ગોચરી જવામાં આત્મવિરાધના અને પ્રવચન વિરાધના— નિંદા થાય. આગળ જવામાં વિલંબ પણ થાય. માટે ગોકુલમાં ભિક્ષા માટે ન જવું.

**૨. ગામ—** ગામ સમૃદ્ધ હોય તેમાં ભિક્ષાનો ટાઈમ થયો ન હોય, એટલે દૂધ વગેરે ગ્રહણ કરે તો ઠલ્લા આદિના દોષો થાય.

**૩. સુખડી—** (જમણ વગેરે) ટાઇમ ન હોય તો રાહ જુએ તેમાં સ્ત્રી આદિના સંઘટ્ટાદિ દોષો થાય, ટાઈમ થયે આહાર લાવે ઘણું વાપરે તો બિમારી આવે. ઠલ્લા

---

૧. પૂર્વકાલમાં દૂધ ચોકખું આવતું હોવાથી તે વાપરીને તુરંત ચાલવામાં ઠલ્લા જઈ જાય. વર્તમાનમાં દૂધ પાણીવાળું ભેળસેળ આવે છે, તેવું પણ એકલુ વાપરીને ચાલવા લાગે તો ઠલ્લા ઘણાને થઇ જાય છે.

વગેરે થાય તેમાં આત્મવિરાધના—સંયમવિરાધના થાય. વારંવાર ઠલ્લે જવું પડે તેમાં પાણી ખલાસ થઈ જાય. વિહારમાં વિલંબ થાય.

**૪. સંજ્ઞી—** સગો (શ્રાવક) આગ્રહ કરે, ગોચરીનો ટાઈમ ન થયો હોય તેથી દૂધ આદિ ગ્રહણ કરે તેમાં ઠલ્લા આદિના દોષો થાય.

**૫. દાન શ્રાવક—** (ઘણું વહોરાવનાર—ઉદાર) ઘી વગેરે ખૂબ વહોરાવી દે, જો વાપરે તો બિમારી, ઠલ્લા વગેરેના દોષો થાય. પરઠવે તો સંયમવિરાધના.

**૬. ભદ્રક—** કોઇ સ્વભાવથી સાધુ તરફ ભાવવાળો ભદ્રક હોય, તેની પાસે જવા માટે વિલંબ કરે, પછી તે લાડવા આદિ વહોરાવે, તે વાપરે તો બિમારી ઠલ્લા આદિ દોષો થાય. પરઠવે તો સંયમવિરાધના.

**૭. મહાનિનાદ—** (વસતિવાળાં પ્રસિદ્ધ ઘરો) ત્યાં જવા માટે ગોચરીનો ટાઇમ થયો ન હોય, એટલે રાહ જુએ. ટાઈમ થયે તેવા ઘરોમાં જાય, ત્યાંથી સ્નિગ્ધ આહાર મળે તે વાપરે, તેમાં ઉપર મુજબ દોષો થાય. એવી રીતે માર્ગમાં અનુકુળ ગોકુળ ગામ—જમણ—ઉત્સવ સગા વગેરે શ્રાવક ઘરોમાં ભિક્ષા માટે ફરવાથી થતો ગમન-વિઘાત વગેરે દોષ બતાવ્યો, ત્યાંથી સ્નિગ્ધ સારૂં સારૂં લાવી વધારે આહાર વાપર્યો હોય તેથી ઉંઘ આવે. ઉંઘી જાય તો સૂત્ર અને અર્થનો પાઠ ન થાય, તેથી સૂત્ર અને અર્થ, વિસ્મરણ થઇ જાય. ન ઉંઘે તો અજીરણ થાય, માંદગી આવે.

આ બધા દોષોથી બચવા માટે માર્ગમાં આવતાં ગોકુલ આદિમાંથી છાશ ભાત ગ્રહણ કરે. તો ઉપલા ગ્લાનત્વાદિ અને આજ્ઞાભંગાદિ દોષોનો ત્યાગ કર્યો ગણાય.

પોતે જે ગામ પાસે આવ્યો, તે ગામમાં ભિક્ષાવેલા થઇ ન હોય અને બીજું ગામ દૂર હોય અથવા નજીક રહેલું ગામ નવું વસેલું હોય, ખાલી થઇ ગયું હોય, સીપાઇઓ આવ્યા હોય, બળી ગયું હોય, કે- પ્રત્યનીકો હોય તો, આવાં કારણે ગામ બહાર રાહ પણ જુએ. ભિક્ષાવેળા થાય એટલે ઉપર કહેલ ગામ ગોકુલ-સંખડી શ્રાવક વગેરેને ત્યાં જઇ દૂધ વગેરે પણ લાવી વાપરીને આગળ વિહાર કરે. તપેલા લોઢા ઉપર જેમ પાણી વગેરેનો ક્ષય થઇ જાય છે તેમ સાધુ રૂક્ષ સ્વભાવના હોઈ તેમના કોઠામાં ધ્રુત-દુધ આદિ ક્ષીણ થઇ જાય છે. આ પ્રમાણે કારણે દોષો ગુણ રૂપ થાય છે.

હવે ગામમાં ગયા પછી ખબર પડે કે- 'હજુ ભિક્ષાવેળા થઈ નથી.' તો ત્યાં રાહ જુએ અને ઉદ્‌ગમાદિ દોષોની તપાસ કરે, ગૃહસ્થ ન કહે તો બાળકોને પૂછે. તપાસ કર્યા પછી ભિક્ષા ગ્રહણ કરે.

ગામમાં ગોચરી વાપરી શકાય એવું કોઇ સ્થાન ન હોય તો, ગામ બહાર જાય, ગૃહસ્થો હોય તો આગળ જાય અને દેવકુલાદિ-શૂન્યગૃહ આદિમાં જ્યાં ગૃહસ્થ આદિ ન હોય, ત્યાં જઇને ગોચરી વાપરે.

શૂન્યગૃહમાં પ્રવેશ કરતાં પહેલાં લાકડી ઠપકારે, ખાંસી વગેરે કરે, જેથી કદાચ કોઈ અંદર હોય, તો બહાર

નીકળી જાય, પછી અંદર જઇ ઇરિયાવહિ આદિ કરી, ગોચરી વાપરે.

ગોચરી વાપરતાં કદાચ અંદરથી કોઈ ગૃહસ્થ આવી જાય તો ગભરાયા સિવાય **'पिण्डो तुज्झ वि इमोत्ति स्वाहा, अयं यमाय पिण्ड अयं वरुणायपिंड अयं धनदाय पिण्ड अयं तुज्झ वि स्वाहा'** આ પ્રમાણે બોલવા માંડે પિશાચે ગ્રહણ કર્યો હોય તેવું મુખ કરે. આથી પેલો માણુસ ભય પામી ત્યાંથી નીકળી જાય.

કદાચ કોઈ માણુસ બહારથી, છીદ્રમાંથી કે બારીમાંથી કે ઉપરથી જોઈ જાય અને તે માણુસ બૂમ પાડીને બીજા માણસોને કહે કે– 'અહીં આવો, અહીં આવો, આ સાધુ પાત્રમાં ભોજન કરે છે.' આવું બને તો સાધુએ શું કરવું?

ગૃહસ્થો દૂર હોય તો થોડું વાપરે અને વધારે ત્યાં રહેલા ખાડા વગેરેમાં નાંખી દે–સંતાડી દે અથવા ધૂળથી ઢાંકી દે અને તે માણુસો આવતાં પહેલાં પાત્ર સ્વચ્છ કરી નાખે અને સ્વાધ્યાય કરવા લાગી જાય.

તે માણુસો પાસે આવીને પૂછે છે કે– તમે ભિક્ષા ક્યાં કરી, જો તે માણુસો ગામમાં ગોચરી ફરતા જોઈ ગયા હોય તો કહે કે–'શ્રાવક આદિના ઘેર વાપરીને અહીં આવ્યો છુ'' તે માણુસોએ ભિક્ષાએ ફરતા જોયા ન હોય તો, તેમને સામું પૂછે કે–'શું ભિક્ષા વેળા થઈ છે?' જો તેઓ પાત્ર જોવા માટે આગ્રહ કરે તો પાત્ર બતાવે. પાત્ર ચોકખાં જોતાં, પેલા આવેલા માણુસો કહેનારનો તિરસ્કાર કરે. આથી શાસનનો ઉડ્ડાહ થાય નહિ.

ગામની નજીકમાં સ્થાન ન મળે અને કદાચ દૂર જવું પડે, તો ત્યાં ગયા પછી ઇરિયાવહી કરી થોડીવાર સ્વાધ્યાય કરી શાંત થયા પછી ભિક્ષા વાપરે.

કોઈ ભદ્રક વૈદ્ય સાધુને ભિક્ષા લઇ જતાં જુએ અને તેને લાગે કે આ સાધુને ધાતુનું વૈષમ્ય થયેલું છે, જો આ આહાર તુરત વાપરશે તો અવશ્ય મરણ થશે. આથી વૈદ્યને વિચાર આવે કે– 'હું આ સાધુની પાછળ જાઉં, જો તુરત આહાર વાપરવા બેસે તો હું રોકું.' આથી વૈદ્ય સાધુની પાછળ જાય અને સાધુ જ્યાં બેસે ત્યાં તેમની નજીકમાં વૈદ્ય છુપાઇ રહે. પણ જ્યારે વૈદ્યના જોવામાં આવે કે– 'આ સાધુ એકદમ ખાવા લાગતા નથી પણ ક્રિયા કરે છે.

ક્રિયા કરવાના ટાઇમમાં શરીરની ધાતુ સમ–સરખી થઇ જાય છે. સમધાતુ થયા પછી વાપરવામાં કોઈ જાતનો દોષ લાગતો નથી.'

આવું બધું જોઈને વૈદ્યસાધુ પાસે આવીને પૂછે કે– 'શું તમે વૈદિકશાસ્ત્ર ભણ્યા છો? કે જેથી તમે આવીને તુરત ભિક્ષા ન વાપરી?'

સાધુ કહે કે– 'અમારા સર્વજ્ઞ ભગવાનનો આ ઉપદેશ છે, કે– 'સ્વાધ્યાય કર્યા પછી વાપરવું.' પછી સાધુ વૈદ્યને ધર્મોપદેશ આપે. આથી તે વૈદ્ય કદાચ દીક્ષા ગ્રહણ કરે અથવા તો શ્રાવક થાય. આમ વિધિ સાચવવામાં અનેક લાભો રહેલા છે.

ત્રણ ગાઉ (સાડા ચાર માઇલ) જવા છતાં ગોચરી વાપરવાનું સ્થાન ન મળે, તો અને નજીકના ગામમાં

આહાર મળે તેમ હોય તથા ટાઈમ પહોંચતો હોય, તો સાથે લાવેલો આહાર પરઠવી દે, પણ જો સામે પહોંચતાં અને આહાર લાવીને વાપરતાં સૂર્ય અસ્ત થઇ જાય એમ હોય તો ત્યાં જ (સાડા ચાર માઈલની) અંદર છેવટે ધર્માસ્તિકાયાદિની કલ્પના કરી યતના પૂર્વક આહાર વાપરી લે. (કેમકે આગળ લઈ જવામાં ક્ષેત્રાતિક્રમ નામનો દોષ લાગે છે. સંજ્ઞિદ્વાર પુરૂં થયું હવે સાધર્મિક–સાધુદ્વાર કહે છે.

**૪. સાધુ–** બે પ્રકારના. જોએલા અને નહિ જોએલા, તેમાં પાછા પરિચયથી ગુણ જાણેલા અને ગુણ નહિ જાણેલા. નહિ જોએલામાં સાંભળેલા ગુણવાળા અને નહિ સાંભળેલા ગુણવાળા.તેમાં પ્રશસ્ત ગુણવાળા અને અપ્રશસ્ત ગુણવાળા. તેમાં પણ સાંભોગિક અને અન્ય સાંભોગિક.

**શંકા–** સાધુ જોયેલા હોય તો પછી તે અજ્ઞાત ગુણવાળા કેમ હોઈ શકે ?

**સમાધાન–** સમવસરણ–મહોત્સવ આદિ સ્થાનમાં જોએલા હોય, પણ પરિચય નહિ થવાથી ગુણો જાણવામાં આવ્યા ન હોય, કેટલાક જોએલા ન હોય પણ ગુણો સાંભળેલા હોય.

જે સાધુ શુદ્ધ આચારવાળા હોય, તેમની સાથે નિવાસ કરવો.

અપ્રશસ્ત (અશુદ્ધ) સાધુની પરીક્ષા બે પ્રકારે. ૧. બાહ્ય. ૨. અભ્યંતર. બન્નેમાં પાછી દ્રવ્યથી અને ભાવથી

**૧. બાહ્ય–દ્રવ્યથી પરીક્ષા–** જંઘા આદિ સાધુ

આદિથી સાફ કરે. જોડા રાખે, રંગબેરંગી લાકડી રાખે, સાધ્વીની માફક માથે કપડુ ઓઢે, એક બીજા સાધુની સાથે હાથ મીલાવીને ચાલે, ડાફોળીયાં મારતા ચાલે, દિશા આદિના ઉપયોગ વગર સ્થંડિલ બેસે. (પવનની સામે, ગામની સામે, સૂર્યની સામે ન બેસે પણ પુંઠ દઈને બેસે.) ઘણા પાણીથી પ્રક્ષાલન કરે. વગેરે.

**૨. બાહ્ય–ભાવથી પરીક્ષા–** સ્ત્રી કથા, ભોજન કથા, દેશ કથા, ચોર કથા કરતા જતા હોય, રસ્તામાં ગાયન કરતા જાય, મૈથુન સંબંધી વાતો કરતા જાય, ફેરફુદડી કરતા જાય, મનુષ્ય તિર્યંચો આવતા હોય ત્યાં માત્રું સ્થંડીલ જાય, આંગળી કરીને કંઈ આચરણ–ચાળા કરતા હોય–બતાવતા હોય.

કદાચ બાહ્ય પ્રેક્ષણામાં અશુદ્ધ હોય તો પણ વસિતમાં જવું અને ગુરુની પરીક્ષા કરવી કેમકે કદાચ તે સાધુ ગુરુની મના હોવા છતાં તેવું આચરણ કરતા હોય. બાહ્ય પરીક્ષામાં શુદ્ધ હોય; છતાં અભ્યંતર પરીક્ષા કરવી. તે અભ્યંતર પરીક્ષા બે પ્રકારની છે.

**૩. અભ્યંતર દ્રવ્ય પરીક્ષા–** ભિક્ષા આદિ માટે બહાર ગયા હોય, ત્યાં કોઈ ગૃહસ્થ આદિ નિમિત્ત આદિ પૂછે તો તે ન કહેતો હોય, અશુદ્ધ આહારાદિનો નિષેધ કરતો હોય અને શુદ્ધ આહાર ગ્રહણ કરતો હોય, વેશ્યા–દાસી આદિના સ્થાન નજીક રહેતા ન હોય, તો તેવા સાધુ શુદ્ધ જાણવા.

ઉપાશ્રયની અંદર શેષકાલમાં પીઠફલક–પાટપાટલા

વાપરે છે કે કેમ? માત્રું આદિ ગૃહસ્થની સાથે કરે છે કે જુદું, શ્લેષ્મ–બળખા આદિ આંગણામાં નાખે છે કે રાખવાળી કુંડીમાં નાખે છે? આ બધું જુએ. જો શેષકાલમાં પીઠફલક આદિ વાપરતા ન હોય, માત્રું આદિ ગૃહસ્થથી જુદુ કરતા હોય, શ્લેષ્મ આદિ રાખવાળી કુંડીમાં નાખતા હોય તો તે શુદ્ધ જાણવા.

**૪. અભ્યંતરભાવ પરીક્ષા–** બીભત્સ–ખરાબ ગીત ગાતા હોય કે બીભત્સ કથા કરતા હોય, પાસા–કોડી આદિ રમતા હોય તો અશુદ્ધ જાણવા.

ગુણોથી યુક્ત સમનોજ્ઞ સાધુ સાથે રહેવું, તેવા ન હોય, તો અમનોજ્ઞ ગુણવાળા સાથે રહેવું.

ઉપાશ્રયમાં પ્રવેશ કરી ઉપકરણો એક બાજુએ મૂકી વંદનાદિ કરી સ્થાપના આદિ કુલો પૂછીને પછી ગોચરીએ જાય.

**૫. વસતિદ્વાર–** સંવિજ્ઞ સમનોજ્ઞ સાધુ સાથે વસતિ શોધવી, તેવી ન હોય તો, [1] નિત્યવાસી, અમનોજ્ઞ, પાર્શ્વસ્થ આદિ ત્યાં રહેલા હોય તો, તેમની સાથે નહિ વસતાં તેમને જણાવીને જુદા સ્થાનમાં એટલે

---

૧. નિત્યવાસી બે પ્રકારના હોય છે એક સાધ્વીસહિત અને બીજાસાધ્વીઓ રહિત, સાધ્વી સહિતમાં બે પ્રકારે એક કાલચારિણી (પાક્ષિક ખામણા અને સ્વાધ્યાય માટે આવતી) સાધ્વી સહિત અને બીજા અકાલચારિણી (ગમે ત્યારે આવનારીથી) સહિત. કાલચારિણી સાધ્વીસહિત નિત્યવાસીમાં ઉતરી શકે, તેવા ન હોય તો તેઓને કહીને બીજી વસતિમાં ઉતરે

સ્ત્રી રહિત શ્રાવકના ઘરમાં રહેવું. તેવું ન હોય તો, સ્ત્રી રહિત ભદ્રકના ઘરમાં રહેવું. તેવું ન હોય તો, સ્ત્રી સહિત ભદ્રકના ઘરમાં જુદા ઓરડા કે ડેલીમાં રહેવું, તેવું ન હોય તો, સ્ત્રી સહિત ભદ્રકના ઘરમાં વચ્ચે પડદો આદિ કરીને રહેવું. તેવું પણ ન હોય તો.

દર વગેરેથી રહિત, મજબૂત, તથા બારણાવાળા શૂન્ય ગૃહમાં રહેવું, અને પોતાની ખબર રાખવા નિત્યવાસીઓ વગેરેને જણાવવું.

શૂન્યગૃહ પણ ન હોય તો ઉપર્યુક્ત કાલચારિ નિત્યવાસી પાર્શ્વસ્થાદિ રહ્યા હોય ત્યાં તેમણે ન વાપરેલા પ્રદેશમાં ઉતરે, ઉપધિ વગેરે પોતાની પાસે રાખીને પ્રતિક્રમણઆદિ ક્રિયા કરીને કાયોત્સર્ગ આદિ કરે. જો જાગવાની શકિત ન હોય તો યતનાપૂર્વક સુવે, તેવું સ્થાન પણ ન હોય તો યથાછંદ આદિની વસતિનો પણ ઉપયોગ કરે. તેની વિશેષ વિધિ આ છે–તે ખોટી પ્રરુપણા કરતા હોય, તેનો વ્યાઘાત કરે, જો વ્યાઘાત કરવા સમર્થ ન હોય તો, ધ્યાન કરે, ધ્યાન ન કરી શકે તો ઊંચેથી ભણવા માંડે, ભણી ન શકે તો પોતાના કાનમાં આંગળીઓ નાખવી, આથી પેલાને લાગે કે 'આ સાંભળશે નહિ' એટલે એની ધર્મકથા બંધ કરે, નસકોરા વગેરેના મોટા અવાજ પૂર્વક ઉંઘવાનો ડોળ કરે, જેથી પેલો થાકી–કંટાળી જાય. એમ ન થાય તો, પોતાનાં ઉપકરણો પાસે રાખીને યતનાપૂર્વક સુવે.

**૬. સ્થાનસ્થિત**– (કારણે.) ૧. વિહાર કરતાં

વર્ષાકાલ (ચોમાસુ) આવી જાય, તો વચમાં રોકાવું પડે.

૨. જે રસ્તે જવાનું હોય તે ગામમાં અશિવ આદિનો ઉપદ્રવ હોય, દુકાળ હોય, નદીમાં પુર આવ્યું હોય તેની ખબર પડે તો વચમાં રોકાવું પડે.

બીજા રસ્તે ફરીને જવા સમર્થ હોય, તો તે રસ્તે ફરીને જાય. નહિતર જ્યાં સુધી ઉપદ્રવ આદિની શાંતિ ન થાય ત્યાં સુધી તે વચલા ગામમાં રોકાય.

૩. રસ્તામાં ખબર પડે કે જે કામ માટે જે આચાર્ય પાસે જવા નીકળ્યો છે 'તે આચાર્ય તે ગામમાંથી વિહાર કરી ગયા છે.' તો જ્યાં સુધી તે આચાર્ય કઇ તરફ કયા ગામમાં ગયા છે, તે ખબર ન પડે ત્યાં સુધી તે ગામમાં રોકાય અને ખબર પડે એટલે તે તરફ વિહાર કરે.

૪. તે આચાર્ય મહારાજ કાલધર્મ પામ્યાનું સાંભળવામાં આવે, તો જ્યાં સુધી ચોક્કસ સમાચાર ન મળે ત્યાં સુધી વચલા ગામમાં રોકાઇ જાય.

૫. પોતે જ બિમાર પડી જાય તો રોકાઈ જાય.

ગામમાં રોકાતાં પહેલાં ગામમાં વૈદ્યને અને ગામના સ્વામી (મુખી)ને વાત કરીને રોકાય. કેમકે વૈદ્યને વાત કરી હોય તો બિમારીમાં ઔષધ સારી રીતે કરે અને મુખીને વાત કરી હોય તો રક્ષણ કરે.

ગામમાં મુખ્ય માણસ હોય તેમના સ્થાનમાં રહે, અથવા યોગ્ય વસતિમાં રોકાય. ત્યાં રહેતાં દંડક આદિની પોતાના આચાર્ય તરીકેની સ્થાપના કરે, એટલે સ્થાપનાચાર્યની આગળ સઘળી ક્રિયાઓ કરે. આ રીતે કારણિક હોય

તે પ્રમાદ છોડીને વિચરે છે. હવે અકારણિક કહે છે.

**સ્થાનસ્થિત [1]અકારણો**– ૧. ગચ્છમાં સારણા, વારણા, ચોયણા, પડિચોયણા થતાં હોય, તેથી દુભાઈને એકલો થઈ જાય, તો તે પોતાના આત્માને નુકશાન કરે છે, જેમ સમુદ્રમાં નાનાં મોટાં અનેક માછલાં હોય છે તે એક બીજાને અથડાતાં હોય, તેથી કોઈ માછલું તે દુઃખથી પીડા પામી સુખી થવા માટે અગાધ જલમાંથી છીછરાજલમાં જાય તો તે માછલું કેટલું સુખી થાય? અર્થાત્ માછીની જાલ કે બગલાની ચાંચ વગેરેમાં સપડાઇ જઇ તે માછલું ઉલટું જલ્દી નાશ પામે છે તેમ સાધુ જો ગચ્છમાંથી કંટાળીને નીકળીજાયતો ઉલટો સાધુતાથી ભ્રષ્ટ થઇ જતાં તેને વાર લાગતી નથી, માટે ગચ્છમાં પ્રતિકૂળતાઓ પડવા છતાં પણ ગચ્છમાં જ રહેવું જોઇએ,

૨. જે સાધુ ચક્ર, સ્તૂપ પ્રતિમા, કલ્યાણકાદિ ભૂમિ, સંખડી (જમણવાર) આદિ માટે વિહાર કરે.

૩. પોતે જ્યાં રહ્યા હોય તે સ્થાન સારું ન હોય– પોતાને ગમતું ન હોય એટલે બીજે સારાં સ્થાન હોય ત્યાં વિહાર કરે.

૪. સારી સારી ઉપધિ–વસ્ત્ર–પાત્ર તથા ગોચરી સારી ન મળતી હોય તેથી બીજે વિહાર કરે.

આ નિષ્કારણ વિહાર કહેવાય છે, પણ જો ગીતાર્થ સાધુ સૂત્ર અર્થ ઉભયને કરતા સમ્યગ દર્શન આદિ સ્થિર કરવા માટે વિહાર કરે તો તે કારણિક વિહાર કહેવાય છે.

---

૧. પ્રાસંગિક કથન કરવામાં આવ્યું હોય તેમ સમજાય છે.

શાસ્ત્રકારોએ એક ગીતાર્થ અને બીજો ગીતાર્થ નિશ્રિત એટલે પોતે ગીતાર્થ ન હોય પણ ગીતાર્થની નિશ્રા હેઠળ રહ્યો, હોય એવા બે વિહારની અનુજ્ઞા-રજા આપી છે.

અગીતાર્થ એકલો વિચરે અથવા જેમાં બધાજ સાધુ અગીતાર્થ વિચરતા હોય તો તે સંયમ વિરાધના, આત્મવિરાધના, અને જ્ઞાનદર્શનચારિત્રની વિરાધના કરનારા થાય છે, તથા શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞાના લોપ કરનારા થાય છે અને તેથી સંસાર વધારે છે.

આ રીતે **વિહાર કરનારા**- ચાર પ્રકારના છે. તે- ૧. જયમાના. ૨. વિહરમાના. ૩. અવધાનમાના. ૪. આહિંડકા.

**૧. જયમાના**- ત્રણ પ્રકારે. ૧. જ્ઞાનમાં તત્પર. ૨. દર્શનમાં તત્પર, ૩. ચારિત્રમાં તત્પર.

**જ્ઞાનમાં તત્પર**- બીજા આચાર્ય આદિ પાસે અપૂર્વ-શ્રુત-જ્ઞાન હોય તે મેળવવા માટે વિહાર કરે તે.

**દર્શનમાં તત્પર**- જૈનશાસનની પ્રભાવના માટે વિહાર કરે તે.

**ચારિત્રમાં તત્પર**- વિહાર કરતા જતા હોય ત્યાં રસ્તામાં-વચમાં પૃથ્વીકાય આદિની ઘણી વિરાધના થાય એવી છે, તેથી તે વિરાધનાથી બચવા માટે પાછો ફરે તે.

**૨. વિહરમાના**- બે પ્રકારે. ૧. ગચ્છગતા, ૨. ગચ્છનિર્ગતા.

**૧. ગચ્છગત**– ગચ્છમાં રહેલા સાધુ.

**આચાર્ય**– આચાર્ય પદને ધારણ કરનારા, ગચ્છનાયક.

**સ્થવિર**– જ્ઞાન દર્શન ચારિત્રની આરાધનામાં કોઇને કંઇ તકલીફ હોય તો તે દૂર કરાવનારા, અથવા જ્ઞાનાદિમાં સ્થિર કરનારા.

**વૃષભ**– વૈયાવચ્ચ કરવામાં સમર્થ.

**ભિક્ષુ**– ગોચરી લાવનારા.

**ક્ષુલ્લક**– નાના બાળ સાધુ.

**૨. ગચ્છનિર્ગતા**– ગચ્છમાં નહિ રહેલા સાધુ.

**પ્રત્યેકબુદ્ધ**– જાતિસ્મરણ કે બીજા કોઈ નિમિત્તે બોધ પામીને સાધુ બનેલા (પ્રત્યેક બુદ્ધ સાધુ બીજા કોઇને દીક્ષા આપતા નથી, કેમકે જિનશાસનનો એ કાયદો છે કે જેઓએ ગુરુ કર્યાં ન હોય તે ગુરુ થઈ શકતા નથી.)

**જિનકલ્પસ્વીકારેલા**– શ્રી જિનકાળમાં પ્રથમ સંઘયણી સાડાનવ પૂર્વથી અધિક અને દશપૂર્વથી ન્યૂન જ્ઞાનવાળા સાધુઓ જિનકલ્પ સ્વીકારી શકે છે, જિનકલ્પિનો આચાર પણ જુદો હોય છે.

**પ્રતિમાધારી**– સાધુની બાર પ્રતિમાઓને વહન કરનારા. ૯ મા પૃષ્ઠ ઉપર પ્રતિમાનું સ્વરૂપ જણાવેલું છે.

**૩. અવધાવમાન**– બે પ્રકારે. ૧. લિંગથી ૨. વિહારથી.

૧. સાધુવેષ રાખવા પૂર્વક ગૃહસ્થ થયેલા. એટલે ગૃહસ્થની માફક વર્તનારા, પણ સાધુવેષ રાખેલો છે તેવા.

**૨. વિહાર**– પાર્શ્વસ્થ–કુશીલ આદિ થઇ ગએલા.

૪. **આહિંડકા**– બે પ્રકારે ૧. ઉપદેશ આહિંડકા, ૨. અનુપદેશ આહિંડકા.

**(૧) ઉપદેશ આહિંડકા**– આજ્ઞા મુજબ વિહાર કરનારા. સૂત્ર અને અર્થ ગ્રહણ કર્યા બાદ દેશ–ગ્રામ આદિનો અનુભવ લેવા માટે બાર વર્ષ વિચરે.

**(૨) અનુપદેશ આહિંડકા**– કારણ વિના વિચરનારા. સ્તૂપ આદિ જોવા માટે વિહાર કરનારા.

## માસકલ્પ કે ચોમાસું પૂર્ણ થયે આચાર્ય આદિ બીજા ક્ષેત્રમાં કેવી રીતે જાય?

માસકલ્પ કે ચોમાસું પૂર્ણ થયે, બીજા ક્ષેત્રમાં જવાનું હોય ત્યારે ક્ષેત્ર પ્રત્યુપ્રેક્ષકો આવી ગયા પછી આચાર્ય બધા સાધુઓને ભેગા કરે અને પૂછી જૂએ કે 'કોને કયું ક્ષેત્ર ઠીક લાગ્યું?' બધાનો મત લઈને સૂત્ર અર્થની હાનિ ન થાય તે રીતે વિહાર કરે.

ચારે દિશા શુદ્ધ હોય (અનુકૂળ હોય) તો ચારે દિશામાં, ત્રણ દિશા શુદ્ધ હોય તો ત્રણ દિશામાં, બે દિશા શુદ્ધ હોય તો બે દિશામાં, સાત સાત, પાંચ પાંચ કે ત્રણ ત્રણ સાધુઓને વિહાર કરાવે.

જે ક્ષેત્રમાં જવાનું હોય તે ક્ષેત્ર કેવું છે તે પહેલેથી જાણી લેવું જોઈએ. જાણ્યા પછી વિહાર કરવો. જો તપાસ કર્યા સિવાય તે ક્ષેત્રમાં જાય તો કદાચ.

૧. ઉતરવા માટે વસતિ ન મળે.

૨. ભિક્ષા દુર્લભ હોય.

૩. બાલ, ગ્લાન આદિને યોગ્ય ભિક્ષા ન મળે.

૪. માંસ રૂધિર આદિથી અસજ્ઝાય રહેતી હોય. તેથી સ્વાધ્યાય થઈ શકે નહિ. માટે પ્રથમથી તપાસ કર્યા પછી યતના પૂર્વક વિહાર કરવો.

ક્ષેત્રની તપાસ કરવા માટે બધાની સલાહ લેવી અને ગણને પૂછીને જેને મોકલવાનો હોય તેને મોકલવો. ખાસ અભિગ્રહવાળા સાધુ હોય તો તેમને મોકલે. તે ન હોય તો બીજા સમર્થ હોય તેને મોકલે. પણ બાલ, વૃદ્ધ, અગીતાર્થ, યોગી, વૈશાવચ્ચ કરનાર, તપસ્વી આદિને ન મોકલે, કેમકે તેમને મોકલવામાં દોષો રહેલા છે.

**બાલ સાધુને**– મોકલે તો મ્લેચ્છ આદિ સાધુને ઉપાડી જાય. અથવા તો રમતનો સ્વભાવ હોવાથી રસ્તામાં રમવા લાગી જાય. કર્ત્તવ્ય અકર્ત્તવ્ય સમજી શકે નહિ. તથા જે ક્ષેત્રમાં જાય, ત્યાં બાલસાધુ હોવાથી લોકો અનુકંપાથી વધુ આપે. આથી સાધુ આવીને આચાર્યને કહે કે 'ત્યાં બધું મળે છે.' આથી આચાર્ય બધા સાધુને લઈને તે ક્ષેત્રમાં જાય ત્યારે કાંઇ ન મળે. માટે બાલસાધુને ન મોકલે.

**વૃદ્ધસાધુને**– મોકલે તો વૃદ્ધાવસ્થાને લીધે શરીર કંપતુ હોય તેથી લાંબા કાળે યોગ્ય સ્થાને પહોંચે. વળી ઇન્દ્રિયો શિથિલ થઇ ગઈ હોય એટલે રસ્તો બરાબર જોઈ ન શકે, સ્થંડિલભૂમિ પણ બરાબર તપાસી ન શકે. વૃદ્ધ હોય એટલે લોકો અનુકંપાથી વધુ આપે. માટે વૃદ્ધ સાધુને ન મોકલે.

**અગીતાર્થને**– મોકલે તો તે માસ કલ્પ, વર્ષાકલ્પ,

આદિ વિધિ જાણતો ન હોય, વસતિની પરીક્ષા કરી ન શકે. શય્યાતર પૂછે કે 'તમે કયારે આવશો? અગીતાર્થ હોવાથી કહે કે 'અમુક દિવસમાં આવીશું' આ પ્રમાણે અવિધિથી બોલવાનો દોષ લાગે. માટે અગીતાર્થ સાધુને ન મોકલે.

**યોગીને**– મોકલે તો તે જલ્દી જલ્દી કામ પુરું કરવાની ઈચ્છાવાળો હોય, એટલે જલ્દી જલ્દી જાય, તેથી માર્ગની બરાબર પ્રત્યુપેક્ષા થઈ શકે નહિ, વળી પાઠ–સ્વાધ્યાયનો અર્થી હોય, તેથી ભિક્ષા માટે બહુ ફરે નહિ દૂધ દહીં આદિ મળતું હોય તો પણ ગ્રહણ કરે નહિ. માટે યોગી–સૂત્રોદેશ આદિનાયોગ કરતા સાધુને ન મોકલે.

**વૃષભને**– મોકલે તો તે વૃષભ સાધુ રોષથી સ્થાપના કુલો કહે નહિ, અથવા કહે ખરો પણ બીજા સાધુને ત્યાં જવા ન દે, અથવા સ્થાપના કુલો તેના જ પરિચિત હોય, તેથી બીજા સાધુને પ્રાયોગ્ય આહારાદિ ન મળે, તેથી ગ્લાનાદિ સાધુ સીદાય. માટે વૃષભ સાધુને ન મોકલે.

**તપસ્વીને**– મોકલે તો તપસ્વી દુઃખી થાય, અથવા તો તપસી જાણીને લોકો આહારાદિ વધુ આપે, અથવા ત્રણે વાર ભિક્ષા જવા અસમર્થ હોય. માટે તપસ્વી સાધુને ન મોકલે.

બીજા કોઈ સમર્થ સાધુ જાય એમ ન હોય તો અપવાદે ઉપર કહેલામાંથી સાધુને યતના પૂર્વક મોકલે.

બાલસાધુને મોકલે તો તેની સાથે ગણાવચ્છેદકને મોકલે, તે ન હોય તો બીજો ગીતાર્થ સાધુ મોકલે, તે ન હોય તો બીજા અગીતાર્થ સાધુને સામાચારી કહીને મોકલે.

યોગીને મોકલે તો અનાગાઢ યોગી હોય તો યોગમાંથી કાઢીને મોકલે. તે ન હોય તો તપસ્વીને પારણું કરાવીને મોકલે. તે ન હોય તો વૈયાવચ્ચ કરનારને મોકલે. તે ન હોય તો વૃદ્ધ અને તરૂણ અથવા બાલ અને તરૂણને મોકલે. માર્ગે જતાં ચાર પ્રકારની પ્રત્યુપ્રેક્ષણા કરતા જાય.

૧. રસ્તામાં ઠલ્લા માત્રાની ભૂમિ જોતો જાય.

૨. પાણીનાં સ્થાન જોતો જાય. રસ્તામાં બાલસાધુ આદિને જરૂર પડે તો પ્રાસુક પાણી લાવીને આપી શકાય.

૩. ભિક્ષાનાં સ્થાન જોતો જાય.

૪. વસતિ–રહેવા માટેનાં સ્થાન જોતો જાય.

૫. ભયવાળાં સ્થાન હોય તે પણ જોતો જાય.

દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ એમ ચાર પ્રકારે પ્રત્યુપેક્ષણા કરે.

**દ્રવ્યથી પ્રત્યુપેક્ષણા**– રસ્તામાં કાંટા, ચોર, શિકારી પશુ, પ્રત્યનીક કૂતરા આદિ.

**ક્ષેત્રથી પ્રત્યુપેક્ષણા**– ઉંચી, નીચી, ખાડા-ટેકરા, પાણીવાળાં સ્થાન આદિ.

**કાલથી પ્રત્યુપેક્ષણા**– જવામાં જ્યાં રાત્રે આપત્તિ હોય કે દિવસે આપત્તિ હોય તે જાણી લે. અથવા દિવસે રસ્તો સારો છે કે ખરાબ, રાત્રે રસ્તો સારો છે કે ખરાબ તેની તપાસ કરે.

**ભાવપ્રત્યુપેક્ષણા**– તે ક્ષેત્રમાં નિહ્નવ, ચરક, પરિવ્રાજક વગેરે વારંવાર આવતા હોય તેથી લોકોની

દાનની રૂચિ રહી ન હોય, તે તપાસે.

## સાધુ ક્ષેત્ર જોવા કઈ રીતે જાય?

જ્યાં સુધી ઇચ્છિત સ્થાને ન પહોંચે ત્યાં સુધી સૂત્ર પોરિસી, અર્થ પોરિસી ન કરે. તે ક્ષેત્રની નજીક આવી જાય ત્યારે નજીકના ગામમાં કે ગામ બહાર ગોચરી વાપરીને, સાંજના વખતે (છેલ્લા પહોરમાં) ગામમાં પ્રવેશ કરે અને વસતિ શોધે, વસતિ મળી જાય એટલે કાલગ્રહણ લઇ બીજે દિવસે કંઇક ન્યૂન પોરિસી સુધી સ્વાધ્યાય કરે. પછી સંઘાટક થઈ ગોચરીએ જાય.

ક્ષેત્ર (ગામ)ના ત્રણ ભાગ કરે. એક ભાગમાં સવારે ગોચરી જાય, બીજા ભાગમાં બપોરે (મધ્યાહ્ને) ગોચરી જાય અને ત્રીજા ભાગમાં સાંજે ગોચરી જાય. બધેથી થોડું થોડું ગ્રહણ કરે, તથા દૂધ, દહીં, ઘી વગેરે માગે કેમકે માગવાથી લોકો દાનશીલ છે કે કેવા છે તેની ખબર પડી જાય. ત્રણે વખત ગોચરી જઇને પરીક્ષા કરે.

આ રીતે નજીકમાં રહેલા આજુબાજુના ગામમાં પણ પરીક્ષા કરે. બધી વસ્તુ સારી રીતે મળતી હોય તો તે ક્ષેત્ર ઉત્તમ કહેવાય. કોઈ સાધુ કદાચ કાલ કરે તો તેને પરઠવી શકાય તે માટે મહાસ્થંડિલભૂમિ પણ જોઈ રાખે.

વસતિ કયા સ્થાને કરવી અને કયા સ્થાને ન કરવી તે માટે જે વસતિ હોય તેમાં ડાબા પડખે પૂર્વાભિમુખ વૃષભ બેઠેલો હોય તેવી કલ્પના કરવી. તેના દરેક અંગના લાભાલાભ નીચે મુજબ છે.

શીંગડાના સ્થાને વસતિ કરે તો કલહ થાય.
પગના સ્થાને વસતિ કરે તો પેટના રોગ થાય.
ગુદાના સ્થાને વસતિ કરે તો ,,
પુછડાના સ્થાને વસતિ કરે તો નીકળી જવું પડે.
મુખના સ્થાને વસતિ કરે તો ગોચરી સારી મળે.
શીંગડાના મધ્યમાં વસતિ કરે તો પૂજા સત્કાર થાય.
ખાંધના સ્થાને વસતિ કરે તો ,,

સ્કંધ અને પીઠના સ્થાને વસતિ કરે તો ભાર થાય (ઘણા સાધુ આવવાથી વસતિમાં સંકડામણ થાય.)

પેટના સ્થાને વસતિ કરે તો નિત્ય તૃપ્ત રહે.

## શય્યાતર સાથે વાર્તાલાપ.

શય્યાતર પાસેથી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી પ્રાયોગ્યની અનુજ્ઞા મેળવે.

**દ્રવ્યથી–** ઘાસ, ડગલ, રાખ આદિની અનુજ્ઞા.

**ક્ષેત્રથી–** ક્ષેત્રની મર્યાદા આદિ (સુખપૂર્વક સ્વાધ્યાય, પાત્ર પ્રક્ષાલન આદિ માટે)

**કાલથી–** રાત્રે કે દિવસે ઠલ્લા માત્રુ પરઠવવા માટેની અનુજ્ઞા.

**ભાવથી–** ગ્લાન આદિ માટે પવન રહિત આદિ પ્રદેશની અનુજ્ઞા.

શય્યાતર કહે કે હું તો તમોને આટલું સ્થાન આપું છું, વધારે નહિ. ત્યારે સાધુએ કહેવું કે જે ભોજન આપે તે પાણી વગેરે પણ આપે, એવી રીતે અમોને વસતિ–સ્થાન આપતા તમોએ સ્થંડિલ–માત્રાદિ ભૂમિ

વગેરે પણ આપીજ છે.

શય્યાતર પૂછે કે 'તમે કેટલો ટાઈમ અહીં રહેશો?'

સાધુએ કહેવું જોઇએ કે 'જ્યાં સુધી અનુકૂળ હશે ત્યાં સુધી રહીશું.'

શય્યાતર પૂછે કે 'તમે કેટલા સાધુ અહીં રહેશો?'

સાધુ કહે કે 'સાગરની ઉપમાએ.' સમુદ્રમાં કોઇ વખતે ઘણું પાણી હોય, કોઇ વખતે મર્યાદિત પાણી હોય છે, તેમ ગચ્છમાં કોઈ વખતે વધારે સાધુ હોય, કોઇ વખતે પરિમિત સાધુ હોય.

શય્યાતર પૂછે કે 'તમે કયારે આવશો?'

સાધુ કહે કે 'અમારા બીજા સાધુ બીજે સ્થાને ક્ષેત્ર જોવા ગયેલા છે, તેથી વિચાર કરીને જો આ ક્ષેત્ર ઠીક લાગશે તો આવીશું,

જો શય્યાતર એમ કહે કે 'તમારે આટલાજ ક્ષેત્રમાં અને આટલી સંખ્યામાં રહેવું'. તો તે ક્ષેત્રમાં સાધુને માસ કલ્પ આદિ કરવો કલ્પે નહિ. જો બીજે વસતિ ન મળે તો ત્યાં નિવાસ કરે.

જે વસતિમાં પોતે રહેલા હોય તે વસતિ જો પરિમિત હોય અને ત્યાં બીજા સાધુઓ આવે તો તેમને વંદનાદિ કરવાં, ઉભા થવું, પાદપ્રક્ષાલન કરવું, ભિક્ષા લાવી આપવી, ઇત્યાદિ વિધિ સાચવવી, પછી તે સાધુને કહેવું કે 'અમોને આ વસતિ પરિમિત મળી છે, એટલે બીજા વધુ રહી શકે એમ નથી, માટે બીજી વસતિની તપાસ કરવી જોઇએ.'

## ક્ષેત્રની તપાસ કર્યા પછી આચાર્ય પાસે આવીને શું કરવું જોઇએ ?

ક્ષેત્રની તપાસ કરી પાછા આવતાં બીજા રસ્તે થઇને આવવું, કેમકે કદાચ જે ક્ષેત્ર જોયું હતું, તેના કરતાં બીજું સારૂં ક્ષેત્ર હોય તો ખબર પડે.

પાછા વળતાં પણ સૂત્રપોરિસી અર્થપોરિસી કરે નહિ. કેમકે જેટલા મોડા આવે તેટલો ટાઇમ આચાર્યને રોકાવું પડે. માસકલ્પથી જેટલું વધારે રોકાણુ થાય તેટલો નિત્યવાસ ગણાય.

આચાર્ય ભગવંત પાસે આવી, ઇરિયાવહિ કરી, અતિચાર આદિની આલોચના કરીને આચાર્યને ક્ષેત્રના ગુણો વગેરે કહે.

આચાર્ય રાત્રે બધા સાધુઓને ભેગા કરી ક્ષેત્રની વાત કરે. બધાનો અભિપ્રાય લઇ પોતાને યોગ્ય લાગે તે ક્ષેત્ર તરફ વિહાર કરે. આચાર્યનો મત પ્રમાણ ગણાય.

તે ક્ષેત્રમાંથી વિહાર કરતાં વિધિપૂર્વક શય્યાતરને જણાવે. અવિધિથી કહેવામાં અનેક દોષો રહેલા છે.

શય્યાતરને કહ્યા સિવાય વિહાર કરે તો, શય્યાતરને થાય કે 'આ ભિક્ષુઓ લોકધર્મને જાણતા નથી. જે પ્રત્યક્ષ એવા લોકધર્મને જાણતા નથી તે અદૃષ્ટને કેવી રીતે જાણતા હોય ?' આથી કદાચ જૈનધર્મને મૂકી દે.

બીજી વાર કોઈ સાધુને વસતિ આપે નહિ.

કોઈ શ્રાવક આદિ આચાર્યને મળવા આવ્યા હોય અથવા દીક્ષા લેવા માટે આવ્યા હોય, તે શય્યાતરને

પૂછે કે 'આચાર્ય ક્યાં છે.?' રોષાયમાન થયેલો શય્યાતર કહે કે 'અમને શી ખબર? કહીને ગયા હોય તો ખબર પડેને! આ તો કહ્યા વિના જતા રહ્યા છે.' ઇત્યાદિ.

આવો જવાબ સાંભળી શ્રાવક આદિને થાય કે 'લોકવ્યવહારનું પણ જ્ઞાન નથી તો પછી પરલોકનું શું જ્ઞાન હશે?' આથી દર્શનનો ત્યાગ કરે, ઇત્યાદિ દોષો ન થાય તે માટે વિધિપૂર્વક શય્યાતરને પૂછીને વિહાર કરે.

નજીકના ગામમાં જવાનું હોય તો સૂત્ર પોરિસી, અર્થ પોરિસી કરીને વિહાર કરે. બહુ દૂર જવાનું હોય તો પાત્ર પડિલેહણા કર્યા સિવાય વહેલા નીકળે.

બાલ, વૃદ્ધ આદિ પોતાથી ઉપડે તેટલી ઉપધિ ઉપાડે, બાકીની ઉપધિ તરૂણ આદિ સમર્થ હોય તે ઉપાડે.

કોઇ ખગ્ગુડ જેવા વહેલા ન નીકળે તો તેમને ભેગા થવા માટે જતાં સંકેત કરતાં જાય, વહેલા જતી વખતે અવાજ ન કરે, અવાજ કરે તો લોકો ઉંઘતા હોય તે જાગી જાય તેથી અધિકરણ આદિ દોષો લાગે બધા સાથે નીકળે, જેથી કોઈ સાધુને રસ્તો પૂછવા માટે અવાજ વગેરે કરવો ન પડે.

સારી તિથિ, મુહૂર્ત જોઈને સારા શકુન જોઈને વિહાર કરે.

**અપશકુનો—** મલીન શરીરવાળો, ફાટેલા તૂટેલા કપડાવાળો, શરીરે તેલ ચોળેલો, કુબડો, વામન, કૂતરો, આઠ નવ મહિનાના ગર્ભવાળી સ્ત્રી, મોટી ઉંમરની કન્યા, લાકડાનો ભારો, બાવો, સંન્યાસી, લાંબી દાઢી મૂછોવાળો,

લુહાર, પાંડુરોગવાળો, બૌદ્ધભિક્ષુ, દિગમ્બર ઈત્યાદિ.

**સારાશકુનો–** નંદી, વાજીંત્ર, પાણીથી ભરેલો ઘડો, શંખ, પડહનો શબ્દ, ઝારી, છત્ર, ચામર, ધ્વજા, પતાકા, શ્રમણ, (લિંગમાત્રધારી) સાધુ, જીતેન્દ્રિય, પુષ્પ ઈત્યાદિ.

## હવે સંકેત વગેરે દ્વારો કહે છે.

1. **સંકેત.**
2. **વસતિગ્રહણ.**
3. **સંજ્ઞી.**
4. **સાધર્મિક.**
5. **વસતિ.**
6. **સ્થાનસ્થિત.**

**૧. સંકેત**–પ્રદોષ, (સંધ્યા) વખતે આચાર્ય બધા સાધુઓને ભેગા કરી કહે, 'કે અમુક ટાઈમે નીકળશું. અમુક અમુક સ્થાને વિશ્રામ કરીશું, અમુક સ્થાને રોકાઈશું, અમુક ગામે ભિક્ષાએ જઈશું.' વગેરે કોઇ ખગ્ગુડપ્રાયઃ સાથે આવવા તૈયાર ન થાય તો તેને માટે પણ અમુક સ્થાને ભેગા થવાનો સંકેત આપે. તે એકલો જો સુઇ જાય કે ગોકુલ વગેરેમાં ફરતો આવે તો પ્રમાદ દોષથી તેની ઉપધિ હણાય.

ક્ષેત્ર પ્રત્યુપેક્ષકો કેટલાક ગચ્છની આગળ, કેટલાક મધ્યમાં અને કેટલાક પાછળ ચાલે. રસ્તામાં સ્થંડિલ, માત્રા આદિની જગ્યા બતાવે. કેમકે કોઇને અતિ શંકા થઇ હોય તો ટાળી શકે.

રસ્તામાં ગામ આવે ત્યાં ભિક્ષા મળી શકે એવી હોય અને જે ગામમાં રોકાવાનું છે, તે ગામ નાનું હોય, તો તરૂણ સાધુને ગામમાં ભિક્ષા લેવા મોકલે અને તેમની ઉપધિ આદિ બીજા સાધુ લઈ લે.

કોઇ સાધુ અસહિષ્ણુ હોય તો ગોચરી માટે ત્યાં મૂકતાં જાય અને સાથે માર્ગને જાણનાર સાધુ મૂકે. જેથી જે ગામ જવાનું છે ત્યાં સુખપૂર્વક આવી શકે.

જે ગામમાં મુકામ કરવાનો છે, તે ગામમાં કોઇ કારણસર ફેરફાર થઈ ગયો હોય, અર્થાત્ તે ગામમાં રહી શકાય એમ ન હોય, તો પાછળ રહેલા સાધુ ભેગા થઇ શકે તે માટે ત્યાં બે સાધુને રોકતા જાય. બે સાધુ ન હોય તો એક સાધુને રોકે, અથવા ત્યાં કોઇ લુહાર આદિ માણસને કહે કે 'અમે અમુક ગામ જઇએ છીએ. પાછળ અમારા સાધુ આવે છે, તેમને કહેવું કે તમારા સાધુ આ રસ્તે અમુક ગામ ગયા છે.'

તે ગામ જો શૂન્ય હોય તો જે રસ્તે જવાનું હોય તે રસ્તા ઉપર લાંબી રેખા કરવી. જેથી પાછળ આવતા સાધુઓને માર્ગની ખબર પડે.

ગામમાં પ્રવેશ કરે તેમાં જો વસતિનો વ્યાઘાત થયો હોય, તો બીજી વસતિની તપાસ કરીને ઉતરે.

રસ્તામાં ભિક્ષા માટે રોકેલા સાધુ ભિક્ષા લઇને આવે, ત્યાં ખબર પડે કે 'ગચ્છ તો આગળના ગામે ગયેલા છે.' તો જો તે ગામ બે ગાઉથી વધારે હોય, તો એક સાધુને ગચ્છ પાસે મોકલે, તે સાધુ ગચ્છમાં ખબર આપે કે 'ભિક્ષા લાવીને વચમાં રોકાયા છીએ.' આ સાંભળી ગચ્છમાં રહેલા સાધુઓમાં ભૂખ્યા હોય તે સાધુઓ (ભિક્ષા લઇને રોકાયા છે ત્યાં) પાછા આવે. પછી ગોચરી વાપરીને તે ગામમાં જાય.

ગામમાં રહેલા સાધુઓએ જો ગોચરી વાપરી લીધી હોય, તો કહેવરાવે કે 'અમે વાપર્યું છે, તમે ત્યાં ગોચરી વાપરીને આવજો.'

**૨. વસતિ ગ્રહણ**– ગામમાં પ્રવેશ કરી ઉપાશ્રય પાસે આવે, પછી વૃષભ સાધુ વસતિમાં પ્રવેશ કરી કાજો લે, ત્યાં સુધી બીજા સાધુ ઉપાશ્રયની બહાર ઉભા રહે. કાજો લેવાઇ જાય એટલે બધા સાધુઓ વસતિમાં પ્રવેશ કરે.

જો તે વખતે ગોચરી વેળા થઇ હોય, તો એક સંઘાટક કાજો લે અને બીજા ગોચરી માટે જાય. પૂર્વે નક્કી કરેલી વસતિનો કોઇ કારણસર વ્યાઘાત થયો હોય, તો બીજી વસતિની તપાસ કરી, બધા સાધુઓ તે વસતિમાં જાય.

**શંકા**– ગામ બહાર ગોચરી વાપરીને પછી વસતિમાં પ્રવેશ કરવો. કેમકે ભૂખ્યા અને તરસ્યા હોવાથી ઇર્યાપથિકી શોધી ન શકાય, તેથી સંયમ વિરાધના થાય. ઉપધિના ભારથી પગમાં કાંટા વગેરે વાગ્યા હોય, તે જોઇ ન શકાય, તેથી આત્મ વિરાધના થાય, માટે બહાર વિકાલે આહાર કરીને પ્રવેશ કરવો.

**સમાધાન**– બહાર વાપરવામાં આત્મવિરાધના, સંયમવિરાધનાના દોષો છે. કેમકે જો બહાર ગોચરી કરે તો ત્યાં ગૃહસ્થો હોય. તેમને દૂર જવાનું કહે અને તે દૂર જાય તેમાં સંયમવિરાધના થાય. એમાં કદાચ તે ગૃહસ્થો ત્યાંથી ખસે નહિ અને ઉલટા સામા કહે કે 'તમે આ જગ્યાના માલિક નથી.' કદાચ પરસ્પર કલહ થાય.

સાધુઓ મંડલીબદ્ધ વાપરતા હોય, એટલે ગૃહસ્થો કૌતુકથી ત્યાં આવે, તેથી સંક્ષોભ થાય. આહાર ગળે ન ઉતરે. કલહ થાય. આથી ગૃહસ્થ કોપાયમાન થાય અને ફરીથી વસતિ ન આપે.

બીજા ગામમાં જઈને વાપરે તો ઉપધિ અને ભિક્ષાના ભારથી, તથા ક્ષુધાને લીધે, ઈર્યાપથિકી જોઈ ન શકે. તેથી પગમાં કાંટા વાગે એટલે આત્મવિરાધના. આહારાદિ નીચે પડી જાય કે વેરાય તેમાં છકાયની વિરાધના થાય. એટલે સંયમવિરાધના.

વિકાલે પ્રવેશ કરે તો વસતિ જોયા વિનાની હોય તો દોષ થાય. ગામમાં પ્રવેશ કરતાં કૂતરા વગેરે કરડી જાય

ચોર હોય તો માર મારે અથવા ઉપધિ ઉપાડી જાય.

ચોકીદાર કદાચ પકડે કે મારે.

બળદ આખલા વગેરે કદાચ શીંગડું મારે.

ભૂલા પડી જવાય.

વેશ્યા આદિ નિંદ્યના ઘરો હોય તેની ખબર ન પડે.

વસતિમાં કાંટા વગેરે પડયા હોય તો વાગી જાય.

સર્પ આદિનાં દર હોય તો કદાચ સર્પ આદિ દંશ દે. આથી આત્મવિરાધના થાય.

નહિ જોયેલી–પ્રમાર્જન નહિ કરેલી વસતિમાં સંથારો કરવાથી કીડી વગેરે જીવજંતુની વિરાધના થાય, તેથી સંયમવિરાધના થાય.

નહિ જોયેલી વસતિમાં કાલગ્રહણ લીધા સિવાય સ્વાધ્યાય કરે તો દોષ થાય અને જો સ્વાધ્યાય ન કરે તો

સૂત્ર અર્થની હાની થાય.

સ્થંડિલ માત્રું નહિ જોયેલી જગ્યાએ પરઠવતાં સંયમવિરાધના તથા આત્મવિરાધના થાય, જો સ્થંડિલ વગેરે રોકે તોઃ– સ્થંડિલ રોકવાથી મરણ થાય, માત્રુ રોકવાથી ચક્ષુનું તેજ ઘટે, ઓડકાર રોકવાથી કોઢ રોગ થાય.

ઉપર મુજબના દોષો ન થાય તે માટે બને ત્યાં સુધી સવારમાં જાય. ઉપાશ્રય ન મળે તો શૂન્યગૃહ, દેવકુલિકા અથવા ઉદ્યાનમાં રહે. શૂન્યગૃહ આદિમાં ગૃહસ્થો આવતા હોય તો વચમાં પડદો કરીને રહે.

કોષ્ઠક (ગાયો ભેંસો વગેરે રાખવાનો વાડો અથવા ગોશાળા) સભા, આદિ મળી હોય તો ત્યાં કાલભૂમિ જોઈને ત્યાં કાલ ગ્રહણ કરે, તથા ઠલ્લા માત્રાની જગ્યા જોઈ આવે.

અપવાદે વિકાલે પ્રવેશ કરે.

કદાચ આવતાં રાત્રિ પડી જાય તો રાત્રે પણ પ્રવેશ કરે. રસ્તામાં પહેરેગીર આદિ મળે તો કહે કે 'અમે સાધુઓ છીએ, ચોર નથી.'

વસતિમાં પ્રવેશ કરતાં જો તે શૂન્યગૃહ હોય તો વૃષભ સાધુ દાંડાથી ઉપર નીચે ઠપકારે, કદાચ અંદર સર્પ આદિ હોય તો જતા રહે, અથવા બીજું કોઈ અંદર હોય તો ખબર પડે. ત્યારબાદ ગચ્છ પ્રવેશ કરે.

આચાર્ય માટે ત્રણ સંથારા ભૂમિ રાખે. એક પવનવાળી, બીજી પવન વિનાની અને ત્રીજી સંથારા માટે.

વસતિ મોટી હોય તો બીજા સાધુઓ માટે છૂટાછૂટા સંથારા કરવા, જેથી ગૃહસ્થને માટે જગ્યા ન રહે. વસતિ નાની હોય તો લઈનસર સંથારા કરી વચમાં પાત્રા આદિ મૂકે.

સ્થવિર સાધુ બીજા સાધુઓને સંથારાની જગ્યા વહેંચી આપે.

જો આવતાં રાત્રિ પડી ગઈ હોય તો કાલગ્રહણ ન કરે, પણ નિર્યુક્તિ સંગ્રહણી આદિની ગાથાઓ ધીમા સ્વરે ગણે. પહેલી પોરિસી કરીને ગુરુ પાસે જઇ સંથારા પોરિસી ભણાવે. પછી માત્રા આદિની શંકા ટાળીને સંથારા ઉપર ઉત્તરપટો પાથરી, આખું શરીર (નાભિ ઉપરનું મુહપત્તિથી અને નીચેનું ઓઘાથી પડિલેહી) ગુરુ મહારાજ પાસે સંથારાની આજ્ઞા માગી, હાથનું ઓસીકું કરી, પગ ઉંચા રાખી સૂવે. પગ ઉંચા રાખી ન શકે તો પગ સંથારા ઉપર રાખીને સૂઇ જાય. પગ લાંબા ટુંકા કરતાં કે પડખું ફેરવતાં ઓઘાથી પ્રમાર્જના કરે.

રાત્રે માત્રા આદિના કારણે ઉઠે તો, ઉઠીને પહેલાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવનો ઉપયોગ કરે. **દ્રવ્યથી** હું કોણ છું? દીક્ષિત છું કે અદીક્ષિત? **ક્ષેત્રથી** નીચે છું કે માળ ઉપર? **કાલથી** રાત્રિ છે કે દિવસ? **ભાવથી** કાયિકાદિની શંકા છે કે કેમ? આંખમાં ઉંઘ હોય તો શ્વાસને રૂંધે, ઉંઘ ઉડી જાય એટલે સંથારામાં ઉભો થઇ પ્રમાર્જના કરતાં દ્વાર પાસે આવે. બહાર ચોર આદિનો ભય હોય તો એક સાધુને ઉઠાડે, તે દ્વાર પાસે ઉભો રહે, અને પોતે કાયિકદિ શંકા ટાળી આવે. કૂતરા આદિ જાનવરનો

ભય હોય તો બે સાધુને ઉઠાડે, એક સાધુ દ્વાર પાસે ઉભો રહે પોતે કાયિકાદિ વોસિરાવે, ત્રીજો રક્ષણ કરે. પછી પાછા આવી ઇરિયાવાહી કરી પોતે સૂક્ષ્મઆનપ્રાણ લબ્ધિવાળો હોય, તો ચૌદેપૂર્વ ગણી જાય. લબ્ધિયુક્ત ન હોય, તો પરિહાણી કરતાં યાવત્ છેવટે જઘન્યથી ત્રણગાથા ગણીને પાછો સૂઇ જાય. આ પ્રમાણે વિધિ કરવાથી નિદ્રાના પ્રમાદનો દોષ દૂર થઇ જાય છે.

ઉત્સર્ગથી શરીર ઉપર વસ્ત્ર ઓઢયા વગર સૂવે. ઠંડી આદિ લાગતી હોય તો એક બે કે ત્રણ કપડા ઓઢે તેનાથી પણ ઠંડી દૂર ન થાય તો બહાર જઇ કાઉસ્સગ્ગ કરે, પછી અંદર આવે, છતાં ઠંડી લાગતી હોય તો બધાં કપડાં કાઢી નાખે. પછી એક એક વસ્ત્ર ઓઢે. આ માટે ગધેડાનું દૃષ્ટાંત જાણવું. અપવાદે જેમ સમાધિ રહે તેમ કરવું.

**૩. સંજ્ઞી—** આ પ્રમાણે વિહાર કરતાં વચમાં કોઇ ગામ આવે. તે ગામ સાધુઓના વિહારવાળું હોય અથવા સાધુઓના વિહાર વિનાનું હોય, તેમાં શ્રાવકોના ઘર હોય પણ ખરાં અગર ન પણ હોય.

જો તે ગામ સંવિગ્ન સાધુઓના વિહારવાળું હોય તો ગામમાં પ્રવેશ કરે. પાર્શ્વસ્થ આદિનું હોય તો પ્રવેશ ન કરે, દહેરાસર હોય તો દર્શન કરવા જાય.

ગામમાં સાંભોગિક સાધુ હોય તો, તે આવેલા માટે ગોચરી પાણી લાવી આપે. કદાચ કોઇ શ્રાવક નવા આવેલા સાધુને ગોચરી માટે ખૂબ આગ્રહ કરે, તો ત્યાં રહેલા એક સાધુની સાથે નવા આવેલા સાધુને મોકલે.

ઉપાશ્રય નાનો હોય તો નવા આવેલા સાધુ બીજા સ્થાનમાં ઉતરે. ત્યાં ગામમાં રહેલા સાધુ તેમને ગોચરી લાવી આપે.

સાંભોગિક સાધુ ન હોય તો આવેલા સાધુ ગોચરી લાવી આચાર્ય આદિને પ્રાયોગ્ય આપી બાકીનું બીજા વાપરે.

**૪. સાધર્મિક—** આહાર આદિનું કામ પતાવી તથા ઠલ્લા માત્રાની શંકા ટાળીને સાંજના ટાઇમે સાધર્મિક સાધુ પાસે જાય, કેમકે સાંજે જવાથી ત્યાં રહેલા સાધુઓને ભિક્ષા આદિ કાર્ય માટે આકુલપણું ન થાય.

સાધુ આવેલા જોઇને ત્યાં રહેલા સાધુ ઉભા થઈ જાય અને સામા જઇ દાંડો પાત્રાદિ લઇ લે. તે ન આપે તો ખેંચતાણ ન કરવી, કેમકે ખેંચતાણ કરવામાં કદાચ નીચે પડી જાય તો ભાંગી જાય.

જે ગામમાં રહેલા છે તે ગામ નાનું હોય, ભિક્ષા મળી શકે એમ ન હોય, તથા બપોરે જવામાં રસ્તામાં ચોર આદિનો ભય હોય, તો સવારમાં જ બીજે ગામ જાય.

ઉપાશ્રયમાં પેસતાં નિસીહિ કહે. ત્યાં રહેલા સાધુ નિસીહિ સાંભળી સામા આવે. વાપરતા હોય તો મોંમાં મૂકેલો કોળીયો વાપરી લે, હાથમાં લીધેલો કોળીયો પાત્રામાં પાછો મૂકી દે, સામે આવી આવેલા સાધુનું સન્માન કરે.

આવેલા સાધુ સંક્ષેપથી આલોચના કરી, તેમની સાથે આહાર વાપરે.

જો આવેલા સાધુઓએ વાપરેલું હોય, તો ત્યાં

રહેલા સાધુઓને કહે કે 'અમે વાપર્યું છે, તમે વાપરો.' આવેલા સાધુઓને વાપરવાનું હોય તો જો ત્યાં લાવેલો આહાર પૂરતો હોય તો બધા સાથે વાપરે, ઓછો હોય તો તે આહાર આવેલા સાધુઓને આપી દે અને પોતાના માટે બીજો આહાર લાવીને વાપરે.

આવેલા સાધુઓની ત્રણ દિવસ આહાર પાણી આદિથી ભક્તિ કરવી. શક્તિ ન હોય તો બાલ વૃદ્ધ આદિની ત્રણ દિવસ ભક્તિ કરવી.

આવેલા સાધુ તે ગામમાં ગોચરીએ જાય અને ત્યાં રહેલા સાધુમાં તરૂણ સાધુઓ બીજા ગામમાં ગોચરીએ જાય.

**૫. વસતિ–** ત્રણ પ્રકારની હોય. ૧. મોટી, ૨. નાની, ૩. પ્રમાણયુક્ત. સૌથી પહેલાં પ્રમાણયુક્ત વસતિ ગ્રહણ કરવી, તેવી ન હોય તો નાની વસતિ ગ્રહણ કરવી, નાની પણ ન હોય તો મોટી વસતિ ગ્રહણ કરવી.

જો મોટી વસતિમાં ઉતર્યા હોય તો ત્યાં બીજા લોકો પોલિસ, પારદારિકા, બાવા આદિ આવીને સૂઈ જાય, તેથી ત્યાં પ્રતિક્રમણ, સૂત્ર પોરિસી અર્થપોરિસી કરતાં, તથા જતાં આવતાં, લોકોમાં કોઈ અસહિષ્ણુ હોય તો તે બૂમાબૂમ કરી મૂકે, તેથી ઝગડો થાય, પાત્ર આદિ તૂટી જાય, ઠલ્લા માત્રાની શંકા રોકે તો રોગ આદિ થાય. દૂર જઇ નહિ જોએલી જગ્યામાં શંકા ટાળે તો સંયમ–આત્મવિરાધના થાય, બધાના દેખતાં શંકા ટાળે

તો પ્રવચનની લઘુતા થાય.

રાત્રે વસતિમાં પૂંજતાં પૂંજતાં જાય, તો તે જોઇને કોઇને ચોરની શંકા થાય, અને કદાચ મારી નાખે.

સાગારિક–ગૃહસ્થને સ્પર્શ થઇ જાય, અને તે જાગી જાય તો, તેને શંકા થાય કે 'આ નપુંસક હશે.'

કોઇ સ્ત્રીને સ્પર્શ થઇ જાય તો તે સ્ત્રીને થાય કે 'આ મારી ઇચ્છા કરે છે,' તેથી બીજાને કહે કે 'આ મારી ઇચ્છા કરે છે' સાંભળી લોકો કોપાયમાન થાય. સાધુને મારપીટ આદિ કરે.

દિવસે કોઇ સ્ત્રી સુંદરરૂપ જોઇને સાધુ ઉપર રાગવાળી થઇ હોય, તેથી રાત્રે ત્યાં સૂઈ જાય અને સાધુને બળાત્કારે ગ્રહણ કરે ઇત્યાદિ દોષો મોટી વસતિમાં ઉતરવામાં રહેલા છે. માટે મોટી વસતિમાં ન ઉતરવું.

નાની વસતિમાં ઉતરવાથી રાત્રે જતાં આવતાં કોઈના ઉપર પડી જવાય, જાગી જતાં તેને ચોરની શંકા થાય. રાત્રે નહિ દેખી શકવાથી યુદ્ધ થાય, તેમાં પાત્ર આદિ તૂટી જાય તેથી સંયમ–આત્મવિરાધના થાય, માટે નાની વસતિમાં ન ઉતરવું.

## પ્રમાણયુક્ત વસતિમાં કેવી રીતે ઉતરવું ?

એક એક સાધુ માટે ત્રણ હાથ પહોળી જગ્યા રાખવી એક હાથને ચાર આંગળ પહોળો સંથારો, પછી વીસ આંગળ જગ્યા ખાલી પછી એક હાથ જગ્યામાં પાત્રાદિ મૂકવાં, ત્યાર પછી બીજા સાધુનાં આસન આદિ કરવાં.

પાત્રાદિ બહુ દૂર મૂકે તો બિલાડી, ઉંદર આદિથી

રક્ષણ ન થઈ શકે. બહુ નજીક પાત્રાદિ રાખે તો શરીર ફેરવતાં ઉચુંનીચું કરતાં પાત્રાદિને ધક્કો લાગે તો પાત્રાદિ તૂટી જાય. માટે વીસ આંગળનું અંતર રાખવું જોઇએ.

બે હાથ કરતાં વધારે અંતર હોય તો, કોઇ ગૃહસ્થ આદિ જોર કરીને વચમાં સૂઇ જાય, તો બીજા દોષો આવી પડે. તો તેવા સ્થાન માટે વસતિનું પ્રમાણ આ રીતે જાણવું. એક હાથ શરીર, વીસ આંગળ ખાલી, આઠ આંગળમાં પાત્રાં, પછી વીસ આંગળ ખાલી પછી બીજા સાધુ આ પ્રમાણે ત્રણ હાથે એક સાધુથી બીજો સાધુ આવે. વચમાં બે હાથનું આંતરૂં રહે, એક સાધુથી બીજા સાધુની વચમાં બે હાથની જગ્યા રાખવી જોઇએ.

બે હાથથી ઓછું આંતરૂં હોય તો, બીજાને સાધુનો સ્પર્શ થઇ જાય તો ભુક્તભોગી (સંસાર ભોગવેલા)ને પૂર્વ ક્રીડાનું સ્મરણ થઈ આવે. કુમાર અવસ્થામાં દીક્ષા લીધી હોય, તેને સાધુનો સ્પર્શ થતાં, સ્ત્રીનો સ્પર્શ કેવો હશે? એનું કુતૂહલ થાય. માટે વચમાં બે હાથનું અંતર રાખવું. તેથી એક બીજાને કલહ આદિ પણ ન થાય.

ભીંતથી એક હાથ દૂર સંથારો કરવો. પગ નીચે પણ જવા આવવાનો માર્ગ રાખવો. મોટી વસતિ હોય તો ભીંતથી ત્રણ હાથ દૂર સંથારો કરવો.

પ્રમાણયુક્ત વસતિ ન હોય તો નાની વસતિમાં રાત્રે યતના પૂર્વક જવું આવવું. પહેલાં હાથથી પરામર્શ કરીને બહાર નીકળવું. પાત્રાદિ ખાડો હોય તો તેમાં મૂકવા. ખાડો ન હોય તો દોરી બાંધી ઉંચે લટકાવી દેવાં,

મોટી વસતિમાં ઉતરવું પડ્યું હોય, તો સાધુઓએ છૂટાછૂટા સૂઇ જવું. કદાચ ત્યાં કોઇ લોકો આવીને કહે કે 'એક બાજુમાં આટલી જગ્યામાં થઇ જાવ.' તો સાધુઓ એક બાજુ થઇ જાય, ત્યાં પડદો અથવા ખડીથી નીશાની કરી લે.

ત્યાં બીજા ગૃહસ્થો આદિ રહેલા હોય, તો જતાં આવતાં પ્રમાર્જના આદિ ન કરે. તથા 'આસજ્જા આસજ્જા' પણ ન કરે. પરંતુ ખાંસી આદિથી બીજાને જણાવે.

૬. **સ્થાનસ્થિત**— ગામમાં પ્રવેશ કરવાનો હોય, તે દિવસે સવારનું પ્રતિક્રમણ આદિ કરી, સ્થાપના કુલ, પ્રત્યનીક કુલ, પ્રાન્ત કુલ, આદિનો વિભાગ કરે, એટલે અમુક ઘરોમાં ગોચરી જવું, અમુક ઘરોમાં ગોચરી ન જવું. પછી સારા શકુન જોઇને ગામમાં પ્રવેશ કરે.

વસતિમાં પ્રવેશ કરતાં પહેલાં પ્રથમ કથાલબ્ધિસંપન્ન સાધુને મોકલે. તે સાધુ ગામમાં જઇ શય્યાતરની આગળ કથા (વાર્તાલાપ) કરે પછી આચાર્ય મહારાજ પધારે ત્યારે ઉભા થઇ વિનય સાચવે અને શય્યાતરને કહે કે 'આ અમારા આચાર્ય ભગવંત છે.' આચાર્ય ભગવંતને કહે કે 'આ મહાનુભાવે આપણને વસતિ આપી છે.' જો શય્યાતર આચાર્ય સાથે વાતચીત કરે તો ઠીક, ન કરે તો આચાર્ય તેની સાથે વાતચીત કરે. કેમકે જો આચાર્ય શય્યાતર સાથે વાત ન કરે, તો શય્યાતરને થાય કે 'આ લોકો ઉચિત પણ જાણતાં નથી.'

વસતિમાં આચાર્ય માટે ત્રણ જગ્યા રાખી સ્થવિરસાધુ

બીજા સાધુઓ માટે રત્નાધિકના ક્રમે યોગ્ય જગ્યા વહેંચી આપે ક્ષેત્રપ્રત્યુપેક્ષકો આવેલા સાધુઓને ઠલ્લા, માત્રાની ભૂમિ પાત્રાં રંગવાની ભૂમિ સ્વાધ્યાય ભૂમિ આદિ બતાવે. તથા

સાધુઓમાં કોઈ તપસ્વી હોય, કોઇને વાપરવાનું હોય, તો દહેરાસરે દર્શન કરવા જતાં સ્થાપના કુલો, શ્રાવકનાં ઘરો વગેરે બતાવે. પ્રવેશદિને કોઇને ઉપવાસ હોય તો તે મંગલ જ છે.

દહેરાસર જતી વખતે આચાર્ય સાથે એક બે સાધુએ પાત્રાં લઇને જવું. કેમકે ત્યાં કોઇ ગૃહસ્થને ગોચરી આપવાની ભાવના થાય. તો તુરત લઇ શકાય. જો પાત્રાં ન હોય તો ગૃહસ્થની ભાવનાનો ભંગ થાય. અથવા સાધુ એમ કહે કે 'પાત્રાં લઇને આવીશું' તો ગૃહસ્થ તે વસ્તુ રાખી મૂકે, તેથી સ્થાપના નામનો દોષ લાગે.

બધા સાધુઓએ સાથે જવું નહિ, જો બધા સાથે જાય તો ગૃહસ્થને એમ થાય કે 'કોને આપું અને કોને ન આપું'. આથી સાધુને જોઇ ભય પામે અથવા તો એમ થાય કે 'આ બધા બ્રાહ્મણભટ્ટ જેવા ખાઉધરા છે. માટે આચાર્યની સાથે ત્રણ, બે કે એક સાધુએ પાત્રાં લઇને જવું અને ગૃહસ્થ વિનંતિ કરે તો ઘૃત વગેરે વહોરવું.

જો તે ક્ષેત્રમાં પહેલાં માસકલ્પ કરેલો ન હોય, અર્થાત્ પ્રથમ આવેલા હોય, તો જાણકાર સાધુ દહેરાસરે દર્શન કરવા જાય, ત્યારે અથવા ગોચરીએ જાય, ત્યારે દાન આપનાર આદિનાં કુળો બતાવે કાંતો પ્રતિક્રમણ કર્યા પછી દાનાદિ કુલો કહે.

પ્રતિક્રમણ કર્યા પછી આચાર્ય ક્ષેત્રપ્રત્યુપેક્ષકોને બોલાવી સ્થાપનાદિ કુલો પૂછે ક્ષેત્રપ્રત્યુપેક્ષકો તે જણાવે.

ક્ષેત્રપ્રત્યુપેક્ષકોને પૂછ્યા સિવાય સાધુઓ સ્થાપનાદિ કુળોમાં જાય, તો સંયમ વિરાધના આત્મ વિરાધના આદિ દોષો થાય. સ્થાપના કુલોમાં ગીતાર્થ સંઘાટક જાય

**આવી રીતે સ્થાપનાદિકુળો સ્થાપવાનું શું કારણ?** સ્થાપનાદિ કુળો સ્થાપવાનું કારણ એ છે કે આચાર્ય ગ્લાન પ્રાઘુર્ણક આદિને યોગ્ય ભિક્ષા મળી શકે જો બધા જ સાધુઓ સ્થાપના કુળમાં ભિક્ષા લેવા જાય, તો ગૃહસ્થોને કદર્થના થાય અને આચાર્ય આદિના પ્રાયોગ્ય દ્રવ્યનો ક્ષય થાય. જેથી જોઇએ ત્યારે વસ્તુ ન મળે,

જેમ કોઇ માણસ પરાક્રમી શિકારી કૂતરાને છૂ છૂ કરીને કરીને મોર પોપટ આદિ પક્ષી પકડાવે પછી મોર આદિ ન હોય તો પણ છૂ છૂ કરીને કૂતરાને દોડાવે. પણ ત્યાં કાંઈ ન જોતાં કૂતરો પાછો આવે વારંવાર એ પ્રમાણે કરવાથી કૂતરો કંટાળ્યો, પછી જયારે મોર આદિને પકડાવવાની જરૂર પડી ત્યારે કૂતરાને છૂ છૂ કરવા છતાં કૂતરો દોડ્યો નહિ અને કાર્ય કર્યું નહિ. આ રીતે વારંવાર વિના કારણે સ્થાપનાદિ કુળોમાંથી આહાર વગેરે ગ્રહણ કરવાથી જયારે ગ્લાન, પ્રાઘુર્ણક આદિ માટે જરૂર પડે છે ત્યારે આહારાદિ મળી શકતાં નથી કેમકે તેણે ઘણા સાધુઓને ઘૃતાદિ આપ્યાં હોવાથી ઘૃત આદિ ખલાસ થઈ જાય.

પ્રાંત–વિરોધી ગૃહસ્થ હોય તો (સાધુઓને ઘી વગેરે

આપી દીધેલું હોવાથી) સ્રીને માર મારે અથવા મારી પણ નાખે અથવા તો ઠપકો આપે કે' તેં સાધુઓને ઘૃતાદિ આપ્યું એટલે ખલાસ થઈ ગયું, ભદ્રક હોય તો નવું લાવે અથવા કરાવે.

સ્થાપના કુળો રાખવાથી ગ્લાન, આચાર્ય બાળ, વૃદ્ધ, તપસ્વી પ્રાઘૂર્ણક આદિની યથાયોગ્ય ભકિત કરી શકાય છે, માટે સ્થાપના કુળો રાખવાં જોઇએ, ત્યાં અમુક ગીતાર્થ સિવાય બધા સાધુઓએ જવું નહિ, કહ્યું છે કે આચાર્યની અનુકંપાભક્તિથી ગચ્છની અનુકંપા થાય છે. ગચ્છની અનુકંપાથી તીર્થની પરંપરા ચાલુ રહે છે.

આ સ્થાપનાદિ કુળોમાં થોડા થોડા દિવસનાં આંતરે કારણ વિના પણ જવાનું ચાલુ રાખવું જોઇએ. કેમકે તેમને ખબર રહે કે 'અહીં સાધુ આદિ રહેલા છે.'

આ માટે ગાય અને બગીચાનું દૃષ્ટાંત જાણવું. ગાયને દોહતા રહે અને બગીચામાંથી રોજ ફુલ લેતા રહે તો રોજ દુધ, ફુલ મળવાં ચાલુ રહે છે, ન લે તો ઉલટા સૂકાઇ જવા પામે છે.

## દશ પ્રકારના સાધુ આચાર્યની વૈયાવચ્ચ–સેવા માટે અયોગ્ય છે.

૧. આળસુ.
૨. ઘસિર.
૩. ઉંઘણુસી.
૪. તપસ્વી.
૫. ક્રોધી.
૬. માની.
૭. માયી.
૮. લોભી.
૯. કુતૂહલી.
૧૦ પ્રતિબદ્ધ.

**૧. આળસુ**–પ્રમાદી હોવાથી ટાઇમસર ગોચરી જાય નહિ.

**૨. ઘસિર**– બહુ ખાનારો હોવાથી પોતાનો જ આહાર પહેલાં પૂરો કરે, એટલામાં ભિક્ષાનો ટાઇમ પુરો થઇ જાય.

**૩. ઉંઘણુસી**– ઉંઘ્યા કરે, ત્યાં ગોચરીનો ટાઇમ પુરો થઈ જાય. કદાચ વહેલો જાય, ત્યારે ભિક્ષાની વાર હોય, એટલે પાછો આવીને સૂઇ જાય. એટલામાં ભિક્ષાનો ટાઇમ ઉંઘમાં ચાલ્યો જાય.

**૪. તપસ્વી**– ગોચરી જાય તો તપસ્વી હોવાથી વાર લાગે. તેથી આચાર્યને પરિતાપનાદિ થાય. તપસ્વી જો પહેલી આચાર્યની ગોચરી લાવે તો તપસ્વીને પરિતાપનાદિ થાય.

**૫. ક્રોધી**– ગોચરીએ જાય ત્યાં ક્રોધ કરે.

**૬. માની**– ગૃહસ્થ સત્કાર ન કરે એટલે તેને ત્યાં ગોચરી ન જાય.

**૭. માયી**– સારું સારું એકાંતમાં વાપરીને સુકું પાકું વસતિમાં લાવે.

૮. **લોભી**– જેટલું મળે તેટલું બધું વહોરી લે.

૯. **કુતૂહલી**– રસ્તામાં નટ આદિ રમતા હોય તો જોવા ઉભો રહે.

૧૦. **પ્રતિબદ્ધ**– સૂત્ર અર્થમાં એટલો બધો તલ્લીન રહે કે ગોચરી વેળા પુરી થઈ જાય.

ઉપર જણાવ્યા તે સિવાયના જે ગીતાર્થ પ્રિયધર્મી સાધુ હોય તે આચાર્યની ભક્તિ માટે યોગ્ય છે, તેમને ગોચરીએ મોકલવાં, કેમકે ગીતાર્થ હોવાથી તેઓ ગૃહસ્થને ત્યાં ગોચરી વગેરે કેટલા પ્રમાણમાં છે? ઇત્યાદિ વિવેક રાખીને ભિક્ષા ગ્રહણ કરે, પરિણામે ઘૃતાદિ દ્રવ્યોની નિરંતર પ્રાપ્તિએ કરીને ભાવની વૃદ્ધિ કરનારા થાય છે.

સ્થાપના કુળોમાં એક સંઘાટક જાય અને બીજા કુળોમાં બાલ, વૃદ્ધ, તપસ્વી આદિ જાય. શક્તિવાળા તરૂણ સાધુ હોય તે બીજા ગામમાં ગોચરીએ જાય.

**શંકા**– જે ગામમાં ગચ્છ રહ્યો છે તે ગામમાં પહેલાં તપાસ કરીને આવેલા છે, તો પછી તરૂણ સાધુને બીજા ગામમાં ગોચરીએ મોકલવાનું શું પ્રયોજન?

**સમાધાન**– બહારગામ મોકલવાનું કારણ એ છે કે 'ગામમાં રહેલા ગૃહસ્થોને એમ થાય કે 'આ સાધુઓ બહારગામ ગોચરીએ જાય છે, નવા સાધુ આવે ત્યારે આપણા ત્યાં આવે છે, માટે બાલ, વૃદ્ધ આદિને ઘણું આપો.'

આ પ્રમાણે ગોચરીએ જતાં આચાર્ય આદિને પૂછીને નીકળવું જોઇએ. પૂછ્યા વિના જાય, તો નીચે પ્રમાણે દોષો થાય.

૧. રસ્તામાં ચોર આદિ હોય, તે ઉપધિને કે પોતાને ઉપાડી જાય તો તેમને શોધવામાં ઘણી મુશ્કેલી પડે.

૨. પ્રાઘુર્ણક આવ્યા હોય તેમને યોગ્ય કાંઈ લાવવાનું હોય, તેની ખબર ન પડે.

૩. ગ્લાનને યોગ્ય અથવા આચાર્યને યોગ્ય કાંઇ લાવવાનું હોય તેની ખબર ન પડે.

૪. રસ્તામાં કૂતરા આદિનો ભય હોય તો તે કરડી જાય.

૫. કોઇ ગામમાં સ્ત્રી કે નપુંસકના દોષો હોય તેની ખબર ન પડે.

૬. કદાચ ભિક્ષાએ ગયા ત્યાં મૂર્ચ્છા આવી જાય, તો ક્યાં તપાસ કરે ?

માટે જતી વખતે આચાર્યને કહે કે 'હું અમુક ગામમાં ગોચરીએ જાઉં છું, ત્યાં ગોચરી પુરી નહિ થાય તો ત્યાંથી અમુક બીજા ગામમાં જઇશ.' આચાર્ય ન હોય તો, આચાર્યે જે કોઇને નીમેલા હોય, તેને કહીને જાય.

કદાચ નીકળતી વખતે કહેવું ભૂલી જાય અને થોડે દૂર ગયા પછી યાદ આવે, તો પાછો આવીને કહી જાય, પાછા આવીને કહી જવાનો ટાઇમ પહોંચતો ન હોય તો રસ્તામાં ઠલ્લે, માત્રે કે ગોચરી પાણી માટે નીકળેલા સાધુને કહે કે 'હું અમુક ગામ ગોચરીએ જાઉં છું, તમો આચાર્ય ભગવંતને કહી દેજો.'

જે ગામમાં ગોચરી ગયો છે તે ગામ કોઇ કારણસર

દૂર હોય, નાનું હોય કે ખાલી થઇ ગયું હોય, તો કોઇની સાથે કહેવરાવે અને બીજા ગામમાં ગોચરીએ જાય.

ચોર આદિ સાધુને ઉપાડી જાય, તો સાધુ રસ્તામાં અક્ષરો લખતો જાય અથવા વસ્ત્ર ફાડીને તેના ટૂકડા રસ્તામાં નાખતો જાય. જેથી તપાસ કરનારને ખબર પડી શકે કે 'આ રસ્તે સાધુને ઉપાડી ગયા લાગે છે.'

ગોચરી આદિ માટે ગયેલા કોઈ સાધુને આવતાં ઘણી વાર લાગે તો વસતિમાં રહેલા સાધુઓ નહિ આવેલા સાધુ માટે વિશિષ્ટ વસ્તુ રાખીને બીજું વાપરી લે. ત્યારપછી આહાર લઇને જે દિશામાં તે સાધુ ગયેલા હોય, તે દિશામાં તપાસ કરવા જાય. નહિ આવેલો સાધુ કહ્યા વિના ગયેલા હોય, તો ચારે દિશામાં તપાસ કરે. રસ્તામાં કોઇ ચિહ્ન ન મળે, તો ગામમાં જઇને પૂછવા છતાં ખબર ન પડે તો ગામમાં ભેગા થયેલા લોકોને કહે કે 'અમારા સાધુ આ ગામમાં ભિક્ષા માટે આવ્યા હતા તેમના કાંઇ સમાચાર મળતા નથી.' આ રીતે કાંઈ સમાચાર ન મળે તો બીજા ગામમાં જઇને એ રીતે તપાસ કરે.

બીજા ગામમાં ગોચરીએ જવાથીઃ-

(અ) આધાકર્માદિ દોષોથી બચાય છે,

(આ) આહારાદિ વધુ મળે છે.

(ઇ) અપમાન આદિ થાય નહિ.

(ઈ) મોહ થાય નહિ.

(ઉ) વીર્યાચારનું પાલન થાય છે.

**શંકા**— વૃષભ-વૈયાવચ્ચી સાધુને બહારગામ મોકલે. તેમાં આચાર્યે પોતાના આત્માનીજ અનુકંપા કરીને ?

**સમાધાન**— આચાર્ય વૃષભ સાધુને મોકલે તેમાં શિષ્ય ઉપર અનુકંપા થાય છે, પરલોક સારો થાય છે, અને આલોકમાં પ્રશંસા થાય છે.

**શંકા**— શિષ્યની શી અનુકંપા થઈ ? ઉલટો સાધુ ભૂખ અને તરસથી પીડાઇ કદાચ કાળ કરી જાય તો ?

**સમાધાન**— જો ભૂખ અને તરસ સહન કરી શકે એમ ન હોય, ઉનાળો હોય, તપસ્વી હોય, તો નવકારશી વગેરે કરીને જાય.

**શંકા**— નવકારશી કરે તો આચાર્યાદિનો આહાર ઉલટો તેનાથી સંસૃષ્ટ થાય તેનું શું ?

**સમાધાન**- લુખુંસુકું વાપરીને અથવા યતના પૂર્વક વાપરીને જાય. જઘન્ય ત્રણ કવલ અથવા ત્રણ ભિક્ષા, ઉત્કૃષ્ટથી પાંચ કવલ અથવા પાંચ ભિક્ષા.

સહિષ્ણુ હોય તો નવકારશી કર્યા સિવાય જાય.

## સંઘાટક ગોચરી વગેરે કેવી રીતે ગ્રહણ કરે ?

એક પાત્રમાં આહાર, બીજા પાત્રામાં પાણી, એકમાં આચાર્યાદિને પ્રાયોગ્ય આહાર, બીજામાં જીવ સંસૃષ્ટાદિ હોય તેવો આહાર કે પાણી ગ્રહણ કરે.

પડિલેહણાદ્વાર બે પ્રકારે એક કેવળીની બીજી છદ્મસ્થની બન્ને બાહ્યથી અને અભ્યંતરથી બાહ્ય એટલે દ્રવ્ય અને અભ્યંતર એટલે ભાવ.

કેળળીની પડિલેહણા પ્રાણીથી સંસક્ત દ્રવ્ય વિષયની

હોય છે. અર્થાત્ કપડા વગેરે ઉપર જીવજંતુ હોય તો પડિલેહણા કરે. (પોતે જ્ઞાનથી બધું જાણે છે.)

છદ્મસ્થની પડિલેહણા પ્રાણીથી સંસકત કે અસંસક્ત દ્રવ્ય વિષયની હોય છે. અર્થાત્ કપડા આદિ ઉપર જીવજંતુ હોય કે ન હોય, તો પણ પડિલેહણા કરવાની હોય છે.

**કેવળીની દ્રવ્ય પડિલેહણા—** વસ્ત્ર વગેરે જીવજંતુથી સંસક્ત હોય તો પડિલેહણા કરે છે. તથા જ્યારે તે વસ્ત્ર આદિ વાપરવાનું હોય ત્યારે જો સંસકત હોય તો પડિલેહણા કરે છે. પરંતુ જીવથી સંસકત ન હોય તો પડિલેહણા હોતી નથી.

**કેવળીની ભાવ પડિલેહણા—** વેદનીય કર્મ ઘણું ભોગવવાનું હોય અને આયુષ્યકર્મ ઓછું હોય તો કેવળી ભગવંતો કેવળી [૧]સમુદ્‌ઘાત કરે છે.

---

૧. શરીરમાં રહેલા આત્મપ્રદેશોને ચૌદરાજલોક વ્યાપી બનાવવા આઠ સમયની આ ક્રિયા હોય છે.

**પહેલા સમયે:**–શરીરમાંથી આત્મ પ્રદેશો બહાર ફેલાવી પોતાના શરીર પ્રમાણે જાડાઈવાળો દંડાકારે ઉપર નીચે લોકના છેડા સુધી લંબાવે. **બીજા સમયે** જમણી અને ડાબી બાજુ લોકના છેડા સુધી લંબાવે, જેથી કપાટાકાર–ભીંત થાય. **ત્રીજા સમયે** બાકી બે બાજુ તિર્છા લોકના છેડા સુધી લંબાવે એટલે મંથનાકાર થાય. **ચોથા સમયે** વચલા ભાગ ભરી દે એટલે સમસ્ત લોક વ્યાપી આત્મ પ્રદેશો થઇ જાય છે. **પાંચમા સમયે** વચલા ભાગ સંહરે, **છઠ્ઠા સમયે** મંથનાકાર સંહરે, **સાતમા સમયે** કપાટાકાર સંહરે, અને **આઠમા સમયે** દંડાકાર સંહરી શરીરસ્થ આત્મપ્રદેશો કરે. આ આઠ સમયની ક્રિયાને **કેવલી સમુદ્‌ઘાત** કહેવાય છે.

**છદ્મસ્થની દ્રવ્ય પડિલેહણા—** સંસક્ત કે અસંસકત વસ્ત્ર આદિની પડિલેહણા કરવી તે.

**છદ્મસ્થની ભાવ પડિલેહણા—** રાત્રે જાગે ત્યારે વિચારે કે 'મેં શું કર્યું', મારે શું કરવાનું બાકી છે, કરવા યોગ્ય તપ વગેરે શું કરતો નથી ? ઇત્યાદિ વિચાર કરે.

## શું શું પડિલેહણ કરવું જોઇએ ?

૧. સ્થાન.
૨. ઉપકરણ.
૩. સ્થંડિલ.
૪. અવષ્ટંભ.
૫. માર્ગ.

**૧. સ્થાન—** ત્રણ પ્રકારે.

૧. કાયોત્સર્ગ. ૨. બેસવું. ૩. સુવું.

૧. કાયોત્સર્ગ. ઠલ્લા માત્રે જઇને ગુરુ પાસે આવી ઇરિયાવહી કરતાં કાઉસ્સગ્ગ કરે. યોગ્ય સ્થાને ચક્ષુથી જોઇ પ્રમાર્જના કરી પછી કાઉસ્સગ્ગ કરે. કાઉસ્સગ્ગ ગુરુની સામે કે બે બાજુએ કે પાછળ ન કરવો, તથા જવા-આવવાનો માર્ગ રોકીને ન કરવો.

૨. બેસવું. બેસતી વખતે જંઘા અને સાથળનો વચલો ભાગ પ્રમાર્જી પછી ઉત્કટુક આસને રહી, જમીન પ્રમાર્જીને બેસવું.

૩. સૂવું. સુતા હોય ત્યારે પડખું ફેરવતાં પ્રમાર્જીને પડખું ફેરવવું. સુતી વખતે પણ પૂંજીને સુવું.

**૨. ઉપકરણ—**બે પ્રકારે. ૧. વસ્ત્ર. ૨. પાત્રસંબંધી.

સવારે અને સાંજે હંમેશાં બે ટાઇમ પડિલેહણા કરવી. પહેલાં મુહપત્તિ પડિલેહી પછી બીજાં વસ્ત્ર આદિની પડિલેહણા કરવી.

**વસ્ત્રની પડિલેહણા કેવી રીતે કરવી?** પહેલાં આખા વસ્ત્રના ત્રણ ભાગ બુદ્ધિથી કરીને જોવા, પછી પાછળની બાજુ ત્રણ ભાગ કરીને જોવા. ત્રણ વાર છ છ પુરિમા કરવા.

ઉત્કટુક આસને (શરીરે ચંદન આદિનો લેપ લગાડેલો હોય તેવો મનુષ્ય અંગને અંગ ન અડે તે રીતે) બેસી વિધિપૂર્વક પડિલેહણા કરે, પડિલેહણા કરતાં નીચે મુજબ કાળજી રાખવી,

૧. પડિલેહણ કરતાં વસ્ત્ર કે શરીરને નચાવવું નહિ.

૨. સાંબેલાની માફક વસ્ત્રને ઉંચું ન કરવું.

૩. વસ્ત્રના નવ અખોડા પખોડા અને છ વાર પ્રસ્ફોટન કરવું.

૪. પડિલેહણ કરતાં વસ્ત્ર કે શરીરને ઉંચે છત કે છાપરાને તથા ભીંત કે જમીનને ન લગાડવું.

૫. પડિલેહણ કરતાં ઉતાવળ ન કરવી.

૬. વેદિકા દોષ વર્જવો. **૧. ઉર્ધ્વવેદિકા** ઢીંચણ ઉપર હાથ રાખવા. **૨. અધોવેદિકા** ઢીંચણની નીચે હાથ રાખવા. **૩. તિર્યક્ વેદિકા** સંડાસાની વચમાં હાથ રાખવા. **૪. દ્વિધાતો વેદિકા** બે હાથની વચમાં પગ રાખવા. **૫. એગતો વેદિકા** એક હાથ બે પગની અંદર બીજો હાથ બહાર રાખવો.

૭. વસ્ત્ર અને શરીર બરાબર સીધું રાખવું.

૮. વસ્ત્ર લાંબું ન રાખવું.

૯. વસ્ત્રને લટકતું ન રાખવું.

૧૦. વસ્ત્રના બરાબર ત્રણ ભાગ કરવા.

૧૧. એક પછી એક વસ્ત્રની પડિલેહણ કરવી. એક સાથે વધારે વસ્ત્ર ન જોવાં.

૧૨. બરાબર ઉપયોગ પૂર્વક પડિલેહણા કરવી. અખોડા પખોડાની ગણતરી બરાબર રાખવી.

## સવારે પડિલેહણા ક્યારે કરવી?

**જુદા જુદા મતો:—**

૧. અરૂણોદય–પ્રભા ફાટે ત્યારે પડિલેહણા કરવી.

૨. અરૂણોદય–પ્રભા ફાટે ત્યારે આવશ્યક–પ્રતિક્રમણ કરી પછી પડિલેહણા કરવી.

૩. એક બીજાના મુખ જોઈ શકાય, ત્યારે પડિલેહણા કરવી.

૪. હાથની રેખા દેખાય ત્યારે પડિલેહણા કરવી.

સિદ્ધાંતવાદી કહે છે કે 'આ બધા આદેશો બરાબર નથી. કેમકે ઉપાશ્રયમાં અંધારૂં હોય, તો સૂર્ય ઉગ્યો હોય તો પણ હાથની રેખા ન દેખાય. બાકીના ત્રણમાં તો અંધારૂં હોય છે,

**પડિલેહણનો ટાઈમ–** ઉત્સર્ગ રીતે પ્રતિક્રમણ પુરૂં થયા પછી મુહપત્તિ, રજોહરણ, બે નિષધા ચોલપટ્ટો ત્રણ કપડા સંથારો અને ઉતરપટ્ટો આ દશની પડિલેહણ પુરી થતાં સૂર્યોદય થાય. તે રીતે પડિલેહણ શરૂ કરવી. અપવાદે જેવો સમય તે રીતે પડિલેહણ કરે.

પડિલેહણમાં વિપર્યાસ કરવો નહિ. અપવાદે કરે.

વિપર્યાસ બે પ્રકારે પુરુષ વિપર્યાસ અને ઉપધિ વિપર્યાસ.

**૧. પુરુષ વિપર્યાસ**– મુખ્ય રીતે આચાર્ય આદિની પડિલેહણ કરનાર અભિગ્રહવાળા સાધુ પહોંચી વળે તેમ હોય, તો ગુરુને પૂછીને પોતાની અથવા ગ્લાન આદિની ઉપધિ પડિલેહે. જો અભિગ્રહવાળા ન હોય અને પોતાની ઉપધિ પડિલેહે તો અનાચાર થાય.

તથા પડિલેહણ કરતાં પરસ્પર મૈથુન સંબંધી કથા આદિ વાતો કરે, શ્રાવક આદિને પચ્ચકખાણ કરાવે, સાધુને પાઠ આપે અથવા પોતે પાઠ ગ્રહણ કરે, તો પણ અનાચાર થાય, છકાય જીવની વિરાધના કર્યાનો દોષ લાગે.

કોઈ વાર સાધુ કુંભાર આદિની વસતિમાં ઉતર્યા હોય, ત્યાં પડિલેહણ કરતાં વાતચીત કરતાં ઉપયોગ નહિ રહેવાથી, પાણીનો ઘડો આદિ ફુટી જાય, તેથી તે પાણી, માટી, અગ્નિ, બી, કુંથુવા આદિ ઉપર જાય, તેથી તે જીવોની વિરાધના થાય. જ્યાં અગ્નિ ત્યાં વાયુ અવશ્ય હોય છે. આ રીતે છએ કાયજીવની વિરાધના થાય માટે ઉપયોગ પૂર્વક પડિલેહણા કરવી જોઇએ.

**૨. ઉપધિ વિપર્યાસ**– કોઇ ચોર આદિ આવેલા હોય, તો પહેલાં પાત્રાની પડિલેહણા કરી, પછી વસ્ત્રોની પડિલેહણા કરે. આ પ્રમાણે વિકાલે સાગારિક (ગૃહસ્થ) આવી જાય તો પણ પડિલેહણમાં વિપર્યાસ કરે. (સાંજનીવિધિ આગળ બતાવાશે.)

પડિલેહણ તથા બીજા પણ જે જે અનુષ્ઠાનો ભગવાને જણાવ્યા છે, તે બધાં એક બીજાને બાધા ન પહોંચે તે રીતે બધાં અનુષ્ઠાનો કરવાથી દુઃખનો ક્ષય થાય છે.

અર્થાત્ કર્મની નિર્જરા કરવામાં સમર્થ બને છે.

શ્રી જિનેશ્વર ભગવાને બતાવેલા યોગોમાંથી એક એક યોગની સમ્યક્‌રીતે આરાધના કરતાં અનંતા આત્માઓ કેવળી બન્યા છે. એ પ્રમાણે પડિલેહણ કરતાં પણ ભૂતકાળમાં અનંતા આત્માઓ કેવળી થઈ મોક્ષે ગયેલા છે.

**પ્રશ્ન**– આ પ્રમાણે સાંભળી શિષ્ય કહે છે કે 'પડિલેહણ કરતાં અનંતા આત્માઓ મોક્ષે ગયા છે, તો પછી અમે એકલી જ પડિલેહણ કર્યા કરીએ, બીજા અનુષ્ઠાનો કરવાથી શું ? અર્થાત્ બીજા અનુષ્ઠાનો કરવાની જરૂર નથી.

**ઉત્તર**– આમ કરવું તે બરાબર નથી. કેમકે બીજા અનુષ્ઠાનો ન કરે અને માત્ર પડિલેહણ કર્યા કરે તો તે આત્મા સંપૂર્ણ આરાધક થઈ શકતો નથી. માત્ર દેશથી જ આરાધક થાય. માટે બધાંજ અનુષ્ઠાનો આચરવાં જોઈએ.

## સર્વ આરાધક કોણ કહેવાય ?

**पंचिंदिएहिं गुत्तो मणमाईतिविहकरणमाउत्तो ।**
**तवनियमसंजमंमि अ, जुत्तो आराधओ होइ ॥**

પાંચે ઇન્દ્રિયોથી ગુપ્ત, મન વચન અને કાયાના યોગોથી યુક્ત, બાર પ્રકારના તપોનું આચરણ, ઇન્દ્રિય અને મનનો કાબુ, સત્તર પ્રકારના સંયમનું પાલન કરનાર સંપૂર્ણ આરાધક થાય છે.

**પાંચે ઇન્દ્રિયોથી ગુપ્ત**– એટલે પાંચે ઇન્દ્રિયોના વિષયો શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ મેળવવાની ઇચ્છા નહિ કરવી, તથા પ્રાપ્ત થયેલા વિષયો પ્રત્યે સારા

હોય–અનુકુળ હોય તેમાં રાગ નહિ કરવો, ખરાબ–પ્રતિકુળ હોય તેમાં દ્વેષ નહિ કરવો.

**મન, વચન અને કાયાના યોગોથી યુક્ત**— એટલે મન, વચન અને કાયાને અશુભ કર્મબંધ થાય એવા વ્યાપારથી રોકવા અને શુભ કર્મબંધ થાય તેમાં પ્રવૃત્ત કરવા. મનથી સારા વિચારો કરવા, વચનથી સારાં નિરવદ્ય વચન બોલવા અને કાયાને સંયમના યોગોમાં રોકી રાખવી. ખરાબ વિચારો વગેરે આવે તો તેને રોકીને સારા વિચારોમાં મન વગેરેને લઇ જવું.

**તપ**– છ બ્રાહ્ય અને છ અભ્યંતર, એમ બાર પ્રકારનો તપ કરવો.

**નિયમ**– એટલે ઇન્દ્રિયો અને મનને કાબુમાં રાખવા. તથા ક્રોધ માન માયા અને લોભ ન કરવો.

**સંયમ**– સત્તર પ્રકારે છે. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય પંચેન્દ્રિય સંયમ આ જીવોની વિરાધના ન થાય તેમ વર્તવું. **અજીવ સંયમ**– લાકડું, વસ્ત્ર, પુસ્તક આદિ ઉપર લીલફુલ–નિગોદ વગેરે લાગેલી હોય તો તે ગ્રહણ ન કરવું. પ્રેક્ષાસંયમ વસ્તુ જોઇ પૂંજી પ્રમાર્જીને લેવી મૂકવી. તથા ચાલવું, બેસવું, શરીર ફેરવવું વગેરે કાર્ય કરતાં જોવું, પ્રમાર્જવું. પ્રત્યેક કાર્ય કરતાં ચક્ષુ આદિથી પડિલેહણા કરવી.

**ઉપેક્ષાસંયમ**– બે પ્રકારે સાધુ સંબંધી, ગૃહસ્થ સંબંધી. સાધુ સંયમમાં બરાબર વર્તતો ન હોય તો તેને

સંયમમાં પ્રવર્તવવા પ્રેરણા કરવી, ગૃહસ્થને પાપકારી વ્યાપારમાં પ્રેરણા ન કરવી.[1]

આ રીતે આરાધના કરનાર સંપૂર્ણ આરાધક થઇ શકે છે.

સવારે પડિલેહણ કરી પછી સ્વાધ્યાય કરવો પાદોન પોરિસી થાય ત્યારે પાત્રાંની પડિલેહણ કરવી જોઇએ. પછી સાંજે પાદોન પોરિસી–ચરમ પોરિસીમાં બીજી વાર પડિલેહણા કરવી.

## પોરિસીનું યંત્ર

| મહિનો | | પોરિસી પગલાં–આંગળ | ચરમ પોરિસી પગલાં–આંગળ |
|---|---|---|---|
| આષાડ | સુદ ૧૫ | ૨—૦ | ૨—૬ |
| શ્રાવણ | સુદ ૧૫ | ૨—૪ | ૨—૧૦ |
| ભાદરવા | સુદ ૧૫ | ૨—૮ | ૩—૪ |
| આસો | સુદ ૧૫ | ૩—૦ | ૩—૮ |
| કારતક | સુદ ૧૫ | ૩—૪ | ૪—૦ |
| માગસર | સુદ ૧૫ | ૩—૮ | ૪—૬ |
| પોષ | સુદ ૧૫ | ૪—૦ | ૪—૧૦ |
| મહા | સુદ ૧૫ | ૩—૮ | ૪—૬ |
| ફાગણ | સુદ ૧૫ | ૩—૪ | ૪—૦ |
| ચૈત્ર | સુદ ૧૫ | ૩—૦ | ૩—૮ |
| વૈશાખ | સુદ ૧૫ | ૨—૮ | ૩—૪ |
| જેઠ | સુદ ૧૫ | ૨—૪ | ૨—૧૦ |

પાત્રાંની પડિલેહણ વખતે પાંચે ઇન્દ્રિયોનો ઉપયોગ બરાબર રાખવો. પાત્રાં જમીનથી ચાર આંગળ ઉંચાં

૧. શક્તિ હોવા છતાં સંયમમાં વીર્ય (સમજાવવા છતાં) ન ફોરવતા હોય તેવા આત્માઓ તથા સાવદ્ય વ્યાપારમાં પ્રવર્તતા ગૃહસ્થો તરફ ઉપેક્ષા ભાવ કેળવવો. આ પણ ઉપેક્ષા સંયમ.

રાખવાં. પાત્રાદિ ઉપર ભ્રમર આદિ હોય, તો યતના પૂર્વક દૂર મૂકવા. પ્રથમ પાત્રાં પછી ગુચ્છા અને ત્યાર પછી પડલાની પડિલેહણ કરવી. પડિલેહણનો ટાઇમ પસાર થઇ જાય, તો એક કલ્યાણકનું પ્રાયશ્ચિત્ત આવે છે.

જો પાત્રાને ગૃહકોકિલા આદિનું ઘર લાગ્યું હોય તો તે પાત્રાને ત્રણ પ્રહર સુધી એક બાજુ મૂકી રાખવું. એટલામાં ઘર ખરી પડે તો ઠીક નહિતર જો બીજું હોય, તો આખુ પાત્રું મૂકી દે. બીજું પાત્રું ન હોય, તો પાત્રાનો તેટલો ભાગ કાપી નાખી એક બાજું મૂકી દે. જો સુકી માટીનું ઘર કર્યું હોય અને તેમાં જો કીડા ન હોય તો તે માટી દૂર કરી નાખે.

ઋતુબદ્ધકાળમાં-શિયાળા અને ઉનાળામાં પાત્રાદિ પડિલેહણ કરીને બાંધીને રાખવાં. કેમકે અગ્નિ, ચોર આદિના ભય વખતે, એકદમ બધી ઉપધિ આદિ લઇને સુખેથી નીકળી શકાય. જો બાંધી રાખ્યાં ન હોય તો અગ્નિમાં બળી જાય. ઉતાવળથી લેવા જતાં પાત્રાદિ તૂટી જાય. ચોમાસામાં આ ભય હોતો નથી.

**૩. સ્થંડિલ**- અનાપાત અને અસંલોક શુદ્ધ છે.

**અનાપાત**- એટલે સ્વપક્ષ (સાધુ) પરપક્ષ (બીજા) માંથી કોઈનું ત્યાં આવાગમન ન હોય. **અસંલોક** એટલે સ્થંડિલ બેઠા હોય, ત્યાં કોઇ જોઈ ન શકે.

સ્થંડિલભૂમિ નીચે પ્રકારે હોય.

**૧. અનાપાત અને અસંલોક**- કોઇની અવર જવર ન હોય, તેમ કોઈ જૂએ નહિ.

**૨. અનાપાત અને સંલોક**—કોઈની અવર જવર ન હોય, પણ જોઈ શકાતું હોય.

**૩. આપાત અને અસંલોક**—કોઈની અવર જવર હોય, પણ કોઈ જોઈ ન શકે. એટલે વચમાં વાડ આદિનું આંતરૂં હોય.

**આપાત અને સંલોક**– કોઈની અવર જવર હોય, તેમ જોઈ શકાતું હોય.

આપાત બે પ્રકારે **સ્વપક્ષ** સંયત વર્ગ **પરપક્ષ** ગૃહસ્થ આદિ. સ્વપક્ષ આપાત બે પ્રકારે. ૧. સાધુ અને ૨. સાધ્વી.

સાધુમાં સંવિજ્ઞ અને અસંવિજ્ઞ.

સંવિજ્ઞમાં ધર્મિ અને નિર્ધર્મિ.

પરપક્ષ આપાતમાં બે પ્રકાર– મનુષ્ય આપાત અને તિર્યંચ આપાત.

મનુષ્ય આપાત ત્રણ પ્રકારે— પુરુષ, સ્ત્રી અને નપુંસક

તિર્યંચ આપાત ત્રણ પ્રકારે– પુરુષ સ્ત્રી અને નપુંસક.

તેમાં પુરુષ આપાત ત્રણ પ્રકારે– રાજા શ્રેષ્ઠિ અને અને સામાન્ય. પાછા શૌચવાદી અને અશૌચવાદી આ પ્રમાણે સ્ત્રી અને નપુંસકમાં પણ ત્રણ ત્રણ ભેદ જાણવા.

ઉપર્યુક્ત તિર્યંચ આપાત પાછા બે પ્રકારે–મારકણાં અને નહિ મારકણાં તે પાછાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ દરેકમાં પુરૂષ, સ્ત્રી અને નપુંસક જાતિના, તેમાં નિંદનીય અને અનિંદનીય આ બધાની તાલીકા પરિશિષ્ટમાં જુઓ.

મુખ્ય રીતે અનાપાત અને અસંલોકમાં સ્થંડિલ જવું

મનોજ્ઞના આપાતમાં સ્થંડિલ જઈ શકાય. સાધ્વીનો આપાત એકાંતે વર્જવો.

## પરપક્ષના આપાતમાં થતા દોષો.

૧. લોકોને થાય કે 'અમે જે દિશામાં સ્થંડિલ જઇએ છીએ, ત્યાં આ સાધુઓ આવે છે તેથી અમારૂં અપમાન કરનારો છે અથવા અમારી સ્રીઓનો અભિલાષ હશે માટે આ દિશામાં જાય છે. અથવા કોઇ સ્રીએ સંકેત કરી રાખ્યો હશે, તેથી આ દિશામાં જાય છે. આથી શાસનનો ઉડ્ડાહ થાય.

૨. કદાચ પાણી ઓછું હોય, તો તેથી ઉડ્ડાહ થાય.

૩. કોઇ મોટો માણસ સાધુને તે દિશામાં સ્થંડિલ જતાં જોઇ ભિક્ષા આદિનો નિષેધ કરે.

૪. શ્રાવક આદિને ચારિત્ર સંબંધી શંકા થાય.

૫. કદાચ કોઇ સ્રી આદિ બલાત્કારે ગ્રહણ કરે.

## તિર્યંચના આપાતમાં થતા દોષો.

૧. મારકણું હોય તો શીંગડું આદિ મારે કરડી, જાય.

૨. હિંસક હોય તો ભક્ષણ કરી જાય.

૩. ગધેડી આદિ હોય તો મૈથુનની શંકા થઈ આવે.

## સંલોકમાં થતા દોષો.

તીર્યંચના સંલોકમાં કોઈ દોષ થતા નથી. મનુષ્યના સંલોકમાં ઉડ્ડાહ આદિ દોષો થાય. સ્રી આદિના સંલોકમાં મૂર્છા કે અનુરાગ થાય. માટે સ્રી આદિનો સંલોક હોય ત્યાં સ્થંડિલે ન જવું.

આપાત અને સંલોકના દોષો થાય એમ ન હોય

ત્યાં સ્થંડિલ જવું. સાધ્વીજીઓએ, આપાત હોય પણ સંલોક ન હોય, ત્યાં સ્થંડિલ જવું જોઇએ.

**સ્થંડિલ જવા માટે કાલસંજ્ઞા અને અકાલસંજ્ઞા.**

**કાલસંજ્ઞા**— ત્રીજી પોરિસીમાં સ્થંડિલ જવું તે.

**અકાલસંજ્ઞા**— ત્રીજી પોરિસી સિવાયના વખતે સ્થંડિલ જવું તે.

અથવા ગોચરી વાપર્યા પછી સ્થંડિલ જવું તે કાલસંજ્ઞા

અથવા અર્થ પોરિસી કર્યા પછી સ્થંડિલ જવું તે કાલસંજ્ઞા.

ચોમાસા સિવાયના કાળમાં ડગલ (ઇંટ આદિનો ટુકડો) લઈ તેનાથી સાફ કરી પછી ત્રણ વાર પાણીથી આચમન–સાફ કરવું.

સાપ, વિંછી આદિનાં દર ન હોય, કીડા, જીવજંતુ કે વનસ્પતિ ન હોય, તથા પ્રાસુક સમ–સરખી ભૂમિમાં છાંયો હોય ત્યાં સ્થંડિલે જવું.

પ્રાસુક ભૂમિ ઉત્કૃષ્ટથી બાર યોજનની, જઘન્યથી એક હાથ લાંબી પહોળી, આગાઢ કારણે જઘન્યથી ચાર આંગળ લાંબી પહોળી અને દશ દોષોથી રહિત જગ્યામાં ઉપયોગ કરવો.

૧. **આત્મ ઉપઘાત**–બગીચા આદિમાં જતાં.

૨. **પ્રવચન ઉપઘાત**–ખરાબ સ્થાન–વિષ્ટા આદિ હોય ત્યાં જતાં.

૩. **સંયમ ઉપઘાત**– અગ્નિ, વનસ્પતિ આદિ હોય, જ્યાં જવાથી ષડ્જીવનિકાયની વિરાધના થાય.

૪. **વિષમ જગ્યાએ** જતાં પડી જવાય, તેથી **આત્મ વિરાધના**, માત્રા આદિનો રેલો ઉતરે તેમાં ત્રસ આદિ જીવોની વિરાધના થાય તેથી **સંયમ વિરાધના.**

૫. **પોલાણુવાળી જગ્યાએ** જતાં, તેમાં વીંછી આદિ હોય તો કરડી જાય તેથી **આત્મ વિરાધના** પોલાણુમાં પાણી આદિ જતાં ત્રસ આદિ જીવોની વિરાધના થાય, તેથી **સંયમ વિરાધના.**

૬. મકાનોની નજીકમાં જાય, તો સંયમ વિરાધના અને આત્મવિરાધના.

૭. બીલવાળી જગ્યામાં જાય તો સંયમ વિરાધના અને આત્મવિરાધના.

૮. બીજ, ત્રસાદિ જીવો હોય ત્યાં જાય તો સંયમ વિરાધના અને આત્મવિરાધના.

૯. સચિત્ત ભૂમિમાં જાય તો સંયમ વિરાધના અને આત્મવિરાધના.

૧૦ એક હાથથી ઓછી અચિત્ત ભૂમિમાં જાય તો સંયમ વિરાધના, આત્મવિરાધના. આ દશના એકાદિ સાંયોગિક ભાંગા ૧૦૨૪ થાય છે.

સ્થંડિલ બેસતાં 'અણુજાણહ જસ્સુગ્ગહો' અને ઉઠતાં 'વોસિરે વોસિરે વોસિરે' કહેવું.

પૂર્વ દિશા અને ઉત્તર દિશાને પીઠ કરીને બેસવું નહિ, કેમકે તે બે દિશાઓ પૂજ્ય ગણાય છે. રાત્રે દક્ષિણ દિશાએ પીઠ કરવી નહિ, કેમકે રાત્રે પિશાચાદિ આવતા હોય છે. પવનને પીઠ ન કરવી, કેમકે દુર્ગંધ નાકમાં જાય તો તેથી મસા થાય. સૂર્ય તથા ગામને પીઠ ન કરવી. કેમકે તેથી અપયશ થાય.

પેટમાં કૃમી થયેલાં હોય અને છાંયો ન મળે તો વોસિરાવીને બે ઘડી સુધી ત્યાં શરીરની છાયા કરીને

ઉભા-રહેવું, જેથી બે ઘડીમાં કૃમી સ્વયં પરિણમન પામી જાય.

રજોહરણ, દાંડો ડાબી સાથળ ઉપર રાખવો અને પાત્ર જમણા હાથમાં રાખી ત્રણ વાર આચમન કરી શુદ્ધિ કરવી.

કુશીલ, સંવિજ્ઞપાક્ષિક આદિનું જવું આવવું હોય તો વધારે પાણીથી શુદ્ધિ કરવી.

**૪. અવષ્ટંભ—** લીપેલી ભીંત થાંભલા આદિને ટેકો ન દેવો. કેમકે ત્યાં નિરંતર ત્રસ જીવો રહેલા હોય છે. પુંજીને પણ ટેકો ન દેવો. ટેકો દેવાની જરૂર પડે તો છો આદિ લગાવેલી ભીંત આદિ હોય તો પુંજીને ટેકો દેવો.

**૫. માર્ગ**—રસ્તામાં ચાલતાં ચાર હાથ પ્રમાણ ભૂમિ જોઈને ચાલવું, કેમકે ચાર હાથની અંદર દૃષ્ટિ રાખી હોય તો જીવ આદિ જોતાં એકદમ પગ મૂકાતો રોકી શકાય નહિ, ચાર હાથથી દૂર નજર રાખી હોય, તો નજીક રહેલા જીવોની રક્ષા થઈ શકે નહિ, જોયા વગર ચાલે તો રસ્તામાં ખાડો આદિ આવે, તો પડી જવાય, તેથી પગમાં કાંટા આદિ વાગે કે પગ ઉતરી જાય, તથા જીવોની વિરાધના આદિ થાય, માટે ચાર હાથ પ્રમાણ ભૂમિ ઉપર નજર રાખીને ઉપયોગ પૂર્વક ચાલવું.

આ પ્રમાણે પડિલેહણની વિધિ શ્રી ગણધર ભગવંતોએ કહેલી છે. આ પડિલેહણ વિધિને આચરતાં ચરણકરણાનું યોગવાળા સાધુઓ અનેક ભવમાં બાંધેલાં અનંતા કર્મોને ખપાવે છે.

# બીજું પિંડ દ્વાર

**હવે પિંડ અને એષણાનું સ્વરૂપ કહેવામાં આવે છે.**

પિંડની એષણા ત્રણ પ્રકારે:— **૧. ગવેષણા, ૨. ગ્રહણ એષણા, ૩. ગ્રાસ એષણા.**

પિંડ ત્રણ પ્રકારે– સચિત્ત, અચિત્ત, અને મિશ્ર તેમાં.

**અચિત્તપિંડ દશ પ્રકારે**— ૧. પૃથ્વીકાય પિંડ, ૨. અપ્‌કાય પિંડ, ૩. તેજસ્કાય પિંડ, ૪. વાયુકાય પિંડ, ૫. વનસ્પતિકાય પિંડ, ૬. બેઇન્દ્રિય પિંડ, ૭. તેઇન્દ્રિય પિંડ, ૮. ચઉરિન્દ્રિય પિંડ, ૯. પંચેન્દ્રિય પિંડ, અને ૧૦. પાત્ર માટે લેપ પિંડ.

**સચિત્ત પિંડ અને મિશ્રપિંડ**— લેપ પિંડ સિવાય નવ નવ પ્રકારે

પૃથ્વીકાયથી પંચેન્દ્રિય સુધીના પિંડ ત્રણ પ્રકારે. **સચિત્ત** જીવવાળો **મિશ્ર** જીવસહિત અને જીવરહિત **અચિત્ત** જીવરહિત.

૧. **પૃથ્વીકાય પિંડ**– સચિત્ત, મિશ્ર, અચિત્ત.

સચિત્ત બે પ્રકારે નિશ્ચયથી સચિત્ત અને વ્યવહારથી સચિત્ત **નિશ્ચયથી સચિત્ત**–રત્નપ્રભા, શર્કરાપ્રભા આદિ પૃથ્વી, હિમવંત આદિ મહાપર્વતોના મધ્ય ભાગ આદિ.

**વ્યવહારથી સચિત્ત**– જ્યાં ગોમય–છાણ વગેરે પડયાં ન હોય સૂર્યનો તાપ કે મનુષ્ય વગેરેની અવર–જવર

ન હોય તેવાં જંગલ આદિ.

**મિશ્રપૃથ્વીકાય**– ક્ષીરવૃક્ષ, વડ, ઉદુમ્બર આદિ વૃક્ષોની નીચેનો ભાગ, એટલે ઝાડ નીચેનો છાયાવાળો બેસવાનો ભાગ મિશ્ર પૃથ્વીકાય હોય છે, હળથી ખેડેલી જમીન આર્દ્ર હોય ત્યાં સુધી, ભીની માટી એક બે ત્રણ પ્રહર સુધી મિશ્ર હોય છે.

ઇંધન ઘણું હોય પૃથ્વી થોડી હોય તો એક પ્રહર સુધી મિશ્ર.

ઇંધન થોડું હોય પૃથ્વી ઘણી હોય તો ત્રણ પ્રહર સુધી મિશ્ર.

બન્ને સરખા હોય તો બે પ્રહર સુધી મિશ્ર.

**અચિત્ત પૃથ્વીકાય**– શીત શસ્ત્ર, ઉષ્ણશસ્ત્ર, તેલ, ક્ષાર, બકરીની લીંડી, અગ્નિ, લવણ, કાંજી, ઘી આદિથી હણાયેલ પૃથ્વી, અચિત્ત થાય છે.

**અચિત્ત પૃથ્વીકાયનો ઉપયોગ**– લૂતા સ્ફોટથી થયેલા દાહને શમાવવા માટે શેક કરવા, સર્પદંશ ઉપર શેક વગેરે કરવા માટે, (દંશ કે ઝેર ચઢયું હોય ત્યાં અચિત્ત માટીનો પાટો બંધાય છે.) અચિત્ત મીઠાનો તેમજ બીમારી આદિમાં અને કાઉસ્સગ્ગ કરવા માટે, બેસવા ઉઠવા, ચાલવા વગેરે કાર્યોમાં તેનો ઉપયોગ થાય છે.

**૨. અપ્કાયપિંડ**– સચિત્ત, મિશ્ર, અચિત્ત.

સચિત્ત બે પ્રકારે– નિશ્ચયથી અને વ્યવહારથી.

**નિશ્ચયથી સચિત્ત**– ઘનોદધિ આદિ, કરા, દ્રહ–સમુદ્રના મધ્ય ભાગ આદિનું પાણી.

**વ્યવહારથી સચિત્ત**— કુવા, તળાવ, વરસાદ આદિનું પાણી.

**મિશ્ર અપ્કાય**— બરાબર નહિ ઉકળેલું પાણી, જ્યાં સુધી ત્રણ ઉકાળા આવે નહિ ત્યાં સુધી મિશ્ર, વરસાદનું પાણી પ્રથમવાર ભૂમિ ઉપર પડતાં મિશ્ર હોય છે.

**અચિત્ત અપ્કાય**— ત્રણ ઉકાળા આવેલું પાણી તથા બીજાં શસ્ત્ર આદિથી હણાયેલું પાણી અચિત્ત થઇ જાય છે.

**અચિત્ત અપ્કાયનો ઉપયોગ**— શેક કરવો. તૃષા છીપાવવી, હાથ, પગ, વસ્ત્ર, પાત્ર આદિ ધોવાં વગેરેમાં ઉપયોગ થાય છે.

વર્ષાઋતુની શરૂઆતમાં વસ્ત્રનો કાપ કાઢવો જોઈએ. તે સિવાય શિયાળા અને ઉનાળામાં વસ્ત્રનો કાપ કાઢે તો બકુશ ચારિત્રવાળો, વિભૂષણશીલ થાય અને તેથી બ્રહ્મચર્યનો વિનાશ થાય. લોકોને શંકા થાય કે 'ઉજળાં વસ્ત્ર ઓઢે છે, માટે નક્કી કામી હશે.'

કપડાં ધોવામાં સંપાતિત જીવો તથા વાયુકાય જીવોની વિરાધના થાય.

**પ્રશ્ન**— જો વસ્ત્રનો કાપ કાઢવામાં દોષ રહેલા છે, તો પછી વસ્ત્રનો કાપ જ ન કાઢવો, જેથી કોઈ જાતના દોષ ન લાગે.

**ઉત્તર**— વર્ષાકાલ પહેલાં કાપ કાઢવો જોઇએ, ન કાઢે તો દોષો થાય. કપડાં મેલાં થવાથી ભારે થાય, લીલ ફુલ થાય, જૂ આદિ પડે, મેલાં કપડાં ઓઢવાથી અજીર્ણ

આદિ થાય, તેથી માંદગી આવે. માટે વર્ષાઋતુની શરૂઆત થાય તે પહેલાં પંદર દિવસ અગાઉ અવશ્ય કપડાનો કાપ કાઢવો જોઇએ. પાણી વધારે ન હોય તો છેવટે ઝોલી પડલાંનો તો અવશ્ય કાપ કાઢવો, જેથી ગૃહસ્થોમાં જુગુપ્સા ન થાય.

**પ્રશ્ન**– તો શું બધાનો બાર મહિને કાપ કાઢવો ?

**ઉત્તર**– ના આચાર્ય તથા ગ્લાન આદિનાં મેલાં થતાં વસ્ત્રો ધોઇ નાખવાં જેથી લોકમાં નીંદા કે ગ્લાન આદિને અજીર્ણ વગેરે ન થાય.

**કપડાનો કાપ કેવી રીતે કાઢવો?** કપડામાં જૂ આદિની પરીક્ષા કર્યા બાદ કાપ કાઢવો. જૂ આદિ હોય તો તેને જયણા પૂર્વક દૂર કરીને પછી કાપ કાઢવો.

સૌથી પહેલાં ગુરૂની ઉપધિ, પછી અનશન કરેલા સાધુની ઉપધિ, પછી ગ્લાનની ઉપધિ, પછી નવ દીક્ષિત સાધુની ઉપધિ, ત્યાર પછી પોતાની ઉપધિનો કાપ કાઢવો.

ધોબીની માફક કપડાં પછાડીને ન ધોવાં, સ્ત્રીની માફક ધોકા મારીને કપડાં ન ધોવાં, પણ જયણા પૂર્વક બે હાથથી મસળીને કાપ કાઢવો. કાપ કાઢયા પછી કપડાં છાંયડે સુકવવાં પણ તડકે સુકવવાં નહિ. એક વાર કાપ કાઢયાનું એક કલ્યાણક પ્રાયશ્ચિત્ત આવે છે.

**૩. અગ્નિકાય પિંડ**— સચિત્ત, મિશ્ર, અચિત્ત.

સચિત્ત બે પ્રકારે નિશ્ચયથી અને વ્યવહારથી.

**નિશ્ચયથી સચિત**— ઇંટના નીભાડાના મધ્ય ભાગનો તથા વિજળી વગેરેનો અગ્નિ.

**વ્યવહારથી સચિત્ત**- અંગારા આદિનો અગ્નિ.

**મિશ્ર**— તણખા, મુર્મુરાદિનો અગ્નિ.

**અચિત્ત અગ્નિ**— ભાત, કૂર, શાક, ઓસામણ, ઉકાળેલું પાણી આદિ અગ્નિથી પરિપકવ થયેલ.

**અચિત્ત અગ્નિકાયનો ઉપયોગ**- ઈંટના ટુકડા, રાખ, અસ્રા આદિનો ઉપયોગ કરાય છે, તથા આહાર પાણી આદિનો વાપરવામાં ઉપયોગ કરાય છે.

અગ્નિકાયનાં શરીર બે પ્રકારનાં હોય છે બદ્ધેલક અને મુક્કેલક.

**બદ્ધેલક**- એટલે અગ્નિ સાથે સંબંધિત હોય તેવાં.

**મુક્કેલક**— અગ્નિરૂપ બનીને છુટાં પડી ગયાં હોય તેવાં.

આહાર આદિ મુક્કેલક અગ્નિકાય કહેવાય છે અને તેનો ઉપયોગ વાપરવામાં થાય છે.

**૪. વાયુકાયપિંડ**- સચિત્ત, મિશ્ર, અચિત્ત.

સચિત્ત બે પ્રકારે. નિશ્ચયથી અને વ્યવહારથી.

**નિશ્ચયથી સચિત્ત** રત્નપ્રભાદિ પૃથ્વીઓની નીચે વલયાકારે રહેલો ઘનવાત, તનવાત, અતિ ઠંડીમાં જે વાયુ વાય તે અતિ દુર્દિનમાં વાતો વાયુ આદિ.

**વ્યવહારથી સચિત્ત**- પૂર્વ આદિ દિશાનો પવન અતિ ઠંડી અને અતિ દુર્દિન સિવાયનો વાતો વાયુ.

**મિશ્ર**— દતિ આદિમાં ભરેલો વાયુ અમુક ટાઇમ પછી મિશ્ર.

**અચિત્ત**- પાંચ પ્રકારે:— **૧. આક્રાંત:**— કાદવ આદિ દબાવાથી નીકળતો વાયુ.

૨. **ધંત**– મસક આદિનો વાયુ.

૩. **પીલત**— ધમણ આદિનો વાયુ.

૪. **શરીર અનુગત**— શ્વાસોશ્વાસ—શરીરમાં રહેલો વાયુ.

૫. **સમુચ્છિમ**— પંખા આદિનો વાયુ.

**મિશ્રવાયુ**– અમુક ટાઈમ સુધી મિશ્ર પછી સચિત્ત.

**અચિત્તવાયુ કાયનો ઉપયોગ**— અચિત વાયુ ભરેલી મશક તરવાના કામમાં લેવાય છે. તથા ગ્લાન આદિનો ઉપયોગમાં લેવાય છે.

## અચિત્ત વાયુ ક્યાં સુધી રહે?

અચિત્ત વાયુ ભરેલી મસક- **ક્ષેત્રથી** સો હાથ સુધી તરે ત્યાં સુધી અચિત્ત. બીજા સો હાથ સુધી એટલે એકસો એકમાં હાથથી બસો હાથ સુધી મિશ્ર, બસો હાથ પછી વાયુ સચિત્ત થઇ જાય છે.

સ્નિગ્ધ (ચોમાસું) રૂક્ષ (શિયાળો–ઉનાળો) કાળમાં જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ અચિત્ત આદિવાયુ નીચે પ્રમાણે જાણવો.

| કાળ | અચિત્ત | મિશ્ર | સચિત્ત |
|---|---|---|---|
| ઉત્કૃષ્ટ સ્નિધકાળ | એક પ્રહર સુધી | બીજા પ્રહર સુધી | ત્રીજા પ્રહરની શરૂઆતથી. |
| મધ્યમ ,, | બે ,, | ત્રીજા , | ચોથા પ્રહરની શરૂઆતથી. |
| જઘન્ય ,, | ત્રણ ,, | ચાર ,, | પાંચમા પ્રહરની શરૂઆતથી. |
| જઘન્ય રૂક્ષકાળ | એક દિવસ | બીજે દિવસે | ત્રીજે દિવસે |
| મધ્યમ ,, | બે દિવસ | ત્રીજે દિવસે | ચોથે દિવસે |
| ઉત્કૃષ્ટ ,, | ત્રણ દિવસ | ચોથે દિવસે | પાંચમે દિવસે |

**૫. વનસ્પતિકાય પિંડ**—સચિત્ત, મિશ્ર, અચિત્ત.
સચિત્ત બે પ્રકારે- નિશ્ચયથી અને વ્યવહારથી.
**નિશ્ચયથી સચિત્ત**-અનંતકાય વનસ્પતિ.
**વ્યવહારથી સચિત્ત**-પ્રત્યેક વનસ્પતિ.

**મિશ્ર**- ચીમળાએલાં ફળ, પત્ર, પુષ્પ આદિ, ચાળ્યા વિનાનો લોટ, ખાંડેલી ડાંગર આદિ.

**અચિત્ત**- શસ્ત્ર આદિથી પરિણુત થયેલ વનસ્પતિ.

**અચિત્ત વનસ્પતિનો ઉપયોગ**- સંથારો, કપડાં, ઔષધ આદિમાં ઉપયોગ થાય છે.

| | |
|---|---|
| ૬. **બેઇન્દ્રિય પિંડ**<br>૭. **તેઇન્દ્રિય પિંડ**<br>૮. **ચઉરિન્દ્રિય પિંડ** | આ બધા એક સાથે પોત પોતાના સમૂહરૂપ હોય ત્યારે પિંડ કહેવાય છે. તે પણ સચિત્ત, મિશ્ર, અને અચિત્ત ત્રણ પ્રકારે હોય છે. |

**અચિત્તનું પ્રયોજન**- બેઇન્દ્રિય ચંદનક, શંખ છીપ આદિ સ્થાપના ઔષધ વગેરે કાર્યોમાં.

**તેઇન્દ્રિય**- ઉધેહીની માટી આદિ.

**ચઉરિન્દ્રિય**- શરીર આરોગ્ય માટે ઉલ્ટી વગેરે કાર્યમાં માખીની અઘાર વગેરે.

**૯. પંચેન્દ્રિયપિંડ**- ચાર પ્રકારે નારકી, તીર્યંચ, મનુષ્ય, દેવતા.

**૧. નારકીનો**- વ્યવહાર કોઇ રીતે થઈ શકતો નથી.

**૨. તીર્યંચ પંચેન્દ્રિયનો ઉપયોગ**- ચામડું, હાડકાં, વાળ, દાંત, નખ, રોમ, શીંગડાં, વિષ્ટા મુત્ર આદિનો

કારણ પ્રસંગે ઉપયોગ કરાય છે. તથા વસ્ત્ર, દૂધ, દહીં; ઘી, આદિનો ઉપયોગ કરાય છે.

**મનુષ્યનો ઉપયોગ**– સચિત્ત મનુષ્યનો ઉપયોગ દીક્ષા આપવામાં તથા માર્ગ પૂછવા માટે થાય છે.

અચિત્ત મનુષ્યની ખોપરી વેશ પરિવર્તન આદિ કરવા માટે કામ પડે, તથા ઘસીને ઉપદ્રવ શાંત કરવા માટે.

મિશ્ર મનુષ્યનો ઉપયોગ રસ્તો આદિ પૂછવા માટે

**દેવનો ઉપયોગ**– તપસ્વી કે આચાર્ય પોતાનું મૃત્યુ આદિ પૂછવા માટે તથા શુભાશુભ પૂછવા માટે કે સંઘ સંબંધી કોઈ કાર્ય માટે દેવનો ઉપયોગ કરે. આ પ્રમાણે સચિત્ત–અચિત્ત–મિશ્ર. નવ પ્રકારના પિંડોની હકીકત થઈ, હવે દશમો અચિત્તલેપ પિંડ કહે છે.

**૧૦. લેપ પિંડ**[૧]– પૃથ્વીકાયથી મનુષ્ય સુધી આ નવેના સંયોગથી ઉત્પન્ન થયેલો લેપ પિંડ હોય છે. કેવી રીતે ?

ગાડાના અક્ષમાં પૃથ્વીની રજ લાગેલ હોય તેથી પૃથ્વીકાય.

ગાડું નદી ઉતરતાં પાણી લાગેલું હોય તેથી અપ્કાય.

ગાડાનું લોઢું ઘસાતાં અગ્નિ ઉત્પન્ન થાય તેથી તેઉકાય.

જ્યાં અગ્નિ હોય ત્યાં વાયુકાય છે તેથી વાયુકાય.

---

૧. કેટલાક લેપ પિંડને અર્વાક્કાલિન કહીને અયોગ્ય ઠરાવે છે. તેઓને શાસ્ત્રકારે ઉત્તર આપ્યો છે કે ભગવાને પાત્રૈષણાની સાથે લેપૈષણા કહીને લેપને અનિવાર્ય ગણાવ્યો છે, એટલે તે યોગ્ય અને શાસ્ત્રીય છે.

અક્ષ લાકડાનો હોય તેથી વનસ્પતિકાય.

મળીમાં સંપાતિમ જીવ પડયા હોય તેથી બેઇન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, અને દોરડું ઘસાય છે તેથી પંચેન્દ્રિય.

**લેપ પિંડનો ઉપયોગ**– લેપનું ગ્રહણ પાત્રાદિ રંગવા માટે કરાય છે. લેપ યતના પૂર્વક ગ્રહણ કરવો. ગાડા પાસે જઈ તેના માલિકને પૂછીને લેપ ગ્રહણ કરવો. શય્યાતરના ગાડાનો લેપ ગ્રહણ કરવામાં શય્યાતર પિંડનો દોષ લાગતો નથી.

લેપની છેટેથી સૂંઘીને પરીક્ષા કરવી. મીઠો હોય તો ગ્રહણ કરવો.

લેપ લેવા જતાં ગુરુમહારાજને વંદન કરી પૂછીને જવું

પ્રથમ નવા પાત્રાને લેપ કરવો પછી જુનાં પાત્રાને લેપ કરવો જુના પાત્રાં ઉખડી ગયાં હોય તો તે ગુરુમહારાજને બતાવીને પછી લેપ કરવો, પૂછવાનું કારણ એ છે કે કોઇ નવા સાધુ સૂત્ર અર્થ ગ્રહણ કરવા માટે આવવાના હોય તો પાત્રાને લેપ કરવાનો નિષેધ કરી. શકે અથવા તો કોઇ માયાવી હોય તો તેની વારણા કરી શકાય.

સવારમાં લેપ લગાવી પાત્રને સૂકાવા દેવું શક્તિ હોય તો ઉપવાસ કરીને લેપ કરવો. ઉપવાસની શકિત ન હોય તો લેપ કરેલું પાત્ર બીજાને સાચવવા સોંપીને વાપરવા જાય. બીજાને ન સોંપે અને એમને એમ મૂકીને જાય તો સંપાતિમ જીવોની વિરાધના થાય. લેપની પોટલી બનાવી પાતરાને રંગે, પછી આંગળી વડે સુંવાળા બનાવે.

લેપ બે ત્રણ કે પાંચ વાર લગાવવો.

પાત્રાનો લેપ વિભૂષા માટે ન કરે પણ સંયમને માટે કરે. વધેલો લેપ રૂ વગેરે સાથે રાખમાં મસળીને પરઠવી દેવો.


લેપ બે પ્રકારના છે એક યુક્તિ લેપ, બીજો ખંજન લેપ. અનેક વસ્તુ મેળવીને થતો યુક્તિ લેપ નિષિદ્ધ છે, કારણ કે તેમાં સંનિધિ કરવી પડે છે.

શિયાળામાં પહેલા અને ચોથા પ્રહરમાં લેપ લગાવેલાં પાત્રા તડકામાં ન સુકવવા.

ઉનાળામાં પહેલા અર્ધ પ્રહર અને છેલ્લો અર્ધ પ્રહરમાં લેપ લગાવેલાં પાત્રા તડકામાં ન સૂકવવા.

આ કાળ સ્નિગ્ધ હોવાથી લેપનો વિનાશ થાય માટે ન સૂકવવાં. પાત્રાં ઘણા તાપમાં સુકવવાથી લેપ જલ્દી સુકાઈ જાય.

પાત્ર તૂટેલું હોય, મુદ્રિકાબંધથી તથા નાવાબંધથી સાંધવું. પણ સ્તેનબંધથી ન સાંધવું.

મુદ્રિકાબંધ  નાવાબંધ બે પ્રકારે  સ્તેન બંધમાં બેય બાજુ સાંધા ન દેખાય તે રીતે પાત્રને અંદરથી સાંધવું, આથી પાત્ર નિર્બળ બને છે.

**પિંડના એક અર્થવાળાં નામો–** પિંડ, નિકાય, સમૂહ સંપિંડન, પિંડના, સમવાય, સમવસરણ, નિચય, ઉપચય, ચય, જુમ્મ અને રાશી આ રીતે દ્રવ્યપિંડ કહ્યો હવે ભાવપિંડ કહે છે.

**ભાવપિંડ**– બે પ્રકારે પ્રશસ્ત અને અપ્રશસ્ત

**અપ્રશસ્ત ભાવપિંડ**– બે પ્રકારે, સાત પ્રકારે, આઠપ્રકારે, અને ચાર પ્રકારે

બે પ્રકારે– રાગથી અને દ્વેષથી.

સાત પ્રકારે ૧. ઈહિલોકભય, ૨. પરલોકભય, ૩. આદાનભય, ૪. અકસ્માત્‌ભય, ૫ આજીવિકાભય ૬ મરણ-ભય અને ૭. અપયશભય.

આઠપ્રકારે–આઠ મદના સ્થાનથી ૧. જાતિ ૨. કુલ ૩. બળ, ૪. રૂપ, ૫. તપ ૬. સત્તા, ૭. શ્રુત અને ૮. લાભથી તથા આઠ કર્મના ઉદયથી.

ચારપ્રકારે– ક્રોધ, માન, માયા, અને લોભથી પિંડ ગ્રહણ કરવો તે અપ્રશસ્ત પિંડ.

અપ્રશસ્ત પિંડથી આત્મા કર્મે કરીને બંધાય છે.

**પ્રશસ્ત ભાવ પિંડ**– ત્રણ પ્રકારે. ૧. જ્ઞાન વિષય ૨. દર્શન વિષય, ૩. ચારિત્ર વિષય, એટલે જે પિંડથી જ્ઞાનની વૃદ્ધિ થાય, તે જ્ઞાનપિંડ.

જે પિંડથી દર્શનની વૃદ્ધિ થાય તે દર્શનપિંડ.

જે પિંડથી ચારિત્રની વૃદ્ધિ થાય, તે ચારિત્રપિંડ.

જ્ઞાન. દર્શન અને ચારિત્રની વૃદ્ધિ થાય, તે માટે શુદ્ધ અહાર આદિ ગ્રહણ કરવાં. લેપ કરેલા પાત્રમાં આહારાદિ ગ્રહણ કરાય, છે તે એષણા યુક્ત હોવો જોઇએ, એટલે હવે એષણાનું સ્વરૂપ કહીએ છીએ.

## એષણા

એષણા ત્રણ પ્રકારે– **૧. ગવેષણા એષણા,** ૨. **ગ્રહણ એષણા,** ૩. **ગ્રાસ એષણા.**

## (૧) ગવેષણા એષણા

| દ્વાર. | |
|---|---|
| ૧. પ્રમાણ. | ૧. **પ્રમાણ**– ભિક્ષા માટે ગૃહસ્થોના ઘેર બે વાર જવું. ૧. અકાલે ઠલ્લાની શંકા થઇ હોય તો તે વખતે પાણી લેવા ૨. ભિક્ષા વખતે ગોચરી અને પાણી લેવા. |
| ૨. કાલ. | ૨. **કાલ**– જે ગામમાં ભિક્ષાનો જે વખત હોય તે ટાઇમે જવું. ટાઇમ પહેલાં જાય તો જો પ્રાન્ત દ્વેષવાળા ગૃહસ્થ હોય તો નીચે પ્રમાણે દોષો થાય. |
| ૩. આવશ્યક. | |
| ૪. સંઘાટ્ટક. | |
| ૫. ઉપકરણ. | |
| ૬. માત્રક. | |
| ૭. કાઉસ્સગ્ગ. | |
| ૮. યોગ. | |
| અપવાદ | |

૧. જો તે સાધુનું દર્શન અમંગલ માનતો હોય તો સાધુ જોવામાં આવતાં પરાભવ–અપમાન કરે નિંદા કરે, મારે.

૨. આ સાધુડા પેટ ભરવામાં સમજ્યા છે, અત્યારમાં નીકળી પડયા વગેરે.

૩. ભિક્ષા ટાઇમ થયા પછી ગોચરી જાય તો જો ગૃહસ્થ સરળ હોય તો ઘરમાં કહે કે હવેથી આ ટાઇમે રસોઇ તૈયાર થાય તેમ કરજો, આથી ઉદ્ગમ-આધાકર્મ આદિ દોષો થાય. અથવા સાધુ માટે આહારાદિ રાખી મૂકે.

૪. ગૃહસ્થ પ્રાન્ત હોય તો નિંદા કરે કે, શું આ ભિક્ષાનો ટાઇમ છે ? નહિ સવારનો નહિ બપોરનો ?

૫. ટાઇમ સિવાય ભિક્ષાએ જવાથી ઘણું ફરવું પડે તેથી શરીરને કલેશ થાય.

૬. ભિક્ષાના ટાઈમ પહેલાં જાય તો, જો ભદ્રક હોય તો રસોઇ વહેલી કરે, પ્રાન્ત હોય તો હીલના આદિ કરે. માટે જ્યાં જ્યારે ભિક્ષાનો ટાઈમ થતો હોય ત્યાં તે ટાઈમે ભિક્ષાએ જવું.

**૩. આવશ્યક–** ઠલ્લા માત્રાદિનીશંકા દૂર કરીને ભિક્ષાએ જવું. ઉપાશ્રયની બહાર નીકળતાં 'આવસ્સહિ' કહેવી.

**૪. સંઘાટ્ટક–** બે સાધુએ સાથે ભિક્ષાએ જવું. એકલા જવામાં અનેક દોષોનો સંભવ છે. સ્ત્રીનો ઉપદ્રવ થાય અથવા કૂતરાં, પ્રત્યનીક આદિથી ઉપઘાત થાય.

## સાધુ એકલો ભિક્ષાએ કેમ જાય ?

૧. હું લબ્ધિમાન્ છું એટલે એકલો જાય,

૨. ભિક્ષા માટે જાય ત્યાં ધર્મકથા કરવા માંડે તેથી તેની સાથે બીજા સાધુ જાય નહિ.

૩. માયાવી હોવાથી એકલો જાય. સારૂં સારૂં બહાર વાપરી લે અને સામાન્ય ગોચરી વસતિમાં લાવે તેથી સાથે બીજા સાધુને લઇ ન જાય.

૪. આળસુ હોવાથી એકલો ગોચરી લાવીને વાપરે.

૫. લુબ્ધ હોવાથી બીજો સાધુ સાથે હોય તો વિગઇ આદિ માગી ન શકે માટે એકલો જાય.

૬. નિર્ધર્મિ હોવાથી અનેષણીય ગ્રહણ કરે, તેથી એકલો જાય.

૭. દુકાળ આદિ કારણે જુદા જુદા જાય તો ભિક્ષા મળી શકે માટે એકલા જાય.

૮. આત્માધિષ્ઠિત એટલે પોતાને જે મળે તે જ

વાપરવું તેથી એકલો જાય.

૮. વઢકણો હોય તેથી તેની સાથે કોઇ ન જાય.

**૫. ઉપકરણ–** ઉત્સર્ગથી સઘળાં ઉપકરણો સાથે લઈને ભિક્ષાએ જાય. બધાં ઉપકરણ સાથે લઈને ભિક્ષા ફરવા સમર્થ ન હોય તો પાત્રાં, પડલાં રજોહરણ, બે વસ્ત્ર (એક સુતરાઉ બીજુ ઊનનું) અને દાંડો લઇને ગોચરી જાય.

**૬. માત્રક–** પાત્રાની સાથે બીજું માત્રક લઇને ભિક્ષાએ જાય.

**૭. કાઉસ્સગ્ગ– 'उपयोग करावणियं'** નો આઠ શ્વાસોશ્વાસનો કાઉસ્સગ્ગ કરીને આદેશ માંગે. **'संदिसह'** આચાર્ય કહે **'लाभ'**, સાધુ કહે **'कहंति (कहंलेसु)**, આચાર્ય કહે **'तहत्ति' (जहा गहिअं पुव्व साहूहिं)**

**૮. યોગ–** પછી કહે કે **'आवस्सियाओ जस्स जोगो** જે જે સંયમને ઉપયોગી હશે તે તે ગ્રહણ કરીશ.

**અપવાદો–** ૧. આચાર્ય, ગ્લાન, બાલ, તપસ્વી આદિ માટે બેથી વધુ વાર ગોચરી જાય. ગયા પછી ઠલ્લા માત્રાની શંકા થઇ આવે તો યતના પૂર્વક ગૃહસ્થની રજા લઈને શંકા દૂર કરે.

૨. સાથે ગોચરી ફરતાં ટાઈમ પહોંચે એમ ન હોય તો બન્ને જુદા જુદા થઈ જાય.

૩. એકાકી ગોચરી ગયા હોય અને કદાચ સ્ત્રી, ભોગ માટે પ્રાર્થના કરે, તો તેને સમજાવે કે 'મૈથુન સેવવાથી આત્મા નરકમાં જાય છે' ઇત્યાદિ સમજાવવા છતાં ન છોડે તો કહે કે 'મારાં મહાવ્રતો ગુરૂ પાસે મૂકીને

આવુ.' આમ કહીને ઘરની બહાર નીકળી જાય. તે જવા ન દે તો કહે કે 'એક ઓરડામાં મારાં વ્રતો મૂકી દઉ' પછી ઓરડામાં જઇ ગળે ફાંસો નાખે. આ જોઇને ભયથી તે સ્ત્રીનો મોહોદય શમી જાય અને છોડી મૂકે. આમ કરવા છતાં કદાચ તે સ્ત્રીનો મોહોદય ન શમે તો ગળે ફાંસો ખઇને મરી જાય. પણ વ્રતોનું ખંડન ન કરે. આ રીતે સ્ત્રીની યતના કરે.

૪. કૂતરાં, ગાય આદિની દાંડાવતી યતના કરે.

૫. પ્રત્યનીક વિરોધીના ઘરમાં જવું નહિ, કદાચ તેના ઘરમાં પ્રવેશ થઇ જાય અને પ્રત્યનીક પકડે તો બૂમાબૂમ કરવી જેથી લોકો ભેગા થઈ જાય, એટલે ત્યાંથી નીકળી જાય.

## ભિક્ષા ગ્રહણ કરતાં પાંચ મહાવ્રતની યતના.

**૧. પ્રાણાતિપાત વિરમણવ્રત યતના**– ભિક્ષા ગ્રહણ કરતાં કોઈ જીવની વિરાધના ન થાય તેનો ઉપયોગ રાખવો.

**૨. મૃષાવાદ વિરમણવ્રતયતના**-કોઈ નિમિત્તાદિ પૂછે તો કહે કે હું જાણતો નથી.

**૩. અદત્તાદાન વિરમણવ્રત યતના**– હિરણ્ય, ધન, આદિ રહેલું હોય ત્યાં જવું નહિ.

**૪. મૈથુન વિરમણવ્રત યતના**– ઉપર કહ્યા મુજબ બ્રહ્મચર્યવ્રતનું રક્ષણ કરવું.

**૫. પરિગ્રહ વિરમણવ્રત યતના**– ઉદ્‌ગમાદિ દોષોથી રહિત આહાર આદિની ગવેષણા કરવી. અશુદ્ધ સંસક્ત આહાર પાણી આવી જાય તો ખબર પડતાં તુરત

પરઠવી દેવાં.

**બીજા ગામમાં ગોચરી જાય ત્યાં ભિક્ષાવેળા થઈ છે કે નહિ? તે કોને કેવી રીતે પૂછવું?**
તરૂણ. મધ્યમ અને સ્થવિર. દરેકમાં સ્ત્રી, પુરૂષ અને નપુંસક આ બધામાં પહેલાં પૃષ્ઠ ૩૨ ઉપર કહી ગયા છીએ તે પ્રમાણે યતના પૂર્વક પૂછવું.

ભિક્ષા વખત થઈ ગયો હોય તો પગ પૂંજીને ગામમાં પ્રવેશ કરે. ગામમાં એક સામાચારીવાળા સાધુ હોય તો ઉપકરણ બહાર મૂકી અંદર જઈ દ્વાદશાવર્ત વંદન કરે. પછી સ્થાપનાદિ કુળો પૂછીને ગોચરી જાય.

ભિન્ન સામાચારીવાળા સાધુ સામા મળે, તો થોભવંદન (બે હાથ જોડીને '**मत्थएण वंदामि**') કરે.

છ જીવનિકાયની રક્ષા કરવાવાળો સાધુ પણ જો અ યતનાથી આહાર, નિહાર કરે કે જુગુપ્સિતલા મ્લેચ્છ, ચંડાદિ કુળમાંથી ભિક્ષા ગ્રહણ કરે તો તે બોધિ દુર્લભ કરે છે.

શ્રીજિનશાસનમાં દીક્ષા આપવામાં, વસતિ કરવામાં કે આહાર પાણી ગ્રહણ કરવામાં જેનો નિષેધ કર્યો છે, તેનું પ્રયત્ન પૂર્વક પાલન કરવું. અર્થાત્ તેવા નિષિધ્ધ-મનુષ્યોને દીક્ષા ન આપવી નિષિધ્ધ સ્થાનોમાં વસતિ ન કરવી, તેવાં નિષિધ્ધ ઘરોમાંથી ભિક્ષા ગ્રહણ ન કરવી.

**"जो जह व तह लद्धं, गिण्हइ आहार उवहिमाईयं।**
**समणगुणमुक्कजो। संसारपवड्ढओ भणिओ॥"**

જે સાધુ જેમ તેમ જે મળે તે દોષિત આહાર ઉપધિ આદિ ગ્રહણ કરે છે તે શ્રમણગુણથી રહિત થઈ

સંસારને વધારે છે.

જે પ્રવચનથી નિરપેક્ષ, આહાર આદિમાં નિઃશુક લુબ્ધ અને મોહવાળો થાય છે તેનો અનંત સંસાર શ્રી જિનેશ્વર ભગવંતોએ કહ્યો છે. માટે વિધિ પૂર્વક નિર્દોષ આહાર આદિની ગવેષણા કરવી.

ગવેષણા બે પ્રકારની છે. એક દ્રવ્ય ગવેષણા, બીજી ભાવ ગવેષણા.

## દ્રવ્યગવેષણાનું દૃષ્ટાંત.

વસંતપુર નામના નગરમાં જિતશત્રુ રાજાને ધારિણી નામની રાણી હતી. તે એક વાર ચિત્રસભામાં ગઇ, તેમાં સુવર્ણપીઠવાળુ હરણ જોયુ. તે રાણી ગર્ભવાળી હતી આથી તેને સુવર્ણપીઠવાળા મૃગનું માંસ ખાવાનો દોહલો (ઈચ્છા) થયો. તે ઇચ્છા પૂર્ણ નહિ થવાથી રાણી સુકાવા લાગી.

રાણીને દુર્બળ થતી જોઇ રાજાએ પૂછયું કે 'તું કેમ સુકાય છે, તારે શું દુઃખ છે.' રાણીએ સુવર્ણમૃગનું માંસ ખાવાની ઇચ્છા થયાની વાત કરી.

રાજાએ પોતાના માણસોને સુવર્ણમૃગને પકડી લાવવા હુકમ કર્યો. માણસોએ વિચાર કર્યો કે સુવર્ણમૃગને શ્રીપર્ણી ફળ (એક જાતનાં ફળ) ઘણાં પ્રિય હોય છે. પણ અત્યારે તે ફળોની ઋતુ નથી, માટે બનાવટી તેવાં ફળો બનાવીને જંગલમાં ગયા, અને ત્યાં તે બનાવટી ફળોના છુટાં છુટાં ઢગલા કરીને ઝાડની નીચે રાખ્યાં.

હરણીઆંઓએ તે ફળો જોયાં, નાયકને વાત કરી, બધાં ત્યાં આવ્યાં, નાયકે તે ફળો જોયાં અને બધાં

હરણીઆંઓને કહ્યું કે 'કોઈ ધૂર્તે આપણને પકડવા માટે આ પ્રમાણે કરેલું છે, કેમકે અત્યારે આ ફળોની ઋતુ નથી.' કદાચ તમે એમ કહો કે 'અકાલે પણ ફળો આવે. તો પણ પહેલાં કોઇ વખત આ રીતે ઢગલા થયા ન હતા. જો પવનથી આ રીતે ઢગલા થઇ ગયા હશે એમ લાગતું હોય તો પૂર્વે પણ પવન વાતો હતો પણ આ રીતે ઢગલા થયા નથી.' માટે તે ફળો ખાવા માટે કોઇએ જવું નહિ.'

આ પ્રમાણે નાયકની વાત સાંભળી કેટલાંક હરણીયાં તે ફળો ખાવા માટે ગયાં નહિ. જ્યારે કેટલાંક હરણીયાં નાયકની વાત ગણકાર્યા સિવાય તે ફળો ખાવાં ગયાં, જ્યાં ફળો ખાવા લાગ્યાં ત્યાં તો રાજાના માણસોએ તે હરણીયાંઓને પકડી લીધાં. આથી તે હરણીયાંમાંથી કેટલાંક બંધાયાં અને કેટલાંક હરણીયાં મરણ પામ્યાં. જે હરણીયાંએ તે ફળો ખાધાં નહિ તે સુખી થયાં, ઇચ્છા પ્રમાણે વનમાં વિચરવા લાગ્યાં.

## ભાવગવેષણાનું દષ્ટાંત.

કોઈ મહોત્સવ પ્રસંગે ઘણા સાધુઓ આવ્યા હતા. કોઈ શ્રાવકે અથવા તો કોઈ ભદ્રિક માણસે સાધુઓને માટે (આધાકર્મિ) ભોજન તૈયાર કરાવ્યું. અને બીજા અનેકને બોલાવીને ભોજન આપવા માંડયું તેના મનમાં એમ હતું કે 'આ જોઇને સાધુઓ આહાર લેવા આવશે.'

આચાર્યને આ વાતની કોઇ રીતે ખબર પડી ગઇ, તેથી સાધુઓને કહ્યું કે 'ત્યાં આહાર લેવા જશો નહિ. 'કેમકે તે આહાર આધાકર્મિ છે.'

કેટલાક સાધુઓ ત્યાં આહાર લેવા ન ગયા, પણ જે તે કુલોમાંથી ગોચરી લઇ આવ્યા, જ્યારે કેટલાક સાધુઓએ આચાર્યનું વચન ગણકાર્યું નહિ અને તે આહાર લાવીને વાપર્યો.

જે સાધુઓએ આચાર્ય ભગવંતનું વચન સાંભળી, તે આધાકર્મિ આહાર લીધો નહિ, તે સાધુઓ શ્રીતીર્થંકર ભગવંતની આજ્ઞાના આરાધક થયા અને પરલોકમાં મહા સુખને મેળવનારા થયા. જ્યારે જે સાધુઓએ આધાકર્મિ આહાર વાપર્યો તે સાધુઓ શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞાના વિરાધક થયા અને સંસાર વધારનારા થયા.

માટે સાધુઓએ નિર્દોષ આહાર પાણી આદિની ગવેષણા કરવી જોઇએ. દોષિત આહાર પાણી આદિનો ત્યાગ કરવો જોઇએ. કેમકે નિર્દોષ આહાર આદિના ગ્રહણથી સંસારનો અંત શીઘ્ર થાય છે.

## (૨) ગ્રહણ એષણા.

ગ્રહણ એષણા બે પ્રકારે- એક દ્રવ્ય ગ્રહણ એષણા, બીજી ભાવ ગ્રહણ એષણા.

## દ્રવ્ય ગ્રહણ એષણાનું દષ્ટાંત.

એક વનમાં કેટલાક વાનરો રહેતાં હતાં. એક વખતે ઉનાળામાં તે વનનાં ફળ, પાન વગેરે સુકાઈ ગયેલાં જોઇ મુખ્ય વાનરે વિચાર્યું કે 'બીજા વનમાં જઇએ.' બીજા સારાં વનની તપાસ કરવા જુદી જુદી દિશામાં કેટલાક વાનરોને મોકલ્યા. તે વાનરો તપાસ કરીને આવ્યા પછી એક સુંદર વનમાં બધા વાનરો ગયા.

તે વનમાં એક મોટો દ્રહ હતો. આ જોઈને વાનરો ખુશ ખુશ થઈ ગયા. મુખ્ય વાનરે તે દ્રહની ચારે તરફ ફરીને તપાસ કરી, તો તે દ્રહમાં જવાનાં પગલાં દેખાતાં હતાં, પણ બહાર આવ્યાનાં પગલાં દેખાતાં ન હતાં. આથી મુખ્ય વાનરે બધા વાનરોને ભેગા કરીને કહ્યું કે 'આ દ્રહથી સાવચેતી રાખવી, કીનારેથી કે તેમાં જઈને પાણી પીવું નહિ, પણ પોલી નળી વાટે પાણી પીવું.'

જે વાનરો મુખ્ય વાનરના કહેવા પ્રમાણે વર્ત્યા તે સુખી થયા અને જેઓ દ્રહમાં જઈને પાણી પીવા ગયા તે મરણ પામ્યા.

આ પ્રમાણે આચાર્ય ભગતંત મહોત્સવ વગેરેમાં આધાકર્મિ ઉદ્દેસિક આદિ દોષવાળા આહાર આદિનો ત્યાગ કરાવે છે તથા શુદ્ધ આહાર ગ્રહણ કરાવે છે.

જે સાધુઓ આચાર્ય ભગવંતના કહ્યા પ્રમાણે વર્તે છે, તે થોડા જ કાળમાં સઘળાં કર્મોનો ક્ષય કરે છે. જેઓ આચાર્ય ભગવંતના વચન પ્રમાણે વર્તતા નથી તેઓ અનેક ભવમાં જન્મ, જરા, મરણનાં દુઃખો પામે છે.

## ભાવગ્રહણ એષણા.

દ્વારો.

૧. સ્થાન.
૨. દાયક.
૩. ગમન.
૪. ગ્રહણ.
૫. આગમન.
૬. પ્રાપ્ત.
૭. પરાવૃત્ત.
૮. પતિત.
૯. ગુરુક.
૧૦. ત્રિવિધ.
૧૧. ભાવ.

**૧. સ્થાન–** ત્રણ પ્રકારનાં ૧. આત્મ ઉપઘાતિક, ૨. પ્રવચન ઉપઘાતિક, ૩. સંયમ ઉપઘાતિક.

**(અ) આત્મ ઉપઘાતિક સ્થાન–** ગાય, ભેંસ આદિ જ્યાં હોય, ત્યાં ઉભા રહીને ભિક્ષા ગ્રહણ કરવામાં તે ગાય, ભેંસ આદિ શીંગડુ કે લાત મારે, તેથી પડી જવાય, વાગે, અથવા પાત્ર ભાંગી જાય. તેથી છકાય જીવની વિરાધના થાય તેથી તેવા સ્થાનો તથા જ્યાં જીર્ણભીંત, કાંટા, દર આદિ હોય ત્યાં પણ ઉભા રહીને ભિક્ષા ગ્રહણ કરવી નહિ.

**પ્રવચન ઉપઘાતિક સ્થાન** ઠલ્લા માત્રાંનાં, સ્થાન ગૃહસ્થને સ્નાન કરવાના સ્થાન, ખાળ આદિ અશુચિવાળાં સ્થાન, આવાં, સ્થાને ઉભા રહી ભિક્ષા ગ્રહણ કરતાં પ્રવચનની હીલના થાય, માટે આવા સ્થાને ઉભા રહી ભિક્ષા ગ્રહણ કરવી નહી.

**क સંયમ ઉપઘાતિક સ્થાન–** પૃથ્વી, પાણી, અગ્નિ, બીજ આદિ જ્યાં હોય ત્યાં ઉભા રહીને ભિક્ષા ગ્રહણ કરતાં તે જીવોની વિરાધના થાય,માટે તેવા સ્થાને ઉભા રહી ભિક્ષા ગ્રહણ કરવી નહિ.

**૨. દાયક**– આઠ વર્ષથી ઓછી ઉંમરનું બાળક, નોકર, વૃદ્ધ, નપુંસક મત્ત (દારૂ આદિ પીધેલ) ગાંડો, ક્રોધાયમાન, ભૂતઆદિના વળગાડવાળો, હાથ વિનાનો, પગ, વિનાનો, આંધળો, બેડીવાળો, કોઢરોગવાળો, ગર્ભવાળી સ્ત્રી, ખાંડતી, દળતી, રૂ. પીંજતી, આદિ પાસેથી ભિક્ષા ગ્રહણ ન કરવી.

અપવાદે કોઈ જાતનો દોષ થાય એમ ન હોય તો ઉપયોગ પૂર્વક ભિક્ષા ગ્રહણ કરે.

**૩. ગમન**– ભિક્ષા આપનાર, ભિક્ષા લેવા માટે અંદર જાય, તો તેની ઉપર નીચેની જમીન તથા આજુ-બાજુ પણ જોવું. જો તે જતાં પૃથ્વી, પાણી, અગ્નિ *આદિનો સંઘટ્ટો કરતાં હોય તો ભિક્ષા ગ્રહણ કરવી નહિ.* કેમકે તેવી ભિક્ષા ગ્રહણ કરતાં સંયમ વિરાધના થાય, અથવા આપનારને અંદરના ભાગમાં જતાં કદાચ સર્પ આદિ કરડે, તો ગૃહસ્થ આદિ મિથ્યાત્વ પામે.

**૪. ગ્રહણ**– નાનું-નીચું દ્વાર હોય, જ્યાં બરાબર જોઈ શકાતું ન હોય, કબાટ વાસેલું હોય, બારણુ બંધ હોય, ઘણા માણસો આવજાવ કરતાં હોય, ગાડાં વગેરે આડાં પડેલાં હોય, ત્યાં ભિક્ષા ગ્રહણ કરવી નહિ. જો બરાબર ઉપયોગ રહી શકે એમ હોય, તો ભિક્ષા ગ્રહણ કરવી.

**૫. આગમન**– ભિક્ષા લઈને આવતા ગૃહસ્થ પૃથ્વી આદિની વિરાધના કરતો આવતો હોય તો ભિક્ષા ગ્રહણ કરવી નહિ.

**૬. પ્રાપ્ત**– આપનારનો હાથ કાચા પાણીવાળો છે

કે કેમ? તે જોવું. આહાર આદિ સંસક્ત છે કે કેમ? તે જોવું, ભાજન ભીનું છે કે કેમ? તે જોવું કાચું પાણી સંસકત કે ભીનું હોય, તો ભિક્ષા ગ્રહણ કરવી નહિ.

**૭. પરાવર્ત**– આહાર આદિ બીજા વાસણમાં નાંખે તો તે વાસણને કાચું પાણી આદિ લાગેલું છે કે નહિ તે તપાસવું. જો પાણી આદિ લાગેલું હોય તો તે વાસણમાંનો આહાર ગ્રહણ કરવો નહિ.

**૮. પતિત**– આહાર પાત્રમાં ગ્રહણ કર્યા પછી તપાસવો. યોગવાળો પિંડ છે કે સ્વાભાવિક છે તે જોવું. જો યોગવાળો કે કૃત્રિમ ભેળસેળ વગેરે લાગે તો તોડીને તપાસવો. ન તપાસે તો કદાચ તેમાં ઝેર ભેળવેલું હોય કે કંઇ કાર્મણ કરેલું હોય, અથતા સુવર્ણ આદિ નાખેલું હોય, કાંટા આદિ હોય તો સંયમ વિરાધના અને આત્મ વિરાધના થાય. સુર્વણ આદિ હોય તો તે પાછું આપે.

**૯. ગુરુક**– મોટા પત્થર વગેરેથી ઢાંકેલું હોય, તે ખસેડવા જતાં ગૃહસ્થને કદાચ ઈજા થાય. આપવાનું ભાજન ઘણું મોટું હોય કે ભારે વજનદાર હોય, તે ઉપાડીને આપવા જતાં કદાચ હાથમાંથી પડી જાય, તો ગૃહસ્થ દાઝી જાય અથવા પગે ઇજા થાય તથા તેમાં રહેલી વસ્તુ નીચે ઢોળાય તો તેથી છકાય જીવની વિરાધના થાય, માટે તેવા મોટા કે ભારે ભાજનથી ભિક્ષા ગ્રહણ કરવી નહિ.

**૧૦. ત્રિવિધ**– તેમાં કાલ ત્રણ પ્રકારે ૧. ગ્રીષ્મ ૨. હેમન્ત અને ૩. વર્ષાકાલ. તથા આપનાર ત્રણ પ્રકારે ૧. સ્ત્રી, ૨. પુરુષ, અને ૩. નપુંસક, તે દરેક તરૂણ, મધ્યમ અને સ્થવિર. નપુંસક શીત હોય છે, સ્ત્રી ઉષ્માવાળી હોય છે

પુરુષ શીતોષ્ણ હોય છે. તેઓમાં પુરઃકર્મ, ઉદકાર્દ્ર, સસ્નિગ્ધ ત્રણ હોય છે.તે દરેક સચિત્ત, અચિત્ત અને મિશ્ર ત્રણ પ્રકારે છે. (તાલિકા માટે પરિશિષ્ટ જૂઓ)

પુરઃકર્મ અને ઉદકાર્દ્રમાં ભિક્ષા ગ્રહણ ન કરવી.

સસ્નિગ્ધમાં એટલે મિશ્ર અને સચિત્ત પાણીવાળા હાથ હોય તે હાથનાં આંગળાં, રેખા અને, હથેલીને આશ્રી સાત ભાગ કરવા. તેમાં કાળ અને વ્યક્તિભેદે નીચે મુજબ ભાગ જો સુકાયેલા હોય, તો ભિક્ષા ગ્રહણ કરાય.

| નામ | ઉનાળામાં | શિયાળામાં | ચોમાસામાં |
|---|---|---|---|
| તરૂણ સ્ત્રીના. | ૧ ભાગ. | ૨ ભાગ. | ૩ ભાગ. |
| મધ્યમ સ્ત્રીના. | ૨ ,, | ૩ ,, | ૪ ,, |
| વૃદ્ધ સ્ત્રીના. | ૩ ,, | ૪ ,, | ૫ ,, |
| તરૂણ પુરુષના. | ૨ ,, | ૩ ,, | ૪ ,, |
| મધ્યમ પુરુષના. | ૩ ,, | ૪ ,, | ૫ ,, |
| વૃદ્ધ પુરુષના. | ૪ ,, | ૫ ,, | ૬ ,, |
| તરૂણ નપુંસક. | ૩ ,, | ૪ ,, | ૫ ,, |
| મધ્યમ નપુંસક. | ૪ ,, | ૫ ,, | ૬ ,, |
| વૃદ્ધ નપુંસક. | ૫ ,, | ૬ ,, | ૭ ,, |

**૧૧. ભાવ**- લૌકિક અને લોકોત્તર, બન્નેમાં પ્રશસ્ત અને અપ્રશસ્ત.

લૌકિક એટલે સામાન્ય માણસોમાં પ્રચલિત.

લોકોત્તર એટલે શ્રીજિનેશ્વર ભગવંતના શાસનમાં પ્રચલિત.

પ્રશસ્ત એટલે મોક્ષમાર્ગમાં સહાયક.

અપ્રશસ્ત એટલે મોક્ષમાર્ગમાં સહાયક નહિ.

**લૌકિક દષ્ટાંત**— કોઈ ગામમાં બે ભાઇઓ જુદા જુદા રહેતા હતા. બન્ને ખેતી કરીને નિર્વાહ કરતા. એકને સારી સ્ત્રી હતી, બીજાને ખરાબ સ્ત્રી હતી.

જે ખરાબ સ્ત્રી હતી, તે સવારમાં વહેલી ઉઠીને હાથ, મોં વગેરે ધોઇ પોતાની કાળજી કરતી, પણ નોકરો વગેરેની કંઇ ખબર આદિ પૂછે નહિ, તેમજ તેમની સાથે કલહ કરતી હતી. આથી નોકરો વગેરે બધા ચાલ્યા ગયા, ઘરમાં રહેલું દ્રવ્ય વગેરે ખલાસ થઇ ગયું. આ લૌકિક અપ્રશસ્ત ભાવ.

જ્યારે બીજાની સ્ત્રી હતી, તે નોકરો વગેરેની ખબર રાખતી, ટાઈમસર ખાવા વગેરે આપતી. પછી પોતે જમતી. કામકાજ કરવામાં પ્રેરણા કરતી. આથી નોકરો સારી રીતે કામ કરતા અનાજ ઘણું પાકયું અને ઘર ધન ધાન્યથી સમૃદ્ધ બન્યું. આ લૌકિક પ્રશસ્ત ભાવ.

**લોકોત્તર-પ્રશસ્ત-અપ્રશસ્ત**-જે સાધુ સંયમના પાલન માટે આહાર આદિ ગ્રહણ કરે છે, પણ પોતાનાં રૂપ બલ, કે શરીરની પુષ્ટિ માટે આહાર ગ્રહણ કરતો નથી.

તથા જે આહાર વગેરે લાવે તેનાથી આચાર્ય, બાળ, ગ્લાન, વૃદ્ધ આદિને આપીને પછી પોતે વાપરે છે, તે જ્ઞાન દર્શન ચારિત્રનો આરાધક થાય છે. આ લોકોત્તર પ્રશસ્તભાવ.

જે સાધુ પોતાના વર્ણ માટે બલ માટે કે શરીરની પુષ્ટિ માટે આહાર ગ્રહણ કરે, આચાર્ય આદિની ભક્તિ ન કરે. તે જ્ઞાન દર્શન ચારિત્રનો આરાધક થઈ શકતો નથી. આ લોકોત્તર અપ્રશસ્તભાવ.

બેંતાલીસ દોષોથી રહિત શુદ્ધ આહાર ગ્રહણ કર્યા પછી, તે આહાર જોઈ તપાસી લેવો. તેમાં કાંટા, સંસક્ત આદિ હોય, તો તે કાઢી નાખી–પરઠવીને ઉપાશ્રયમાં આવે.

ઉપાશ્રયમાં પ્રવેશ કરતાં પગ પૂંજીને ત્રણ વાર નિસીહિ કહી, **'नमो खमासमणाणं'** કહી માથું નમાવીને નમસ્કાર કરવા. પછી જો ઠલ્લા માત્રાની શંકા હોય, તો પાત્રાં બીજાને સોંપીને શંકા દૂર કરી આવીને કાઉસ્સગ્ગ કરવો. કાઉસ્સગ્ગમાં ગોચરીમાં જે કોઇ દોષ લાગ્યા હોય તેનું ચિંતવન કરવું. ઉપાશ્રયમાંથી નીકળ્યા ત્યાંથી માંડી ઉપાશ્રયમાં પ્રવેશ કરે ત્યાં સુધીના દોષો મનમાં વિચારી લે. પછી ગુરુને કહી સંભળાવે. જો ગુરુ સ્વાધ્યાય કરતા હોય, સૂતેલા હોય, વ્યાક્ષિપ્તચિત્તવાળા હોય, આહાર કે નિહાર કરતા હોય તો આલોચના ન કરે. પણ ગુરુ શાંત હોય વ્યાક્ષિપ્ત-ચિત્તવાળા ન હોય તો ગોચરીના બધા દોષોની આલોચના કરે.

## ગોચરીની આલોચના કેવી રીતે કરવી ?

આલોચના કરતાં નીચેના છ દોષો લગાડવા નહિ.–

**૧. નટ્ટં**– ગોચરી આલોવતાં હાથ, પગ, ભ્રકુટી, માથું, આંખ આદિના વિકાર કરવાં તે.

**૨. વલં**– હાથ અને શરીરને વાળવાં તે

**૩. ચલં**– આળસ મરડતાં આલોચના કરવી, અથવા ગ્રહણ કર્યું હોય તેનાથી વિપરીત આલોચના કરવી તે.

**૪. ભાસં**– ગૃહસ્થની ભાષાથી આલોચના કરવી તે

**૫. મૂકં**– મુંગા મુગા આલોચના કરવી તે.

**૬. ઢઢ્ઢરં**– મોટા અવાજે આલોચના કરવી તે

ઉપર મુજબ દોષો લાગે નહિ. એ રીતે આચાર્યની પાસે અથવા નીમણુક કરી હોય તેમની પાસે આલોચના કરવી. ટાઈમ થોડો હોય, તો સંક્ષેપથી આલોચના કરવી. પછી ગોચરી બતાવતાં પહેલા પોતાનું મુખ, માથુ પ્રમાર્જવું અને ઉપર, નીચે તેમજ આજુબાજુ નજર કરીને પછી ગોચરી બતાવવી. કેમકે ઉદ્યાન–બાગ આદિમાં ઉતર્યા હોય ત્યાં ઉપરથી ફળ, પુષ્પ, આદિ ન પડે, નીચે ફળ, આદિ હોય, તેની જયણા કરી શકાય, આજુબાજુમાં બિલાડી કૂતરો હોય તો ત્રાપ મારી ન જાય.

ગોચરી બતાવીને અજાણતાં લાગેલા દોષની શુદ્ધિ માટે આઠ શ્વાસોચ્છ્વાસ (એક નવકારનો) કાઉસ્સગ્ગ કરે અથવા નીચેની બે ગાથા ચિંતવે.[1]

**विसमंतो इमं चिंते, हियमट्ठं लाभमट्ठिओ।**
**जइ मे अणुग्गहं कुज्जा, साहू हुज्जामि तारिओ॥१॥**

---

૧. હાલમાં 'अहो जिणेहिं असावज्जा०' ગાથા ગણવામાં આવે છે.

साहवो तो चियत्तेणं, निमंतिज्ज जहक्कमं।
जइ तत्थ केइ इच्छिज्जा, तेहिं सद्धिं तु भुंजए ॥२॥
(द. वै. अ. ५ गाथा १४–१५)

પછી મૂહૂર્તમાત્ર સ્વાધ્યાય કરીને પછી ગુરુ પાસે જઈને કહે કે, પ્રાઘુર્ણક, તપસ્વી, બાળ આદિને આપ ગોચરી આપો.' ગુરુમહારાજ આપે અથવા કહે કે 'તમે જ તેઓને આપો.' તો પોતે પ્રાઘુર્ણક આદિને તથા બીજા સાધુને પણ નિમંત્રણા કરે. જો તેઓ ગ્રહણ કરે, તો નિર્જરાનો લાભ મળે અને ન ગ્રહણ કરે તો પણ વિશુદ્ધ પરિણામથી નિર્જરા થાય. જો અવજ્ઞાથી નિમંત્રણ કરે તો કર્મબંધ કરે.

"भरहेरवयविदेहे, पन्नरस वि कम्मभूमिगा साहू।
एक्कंमि हीलियंमी, सव्वे ते हीलिया हुंति ॥१॥
भरहेरवयविदेहे, पन्नरस वि कम्मभूमिगा साहू।
एक्कंमि पूइयंमी, सव्वे ते पूइया हुंति ॥२॥"

પાંચ ભરત ક્ષેત્રો, પાંચ ઐરવત ક્ષેત્રો, અને પાંચ મહાવિદેહ ક્ષેત્રો. આ પન્નર કર્મભૂમિમાં રહેલા સાધુમાંથી એક સાધુની પણ હીલના કરવાથી બધા સાધુની હીલના થાય છે. એક સાધુની પણ ભક્તિ કરવાથી સઘળા સાધુની ભક્તિ થાય છે.

**શંકા–** એકની હીલનાથી સઘળાની હીલના અને એકની ભક્તિથી સઘળાની ભક્તિ કેમ થાય? યજ્ઞદત્ત ખાય તેમાં દેવદત્તનું પેટ કેવી રીતે ભરાય?

**સમાધાન**- જ્ઞાન, દર્શન, તપ, તથા સંયમ એ સાધુના ગુણો છે. આ ગુણો જેમ એક સાધુમાં છે, તેમ સઘળાયે સાધુમાં છે. માટે એક સાધુની નિંદા કરવાથી સઘળા સાધુના ગુણોની નિંદા થાય છે અને એક સાધુની ભક્તિ, પૂજા, બહુમાન કરવાથી પંદરે કર્મભૂમિમાં રહેલા સઘળાયે સાધુની ભક્તિ, પૂજા, બહુમાન થાય છે.

ઉત્તમ ગુણવાન સાધુની હંમેશાં વૈયાવચ્ચ આદિ કરવાથી, પોતાને સર્વ પ્રકારે સમાધિ મળે છે. વૈયાવચ્ચ કરનારને એકાંતે કર્મ નિર્જરાનો લાભ મળે છે.

સાધુ બે પ્રકારના હોય, કેટલાક માંડલીમાં વાપરનારા હોય અને કેટલાક જુદા જુદા વાપરનારા હોય. જે માંડલીમાં વાપરનારા હોય, તે ભિક્ષા ગયેલા સાધુ આવી જાય એટલે બધા સાથે વાપરે. તપસ્વી, નવદીક્ષિત, બાળ, વૃદ્ધ આદિ હોય તે, ગુરુની આજ્ઞા મેળવી જુદું વાપરી લે.

## (૩) ગ્રાસ એષણા.

ગ્રાસ એષણા બે પ્રકારે— ૧. દ્રવ્યગ્રાસ એષણા, ૨. ભાવગ્રાસ એષણા.

### દ્રવ્યગ્રાસ એષણા-માછલાનું દૃષ્ટાંત.

એક માછીમાર માછલાં પકડવા માટેના ગલ-કાંટામાં માંસપિંડ ભરાવીને દ્રહમાં નાખતો હતો. તે વાત એક માછલું જાણે છે, તેથી તે માછલું કાંટા પરનો માંસપિંડ આજુબાજુથી ખાઈ જાય છે, પછી તે ગલ હલાવે છે, તેથી માછીમાર માછલું તેમાં ફસાએલું જાણી, તે બહાર કાઢે છે, તો કંઈ હોતું નથી. આ પ્રમાણે વારંવાર

પેલું માછલું માંસ ખાઇ જાય છે, પણ ગલમાં સપડાતું નથી. આ જોઇને માછીમાર વિચારમાં પડી જાય છે.

વિચારમાં પડેલા તે માછીમારને માછલું કહેવા લાગ્યું કે 'એક વાર હું પ્રમાદમાં હતો, ત્યાં એક બગલાએ મને પકડ્યો. 'બગલો ભક્ષ ઉછાળીને પછી ગળી જાય છે.' તેથી તે બગલાએ મને ઉછાળ્યો એટલે હું વાંકો થઈને તેના મોંઢામાં પડ્યો. આ રીતે ત્રણ વાર હું વાંકો પડ્યો એટલે બગલાએ મને મૂકી દીધો.

એકવાર હું સમુદ્રમાં ગયો, ત્યાં માછીમારોએ વલયમુખની સાદડી માછલાં પકડવા માટે રાખેલી હતી. ભરતી આવે એટલે તેમાં માછલાં ભરાઇ જાય. એકવાર હું તેમાં સપડાઇ ગયો. ત્યારે સાદડીના આધારે બહાર નીકળી ગયો. આ પ્રમાણે હું ત્રણવાર તેમાંથી છટકી ગયો. એકવીસવાર જાળમાં સપડાતાં હું જમીન ઉપર લપાઇ જતો હતો એટલે છુટી જતો હતો.

એકવાર હું ખાબોચીયાના પાણીમાં રહેતો હતો, તે વખતે પાણી સુકાઈ ગયું. માછલાં જમીન ઉપર ફરી શકતાં નથી, એટલે તે ખાબોચીયાનાં ઘણાં માછલાં મરી ગયાં. કેટલાંક જીવતા હતાં, તેમાં હું પણ જીવતો હતો. ત્યાં કોઈ માછીમાર આવ્યો અને હાથથી પકડી પકડીને માછલાં સોયામાં પરોવા લાગ્યો ત્યારે મને થયું કે 'હવે નક્કી મરી જવાશે' જ્યાં સુધી વીંધાયો નથી, ત્યાં સુધીમાં કોઈ ઉપાય કરૂં જેથી બચી જવાય' આમ વિચાર કરીને પરોવાયેલા માછલાંની વચમાં જઇ તે સોયો મોંથી

પકડીને હું વળગી ગયો. માછીમારે જાણ્યું કે બધા માછલાં પરોવાઇ ગયાં છે, એટલે તે સોયો લઇને માછલા-ને ધોવા માટે બીજા દ્રહમાં ગયો. એટલે હું પાણીમાં જતો રહ્યો.' આવુ મારૂં પરાક્રમ છે. તો પણ તું મને પકડવાની ઈચ્છા કરે છે ? અહો ! તારૂં કેવું નિર્લજ્જપણુ ?

આ રીતે માછલો સાવચેતીથી આહાર મેળવતો હતો. તેથી કરી છળાતો ન હતો.

## ભાવગ્રાસ એષણા.

આ પ્રમાણે કોઈ દોષોમાં ન છલાય તે રીતે નિર્દોષ આહાર પાણીની ગવેષણા કરી, સંયમના નિર્વાહ માટે જ આહાર વાપરવો. આહાર વાપરતાં પણ આત્માને શિખામણ આપવી કે હે જીવ ! તું બેંતાલીસ દોષોથી રહિત આહાર લાવ્યો છે, તો હવે વાપરવામાં મૂર્ચ્છા-વશ થઈશ નહિ, રાગ-દ્વેષ કરીશ નહિ.'

આહાર વધારે પણ ન વાપરવો, તેમ ઓછો પણ ન વાપરવો જેટલા આહારથી શરીર ટકી રહે, તેટલા પ્રમાણમાં આહાર વાપરવો.

આ ગાઢયોગ વહન કરનાર– જુદા વાપરે.

અમનોજ્ઞ– માંડલી બહાર રાખેલા હોય તે જુદા વાપરે.

આત્માર્થિક– પોતાની લબ્ધીથી લાવીને વાપરતાં હોય તે જુદા વાપરે.

પ્રાઘુર્ણક– મેમાન આવેલા હોય તેમને પહેલેથી પુરેપુરૂ આપવામાં આવે એટલે જુદા વાપરે.

નવદીક્ષિત– ઉપસ્થાપના (વડી દીક્ષા)હજુ થઇ નથી એટલે હજુ ગૃહસ્થવત્ હોય જેથી તેમને જુદુ આપી દે.

પ્રાયશ્ચિત્તતાળા દોષશુધ્ધિ માટે પ્રાયશ્ચિત્ત કરતા હોય તે શબલ ભ્રષ્ટ ચારિત્રીઓ જુદા વાપરે.

બાલ, વૃદ્ધ– અસહિષ્ણુ હોવાથી જુદું વાપરે.

આ રીતે જુદું વાપરનારા અસમુદ્દિશક કહેવાય છે. તથા કોઢ આદિ રોગ થયેલા હોય તે જુદું વાપરે

આહાર પ્રકાશમાં કરવો જોઈએ. પ્રકાશ બે પ્રકારનો. દ્રવ્ય પ્રકાશ અને ભાવ પ્રકાશ,

**દ્રવ્ય પ્રકાશ**– દીપક, રત્ન આદિનો.

**ભાવ પ્રકાશ**– સાત પ્રકારે.

૧. સ્થાન.
૨. દિશા.
૩. પ્રકાશ.
૪. ભાજન.
૫. પ્રક્ષેપ.
૬. ગુરુ.
૭. ભાવ.

**૧. સ્થાન**–માંડલીમાં સધુાઓને જવા આવવાનો માર્ગ મૂકીને તથા ગૃહસ્થ આવતા ન હોય તેવા સ્થાનમાં પોતાના પર્યાય પ્રમાણે બેસીને આહાર કરવો.

**૨. દિશા**–આચાર્ય ભગવંતની સામા, પાછળ, તેમ પરાङ્મુખ ન બેસવું; પણ માંડલી પ્રમાણે ગુરુથી અગ્નિ કે ઇશાન દિશામાં બેસીને આહાર કરવો.

**૩. પ્રકાશ**– અજવાળું હોય, તેવા સ્થાને બેસીને આહાર કરવો. કેમકે માખી, કાંટો, વાળ, આદિ હોય તો ખબર પડે. અંધારામાં આહાર કરતાં માખી આદિ આહાર સાથે પેટમાં જાય, તો ઉલટી, વ્યાધિ આદિ થાય.

**૪. ભાજન**– અંધારામાં ભોજન કરતાં જે દોષો લાગે તે દોષો સાંકડા મુખવાળા પાત્રમાં વાપરતાં લાગે, ઉપરાંત નીચે વેરાય, વસ્ત્ર આદિ બગડે ઇત્યાદિ દોષો લાગે. માટે પહોળા પાત્રામાં આહાર વાપરવો.

**૫. પ્રક્ષેપ**– કૂકડીના ઈંડા પ્રમાણ કોળીયો લઈને મુખમાં મૂકવો. અથવા મોં વિકૃત ન થાય તેટલા પ્રમાણનો કોળીયો મુખમાં મૂકવો.

**૬. ગુરુ**– ગુરુ મહારાજ જોઇ શકે એમ વાપરવું. જો એમ ન વાપરે તો કદાચ કોઇ સાધુ ઘણું વાપરે, અથવા અપથ્ય વાપરે તો રોગ આદિ થાય, અથવા ગોચરીમાં સ્નિગ્ધ દ્રવ્ય મળ્યું હોય, તો તે ગુરુને બતાવ્યા સિવાય વાપરી લે. માટે ગુરુ મહારાજ જોઇ શકે તે રીતે આહાર વાપરવો.

**૭. ભાવ**– જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના સારી રીતે થઈ શકે તે માટે વાપરવું. પણ વર્ણ, બલ, રૂપ, આદિ માટે આહાર ન વાપરવો.

જે સાધુ ગુરુને બતાવીને, વિધિપૂર્વક વાપરે છે. તે સાધુ ગવેષણા, ગ્રહણ એષણા અને ગ્રાસ એષણાથી શુદ્ધ વાપરે છે.

આ રીતે એક સાધુને વાપરવાનો વિધિ સંક્ષેપથી કહ્યો. તેજ રીતે અનેક સાધુને વાપરવાનો વિધિ સમજી લેવો. પરંતુ અનેક સાધુએ માંડલીબદ્ધ વાપરવું.

## માંડલી કરવાનાં કારણો

**૧. અતિગ્લાનના કારણે**– ગ્લાન સાધુની એક

સાધુ વૈયાવચ્ચ કરે તો તેને સૂત્ર, અર્થની હાનિ થાય. જો મંડલિબદ્ધ હોય તો જુદું જુદું કાર્ય જુદા જુદા સાધુ કરી લે, તેથી કોઇ સાધુને સૂત્ર, અર્થની હાનિ થાય નહિ અને ગ્લાનની સારી રીતે સેવા થઇ શકે.

**૨-૩. બાળ, વૃદ્ધના કારણે**– બાળ સાધુ ભિક્ષા લાવવા માટે અસમર્થ હોય, તેમ વૃદ્ધ સાધુ પણ ભિક્ષા લાવવા માટે અસમર્થ હોય તેથી જો માંડલીબધ્ધ હોય, તો બીજા સાધુઓ ગોચરી આદિ લાવી આપનારા હોય, એટલે બાળ અને વૃધ્ધ સાધુ સુખપૂર્વક આરાધના કરી શકે.

**૪. શૈક્ષકના કારણે**– નવ દીક્ષિત ગોચરીની વિશુદ્ધિ જાણે નહિ, તેથી બીજા સાધુ લાવીને આપે.

**૫. પ્રાધુર્ણકના કારણે**– વિહાર કરીને આવેલા સાધુની બધા મળીને ભક્તિ કરી શકે તે માટે.

**૬. અસમર્થના કારણે**– રાજપુત્ર આદિ સુકુમાર હોવાથી ભિક્ષા લાવવા માટે ફરી શકે નહિ, તેથી બીજા સાધુઓ આહાર લાવીને તેમને આપે.

૭. બધા સાધુઓને આહાર આદિ આપવાથી લાભ મળી શકે.

૮. કોઇ સાધુ અલબ્ધિવાળો હોય, એટલે તેને આહાર આદિ મળતાં ન હોય તો બીજા સાધુ આહાર આદિ લાવીને આપે.

આ કારણોથી માંડલી કરવામાં આવે છે. માંડલી કરવાથી સૌને લાભ મળી શકે તથા સુખપૂર્વક સૌ સંયમની આરાધના કરી શકે.

## ભિક્ષાએ ગયેલા સાધુ ઉપાશ્રયમાં આવે ત્યારે ઉપાશ્રયમાં વસતિપાલક સાધુએ શું કરવું જોઇએ ?

ભિક્ષાએ ગયેલા સાધુઓને આવવાનો ટાઈમ થાય એટલે વસતિપાલકે નંદીપાત્ર, મોટું પાત્રું, પડિલેહણ કરીને તૈયાર રાખે, સાધુ આવીને તેમાં પાણી નાખે. પછી પાણી સ્વચ્છ થઈ જાય એટલે બીજા પાત્રમાં ગાળી લેવાય. ગચ્છમાં સાધુઓ હોય તે પ્રમાણે પાત્ર રાખવું. ગચ્છ મોટો હોય તો બે ત્રણ કે પાંચ નંદીપાત્ર રાખે.

વસતિપાલક નંદીપાત્ર રાખવા સમર્થ ન હોય, અથવા નંદીપાત્ર ન હોય, તો સાધુ પોતાના પાત્રમાં ચાર આંગળ ઓછું પાણી લાવે, જેથી એક બીજામાં નાખીને પાણી સ્વચ્છ કરી શકાય. પાણીમાં કીડી, મંકોડા કચરો આદિ હોય તો પાણી ગાળતાં જયણાપૂર્વક કીડી આદિને દૂર કરે. ગૃહસ્થ આગળ પાણી સુખેથી વાપરી શકાય, આચાર્ય આદિના ઉપયોગમાં આવી શકે, જીવદયા પળાય વગેરે કારણે પણ પાણી ગાળવું જોઇએ.

સાધુઓએ માંડલીમાં યથાસ્થાને બેસીને બધા સાધુઓ આવી ન જાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો. કોઈ અસહિષ્ણુ હોય તો તેને પહેલાં વાપરવા આપી દે.

## સાધુઓને ગોચરી કોણ વહેંચી આપે ?

ગીતાર્થ, રત્નાધિક અને અલુબ્ધ એવા મંડલી સ્થવિર આચાર્ય મહારાજની રજા લઈને માંડલીમાં આવે

ગીતાર્થ રત્નાધિક અને અલુબ્ધ આ ત્રણ પદના

આઠ ભાંગા થાય.

| | | | |
|---|---|---|---|
| ૧. | ગીતાર્થ, | રત્નાધિક, | અલુબ્ધ. |
| ૨, | ,, | ,, | લુબ્ધ. |
| ૩. | ,, | લઘુપર્યાય, | અલુબ્ધ. |
| ૪. | ,, | ,, | લુબ્ધ. |
| ૫. | અગીતાર્થ, | રત્નાધિક, | અલુબ્ધ, |
| ૬. | ,, | ,, | લુબ્ધ, |
| ૭. | ,, | લઘુપર્યાય | અલુબ્ધ. |
| ૮. | ,, | ,, | લુબ્ધ. |

આમાં ૨–૪–૬–૮ ભાંગા દુષ્ટ છે. ૫–૭ અપવાદે શુદ્ધ, ૧–૩ શુદ્ધ છે.

શુદ્ધ મંડલીસ્થવિર બધા સાધુઓને આહાર આદિ વહેંચી આપે.

રત્નાધિક સાધુ પૂર્વાભિમુખ બેસે, બાકીના સાધુ યથાયોગ્ય પર્યાય પ્રમાણે માંડલીબદ્ધ બેસે.

ગોચરી વાપરવા બેસતી વખતે. દરેક સાધુઓ સાથે રાખની કુંડી રાખે. કેમકે વાપરતાં કદાચ કાંટો, ઠળીયો આદિ આવે તો કુંડીમાં નાખી શકાય.

વાપરતા હોય, ત્યારે ગૃહસ્થ આદિ અંદર ન આવી જાય, તે માટે એક સાધુ (ઉપવાસી હોય, કે જલ્દી વાપરી લીધું હોય તે) ખબર રાખવા નાકા ઉપર બેસે.

## આહાર કેવી રીતે વાપરવો?

પ્રથમ સ્નિગ્ધ અને મધુર આહાર વાપરવો. કેમકે તેથી બુદ્ધિ અને બળ વધે છે. તથા પિત્ત શમી જાય છે.

બળ–શક્તિ હોય, તો વૈયાવચ્ચ સારી રીતે કરી શકાય. વળી સ્નિગ્ધ આહાર છેલ્લો વાપરવાનો રાખ્યો હોય અને પરઠવવો પડે તો અસંયમ થાય. માટે પ્રથમ સ્નિગ્ધ અને મધુર આહાર વાપરવો.

આહાર કટકછેદ, પ્રતરછેદ, અથવા સિંહભક્ષિત રીતે વાપરવો.

**કટકછેદ**– એટલે કટકા કરી કરીને વાપરવો.

**પ્રતરછેદ**– એટલે ઉપરથી વાપરતા જવું. (પુસ્તકનાં પાનાં ફેરવીએ તેમ)

**સિંહભક્ષિત**– એટલે એક બાજુથી શરૂ કરી બધો આહાર ક્રમસર વાપરવો.

**આહાર વાપરતાં**– ૧. સબડકા ન બોલાવવા. ૨. ચબચબ ન કરવું. ૩. ઉતાવળ ન કરવી ૪. બહુ ધીમે ધીમે પણ ન વાપરવું. ૫. વાપરતાં નીચે વેરવુ નહિ. ૬. રાગ દ્વેષ કરવો નહિ.

મન, વચન અને કાયાથી ગુપ્ત થઇને શાંત ચિ આહાર વાપરવો.

ઉદ્‌ગમ ઉત્પાદના દોષોથી શુધ્ધ, એષણા દોષ વિનાનો એવો પણ ગુડ આદિ આહાર દુષ્ટભાવથી અધિક ગ્રહણ કરવાથી સાધુ જ્ઞાન, દર્શન અને ચારિત્રથી અસાર થાય છે. જ્યારે શુધ્ધ ભાવથી પ્રમાણસર આહાર ગ્રહણ કરવાથી સાધુ જ્ઞાન, દર્શન અને ચારિત્રના સારરૂપ (કર્મનિર્જરા કરનાર) થાય છે.

**આહાર વાપરવાનાં છ કારણો-**

**वेयण वेयावच्चे, इरियट्ठाए य संजमट्ठाए ।**
**तह पाणवत्तियाए, छट्ठं पुण धम्मचिंताए ॥**

૧. ક્ષુધા વેદનાશમાવવા, ૨. વૈયાવચ્ચ કરવા, ૩. ઈર્યાપથિકી શોધવા, ૪. સંયમ પાળવા, ૫. શરીર ટકાવવા, ૬. સ્વાધ્યાય કરવા.

**આહાર નહિ વાપરવાના છ કારણો-**

**आयंके उवसग्गे तितिक्खया बंभचेरगुत्तीए ।**
**पाणदयातवहेउं सरीरवोच्छेयणट्ठाए ॥**

૧. તાવઆદિ હોય, ૨. રાજા, સ્વજન આદિનો ઉપદ્રવ હોય, ૩. બ્રહ્મચર્યનું રક્ષણ કરવા, ૪. જીવદયા માટે (વરસાદ, ધુમસ આદિ હોય) ૫, ઉપવાસ આદિ તપશ્ચર્યા કરી હોય, ૬. શરીરનો ત્યાગ કરવા, અનશન સ્વીકાર્યું હોય.

આહાર વાપર્યા પછી પાત્રાં ત્રણ વાર પાણીથી ધોવાં જોઇએ.

**આહાર વધ્યો હોય તો શું કરવું ?**- વાપરવા છતાં આહાર વધ્યો હોય તો રત્નાધિક સાધુ વધેલો આહાર આચાર્ય મહારાજને બતાવે. આચાર્ય મહારાજ કહે કે 'આયંબીલ ઉપવાસવાળા સાધુને બોલાવો.

મોહની ચિકિત્સા માટે જેમણે ઉપવાસ કર્યો હોય, જેમણે અઠ્ઠમ કે તેથી વધુ ઉપવાસ કર્યા હોય, જે ગ્લાન હોય, તાવવાળા હોય, જે આત્મલબ્ધિક હોય, તે સિવાયના સાધુઓને રત્નાધિક સાધુ કહે કે 'તમને આચાર્ય ભગવંત બોલાવે છે.'

તે સાધુઓ તુરતજ આચાર્ય મહારાજ પાસે જઈ વંદન કરીને કહે કે 'ફરમાવો ભગવંત! શી આજ્ઞા છે?' આચાર્ય મહારાજ કહે કે 'આ આહાર વધ્યો છે, તે વાપરી જાઓ. આ સાંભળી સાધુ કહે કે, વપરાશે એટલું વાપરી જઈશ.' એમ કહીને પોતાનાથી વપરાય એટલો આહાર વાપરે. છતાં પણ વધે તો જેનું પાત્ર હોય તે સાધુ આહાર પરઠવી દે. જો વાપરનાર સાધુ 'વપરાશે એટલું વાપરીશ' એવું ન બોલ્યો હોય તો વધેલું એણે પોતે જ પરઠવી દેવું.

**પાત્રામાંથી કેવો આહાર બીજાને આપી શકાય–** વિધિ પૂર્વક લાવેલો અને વિધિ પૂર્વક વાપરેલો આહાર બીજાને આપી શકાય. તેના ચાર ભાંગા થાય.

૧. વિધિ પૂર્વક ગ્રહણ કરેલો અને વિધિ પૂર્વક વાપરેલો.

૨. વિધિ પૂર્વક ગ્રહણ કરેલો અને અવિધિથી વાપરેલો.

૩. અવિધિથી ગ્રહણ કરેલો અને વિધિ પૂર્વક વાપરેલો.

૪. અવિધિથી ગ્રહણ કરેલો અને અવિધિથી વાપરેલો.

વિધિ પૂર્વક ગ્રહણ કરેલો એટલે ઉદ્ગમાદિ દોષોથી રહિત ગૃહસ્થે જેવો આપ્યો હોય તેવોજ ગ્રહણ કરીને લાવેલો આહાર વિધિ ગૃહિત હોય છે, એ સિવાય ગ્રહણ કરેલો આહાર અવિધિ ગ્રહણ કહેવાય

**વિધિ–અવિધિ ભોજન સ્વરૂપ:—**

**અવિધિ ભોજન**– ૧. કાકભુક્ત, ૨. શૃગાલભુક્ત, ૩. દ્રાવિતરસ, ૪. પરામૃષ્ટ.

**૧. કાકભુક્ત**–એટલે જેમ કાગડો વિષ્ટા આદિમાંથી વાલ, ચણા આદિ કાઢીને ખાય છે, તેમ પાત્રામાંથી સારી સારી કે અમુક અમુક વસ્તુ કાઢીને વાપરે તે. અથવા ખાતાં ખાતાં વેરે, તથા મોંમાં કોળીયો નાખીને કાગડાની માફક આજુબાજુ જુવે.

**૨. શૃગાલભુક્ત**– શીયાળીયાની જેમ જુદેજુદેથી લઇને ખાય.

**૩. દ્રાવિતરસ**– એટલે ભાત ઓસામન ભેગાં કરેલામાં પાણી કે પ્રવાહી નાખીને એક રસરૂપ થયેલું પી જાય.

**૪. પરામૃષ્ટ**– એટલે ફેરફાર ઉધુંછતું—તળેનું ઉપર અને ઉપરનું તળે. કરીને વાપરે.

**વિધિ ભોજન**– પ્રથમ ઉત્કૃષ્ટ દ્રવ્ય, પછી અનુત્કૃષ્ટ દ્રવ્ય, પછી સમીકૃતરસ વાપરવું. એ વિધિ ભોજન.

અવિધિથી ગ્રહણ કરેલું અને અવિધિથી વાપરેલું બીજાને આપે કે લે, તો આચાર્યે બન્નેને (આપનારને અને લેનારને) ઠપકો આપવો, તથા એક કલ્યાણક પ્રાયશ્ચિત્ત આપવું. આ પ્રમાણે ગ્રાસ એષણા કહી, હવે પારિષ્ટા પનિકા વિધિ કહે છે.

**વધેલો આહાર કેવી રીતે પરઠવવો?** પરિષ્ઠાપના બે પ્રકારેઃ– ૧. જાત, ૨. અજાત.

**૧. જાત**– એટલે પ્રાણાતિપાતાદિ દોષોથી યુક્ત, અથવા આધાકર્માદિ દોષવાળું, અથવા લોભથી લીધેલું

તથા અભિયોગકૃત, વંશીકરણકૃત, મંત્ર, ચૂર્ણ આદિ મિશ્રકૃત, એવં વિષમિશ્રિત આહારો પણ અશુદ્ધ હોઈ પરઠવવામાં જાતા પ્રકારના છે.

**૨. અજાત**– એટલે શુદ્ધ આહાર.

**જાપારિષ્ઠાપનિકા**– મૂલ ગુણે કરી અશુદ્ધ જીવહિંસાદિ દોષ વાળો આહાર, એકાંત સ્થળમાં, જ્યાં લોકોનું જવું આવવું ન હોય, તેવી સરખી જમીન ઉપર જ્યાં પ્રાઘુર્ણક આદિ સુખ પૂર્વક જોઇ શકે, ત્યાં એક ઢગલી કરીને પરઠવવો.

મૂર્ચ્છા કે લોભથી ગ્રહણ કરેલો અથવા ઉત્તર ગુણે કરી અશુદ્ધ આધાકર્મિ વગેરે દોષ વાળો હોય, તો તે આહારના બે ઢગલી કરી પરઠવવો.

અભિયોગાદિ કે મંત્ર. તંત્રવાળો હોય તો તેવા આહારને રાખમાં એકમેક કરીને પરઠવવો. ત્રણ વાર વોસિરે વોસિરે વોસિરે કહેવું.

**અજાતા પારિષ્ઠાપનિકા**– શુદ્ધ આહાર વધેલો હોય તેની પારિષ્ઠાપનિકા અજાતા કહેવાય છે, તે આહારને સાધુઓને ખબર પડે તે રીતે ત્રણ ઢગલી કરી પરઠવવો. પરઠવીને ત્રણ વાર વોસિરે વોસિરે વોસિરે કહેવું.

આ પ્રમાણે વિધિ પૂર્વક પરઠવવાથી સાધુ કર્મથી મૂકાય છે.

**શંકા**– શુદ્ધ અને વિધિ પૂર્વક લાવેલો આહાર શી રીતે વધે?

**સમાધાન**– જે ક્ષેત્રમાં રહેલા હોય ત્યાં આચાર્ય

આદિને પ્રાયોગ્ય દ્રવ્ય દુર્લભ હોવાથી બહાર બીજે ગામ ગોચરી ગયેલા બધા સાધુઓને પ્રાયોગ્ય દ્રવ્ય મળી જતાં તેઓ ગ્રહણ કરે, અથવા ગૃહસ્થ વધારે વહોરાવી દે તેથી વધે. આથી શુદ્ધ એવો પણ આહાર પરઠવવો પડે. આવા શુદ્ધ આહારની ત્રણ ઢગલી કરે, જેથી જરૂરીઆતવાળા સાધુ સમજીને ગ્રહણ કરી શકે.

**આચાર્યને માટે પ્રાયોગ્ય ગ્રહણ કરવાથી થતા લાભો.**

**'सुत्तत्थथिरीकरणं, विणओ गुरुपूय सेहबहुमाणो ।**
**दाणवतिसद्धवुट्ठी बुध्धिबलवध्धणं चेव' ॥**

—'આચાર્યને પ્રાયોગ્ય ગ્રહણ કરવાથી ગુરુને સૂત્ર અને અર્થ સ્થિર થાય છે, મનોજ્ઞ આહારથી સૂત્ર અને અર્થનું સુખ પૂર્વક ચિંતવન કરી શકે છે. આથી આચાર્યનો વિનય થાય છે, ગુરુની પૂજા થાય છે. નવદીક્ષિતને આચાર્ય પ્રતિ બહુમાન થાય છે, પ્રાયોગ્ય આપનાર ગૃહસ્થને શ્રદ્ધાની વૃધ્ધિ થાય છે. આચાર્યની બુદ્ધિ અને બલ વૃધ્ધિ પામે છે. આથી શિષ્યને ઘણી નિર્જરા થાય છે.'

આ કારણેથી પ્રાયોગ્ય ગ્રહણ કરવાથી આચાર્યની અનુકંપા—ભકિત થાય છે.

આચાર્યની અનુકંપાથી ગચ્છની અનુકંપા થાય છે.

ગચ્છની અનુકંપાથી તીર્થની અનુકંપા થાય છે, માટે પ્રાયોગ્ય ગ્રહણ કરવું.

આચાર્યને પ્રાયોગ્ય જો મળતું હોય, તો દ્રવ્ય,

ક્ષેત્ર, કાલ અને ભાવથી ઉત્કૃષ્ટ દ્રવ્ય પ્રથમ ગ્રહણ કરવું, ઉત્કૃષ્ટ ન મળતું હોય તો યથાયોગ્ય ગ્રહણ કરવું.

ગ્લાન માટે નિયમા પ્રાયોગ્ય ગ્રહણ કરવું. માગણી કરીને પણ પ્રાયોગ્ય ગ્રહણ કરવું.

**પરઠવતાં એક, બે, ત્રણ ઢગલી કરવાનું કારણ**– ગોચરી આદિ ગયેલા મોટા માર્ગ– અધ્વાનાદિ કલ્પ વિહારોમાં રહેલા સાધુઓને શુદ્ધ અશુદ્ધ આદિ આહારની ખબર પડી શકે અથવા કદાચીત ગામમા રહેલા સાધુને પણ જરૂર પડે. માટે એક બે ત્રણ ઢગલી કરવી.

વાપર્યા પછી ઠલ્લા આદિની શંકા હોય તો દૂર અનાપાતાદિ સ્થંડિલમાં જઈ વોસિરાવે. કારણે શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે પણ કરી આવે. કારણ કેવાતાદિ ત્રણ શલ્યો દુર્ધર છે. પછી પડિલેહણનો ટાઈમ થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરે.

## પડિલેહણની વિધિ.

ચોથી પોરિસી [પ્રહર]ની શરૂઆત થાય, એટલે ઉપવાસી પ્રથમ મુહપત્તિ અને શરીર પડિલેહીને આચાર્યની ઉપધિ પડિલેહે, ત્યાર પછી અનશન કરેલાની, નવ દીક્ષિતની, વૃદ્ધ આદિની ક્રમશઃ પડિલેહણા કરે. પછી આચાર્ય પાસે જઇને **'उपधि पडिलेहुं ?'** આદેશ માગીને પાત્રાની પડિલેહણ કરે, પછી માત્રકઅને પોતાની ઉપધિ પડિલેહી છેલ્લે ચોલપટ્ટો પડિલેહે.

વાપરેલું હોય તેણે પ્રથમ મુહપત્તિ, શરીર, ચોલપટ્ટો પડિલેહી, પછી ક્રમશઃ, ગુચ્છા, ઝોળી. પડલા, રજસ્રાણ,

પછી ખાલી પાત્રાં, ભરેલાં પાત્રાં પડિલેહે. પછી આચાર્ય આદિની ઉપધિ પડિલેહે. પછી આદેશ માગી, ગચ્છ સાધારણ પાત્રાં, વસ્ત્ર અપરિભોગ્ય [નહિ વપરાતાં] પડિલેહે ત્યાર પછી પોતાની ઉપધિ [1]પડિલેહે. છેલ્લે રજોહરણ પડિલેહણ કરીને બાંધે.

પડિલેહણ કર્યા પછી સ્વાધ્યાય કરવો અથવા સીવવા આદિનું કાર્ય હોય તો તે કરવું. આ પ્રમાણે સ્વાધ્યાય આદિ કરીને છેલ્લી પોરિસીનો ચોથો ભાગ બાકી રહે ત્યારે કાલપ્રતિક્રમી ચોવીસ માંડલા કરે. એટલામાં સૂર્ય અસ્ત પામે. પછી બધા સાથે પ્રતિક્રમણ કરે. આચાર્ય મહારાજ ધર્મકથાદિ કરતા હોય, તો બધા સાધુ આવશ્યકભૂમિ માંડલીમાં પોતપોતાના યથાયોગ્ય સ્થાને કાઉસ્સગ્ગમાં રહી સ્વાધ્યાય કરે.

કોઇ એમ કહે છે કે 'સાધુઓ સામાયિક સૂત્ર કહી કાઉસ્સગ્ગમાં ગ્રંથના અર્થનો પાઠ કરે જ્યાં સુધી આચાર્ય ન આવે, ત્યાં સુધી ચિંતવન કરે. આચાર્ય આવી સામાયિક સૂત્ર કહી, દૈવસિક અતિચાર ચિંતવે, ત્યારે સાધુઓ પણ મનમાં દૈવસિક અતિચાર ચિંતવે.'

બીજા એમ કહે છે કે 'આચાર્ય આવે એટલે સ્વાધ્યાય કરતાં સાધુઓ પણ આચાર્યની સાથે સામાયિક

---

૧. આમાં આ રીતે પડિલેહણનો ક્રમ બતાવ્યો છે. હાલમાં ઉપવાસી પ્રથમ ત્રણ અને વાપરેલા પ્રથમ પાંચવાનાં પડિલેહી પછી આચાર્ય આદિની પડિલેહણ, પછી પોતાની ઉપધિ, છેલ્લે, રજોહરણ અને પછી પાત્રાની પડિલેહણ કરવામાં આવે છે.

સૂત્ર ચિંતવી પછી અતિચાર ચિંતવે. આચાર્ય પોતાના અતિચાર બે વાર ચિંતવે, સાધુઓ એક વાર ચિંતવે. કેમકે સાધુઓ ગોચરી આદિ ગયેલા હોય એટલે તેટલી વારમાં ચિંતવી ન શકે.

ઉભા ઉભા કાઉસ્સગ્ગ કરવા અસમર્થ હોય, તેવા બાલ, વૃદ્ધ, ગ્લાન આદિ સાધુઓ બેસીને કાંયોત્સર્ગ કરે.

આ રીતે આવશ્યક પૂર્ણ કરી, ઉંચા વધતા સ્વરથી ત્રણ સ્તુતિ મંગલ માટે બોલે, ત્યારે કાલની ગ્રહણવેળા થઇ છે કે નહિ તે તપાસે.

## [૧]કાલગ્રહણ

કાલ બે પ્રકારના છે— વ્યાઘાત અને અવ્યાઘાત.

**વ્યાઘાત**– અનાથ મંડપમાં જ્યાં વૈદેશિકો સાથે અથવા થાંભલા વગેરે સાથે જતાં આવતાં સંઘટ્ટો થાય, તથા આચાર્ય શ્રાવક આદિની સાથે ધર્મકથા કરતા હોય તો કાલગ્રહણ કરે નહિ.

**અવ્યાઘાત**– કોઈ જાતનો વ્યાઘાત ન હોય તો કાલગ્રહી અને દાંડીધર આચાર્ય મહારાજ પાસે જઇને આજ્ઞા માગે કે 'અમે કાલગ્રહણ કરીએ ?' પછી પણ જો નીચે મુજબના વ્યાઘાતો હોય તો કાલગ્રહણ ન કરે.

૧. આચાર્યને પૂછ્યું ન હોય, ૨. અથવા અવિનયથી પૂછ્યું હોય, ૩. વંદન કર્યું ન હોય, ૪. આવસ્સહી કહી ન હોય, ૫. અવિનયથી કહી હોય, ૬. પડી જવાય,

---

૧. અહીં સામાન્ય વિધિ બતાવી છે, વિશેષ વિધિ ગ્રંથાંતરથી જાણવી.

૭. ઈન્દ્રિયોના વિષયો પ્રતિકૂલ હોય, ખરાબ હોય, ૮. દિગ્મોહ થાય, ૯. તારા પડે કે ખરે, ૧૦. અસ્વાધ્યાય હોય, ૧૧. છીંક થાય, ૧૨. ઉજેહી લાગે ઈત્યાદિ વ્યાઘાત –વિઘ્ન વગેરે હોય તો કાલગ્રહણ કર્યા સિવાય પાછા ફરે. શુધ્ધ હોય, તો કાલગ્રહણ કરે. બીજા સાધુઓ ઉપયોગ પૂર્વક ધ્યાન રાખે.

**કાલગ્રહી કેવો હોવો જોઈએ ?–** પ્રિયધર્મી, દઢધર્મી, મોક્ષસુખનો અભિલાષી, પાપભીરૂ, ગીતાર્થ, સત્વશીલ હોય તેવો સાધુ કાલગ્રહણ કરે.

**કાલ ચાર પ્રકારના**–૧. પ્રાદોષિક, ૨. અર્ધરાત્રિક, ૩. વૈરાત્રિક, ૪. પ્રાભાતિક. પ્રાદોષિક કાલમાં બધા સાથે સજ્ઝાય સ્થાપે, બાકીના ત્રણમાં સાથે અથવા જુદા જુદા સ્થાપે.

ગ્રીષ્મકાલમાં ત્રણ તારા ખરે તો કાલ હણાય છે.

શિશિરકાલમા પાંચ તારા ખરે તો કાલ હણાય છે.

વર્ષાકાલમાં સાત તારા ખરે તો કાલ હણાય છે.

વર્ષાકાલમાં ત્રણે દિશા ખુલ્લી હોય તો પ્રાભાતિક કાલગ્રહણ કરાય.

વર્ષાકાલમાં ચારે દિશા ખુલ્લી હોય તો ત્રણે કાલગ્રહણ કરાય.

વર્ષાકાલમાં આકાશમાં તારા ન દેખાય તો પણ કાલગ્રહણ કરાય.

પ્રાદોષિક અને અર્ધરાત્રિક કાલ ઉત્તરદિશામાં લેવાય. ( પહેલો કાઉસ્સગ્ગ કરાય. )

વૈરાત્રિકકાલ ઉત્તર કે પૂર્વમાં લેવાય,
પ્રાભાતિકકાલ પૂર્વ દિશામાં લેવાય.

પ્રાદોષિક કાલ શુધ્ધ હોય, તો સ્વાધ્યાય કરીને પહેલી બીજી પોરિસી જાગરણ કરે, કાલ શુધ્ધ ન આવે તો ઉત્કાલિક સૂત્રનો સ્વાધ્યાય કરે, સાંભળે કે ગણે.

**અપવાદ**– પ્રાદોષિક કાલ શુધ્ધ હોય, પણ અર્ધરાત્રિક શુધ્ધ ન હોય તો પ્રવેદન કરીને સ્વાધ્યાય કરે. આ પ્રમાણે વૈરાત્રિક શુધ્ધ ન હોય, પણ અર્ધરાત્રિક શુધ્ધ હોય તો અનુગ્રહ માટે પ્રવેદન કરીને સ્વાધ્યાય કરે. એ પ્રમાણે વૈરાત્રિક શુધ્ધ હોય અને પ્રાભાતિક શુધ્ધ ન હોય તો પ્રવેદન કરીને સ્વાધ્યાય કરે.

સ્વાધ્યાય કર્યા બાદ સાધુ સુવે.

# ત્રીજું ઉપધિ પ્રમાણ દ્વાર.

**उपदधातीत्युपधिः। द्रव्यतः शरीरं भावतो ज्ञान-दर्शनचारित्राणि उपदधाति।**

ઉપકાર કરે તે ઉપધિ કહેવાય છે. તે દ્રવ્યથી શરીરને ઉપકાર કરે છે અને ભાવથી જ્ઞાન, દર્શન ચારિત્રને ઉપકાર કરે છે.

આ ઉપધિ બે પ્રકારની છે. એક **ઓઘ ઉપધિ** એક બીજી **ઉપગ્રહ ઉપધિ** તે બન્ને પાછી સંખ્યા પ્રમાણ અને માપ પ્રમાણથી બબ્બે પ્રકારની આગળ કહેવાશે તે પ્રમાણેની જાણવી.

**ઓઘ ઉપધિ**- એટલે જે નિત્ય ધારણ કરાય.

**ઉપગ્રહ ઉપધિ**- એટલે જે કારણે સંયમના માટે ધારણ કરાય.

**જિનકલ્પિની ઓઘ ઉપધિ**— ઉત્કૃષ્ટ બાર પ્રકારે. ૧. પાત્રા, ૨. ઝોળી, ૩. નીચેનો ગુચ્છો, ૪. પાત્રકેસરિકા પાત્ર પડિલેહવાની મુહપત્તિ, ૫. પડલા, ૬. રજસ્રાણ, ૭. ગુચ્છો, ૮–૯–૧૦ ત્રણ કપડા, ૧૧. ઓઘો, અને ૧૨. મુહપત્તિ હોય છે. બાકી ૧૧-૧૦-૯-૫-૪-૩ અને જઘન્ય બે પ્રકારથી પણ હોય છે.

બે પ્રકારમાં ઓઘો, મુહપત્તિ, તો અવશ્ય દરેકને હોય જ.

ત્રણ પ્રકારમાં ઓઘો, મુહપત્તિ, એક વસ્ત્ર.

ચાર પ્રકારમાં ઓઘો, મુહપત્તિ, બે વસ્ત્ર.

પાંચ ,, ,, ,, ત્રણ વસ્ત્ર.

નવ ,, ,, ,, પાત્ર, ઝોળી, નીચેનો ગુચ્છો, પાત્રકેસરિકા, પડલા, રજસ્ત્રાણ અને ગુચ્છો.

દશ પ્રકારમાં ઓઘો, મુહપત્તિ પાત્ર, ઝોળી, નીચેનો ગુચ્છો, પાત્રકેસરિકા, પડલા, રજસ્ત્રાણ, ગુચ્છો, અને એક વસ્ત્ર.

અગીઆર પ્રકારમાં ઓઘો, મુહપત્તિ, પાત્ર, ઝોળી, નીચેનો ગુચ્છો, પાત્રકેસરિકા પડલા, રજસ્ત્રાણ ગુચ્છો અને બે વસ્ત્ર.

બાર પ્રકારમાં ઓઘો, મુહપત્તિ, પાત્ર, ઝોળી, નીચેનો ગુચ્છો, પાત્રકેસરિકા પડલા, રજસ્ત્રાણ ગુચ્છો અને ત્રણ વસ્ત્ર.

## સ્થવિર કલ્પિની ઓઘ ઉપધિ.

**સાધુ માટે ચૌદ પ્રકારની**- ઉપર મુજબની બાર ઉપરાંત ૧૩. માત્રક, ૧૪. ચોલપટ્ટો.

[૧]**સાધ્વી માટે પચીચ પ્રકારની**- ૧. પાત્ર, ૨. ઝોળી, ૩. નીચેનો ગુચ્છો, ૪. પાત્રકેસરિકા, ૫. પડલા, ૬. રજસ્ત્રાણ, ૭, ગુચ્છો, ૮–૯–૧૦ ત્રણ કપડા, ૧૧, ઓઘો, ૧૨. મુહપત્તિ, ૧૩. માત્રક, ૧૪. કમંઢક.

---

૧. સાધ્વીને જિનકલ્પનો સ્વીકાર હોતો નથી.

(વાપરવા માટેનું જુદું પાત્ર.) ૧૫. અવગ્રહાનન્તક [ગુહ્યભાગનું રક્ષણ કરવા માટે કોમળ અને મજબૂત નાવ સરખું.] ૧૬. પટ્ટો (શરીર પ્રમાણ કટીબંધ.) ૧૭. અદ્ધોરૂગ. (અર્ધી સાથળ સુધી સીવ્યા વિનાનું ચડ્ડી જેવું.) ૧૮. ચલણી (જાનું પ્રમાણનું સાડા જેવું-નર્તકીના જેવું.) ૧૯-૨૦ બે નિવસની. અન્તર્નિવસની અર્ધ સાથળ સુધી લાંબી ૨. બહિર્નિવસનિ ઘુંટી સુધીની લાંબી. ૨૧. કંચુક (સિવ્યા વિનાનો) છાતી ઢાંકવા માટે ૨૨. ઉપકક્ષિકા જમણી બાજુથી કંચુક ઢાંકવા માટે ૨૩. વેકક્ષિકા (ઉપકક્ષિકા અને કંચુક ઢાંકવા માટે) ૨૪. સંઘાડી ચાર ૧. બે હાથની પહોળી ઉપાશ્રયમાં, ૨. ત્રણ હાથ પહોળીગોચરી જતાં, ૩. ત્રણ હાથ પહોળી સ્થંડિલ જતાં, ૪. ચાર હાથ પહોળી સમવસરણમાં વ્યાખ્યાનમાં ઉભા રહેતાં, માથાથી પગ સુધી આચ્છાદન માટે. ૨૫. સ્કંધ કરણી (ચાર હાથની વિસ્તારવાળી, સ્વરૂપવાન સાધ્વીને ખુંધી કરવા માટે.)

આ ઉપધિઓમાં કેટલીક ઉત્તમ કેટલીક મધ્યમ અને કેટલીક જઘન્ય પ્રકારની ગણાય છે. તેના વિભાગ નીચે પ્રમાણે છે.

**જિનકલ્પિની ઉપધિમાં ઉત્તમ, મધ્યમ અને જઘન્ય.**

**ઉત્તમ ચાર**- ત્રણ વસ્ત્ર અને પાત્રક.

**મધ્યમ ચાર**- ઝોળી, પડલા, રજસ્ત્રાણ અને ઓઘો.

**જઘન્ય ચાર**- ગુચ્છો, નીચેનો ગુચ્છો, મુહપત્તિ અને પાત્રકેસરિકા.

## સ્થવિર કલ્પિની ઉત્તમ, મધ્યમ અને જઘન્ય ઉપધિ

**ઉત્તમ ચાર**– ત્રણ વસ્ત્ર અને પાત્ર.

**મધ્યમ છ**– પડલા, રજસ્ત્રાણ, ઝોળી ચોલપટ્ટો, ઓઘો અને માત્રક.

**જઘન્ય ચાર**– ગુચ્છો નીચેનો ગુચ્છો, મુહપત્તિ અને પાત્રકેસરિકા.

## સાધ્વીની ઉત્તમ મધ્યમ અને જઘન્ય ઉપધિ

**ઉત્તમ આઠ**– ચારસંઘાટિક મુખ્ય, પાત્ર, સ્કંધ-કરણી, અન્તર્નિવસની અને બહિર્નિવસની

**મધ્યમ તેર**– ઝોળી, પડલા, રજસ્ત્રાણ, ઓઘો, માત્રક, અવગ્રહાનન્તક, પટ્ટો, અદ્ધોરૂક, ચલણી, કંચુક, ઉત્કક્ષિકા. વૈકક્ષિકા, કમઢક.

**જઘન્ય ચાર**– ગુચ્છો, નીચેનોગુચ્છો, મુહપત્તિ અને પાત્ર પુંજવાની પાત્રકેસરિકા.

## ઓઘ ઉપધિનું પ્રમાણ.

**૧. પાત્રું**– સરખું અને ગોળ, ગોળાઇમાં પોતાની ત્રણ વેંત અને ચાર આંગળ મધ્યમ પ્રમાણ છે. આથી ઓછું હોય તો જઘન્ય, વધારે હોય તો ઉત્કૃષ્ટ પ્રમાણનું ગણાય અથવા પોતાના આહાર જેટલું પાત્રુ.

વૈયાવચ્ચ કરનાર આચાર્યે આપેલું કે પોતાનું નંદીપાત્ર (મોટું પાત્ર) રાખે નગરનો રોધ કે અટવી ઉતરતાં વગેરે કારણે આ નંદીપાત્રનો ઉપયોગ કરાય.

પાત્રું મજબૂત, સ્નિગ્ધવર્ણવાળુ, બરાબરગોળ અને લક્ષણવાળું ગ્રહણ કરવું.

બળેલું છિદ્રવાળુ કે વળી ગયેલું પાત્રુ રાખવું નહિ.
છકાયજીવની રક્ષા માટે પાત્રુ રાખવાનું હોય છે.

## પાત્રના ગુણ દોષ

वट्टं समचउरंसं, होइ थिरं थावरं च वण्णं च ।
हुंडं वायाइद्धं भिन्नं च अधारणिज्जाइं ॥ १ ॥
संठियंमि भवे लाभो, पतिट्ठा सुपतिट्ठिते ।
निव्वाणे कित्तिमारोगं, वन्नड्ढे नाणसंपया ॥ २ ॥
हुंडे चरित्तभेदो, सबलंभि य चित्तविब्भमं जाणे ।
दुप्पत्ते खीलसंठाणे, गणे च चरणे च नो ठाणं ॥ ३ ॥
पउमुप्पले अकुसलं, सव्वणे वणमादिसे ।
अंतो बहिं च दड्ढंमि, मरणं तत्थ निद्दिसे ॥ ४ ॥

**લક્ષણવાળું**— ચારે તરફથી સરખું ગોળ, મજબૂત પોતાનું, (થોડા દિવસ માટે માગીને રાખેલું નહિ.) સ્નિગ્ધવર્ણવાળું હોય તેવું પાત્ર ગ્રહણ કરવું,

**લક્ષણવિનાનું**— ઉંચું નીચું, વળી ગયેલું, છિદ્રવાળું, હોય તે પાત્રા રાખવું નહિ

સરખા ગોળ પાત્રાથી લાભ થાય.
મજબૂત પાત્રથી ગચ્છની પ્રતિષ્ઠા થાય.
વ્રણરહિત પાત્રાથી કીર્તિ અને આરોગ્ય મળે,
સ્નિગ્ધવર્ણવાળા પાત્રાથી જ્ઞાન સંપત્તિ થાય.
ઉંચા નીચા પાત્રાથી ચારિત્રનો ભેદ–વિનાશ થાય,
દોષવાળા પાત્રાથી ગાંડપણ થાય.

પડઘીવિનાના પાત્રાથી ગચ્છ અને ચારિત્રમાં સ્થિરતા રહે નહિ.

ખીલા જેવા ઉંચા પાત્રાથી ગચ્છ અને ચારિત્રમાં સ્થિરતા રહે નહિ.

કમળ જેવા પહોળા પાત્રાથી અકુશલ થાય,

વ્રણ–છિદ્રવાળાપાત્રાથી શરીરમાં ગુમડાં આદિ થાય.

અંદર અથવા બહારથી બળેલા પાત્રાથી મરણ થાય.

**૨. ઝોળી**– પાત્રા બંધાય અને છેડા ચાર આંગળ વધે તેટલા પ્રમાણની રાખવી.

**૩–૪–૫. નીચેનો, ગુચ્છો– પૂંજણી** (પાત્રકેસરીકા) આ ત્રણે એક વેંતને ચાર આંગળના રાખવા બન્ને ગુચ્છા ઊનના રાખવા. રજ આદિથી રક્ષા માટે નીચેનો ગુચ્છો, ગુચ્છાથી પડલાની પ્રમાર્જના કરાય. પાત્રાં પ્રમાર્જવા ઝીણા સુંવાળા સુતરાઉ કપડાની પાત્ર કેસરિકા

**૬. પડલાં**– કોમળ અને મજબૂત ૠતુભેદે ત્રણ, પાંચ કે સાત, ભેગાં કરતાં સૂર્યના કીરણો ન દેખાય તેવાં અઢી હાથ લાંબા અને છત્રીસ આંગળ પહોળાં રાખવાં. સારા કે તેથી ઉતરતી કોટીનાં હોયતો ૠતુભેદે નીચે પ્રમાણે તે ધારણ કરાય છે.

## ઉપગ્રહ ઉપધિનું પ્રમાણ.

**૧–૨ સંથારો, ઉત્તરપટ્ટો**–જીવ અને ધુળથી રક્ષણ કરવા માટે અઢી હાથ લાંબો અને એક હાથ ચાર આંગળ પહોળો રાખવો. નીચે સંથારીયુ પાથરી ઉપર ઉત્તરપટ્ટો પાથરવો.

| પડલાં | ઉનાળે | શિયાળે | ચોમાસે |
|---|---|---|---|
| ઉત્કૃષ્ટ મજબૂત. | ૩ | ૪ | ૫ |
| મધ્યમ (કંઈકજીર્ણ.) | ૪ | ૫ | ૬ |
| જીર્ણ. | ૫ | ૬ | ૭ |

ભિક્ષા લેવા જતાં ફુલ, પત્ર, ફળ આદિથી રક્ષણ કરવા માટે પાત્રાં ઉપર ઢાંકવા. તથા લિંગ ઢાંકવવા માટે પડલાં જોઇએ.

**૭. રજસ્ત્રાણ**– પાત્રાના પ્રમાણમાં રાખવું. રજ આદિથી રક્ષણ માટે.

**૮–૯–૧૦–ત્રણ વસ્ત્રો**– શરીર પ્રમાણ, ઓઢતાં ખભા ઉપર રહે. અઢી હાથ પહોળાં, લંબાઈમાં શરીર પ્રમાણ બે સુતરાઉ અને એક ઊનનું.

ઘાસ, અગ્નિ આદિ ગ્રહણ કરવાં ન પડે, તથા ઠંડી આદિથી રક્ષણ થાય તે માટે અને ધર્મધ્યાન, શુકલધ્યાન, સારી રીતે થઇ શકે એ માટે વસ્ત્ર રાખવાનું ભગવાને કહ્યું છે.

**૧૧. રજોહરણ**– મૂળમાં ઘન, મધ્યમાં સ્થિર અને દશી પાસે કોમળ દશીવાળો દાંડી–નિષધા સાથે પોરાયામ અંગુઠાના પર્વમાં પ્રદેશીની આંગળી રાખતાં જેટલો પહોલો

૧. હાલમાં ચોલપટ્ટો વપરાતો હોવાથી. પાત્રાં ઢાંકવા માટે પડલાનો ઉપયોગ કરાય છે.

ભાગ રહે તેટલી જાડાઇવાળો, રજોહરણ રાખવો. મધ્યમાં દોરાથી ત્રણ આંટા મારી બાંધવો. કુલ બત્રીસ આંગળ લાંબો. (દાંડી ચોવીસ આંગળ, દશી આઠ આંગળ) હીન અધિક હોય તો બન્ને મળીને બત્રીસ આંગળ થાય તેટલો રાખવો. લેવા મૂકવા વગેરે ક્રિયામાં પૂજવા પ્રમાર્જવા તથા સાધુ લિંગ તરીકે રજોહરણ ધારણ કરવાનું પ્રયોજન છે.

**૧૨. મુહપત્તિ**– સુતરાઉ એક વેંત ચાર આંગળની એક અને બીજી ત્રિકોણ કરીને મુખ ઉપર ઢાંકી પાછળ ગાંઠ બંધાય, તેટલા પ્રમાણની વસતિ પ્રમાર્જના વખતે બાંધવાં.

સંપાતિમ જીવોની રક્ષણ માટે, બોલતી વખતે મુખ આગળ રાખવા. તથા કાજો લેતાં રજ આદિ મુખમાં પેસી ન જાય તે માટે બીજી નાસિકા સાથે મોંઢા ઉપર બાંધવા. એમ બે રાખવી.

**૧૩. માત્રક**– પ્રસ્થ પ્રમાણ. આચાર્ય આદિને પ્રાયોગ્ય લેવા માટે. અથવા ઓદન સુપથી ભરેલું બે ગાઉ ચાલીને આવેલો સાધુ વાપરી શકે તેટલા પ્રમાણનું.

**૧૪. ચોલપટ્ટો**– સ્થવિર માટે કોમળ, બે હાથ લંબાઇનો, યુવાન માટે સ્થૂલ ચાર હાથનો ગુહ્યેન્દ્રિય વગેરે ઢાંકવા માટે ચોલપટ્ટો રાખવો.

## ઉપગ્રહ ઉપધિનું પ્રમાણ.

**૧-૨. સંથારો-ઉત્તરપટ્ટો**– જીવ અને ધુળથી રક્ષણ કરવા માટે અઢી હાથ લાંબો અને એક હાથ ચાર આંગળ પહોળો રાખવો. નીચે સંથારિયું પાથરી ઉપર ઉત્તરપટ્ટો પાથરવો. સંથારો ઊનનો અને ઉત્તરપટ્ટો સુતરાઉ રાખવો.

૩-૪. **ઓઘારીયું, નીસિથિયું**– જીવ રક્ષા માટે. ઓઘારીયું ગરમ, નીસિથિયું સુતરાઉ રાખવું. એક હાથ પહોળું અને રજોહરણ જેટલું લાંબું રાખવું.

ઔપગ્રહિક ઉપધિ વર્ષાકલ્પ (કામળી) અને પડલાં આત્મરક્ષા તથા સંયમરક્ષા માટે જેઓ ગોચરી આદિ માટે બહાર જતા હોય તેમણે ચોમાસામાં ડબલ રાખવાં. કેમકે જો એક રાખે તો તે ભીના થયેલા ઓઢી રાખવાથી પેટના શૂલ વગેરેથી કદાચ મરી જાય, તથા અતિમલીન કપડા ઓઢયા હોય અને ઉપર પાણી પડે તો અપ્‌કાય જીવોની વિરાધના થાય, વળી ગોચરી આદિ માટે બહાર ગયા હોય ત્યાં વરસાદથી ભીનાં થયાં હોય તો ઉપાશ્રયમાં આવીને બીજી ઉપધિનો ઉપયોગ કરી શકાય, આ સિવાયની ઉપધિ બહાર જનારને પણ એક એક જ રાખવી.

કપડા શરીર પ્રમાણ કરતાં લાંબાં કે ટુંકા જેવાં મળે તેવાં ગ્રહણ કરવાં, પણ લાંબા હોય તો ફાડવા નહિ અને ટુંકા હોય તો સાંધો કરવો નહિ.

ઔપગ્રહિક ઉપધિમાં દરેક સાધુને દાંડો યષ્ટિ અને વિયષ્ટિ રાખવાની હોય છે, તથા ચર્મ, ચર્મકોશ (નરેણી આદિ મૂકવા માટેની કોથળી) ચપ્પું, અસ્ત્રો, નરેણી, યોગપટ્ટક (સૂરિમંત્રાદિ ગણતા હોય તે) અને પડદો વગેરે ગુરુ–આચાર્યને જ ઔપગ્રહિક ઉપધિમાં હોય છે, સાધુને નહિ. આ પ્રમાણે સાધુને ઓઘ ઉપરાંતની તપ સંયમને ઉપકારક એવી ઉપાનહ વગેરે બીજી ઔપગ્રહિક ઉપધિ જાણવી.

શાસ્ત્રમાં દંડ પાંચ પ્રકારના છેઃ—

**૧. યષ્ટિ**—શરીર પ્રમાણ પડદો બાંધવા માટે.

**૨. વિયષ્ટિ**—શરીર પ્રમાણ કરતાં ચાર આંગળ ન્યૂન–નાસિકા સુધી. ઉપાશ્રયના દ્વારની આડે રાખવા માટે હોય છે.

**૩. દંડ**– ખભા સુધીનો ઋતુબદ્ધકાળમાં ઉપાશ્રયની બહાર ભિક્ષા ભમતાં હાથમાં રાખવા માટે. હાલમાં પ્રાયઃનાસિકા પ્રમાણ એકજ દાંડો રાખવામાં આવે છે.

**૪. વિદંડ**– કાખ પ્રમાણ વર્ષાકાળમાં ભિક્ષા ભમતાં ગ્રહણ કરાય છે.

**૫. નાલિકા**— પાણીની ઉંડાઇ માપવા માટે. શરીર પ્રમાણથી ચાર આંગળ અધિક.

**યષ્ટિના લક્ષણ.**

એક પર્વની યષ્ટિ હોય તો પ્રશંસાવાળી.

બે પર્વની યષ્ટિ હોય તો કલહકારી.

ત્રણ પર્વની યષ્ટિ હોય તો લાભકારી.

ચાર પર્વની યષ્ટિ હોય તો મૃત્યુકારી.

પાંચ પર્વની યષ્ટિ હોય તો શાંતિકારી, રસ્તામાં કલહ નિવારનારી.

છ પર્વની યષ્ટિ હોય તો કષ્ટકારી.

સાત પર્વની યષ્ટિ હોય તો નિરોગી રહે.

આઠ પર્વની યષ્ટિ હોય તો સંપત્તિ દૂર કરે.

નવ પર્વની યષ્ટિ હોય તો જશ કરનારી.

દશ પર્વની યષ્ટિ હોય તો સર્વ રીતે સંપદા કરે.

નીચેથી ચાર આંગળ જાડી, ઉપર પકડવાનો ભાગ આઠ આંગળ ઉંચાઈનો રાખવો. દુષ્ટ પશુ, કૂતરા, કાદવ, તથા વિષમ સ્થાનથી રક્ષા માટે યષ્ટિ રાખવામાં આવે છે. તથા તે તપ અને સંયમને પણ વધારે છે. કેવી રીતે? મોક્ષ પ્રાપ્ત કરવા જ્ઞાન મેળવાય છે, જ્ઞાન માટે શરીર, શરીરના રક્ષણ માટે યષ્ટિ આદિ ઉપકરણો છે.

પાત્ર આદિ જે જ્ઞાનાદિના ઉપકાર માટે થાય, તે ઉપકરણ કહેવાય અને જે જ્ઞાન આદિના ઉપકાર માટે ન થાય તે સર્વ અધિકરણ કહેવાય.

ઉદ્‌ગમ ઉત્પાદના અને એષણાના દોષોથી રહિત તેમજ પ્રકટ જેની પડિલેહણ કરી શકાય એવી ઉપધિ સાધુએ રાખવી જોઈએ.

સંયમની સાધના કરવા માટે ઉપધિ રાખવી. તે ઉપધિ ઉપર મૂર્ચ્છા રાખવી નહિ. કેમકે **मुच्छा परिग्गहो वुत्तो'** મૂર્ચ્છા એ પરિગ્રહ કહ્યો છે.

**अज्झत्थविसोहीए उवगरणं बाहिरं परिहरंतो ।**
**अपरिग्गहीत्ति भणिओ, जिणेहिं तेलुक्कदंसीहिं ॥**

આત્મ ભાવની વિશુદ્ધિ ધરતો સાધુ વસ્ત્ર, પાત્ર આદિ બાહ્ય ઉપકરણોને સેવતો થકો પણ અપરિગ્રહી છે, એમ ત્રૈલોક્યદર્શી શ્રી જિનેશ્વર ભગવંતોએ કહ્યું છે.

અહીં દિગમ્બર મતવાળો કોઈ શંકા કરે કે 'ઉપકરણ હોવા છતાં નિર્ગંથ કહેવાય તો પછી ગૃહસ્થો પણ ઉપકરણ રાખે છે, તેથી ગૃહસ્થો પણ નિર્ગ્રંથ કહેવાશે.' તેના

સમાધાનમાં શાસ્ત્રકાર જણાવે છે કે અધ્યાત્મની વિશુદ્ધિએ કરીને સાધુ, ઉપકરણ હોવા છતાં નિર્ગ્રંથ કહેવાય છે. જો અધ્યાત્મવિશુદ્ધિ ન માનો, તો આખો લોક જીવોથી વ્યાપ્ત છે, તેમાં નગ્નપણે ફરતાં એવા તમોને પણ હિંસકપણું કેમ નહિ આવે? આવશે જ. માટે આત્મભાવની વિશુદ્ધિથી જ જેમ તમારે અહિંસકપણું માનવાનું રહેશે તેમ અહીં પણ આત્મભાવવિશુદ્ધિથી સાધુને નિષ્પરિગ્રહીપણું છે. ગૃહસ્થને એ ભાવ આવી શકતો નથી માટે તે નિષ્પરિગ્રહી નહિ થાય.

અહિંસકપણું પણ શ્રી જિનેશ્વરભગવંતોએ, આત્માની વિશુદ્ધિમાં કહેલું છે. જેમકે ઇર્યાસમિતિયુક્ત એવા સાધુના પગ નીચે કદાચ બેઇન્દ્રિયાદિ જીવની વિરાધના થઇ જાય, તો પણ (મન, વચન, કાયાથી તે નિર્દોષ હોવાથી) તે નિમિત્તનો સૂક્ષ્મ પણ પાપબંધ તે સાધુને લાગતો નથી. યોગપ્રત્યયિકબંધ તો પહેલા સમયે બંધાય અને બીજા સમયે ભોગવાઈ જાય છે.

જ્યારે પ્રમત્તપુરુષથી જે હિંસા થાય, તેનો હિંસાજન્ય કર્મબંધ તે પુરુષને અવશ્ય થાય છે; ઉપરાંત હિંસા ન થાય તો પણ હિંસાજન્ય પાપકર્મથી તે બંધાય છે. એટલે પ્રમાદી જ હિંસક ગણાય છે. કહ્યું છે કે:-

**आया चेव अहिंसा, आयाहिंसत्ति निच्छओ एसो ।**
**जो होइ अप्पमत्तो, अहिंसओ हिंसओ इयरो ॥**

નિશ્ચયથી આત્મા એજ હિંસક છે અને આત્મા એજ અહિંસક છે, જે અપ્રમત્ત છે તે અહિંસક છે અને

જે પ્રમત્ત છે તે હિંસક છે.

શ્રી જિનેશ્વર ભગવંતના શાસનમાં પરિણામ એ પ્રધાન વસ્તુ છે, આ ઉપરથી જેઓ બાહ્ય ક્રિયા મૂકીને એકલા પરિણામને જ પકડે છે, તેઓએ ધ્યાનમાં રાખવું કે 'બાહ્યક્રિયાની શુદ્ધિ વિના પરિણામની શુદ્ધિ પણ જીવમાં આવી શકતી નથી.' માટે વ્યવહાર અને નિશ્ચય એજ મોક્ષનો માર્ગ છે.

# ચોથું

# અનાયતન વર્જન દ્વાર.

ઉપર મુજબ વિધિપૂર્વક ઉપકરણને ધારણ કરતો સાધુ સર્વદોષોથી રહિત આયતન એટલે ગુણોના સ્થાનભૂત બને છે અને જે સાધુ અવિધિપૂર્વક ગ્રહણ કરેલ ઉપધિ આદિ ધારણ કરે છે તે અનાયતન-ગુણોના અસ્થાનરૂપ થાય છે.

અનાયતન, સાવદ્ય, અશોધિસ્થાન, કુશીલસંસર્ગ. આ શબ્દો, એક અર્થને જણાવનારાછે.

આયતન, નિરવદ્ય, શોધિસ્થાન, સુશીલસંસર્ગ, આયતનના વાચક છે.

સાધુએ અનાયતનના સ્થાન છોડીને આયતનનાં સ્થાન સેવવા જોઇએ.

**અનાયતન સ્થાન બે પ્રકારના**- ૧. દ્રવ્ય અનાયતન સ્થાન, ૨. ભાવ અનાયતન સ્થાન.

**દ્રવ્ય અનાયતન સ્થાન**- રૂદ્ર આદિનાં ઘર વગેરે,

**ભાવ અનાયતન સ્થાન**- લૌકિક અને લોકોત્તર

**લૌકિક ભાવ અનાયતન સ્થાન**- વેશ્યા, દાસી, તિર્યંચો, ચારણો, શાકયાદિ, બ્રાહ્મણો આદિ રહેલા હોય.

તથા સ્મશાન, શિકારી, સિપાઈઓ, ભીલ, માછીમાર આદિ હોય તથા લોકમાં દુગંછાને પાત્ર નિંદનીયસ્થાન હોય, તે બધાં લૌકિક ભાવ અનાયતન સ્થાનો કહેવાય છે.

આવાં સ્થાનોમાં સાધુએ તથા સાધ્વીએ ક્ષણવાર પણ રહેવું ન જોઈએ. કેમકે 'પવન, જેવી ગંધ હોય તેવી ગંધને લઈ જાય છે.' તેથી અનાયતન સ્થાનમાં રહેવાથી સંસર્ગ દોષ લાગે છે.

**લોકોત્તર ભાવ અનાયતન સ્થાન**– જેઓએ દીક્ષા લીધેલી છે અને સમર્થ હોવા છતાં સંયમયોગોની હાની કરતાં હોય અર્થાત્ સંયમનું બરાબર પાલન કરતાં ન હોય, તેવા સાધુની સાથે વસવું નહિ. તેમજ તેમનો સંસગ પણ કરવો નહિ. કેમકે 'આંબા અને લીમડાનાં મૂળીયા ભેગાં થયેલાં હોય તો જેમ આંબાનું મધુરપણું નાશ પામે છે અને તેનાં ફળો કડવાં થાય છે.' તેમ સારાં સાધુ હોય તેના ગુણો નાશ પામે છે અને દુર્ગુણો આવતાં વાર લાગતી નથી.

**પ્રશ્ન**– 'સંસર્ગથી દોષ જ થાય' એવું એકાંત નથી. કેમકે શેરડીની વાડીમાં લાંબા કાળ સુધી રહેલો નલસ્તંબ (એક જાતના ઘાસનો સાંઠો) કેમ મધુર થતો નથી? તથા વૈડુર્યરત્ન કાચના ટુકડાઓ સાથે લાંબો ટાઈમ રાખવા છતાં કેમ કાચરૂપ થતું નથી?

**જવાબ**– જગતમાં દ્રવ્યો બે પ્રકારના છે. **એક ભાવક** એટલે જેવા સંસર્ગમાં આવે તેવાં બની જાય અને **બીજા અભાવુક** એટલે બીજાના સંસર્ગમાં ગમે

તેટલા આવવા છતાં હોય તેવાંને તેવાં રહે.

વૈડુર્યરત્ન, મણી આદિ બીજાં દ્રવ્યથી અભાવુક છે. જ્યારે આમ્રવૃક્ષ આદિ ભાવુક છે.

ભાવુક દ્રવ્યમાં તેના સોમા ભાગ જેટલું લવણ આદિ વ્યાપ્ત થાય, તો તે આખુ દ્રવ્ય લવણભાવને પ્રાપ્ત કરે છે. ચર્મ–કાષ્ઠાદિના સોમા ભાગમાં પણ જો લવણની ખાણ વગેરેનાં લવણ [મીઠા]નો સ્પર્શ થઇ જાય તો તે આખું ચર્મકાષ્ઠાદિ લવણમય થઈ નાશ પામી જાય છે. તે પ્રમાણે કુશીલનો સંસર્ગ સાધુ સમૂહ [ઘણા સાધુઓ]ને દૂષિત કરે છે. માટે કુશીલનો સંસર્ગ કરવો નહિ.

જીવ અનાદિ કાળથી સંસારમાં ભમી રહ્યો છે, તેથી અનાદિ કાળનો અભ્યાસ હોવાથી દોષો આવતાં વાર લાગતી નથી, જ્યારે ગુણો મહા મુશ્કેલીએ આવે છે, પાછા સંસર્ગ દોષથી ગુણો ચાલ્યા જતાં વાર લાગતી નથી.

નદીઓનું મધુર પાણી સમુદ્રમાં મળતાં ખારૂં બની જાય છે, તેમ શીલવાન એવો પણ સાધુ કુશીલ સાધુનો સંગ કરે તો પોતાના ગુણોનો નાશ કરે છે.

જ્યાં જ્યાં જ્ઞાન, દર્શન અને ચારિત્રનો ઉપઘાત (હાની) થાય એમ હોય, તેવા અનાયતન સ્થાનોનો પાપભીરૂ સાધુએ તુરત ત્યાગ કરવો.

## અનાયતન સ્થાનો.

**जत्थ साहम्मिया बहवे, भिन्नचित्ता अणारिया ।**
**मूलगुणपडिसेवी, अणायतनं तं वियणाहि ॥ १ ॥**

जत्थ साहम्मिया वहवे, भिन्नचित्ता अणारिया ।
उतरगुणपडिसेवी, अणायतनं तं वियणाहि ॥ २ ॥
जत्थ साहम्मिया बहवे, भिन्नचित्ता अणारिया ।
लिंगवेसपडिच्छन्ना, अणायतनं तं वियाणाहि ॥ ३ ॥

જ્યાં ઘણા સાધર્મિકો (સાધુઓ) શ્રદ્ધા સંવેગ વિનાના અનાર્ય હોય, મૂલગુણ-પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહને સેવતાં હોય, તેને અનાયતન જાણો.

જ્યાં ઘણા સાધુઓ શ્રદ્ધા સંવેગ વિનાના અનાર્ય હોય, ઉત્તરગુણપિંડવિશુદ્ધિ વગેરેના દોષો કરતાં હોય, તેને અનાયતન જાણો.

જ્યાં ઘણા સાધુઓ શ્રધ્ધા સંવેગ વિનાના અનાર્ય હોય, બ્રાહ્યથી વેશને ધારણ કરતાં હોય (મૂલગુણ ઉત્તર ગુણના દોષોનો સેવતાં હોય) તેને અનાયતન જાણો.

**આયતન કોને કહેવાય?** આયતન બે પ્રકારે. દ્રવ્ય આયતન અને ભાવ આયતન.

**દ્રવ્ય આયતન સ્થાન**-જિનમંદિર, ઉપાશ્રય આદિ.

**ભાવ આયતન સ્થાન**-ત્રણ પ્રકારે. જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ.

जत्थ साहम्मिया बहवे, सीलमंता बहुस्सुया ।
चरित्तायार संपन्ना, आयतनं तं वियाणाहि ॥

જ્યાં સાધુઓ ઘણા શીલવાન, બહુશ્રુત (જ્ઞાનવાળા)

ચારિત્રાચારનું પાલન કરતા હોય તેને આયતન જાણો. આવા સાધુઓની સાથે વસવું જોઈએ.

**सुंदरजणसंसग्गी, सीलदरिद्दंपि कुणइ सीलड्ढं ।**
**जह मेरुगिरीजायं तणंपि कणगत्तणमुवेइ ॥**

સારા માણસો (સાધુ) નો સંસર્ગ, એ શીલગુણોથી દરિદ્ર (શીલ આદિ ગુણો વિનાનો) હોય તો પણ તેને શીલ આદિ ગુણોવાળો બનાવે છે. જેમ મેરૂ પર્વત ઉપર ઉગેલું ઘાસ પણ સોનાપણાને પામે છે. તેમ સારા ગુણવાળાનો સંસર્ગ કરવાથી પોતાનામાં તેવા ગુણો ન હોય તો પણ તેવા ગુણો પ્રાપ્ત થાય છે.

# પાંચમું પ્રતિસેવના દ્વાર.

આયતનનું સેવન કરતા–એટલે સારા શીલવાન, સારા જ્ઞાનવાન અને સારા ચારિત્રવાન સાધુઓની સાથે રહેતાં પણ સાધુને 'કંટકપથ' (રસ્તામાં ચાલતાં કાંટા આદિ) ની જેમ કદાચ રાગ દ્વેષ આવી જાય અને તેથી વિરૂદ્ધ આચરણ થઈ જાય. તે નીચે પ્રમાણે

**મૂલગુણમાં છ પ્રકારે–** પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, રાત્રિભોજન સંબંધી કોઈ દોષો લાગી જાગ.

**ઉત્તરગુણમાં ત્રણ પ્રકારે–** ઉદ્‌ગમ, ઉત્પાદના, અને એષણા સંબધી કોઇ દોષો લાગી જાય. આ પ્રતિસેવન કહેવાય–એટલે દોષોનું સેવવું તે.

**એકાર્થિક નામો–** પ્રતિસેવના, મલિન, ભંગ, વિરાધના, સ્ખલના, ઉપઘાત, અશુધ્ધ, અને સબલીકરણ.

## પ્રતિસેવનાથી બચવાના માર્ગો

[ [૧] ક્ષમાશીલ, ઉપશાંત, દાન્ત, બનવું. બાહ્ય વિષ-

---

[ ] આવા બ્રેકેટનું લખાણ મહાનીસીથ સૂત્રનાં પ્રથમ અધ્યયન **સલ્લુધ્ધરણં** ઉપર પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી ભાનુવિજયજી ગણિવરે આપેલી વાચનાના આધારે કેટલુંક આપવામાં આવ્યુ છે.

યોમાં દોષનું દર્શન કરવું. જિતેન્દ્રિય-ઈન્દ્રિયને આંતરમાં દોરે. અંતરમાં વાળે, અર્થાત્ વિષયને નહિ સેવવામાં તૃપ્તિવાળા, નિઃસ્પૃહી, સત્યભાષી, ત્રિવિધે ષટ્કાયજીવોની હિંસાથી અટકવું. મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિઓને રોકવી. સ્ત્રી કથા અને સ્ત્રી સંસર્ગથી દૂર રહેવુ. સ્ત્રીના અંગોપાંગ નિરખવાથી વિરામ પામવું. ઉપાંગ એટલે એક અંગુઠો પણ જોવાનો નહિ, આ જીવનનું ઘડતર છે. જેમ સતીનું જીવન ઘડતર એટલે, એના સો વર્ષના આયુષ્યમાં એક વખત પણ શીયળનો ભંગ થવા ન દે તેમ સાધુ જીવનનું ઘડતર એટલે પોતાના જીવન પર્યંત એકવાર પણ શીલનો ભંગ નહિ. અર્થાત્ સાધુના માટે જે અયોગ્ય પ્રવૃત્તિઓ છે. તેનું લેશમાત્ર પણ સ્થાન સાધુ જીવનમાં ન હોય, એણે તો સમજી રખેલું હોય કે 'આ આપણી દિશા જ નહિ' માન સરોવરના હંસે સમજી રાખેલું હોય છે કે 'આ ઘાસના છુંછા ચાવવાનો આપણો ખોરાક જ નહિ' તેમ સાધુ વિચારે કે આપણે ઉચ્ચખાનદાનીવાળા, હવે આપણા શરીરને કે મનને આ શોભે જ નહિ. આ વિચાર હોય તો સ્ત્રાની સામે આંખ પણ ઉંચી ન થાય, અને આ પાપ છૂટે ત્યારે જ ઉચ્ચ તત્ત્વોની રમણતા અંતરમાં ચાલે પણ જો ઈન્દ્રિયોના વિષયો મગજમાં રમતાં હોય એટલે પરમ તત્ત્વોના વિચારો મગજમાં ન રમી શકે.

વળી પોતાના શરીરપર પણ નિર્મમત્વ ભાવવાળા,

એટલું જ નહિ પણ દ્રવ્ય ક્ષેત્રાદિથી પણ અપ્રિતિબદ્ધ.

**દ્રવ્યપ્રતિબંધ**– 'મારે તો આવુ દ્રવ્ય હોય તો જ ચાલે. વસ્ત્ર, પાત્ર, આહાર મારો મન માન્યો ન હોય, તો ન ચાલે- ન નભી શકે' આવુ હોય તો દ્રવ્ય પ્રતિબંધ છે. ગર્ભવાસ અને ભવભ્રમણાથી ભય પામેલા આત્માએ આવા દ્રવ્ય પ્રતિબંધથી રહિત બનવું જોઈએ.

**ક્ષેત્રપ્રતિબંધ**– 'મારે તો આવી જ વસતિ જોઈએ. અભ્યાસ માટે આવો જ હૉલ જોઈએ. વિહારમાં મારાથી આટલો જ વિહાર થશે, અથવા તો મને ગુજરાતમાં જ ફાવશે. મારવાડ બારબાડ નહિ' આ ક્ષેત્ર પ્રતિબંધ છે. આ પણ ન જોઈએ.

**કાળપ્રતિબંધ**– 'આપણાથી તો સાંજનો જ વિહાર થઈ શકે, ચાર વખત ગોચરી વિના ન ચાલે, અમુક કાળે જાગતા ન રહેવાય. અમુક નિદ્રા તો જોઈએ જ' આ કાળપ્રિબંધ છે. આ પ્રતિબંધ ન જોઈએ.

**ભાવપ્રતિબંધ**– આપણે તો સાધુઓ ખામોશ-વાળા જોઈએ. ચડભડીયા નહિ ચાલે, ગુરૂમહારાજ આવા જ જોઈએ ટોણા ટપકા મારનાર ન ચાલે. ગુરુ એમ વિચારે કે 'શિષ્ય વિનીત જ જોઈએ, સામો ઉત્તર આપે તેવો ન જોઈએ' ગુરુ આમ વિચારે તો તે પણ પડે. ભાવ પ્રતિબંધમાં આ પ્રતિબંધ આત્માને આરધના ના બદલે વિરાધનામાં લઈ જાય.

**પ્રતિબંધ એટલે માનસિક પરાધીનતા.**

**પ્રતિબંધોને નિવારવાના માટે વિચારણા**

૧. જે દ્રવ્ય ક્ષેત્રાદિના પ્રતિબંધ મારા આત્માંને ગળિયો બનાવે છે. જેની રટણા મગજમા પેસી જઇને ઉલ્કાપાત મચાવે છે. તેની ઝંખના શું ? વળી જેની પાસે એટલો પુણ્યોદય નથી, જેની પાસે દ્રવ્ય ક્ષેત્રાદિના તેવા અનુકૂળ સંયોગો નથી તે કેવી રીતે ચલાવે છે? બી. એ. સુધીનો અભ્યાસ કરનારા એક નાની કોટડીમાં પડયા રહે છે. ભણવાનું ત્યાં, ખાવાનું ત્યાં, નાના ભાઇ બહેનોનો કકળાટ પણ ત્યાં સંભળાય, ત્યાં એ શી રીતે ચલાવતા હશે?

આજે એવી પણ બાઈઓ છે કે જેને સાસુનો ભયંકર તાપ સહેવો પડે છે. પતિની મારઝુડમાં જીવન વિતાવવું પડે છે. છતાં જીવન નિભાવે છે. તેની સામે આપણુને શું એવો ત્રાસ છે? એવી શું પ્રતિકૂળતાઓ છે ? નથી એવો ત્રાસ કે નથી એવી પ્રતિકૂળતાઓ ઉપરથી કેટલી સગવડો છે. તો શાને પ્રતિબંધમાં પડવું ?

૨. આત્મામાં ગુણોની સ્થિરતા અને ગુણસ્થાનકની ઉન્નતિ, સહી લેવાથી–ખમી ખાવાથી આવે કે મન માન્યુ કરવાથી આવે ? આ વિચારીએ ત્યાં દ્રવ્યક્ષેત્રાદિ ઉલટા પડતાં દેખાય કે આનંદ થાય. ‘સારૂ થયું સહવાનો વખત આવ્યો, ચાલો ઉન્નતિ સાધવાનો અવકાશ મળી ગયો.’

૩, કર્મનો ક્ષય અનુકૂળતાઓ વધાવી લેવામાં નથી પણ પ્રતિકુળતાઓ વધાવી લેવામાં છે.

૪. ધર્મીતરીકેની કસોટી પણ પ્રતિકૂળતાઓ સહવામાં છે, માટે જે આવ્યુ તે બરોબર છે.

૫. આપણે સાધના શાની કરવાની છે? આ દ્રવ્ય ક્ષેત્રાદિની અનુકૂળતા મેળવવાની કે મોક્ષની? રાત દિવસ વિચારણા શાસ્ત્રોની કરવાની કે આ ક્ષેત્રાદિની?

૬. આ દ્રવ્યક્ષેત્રાદિની અનુકૂળતાની વિચારણા, ઉંચી તત્વની વિચારણા મૂકાવી જડપુદ્ગલની ગડમથલ કરાવે છે.

**અસંયમ પાપ છે અને તે અનેક પ્રકારે છે.**

હિંસાદિ પાપ, શબ્દાદિ વિષયો, ઇન્દ્રિયોની પરવશતા, કષાયોની પરવશતા, મન વચન કાયાનો દંડ.

**હિંસા**– પૃથ્વીઆદિ છ ભેદ આદિમાં થાય.

**મૃષા**– પારમાર્થિક અને સર્વોત્તમ જે પરમ અર્થ મોક્ષ, તેની સાથે સંબંધ રાખનાર તાત્ત્વિક ધર્મના હિતોપદેશ છોડીને મૃષાવાદ કરવો.

**ચોરી**– ઉદ્ગમ, ઉત્પાદના, એષણા અને માંડલીના દોષ યુક્ત ગોચરી વાપરે તે ચોરી છે. તેવી રીતે ઉપધિ ઉપકરણ, પાણી, આહાર વગેરે અશુદ્ધ વાપરે તો તે પણ ચોરી છે. તીર્થંકરની આજ્ઞા વિરુદ્ધ હોવાથી **તીર્થંકરઅદત્ત** લાગે. સ્વામિ–માલિકની રજા સિવાયનું **સ્વામિ-અદત્ત** જીવની રજા સિવાય (સચિત્ત વાપરવું) **જીવઅદત્ત** ગુરુની આજ્ઞા સિવાય કરવું તે **ગુરુઅદત્ત** લાગે છે.

**મૈથુન**– માત્ર મનથી પણ દિવ્ય (દેવતાઇ) કામ રતિના સુખને કે ઔદારિક (મનુષ્ય આદિના) રતિસુખને ચિંતવે તેને અબ્રહ્મચારી માનવો.

તમે ભલે અબ્રહ્મચર્યનું પાપ નથી કર્યું પણ સ્ત્રીની કથા કરી, અને સ્ત્રીની વસતિમાં રહ્યા. આ જે બ્રહ્મચર્યની વાડ

વિરાધી એટલે બ્રહ્મચર્યનો ભંગ થયો અરે સરાગદષ્ટિ કરે તો પણ બ્રહ્મચર્યનો ભંજક છે. સરાગદષ્ટિ તો મહાઝેર છે.

**પરિગ્રહ**– સંખ્યા અને પ્રમાણથી વધારે એવું જે ધર્મોપકરણ તે પરિગ્રહ પાપ છે, એથી આગળ વધીને જેટલી વસ્તુ ઉપર મૂર્ચ્છા હોય તે પરિગ્રહ.

અપ્રશસ્ત યોગોનું આચરણ તે હિંસા, થોડો પણ આરંભ તે **હિંસા.**

કષાયભાવથી કે ક્રુર ભાવથી કલુષિત થયેલી વાણી અને સાવદ્ય વચન એ **મૃષાવાદ.**

એક તણખલાને પણ માલિકની રજા વિના લેવી તે **ચોરી.**

હસ્તકર્મ, શબ્દાદિ વિષયમાં આસક્તિ હોય તે **મૈથુન.**

જ્યાં મૂર્ચ્છા, લોભ, કાંક્ષા, મમત્વ હોય તે **પરિગ્રહ.**

ઉણોદરી ન રાખે અને આકંઠ વાપરે તે **રાત્રિભોજન.**

**શબ્દાદિ વિષયો**– ચાહે ઈષ્ટ હોય કે અનિષ્ટ હોય એના ઉપર ન રાગ કરવો કે ન દ્વેષ કરવો. રાગ દ્વેષ કરવાથી આત્મા કર્મથી બંધાય છે.

**ચાર કષાયો**– ક્રોધ, માન, માયા, લોભથી કર્મ બંધાય છે.

**યોગો**– મન વચન કાયાનો ખોટો પ્રયોગ–અશુભ વિચાર, વાણી અને પ્રવૃત્તિથી કર્મ બંધાય છે.]

ચારિત્રનું પાલન કરતાં જે જે વિરૂધ્ધ આચરણ થાય તેને પ્રતિસેવના કહેવાય.

# છઠ્ઠું આલોચના દ્વાર.

આલોચના બે પ્રકારે– મૂલગુણ સંબંધી અને ઉત્તરગુણ સંબંધી.

આ બન્ને આલોચના સાધુ, સાધ્વીવર્ગમાં ચાર કાનવાળી થાય છે. કેવી રીતે ?

સાધુમાં એક આચાર્ય અને આલોચના કરનાર સાધુ, એમ બેના થઇ ચાર કાન, સાધ્વીમાં એક પ્રવર્તિની અને આલોચના કરનાર સાધ્વી, એમ બેના થઈ ચાર કાન. તેઓ આચાર્ય પાસે મૂલગુણ અને ઉત્તરગુણની આલોચના કરે બન્નેના મળી આઠ કાનવાળી આલોચના થાય. એક આચાર્ય અને તેમની સાથે એક સાધુના મળી ચાર કાન તથા પ્રવર્તિની અને બીજી સાધ્વી આલોચનાકારી એમ ચારેના મળીને આઠકાન થાય. આચાર્ય વૃદ્ધ હોય તો છકાનવાળી પણ આલોચના થાય.

સાધ્વીએ આચાર્ય પાસે આલોચના લેતી વખતે પાસે બીજી સાધ્વી અવશ્ય રાખવી. એકલી સાધ્વીએ કદી આલોચના ન કરવી.

ઉત્સર્ગ રીતે આલોચના આચાર્ય મહારાજ પાસે કરવી જોઇએ. આચાર્ય મહારાજ ન હોય, તો બીજા દેશ ગામમાં તપાસ કરીને આચાર્ય મહારાજ પાસે આલોચના

કરવી. આચાર્ય મહારાજ ન હોય, તો ગીતાર્થની પાસે આલોચના કરવી. ગીતાર્થ પણ ન મળે તો યાવત્ છેલ્લે શ્રીસિદ્ધ ભગવંતની સાક્ષીએ પણ અવશ્ય આલોચના કરી આત્મશુદ્ધિ કરવી.

આચાર્ય ભગવંત જે આલોચના આપે તેને તે રીતે પૂર્ણ કરવી જોઈએ.

આલેનાનાં એકાર્થિક નામો– આલોચના, વિકટના, શુદ્ધિ, સદ્‌ભાવદાયના, નિંદના, ગર્હા, વિકુટ્ટણં, સલ્લુદ્ધરણ

[શલ્ય બે પ્રકારનાં છે. સૂક્ષ્મ અને બાદર બન્ને ત્રણ ત્રણ પ્રકારે ઘોર ઉગ્રઘોર ઉગ્રતરઘોર

૧. **ઘોર**–અનન્તાનુ બંધી અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાનીય અને સંજ્વલનની માયા.

૨. **ઉગ્રઘોર**– અનન્તાનુબંધી, અપ્રત્યાખ્યાનીય અને સંજ્વલનની માન યુકત માયા.

૩. **ઉગ્રતરઘોર**– અનન્તાનુબંધી, અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય અને સંજ્વલનની ક્રોધ, લોભ, માનયુકત માયા

સૂક્ષ્મ કે બાદર કોઈ પણ શલ્ય હોય, તો તેનો તત્કાળ અને જલ્દી ઉધ્ધાર કરવો જોઈએ. કેમકે શલ્યનો ઉધ્ધાર કરવો એ એક મહાન ધર્મ છે.

એક ક્ષણવાર પણ શલ્ય સહિત રહેવું ન જોઇએ કેમકે:—

ઘરમાં નાના સાપોલીયાને ફરતું જોઇ મનુષ્ય, એમ વિચારે કે 'આમા શું આતો નાનું છે.' આમ એની

ઉપેક્ષા કરે તો, તે નાનું પણ સાપોલીયું ડંખ મારે.

નાના પણ અગ્નિના કણીયાની ઉપેક્ષા કરી, તેને બુઝવવામાં ન આવે તો, થોડી વારમાં ભડકો થઈ આખા નગરને પણ બાળી નાખે.

તેવી રીતે કોઇ નાનું પણ પાપશલ્ય સેવ્યું અને તેનો તત્કાળ ઉદ્ધર્યું નહિ. તો કરોડો ભવભવાંતરોમાં સંતાપનું સ્થાન બને છે.

શ્રી ગૌતમસ્વામીજી ભગવાનને પૂછે કેઃ—

ભયવં! આ જે પાપશલ્ય છે, તે ઉદ્ધરવાં અત્યંત મુશ્કેલ છે, સુદ્દુરુદ્ધર છે. કેમકે ઘણા જણ એવા છે કે ‘પોતાના ધારેલા ઘોર તપથી પોતે શલ્યને ઉદ્ધર્યું માનતા હોય છતાં જાણી શકતા નથી કે હજુ શલ્ય ઉદ્ધરાયું નથી. અર્થાત્ પોતે શલ્યને સેવ્યા પછી પોતાની કલ્પનાથી તેનું પ્રાયશ્ચિત્ત કરી લે. અથવા તેનું જે પ્રાયશ્ચિત્ત હોય તેનાથી દશ ગણું પ્રાયશ્ચિત્ત કરે પણ એમ વાસ્તવિક રીતે શલ્ય ઉદ્ધરાતું નથી. કેમકે ‘તેણે વિધિપૂર્વક ગુરુ સમક્ષ પ્રગટ નથી કર્યું’ તેથી, શ્રી ગૌતમ સ્વામીજી કહે છે કે ‘પ્રભુ! શલ્યોદ્ધાર દુષ્કર છે.’

**પ્રભુનો ઉત્તર**—હે ગૌતમ! જે શલ્ય ભવાંતરમાં સર્વ અંગોપાંગને ભેદી નાખે તેવા અત્યંત દુષ્કર પણ શલ્યનો ઉદ્ધાર કરવો હોય તો તેનો પણ માર્ગ કહેલોજ છે. અર્થાત્ શલ્યનો ઉદ્ધાર શાસ્ત્રોક્ત માર્ગથી સુકર છે.

તે કેવી રીતે? કયો માર્ગ?

**શલ્યોદ્ધારનો ઉપાય**– સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ ચારિત્ર આ ત્રણેનું એકી કરણ તે શલ્યોદ્ધારનો ઉપાય છે.

જેમ કોઈ ક્ષત્રિય લડાઈમાં ગયો જીત્યો પરંતુ લડાઈમાં તીક્ષ્ણ બાણોના ઘા પડ્યા હોય, તેમાં કોઈ બાણો ઝેરી પણ હોય, તેના શલ્યો શરીરમાં ગૂઢ બની ગયાં હોય, કેટલાંક શલ્યો છુપાઈ ગયાં, હોય, કેટલાક બહાર દેખાતાં હોય, ત્યારે કેટલાક હાડકામાં પેસી ગયાં હોય કેટલાંક વળી શરીરના ઠેઠ અંદરના ભાગમાં પેઠેલાં હોય ક્ષત્રિય છે તો જીતેલો પણ અંદરના શલ્યોનું શું ?

તેમ અહીં આપણે સંસાર પર વિજય મેળવ્યો અર્થાત્ દીક્ષા લઈને સંસારથી બહાર નીકળ્યા. પરંતુ જે શલ્યો અંદર પેઠાં તેનું શું ?

પેલા ક્ષત્રિયને જે શલ્યો બહાર છે તે શલ્ય તરીકેની ગરજ નથી સારતાં પરંતુ જે અંદર છે તેનો નિર્મૂળ ઉદ્ધાર કરવો પડે. તેવી રીતે આપણે શલ્યોદ્ધાર કરવા માટે સમગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રને એકમેક કરીએ તો શલ્યનો ઉદ્ધાર થાય.

**તાત્પર્ય**– શલ્ય એટલે માત્ર કોઈ પાપ કર્યું છે અને તેનું પ્રાયશ્ચિત્ત લેવાનું મન થતું નથી. અથવા તો માત્ર બચાવ કરી લે કે 'આમાં કંઈ ખાસ પાપ નથી.'

સામાન્ય રીતે કષાયો અને સંજ્ઞાઓ, તેની લાગણીઓ, વિષયોનો પક્ષપાત વગેરે જે હૃદયમાં ઘર કરી ગયાં હોય છે, તેનાથી કેટલાકનો મન બગાડવાનો સ્વભાવ

હોય છે, કેટલાકની વૃત્તિઓ જ પાપી રહ્યા કરે છે, જે ત્યાગ અને વૈરાગ્યની વૃત્તિઓ રહેવી જોઇએ તે નહિ. આ બધાં શલ્યો આત્મ સ્વભાવમાં ઘર કરી ગયાં છે. તેનો ઉધ્ધાર કરવાનો છે. તેનો ઉપાય પ્રભુએ બતાવ્યો કે 'સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રને એકભૂત કરી દેવાં.

**શલ્ય એટલે શું?** પ્રચ્છન્ન પાપોની વિધિસર આલોચના, પ્રાયશ્ચિત્ત નહિ. તેવું જ બીજું મહાશલ્ય આપણી સ્વભાવગત થઇ ગયેલી ખોટી લાગણીઓ, પાપવૃત્તિઓ અને અન્યતમ કષાયો. જેવા કે વાતવાતમાં વાંકુ જ પડે, તેમ કોઇ સારી વસ્તુ જુવે કે લોભાઇ જ પડે, જેમાં કાંઇ ન લેવાનું ન દેવાનું હોય, પરંતુ સહેજે આકર્ષાઇ જાય.' આ બધા શલ્યોનો પણ ઉધ્ધાર કરવાનો છે, માટે સમ્યગ્ દર્શન જ્ઞાન અને ચારિત્રનું એકીકરણ જોઇએ.

મદના આઠ સ્થાનો કોઇને કોઇ રીતે શલ્યને આત્મામાં સુરક્ષિત રાખે છે, પરંતુ શલ્યનો ઉદ્ધાર ન થવા દે.

**મદના આઠ સ્થાનો–** ૧–૨ જાતિ અને કુળનો મદ હોય, એટલે આત્મા વિચારે કે 'લોકો મને ઉચ્ચ જાતિમાં અને ઉચ્ચ કુળમાં જન્મેલા તરીકે ઓળખે છે અને હું આ બધું મારું પોલ બહાર પાડી દઉં તો લોકો શું ધારે? ઉચ્ચ જાતિ કુળમાં જન્મેલો અને આવો પાપી વગેરે.

૩. રૂપનો મદ હોય, તો મનમાં થાય કે 'આલોચના કરશું અને કદાચ પ્રાયશ્ચિત્તમાં ખૂબ આયબીલ ને નીવી આપશે, તો મારૂં સુંદર રૂપ ખરાબ થઈ જશે.'

૪. બળનો મદ હોય તો વિચારે કે 'છ મહિનાનો તપ આપશે, તો બધું બળ ખલાસ. શરીર બધું સુકાઈ જશે.'

૫. લાભનો મદ હોય, તો વિચારે કે જ્યાં હું જાઉં ત્યાં બસ, લીલા લહેર હું છું તો સમુદાય સુખે સુખે નભે છે, હું આવો લાભની લબ્ધિવાળો અને આલોચના કરૂં તો બધા શું ધારે ?'

૬. તપના મદવાળો તો એમજ માની લે કે 'મારે તો તપથી જ શુદ્ધિ છે.

૭. ઐશ્વર્યનો મદ હોય, તો વિચારે કે 'મારે આટલા શિષ્યો, આટ આટલા ભક્તો શ્રાવકો તો મારાથી આ બધું કેમ આલોચાય ?'

૮. જ્ઞાનનો મદ હોય, તો તેની વાત જ ઓર છે. એ એમ વિચારે કે 'મને બધીજ ખબર છે ને હું મારી મેળે જ પ્રાયશ્ચિત્ત કરી લઇશ.'

આ રીતે આઠે મદ અંતરને શુદ્ધ થવા નથી દેતાં. મદ મોટા કે મોટી શકિતવાળાને જ થાય તેવું પણ નથી, સાવ નાનો હોય, અલ્પ શકિતવાળો હોય, છતાં પોતાનું જે કંઇ થોડું છે. તેના ઉપર પણ મદ થઇ શકે.

મન ઘણી વખત એમ વિચારે કે 'કદાચ આલોચના દેનારની દષ્ટિમાં હું ખરાબ દેખાઇશ તો ?' પરંતુ આ માન્યતા ભૂલ ભરેલી છે. કેમકે ગીતાર્થો મહાપુરુષો 'સાગર વર ગંભીરા હોય છે. વળી આ પણ મનની ખોટી માન્યતા છે કે 'આપણે અંતરની મલિન વૃત્તિઓની, કષાય કે વિષયનાં આકર્ષણોની આલોચના ન કરીએ, તો મોટાઓ

આપણા માટે ધારી લે કે 'આ સાધુ નિરતિચાર ચારિત્ર પાળનારો છે, અથવા આપણને સારા સાધુ માને.' પરંતુ આ ભ્રમરૂપ કલ્પના છે, તેને કાઢી નાંખવી જોઇએ. કેમકે ખરી રીતે આપણું જે જીવન છે તેને મોટા સમક્ષ નગ્ન રીતે બતાવવાનું છે. તેથી આલોચના દેનારને લાગે કે 'આ શુદ્ધ હૃદયનો છે, ભવભીરૂ છે.'

જો અંદર શલ્ય રાખ્યું તો કરોડ વર્ષનો કરેલો તપ પણ નકામો. માટે આલોચના કરતાં સ્હેજ પણ પોતાની મોટાઇનું આલંબન થઈ ગયું, તો પૂર્ણપણે નિઃશલ્ય ન થઈ શકાય. માટે જરા પણ છુપાવ્યા વિના અત્યંત લઘુપણે પૂર્ણ આલોચના કરવી.

## કેવળી થયાના ભાવો.

શ્રી વીર પરમાત્મા શ્રી ગૌતમસ્વામીજીને કહે છે કે 'હે ગૌતમ! જે ભાવે આલોચના કરતાં જીવોએ કેવળજ્ઞાન લીધું તે ભાવોને સાંભળ.

૧. સંવેગ–અત્યંત નિર્મળ શ્રદ્ધા સાથે મહાવૈરાગ્યની પરિણતિ. એમ સંવેગથી આલોચના કરતાં કરતાં ભાવ આલોચનાથી ત્યાં ને ત્યાં કેવળી બન્યા. આવા કેઇ આલોચના વડે કેવળી બને, તે ભાવાલોચાન કેવળી કહેવાય,

૨. કેટલાક 'હું હમણાં ગુરુ મહારાજ પાસે જાઉં અને બધું મારૂં દુસ્કૃત કહી દઉં, કેવો હું દુષ્ટ કેવું ઘોર પાપ મેં કર્યું' આમ વિચારીને ગુરુ પાસે જવા એક પગલું ભરે. ત્યાંજ કેવળી બને.

૩. તેવી રીતે ગુરુ મહારાજ પાસે જઇને કહેવા

માટે મોં ખોલે ત્યાં કેવળી બને.

૪. કેટલાક આત્માઓ ગુરુ મહારાજ પ્રાયશ્ચિત્ત આપે, તે સાંભળતાં સાંભળતાં કેવળી.

૫. જ્યારે કેઇક પ્રાયશ્ચિત્ત લઇને ઉઠયા પછી મહા-વૈરાગ્યની ઉર્મિ જાગતાં કેવળી બને. અથવા તો આલોચના પૂર્વે ઉત્કટ વૈરાગ્યથી કેવળી બને.

૬. કેટલાક આલોચના કર્યા બાદ કેવળી.

૭. કેટલાક 'અરે હું પાપાત્મા' એટલો વિચાર કરતાં કેવળી. ઝાંઝરીઆ મુનિવરનો ઘાત કરનાર રાજા, આ રીતે કેવળી બન્યા. ગુરુ હાજર નહોતા, પરંતુ અંતરમાં પાશ્ચાત્તાપ થયો 'અરે હું આવો ઘાતકી પાપાત્મા.'

૮. કેટલાકને લાગ્યું કે 'હા હા! ઉત્સૂત્ર માર્ગમાં હું લાગી ગયો. જ્ઞાનીની આજ્ઞા વિરૂદ્ધ ચાલ્યો. એનો પશ્ચાત્તાપ કરતાં કેવળી.

૯. જે આત્માનું અખંડિતશીલ છે. તે વિચારે છે કે 'બસ હવે હું સ્હેજ પણ સાવદ્ય યોગ સેવું નહિ.' આ અખંડ નિર્ધા કરતાં કેવળી.

૧૦. ઉપરોક્ત નિર્ધાર કર્યાં પછી, આગળ વધીને પોતાના જીવનનાં દુષ્કાર્ય બદલ એટલો બધો પશ્ચાત્તાપ થાય કે 'એના બદલામાં હું શું કરૂં! તે માટે આ વિચારે છે કે 'તપ સંયમ વ્રતની ખૂબ રક્ષા કરૂ' આ વિચારમાં કેવળી. અહીં એ રીતે પણ કેવળી થાય કે 'હું તપની ખૂબ રક્ષા કરૂં, હું સંયમની ખૂબ રક્ષા કરૂં. એ રીતે તપ, સંયમ અને વ્રતની જુદી જુદી ભાવના કરતાં કેવળી બને.

૧૧. મારાથી થઈ ગયેલાં પાપોની નિંદા ગર્હા કરું છું એ ભાવે નિંદા ગર્હા કરતાં કેવળી બને.

૧૨. 'સર્વથા શીલનું રક્ષણ કરૂં. અને કોટીપૂરક તપ વડે લગાતાર પ્રાયશ્ચિત્તને વહન કરૂં" આ ભાવનામાં કેવળી.

૧૩. શરીર વસ્ત્રાદિનું પરિકર્મ કંઈ જ ન કરૂં. 'ઠંડી આવે અને થાય છે કે 'લાવ બારણાની જયણા કરૂં" આ પરિકર્મ છે. જિનકલ્પીને સ્વકૃત પરિકર્મ પણ ન ખપે, તેમ હું નિષ્પરિકર્મા બનું, શરીરને ખણું પણ નહિ. આંખનો પલકારો પણ મારૂં ચાલે તો ન કરૂં, આ પ્રકારની ભાવનામાં ચઢેલા કેવળી.

૧૪. 'વધુ બોલવાથી અને આહટ્ટ દોહટ્ટ વિચારણાથી પાપબંધ થઈ રહ્યો છે, માટે મૌનવ્રતમાં એક કે બે પ્રહર આવી જાઉ" આ ભાવનામાં કેવળી.

૧૫. 'અરે! ભાઈ! સંયમ તો દુરારાધ્ય છે, તેને દીર્ઘકાળ પાળવાની મારી શક્તિ નથી, માટે અનશન કરી લઉં' આ વિચારણા કરતાં કેવળી. કેમકે હૃદય કર્મની રજ નહિ ચોંટવા માટે એટલું બધુ રૂક્ષ બની ગયું છે. જે રૂક્ષતાએ એક પણ ઘાતીકર્મને ચોંટવા માટે રાગાદિની સ્નિગ્ધતા રહેવા જ દીધી નથી.

૧૬. પોતાના આત્માના દોષો દુષ્કૃત્યો જોઈ 'મારૂં શું થશે' એમ વિચારી નવકાર ગણવા માંડયા ત્યાં કેવળી. નિત્ય આલોચના કરતાં કેવળી.

૧૭. શલ્ય રહિત થયા પછી કેવળી.

૧૮. શલ્યોદ્ધાર કરતાં કરતાં કેવળી.

૧૯. આવી શલ્યોદ્ધારની ક્રિયા પોતાને મળી, તેમાં પોતાની જાતને ધન્ય માને 'ધન્યોડહ" આવી અદ્દભૂત સામગ્રી મને મળી, આમ અનુમોદના કરતાં કેવળી.

૨૦ હવે હું સશલ્ય અવસ્થામાં રહી શકું એમ નથી. આવી સારી સામગ્રી મને મળી છતાં હજુ હું કેમ સંપૂર્ણ જ્ઞાનવાળો, ઉન્નતિવાળો, દોષ રહિત બનતો નથી.' આમ વિચારી આલોચના કરવા આઠેક પગલાં ચાલે ત્યાં કેવળી.

૨૧. ગુરુમહારાજ કહે કે 'તારે પંદર દિવસનું પ્રાયશ્ચિત્ત તારે ચાતુર્માસનું પ્રાયશ્ચિત્ત અને તારે સંવત્સરનું પ્રાયશ્ચિત્ત' આ સાંભળતાં તે તે આત્મા કેવળી.

૨૨. 'અરે ! જીવન ચંચળ છે, મનુષ્યભવ અનિત્ય અને ક્ષણમાં વિણસી જાય તેવો છે.' આ ભાવનામાં કેવળી.

૨૩. આલોચના નિંદા કરી, ચૈત્ય અને સાધુઓને વંદી, દુષ્કર એવા પ્રાયશ્ચિત્તને કરતો હોય, એવી રીતે લાખો ઉપસર્ગોને સહન કરતો કેવળી બને.

૨૪. પ્રાયશ્ચિત્તને લઇને એક હાથ પાછો ફરે ત્યાં કેવળી.

૨૫. પ્રાયશ્ચિત્ત લઇને આસને જાય ત્યાં કેવળી.

૨૬. ગુરુ પ્રાયશ્ચિત્ત આપે કે 'તારે આઠ કવળનું એકાસણું કરવું" આ સાંભળતાં અથવા આઠ કવળનો આહાર કરે ત્યાં કેવળી,

૨૭. કેટલાંકને દાણાનું પ્રાયશ્ચિત આપે, તે સાંભળતાં

કેવળી.

૨૮. કેટલાક પ્રાયશ્ચિત્તને વહન કરવાની શરૂઆત કરે ત્યાં કેવળી.

૨૯. કેટલાક પ્રાયશ્ચિત્તને વહન કરવાનાં કાળમાં કેવળી.

૩૦. કેટલાક પ્રાયશ્ચિત્તને સમાપ્તિ કરે ત્યાં કેવળી.

૩૧. 'અરે! મારી શુદ્ધિ થાય એવી નથી અને બહારથી મને કોઇ પ્રાયશ્ચિત્ત પણ આપે એમ નથી.' આમ વિચારતાં કેટલાક કેવળી.

૩૨. એકે હજુ પ્રાયશ્ચિત્ત વહન કર્યું નથી. બીજાએ વહન કર્યું છે અથવા કરે છે ત્યાં કેવળી બને છે.

૩૩. 'જેનાથી આત્મામાં શુદ્ધિ આવે–નિઃશલ્યતા આવે છે, તેવા પ્રાયશ્ચિત્તને હું વહન કરૂં.' આવું વિચારતાં કેવળી.

૩૪. 'તે તે શલ્યોને હું રોકું કે જેનાથી મારો તપ સફળ થાય.' આવી ભાવના કરતાં કરતાં કેવળી.

૩૫. 'કેવું પ્રાયશ્ચિત્ત આચરતો હું બેસું.' આવી જે ઉગ્ર ભાવના કરી, ત્યાં કેવળી.

૩૬. 'અહો! હું શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને લંઘનારો છું, માટે પ્રાણુનો ત્યાગ કરૂં.' આ ભાવનામાં કેવળી.

૩૭. 'અરે! મને શરીર તો બીજું મળશે, પણ કલુષિત જીવન કહે છે કે 'ફરીથી બોધી નહિ મળે' આવો પશ્ચાતાપ કરતાં કેવળી.

૩૮. 'આ શરીર તો મને બહુ સરસ મળી ગયું

છે, કે જેથી પાપોને બાળી નાખું.' આવા પ્રકારની વિચારણામાં કેવળી.

૩૯. 'અનાદિના પાપમલને હું ધોઈ નાખું.' આ ભાવનામાં કેવળી.

૪૦. 'વળી, હવેથી પ્રમાદવશ એવું નહિ આચરૂં.' આમ વિચારતાં કેવળી.

૪૧. 'આ મારો દેહ–આ મારૂં શરીર ક્ષણિક છે' આવી વિચારણામાં કર્મોની નિર્જરા કરતાં કેવળી.

૪૨. 'આ શરીર ધારણ કરવાનો સાર નિષ્કલંક સંયમ છે.' આ ભાવનામાં કેવળી.

૪૩. 'હું મનથી પણ શીલને ન ખંડુ અને જો ભંગ થઈ જાય, તો પ્રાણને ધારણ કરૂં નહિ, મારો જીવ કાઢી નાખું.' આવી ભાવના ભાવતાં કેવળી.

હે ગૌતમ ! તું એમ ન સમજીશ કે 'આવા એકાદ બે કેવળી થયા હશે.' અરે! કાળ અનાદિકાળથી ચાલ્યો આવે છે, તેમાં અનંતા આત્માઓ એવા થઇ ગયા કે જેઓ આલોચના કરતાં કરતાં કેવળી બન્યા અને અનંતા પ્રાયશ્ચિત્ત કરતાં કરતાં કેવળી બન્યાં.]

# સાતમું વિશુદ્ધિ દ્વાર.

ધીરપુરુષોએ, જ્ઞાની ભગવંતોએ શલ્યોદ્ધાર કરવાનું ફરમાવ્યું છે, તે જાણીને સુવિહિત લોકો તેને જીવનમાં આચરીને પોતાના આત્માની શુદ્ધિ કરે છે.

શુદ્ધિ બે પ્રકારેઃ- ૧. દ્રવ્યશુદ્ધિ. ૨. ભાવશુદ્ધિ.

૧. **દ્રવ્યશુદ્ધિ**- વસ્ત્ર આદિને ચોકખાં કરવા.

૨. **ભાવશુદ્ધિ**- મૂલગુણ અને ઉત્તર ગુણોમાં જે દોષો લાગ્યા હોય, તેની આલોચના પાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિ કરવી,

જાતિ, કુલ, બળ રૂપાદિ છત્રીસ ગુણોથી યુકત એવા આચાર્યને પણ શુદ્ધિ કરવાનો અવસર આવે તો બીજાની સાક્ષીએ કરવી જોઇએ. જેમ હોંશીયાર વૈદ્યને પણ પોતાની જાત માટેની ચિકિત્સા તો બીજાની પાસેથી લેવી પડે છે. અર્થાત્ બીજા વૈદ્ય પાસે જઈ પોતાનો રોગ આદિ કહે છે, તે વૈદ્ય તે સાંભળીને તપાસીને રોગને દૂર કરવાનો આરંભ કરે છે, તેમ પોતે પ્રાયશ્ચિત્તની વિધિ જાણતા હોય, તો પણ અવશ્ય બીજાની પાસે આલોચના કરી શુદ્ધિ કરવી જોઇએ.

આવા આચાર્યને પણ બીજા આગળ આલોચનાની જરૂર છે, તો પછી બીજાની તો શી વાત. માટે સર્વ કોઇએ ગુરુ સમક્ષ વિનયભૂત અંજલી જોડી આત્માની શુધ્ધિ કરવી. આ સાર છે.'

'न हु सुज्झई ससल्लो, जह भणियं सासणे धुवमयाणं ।
उध्धरियसव्वसल्लो, सुज्झइ जीवो धुयकिलेसो' ॥

જેમણે આત્માનો સર્વરજમલ દૂર કર્યો છે તેવા શ્રી જિનેશ્વર ભગવંતના શાસનમાં ફરમાવ્યું છે કે **'જે આત્મા સશલ્ય છે તેની શુધ્ધિ થતી નથી. સર્વ શલ્યોનો જે ઉધ્ધાર કરે છે, તે જ આત્મા શુધ્ધ બને છે.'**

## દોષો કેવી રીતે લાગે?

૧. સહસા, ૨. અજ્ઞાનતાથી, ૩. ભયથી, ૪. બીજાની પ્રેરણાથી, ૫. સંકટમાં, ૬. રોગની પીડામાં, ૭. મૂઢતાથી ૮. રાગ દ્વેષથી.

**૧. સહસા**– પગલું જોઇને ઉપાડયું ત્યાં સુધી નીચે કાંઈ ન હતું, પણ પગ મૂકતાં જ નીચે કોઇ જીવ આવી જાય. વગેરેથી.

**૨. અજ્ઞાનતાથી**–લાકડાં ઉપર નિગોદ વગેરે હોય પણ તેના જ્ઞાન વિના તેને લૂંછી નાખ્યું. વગેરેથી.

**૩. ભયથી**– જુઠું બોલે, પૂછે તેનો જુઠ્ઠો ઉત્તર આપે. વગેરેથી.

**૪. બીજાની પ્રેરણાથી**– બીજાએ આડું–અવળું સમજાવી દીધું ને તે મુજબ અકાર્ય કરે.

**૫. સંકટમાં**– વિહાર આદિમાં ભૂખ તૃષા લાગી હોય, ત્યારે આહારાદિની શુદ્ધિની પૂરી તપાસ કર્યા સિવાય વાપરી લેવું વગેરેથી.

**૬. રોગની પીડામાં**– આધાકર્મિ આદિ વાપરતાં

**૭. મૂઢતાથી**– ખ્યાલ નહિ રહેવાથી.

**૮. રાગદ્વેષથી**– રાગ તથા દ્વેષથી દોષો લાગે.

## આલોચના કેવી રીતે કરવી?

ગુરુ પાસે જઇ વિનયપૂર્વક બે હાથ જોડીને જે રીતે દોષો થયા હોય, તે બધા દોષો શલ્યરહિત રીતે, જેવી રીતે નાનું બાળક પોતાની માતા પાસે જેવું હોય તેવું સરળ રીતે કહી દે છે તેવી રીતે ગુરુ રૂપી માતા આગળ માયા અને મદથી રહિત થઈ દોષો જણાવીને પોતાની આત્મ શુદ્ધિ કરવી જોઇએ.

[સ્પષ્ટપણે તારાં પાપકાર્યો તું ગુરુ આગળ પ્રગટ કરીશ, તો હે જીવ! તારો ઉદ્ધાર થઇ જશે. અરે! માત્ર 'કહેવા જાઉં છું' આ અવસ્થામાં જ ઘણાં પાપ તો ખલાસ થઇ જશે. તથા પાપનું પ્રગટીકરણ કરીશ કે જેથી ગુરૂ મહારાજનો પ્રેમ તારા ઉપર ઉતરશે અને તારૂં નક્કર સ્થાન એ પૂજ્યના હૃદયમાં નક્કી થશે, તો ભલા! તેના જેવો મોટો લાભ બીજો કયો! અવસરે ગુરુ મહારાજ એવી સારણાં વારણાં કરશે, કે તારૂં જીવન ધન્ય બની જશે.

પણ આ કયારે બને? જો દિલ તદ્દન સ્પષ્ટ શુદ્ધ સાફ કર્યું હોય તો ગુરુની ભવ્ય પ્રેરણા–રૂપ જડી બુટ્ટીઓ મળે.]

શલ્યનો ઉધ્ધાર કર્યાં પછી માર્ગના જાણ આચાર્ય. ભગવંત જે પ્રાયશ્ચિત્ત આપે, તેને તે રીતે વિધિ પૂર્વક પૂર્ણ કરી આપવું જોઇએ. કે જેથી અનવસ્થા પ્રસંગ ન થાય.

અનવસ્થા એટલે અકાર્ય થાય તેની આલોચના ન કરે અથવા આલોચના લઇને તે પૂર્ણ ન કરે, તો બીજા સાધુને થાય કે 'પ્રાણિ હિંસા આદિમાં કંઇ પ્રાયશ્ચિત્ત આવતું નથી, તેથી પ્રાણિ હિંસા આદિ કરવામાં કંઈ દોષ લાગતો નથી.' આથી બીજો સાધુ પાપ કાર્ય કરે. અનવસ્થા ન થાય, તે માટે સાધુએ પ્રાયશ્ચિત્ત આચરવું જોઈએ.

આત્મ–શુદ્ધિ નહિ કરવાથી થતું નુકશાન.

**नवि तं सत्थं व विसं व, दुप्पउत्तो व कुणइ वेयालो ।**
**जंतं व दुप्पउत्तं, सप्पो व पमाइणो कुध्धो ॥१॥**

**जं कुणइ भावसल्लं अणुध्धियं उत्तमट्ठकालंमि ।**
**दुल्लभबाट्ठीयत्तं, अणंतसंसारियतं च ॥२॥**

શસ્ત્ર, ઝેર, જે નુકશાન નથી કરતાં, કોઈ વેતાલની સાધના કરી પણ અવળી કરી તેથી વેતાલ પ્રતિકૂલ થઇને જે દુઃખ નથી આપતો, ઉલ્ટું ચાલેલું યંત્ર જે નુકશાન નથી કરતું, કે ક્રોધાયમાન થયેલો સર્પ જે નુકશાન નથી કરતો, તેનાથી કંઇ ગણું દુઃખ શલ્યનો ઉધ્ધાર–આત્મશુધ્ધિ નહિ કરવાથી થાય છે. શસ્ત્ર આદિના દુઃખથી બહુ બહુ તો એક ભવનું જ મરણ થાય, જ્યારે આત્મશુદ્ધિ નહિ કરવાથી દુર્લભબોધિપણું અને અનંત સંસારીપણું આ

બે ભયંકર નુકશાન થાય છે. માટે સાધુએ સર્વ અકાર્ય-પાપોની આલોચના કરી આત્મશુદ્ધિ કરવી જોઈએ.

ગારવ રહિતપણે આલોચના કરવાથી મુનિ ભવ–સંસારરૂપી લતાના મૂલને છેદી નાખે છે, તથા માયાશલ્ય, નિદાન શલ્ય અને મિથ્યાદર્શન શલ્યને દૂર કરે છે.

જેમ મજુર માથે ઉપાડેલા ભારને નીચે મૂકવાથી હળવો થાય છે, તેમ સાધુ ગુરુની પાસે શલ્ય રહિત પાપોની આલોચના નિંદા, ગર્હા કરવાથી કર્મરૂપી ભારથી હળવો થાય છે.

સર્વ શલ્યોથી શુદ્ધ બનેલો સાધુ ભક્ત પ્રત્યાખ્યાન અનશનમાં અત્યંત ઉપયોગવાળો થઈ મરણાંતિક આરાધના કરતો રાધા વેધને સાધે છે. એટલે સમાધિપૂર્વક કાલ કરી પોતાનો ઉત્તમાર્થ સાધી શકે છે.

**આરાધના કરવાથી થતો લાભ.**

**आराहणाइ जुत्तो, सम्मं काऊण सुविहिओ कालं ।**
**उक्कोसं तिन्नि भवे गंतूण लभेज्ज निव्वाणं ॥**

આરાધનામાં તત્પર સાધુ સારી રીતે આરાધના કરી, સમાધિ પૂર્વક કાલ કરે તો ત્રીજા ભવે અવશ્ય મોક્ષ પામે છે.

**શંકા–** શાસ્ત્રમાં આવે છે કે 'સર્વવિરતિ સામાયિક પ્રાપ્ત કરેલો આત્મા ઉત્કૃષ્ટથી આઠમા ભવે મોક્ષ પામે છે અને જઘન્યથી તે જ ભવમાં મોક્ષ પામે છે, જ્યારે તમો ત્રીજે ભવે મોક્ષ પામે છે.' એમ કહ્યું, તો તે ન જઘન્ય થયું કે ને ઉત્કૃષ્ટ થયું.

**સમાધાન**– 'જઘન્યથી તેજ ભવે મોક્ષ પામે અને ઉત્કૃષ્ટથી આઠમા ભવે મોક્ષ પામે' એમ જે કહેલું છે તે વચન વજ્રઋષભનારાચ (પ્રથમ) સંઘયણવાળાને આશ્રીને કહેલું છે. અહીં જે 'ત્રીજે ભવે મોક્ષ પામે' એમ કહ્યું તે છેવટ્ઠા (છેલ્લા) સંઘયણવાળાને માટે છે. છેવટ્ઠા સંઘયણવાળો આત્મા અતિશય આરાધના કરે તો ત્રીજે ભવે અવશ્ય મોક્ષ પામે છે. અહીં 'ઉત્કૃષ્ટ' વચન ભવગણના અર્થે નથી પણ અતિશય થતી આરાધનાના અર્થમાં છે, તેમ છેવટ્ઠા સંઘયણવાળાને ઉત્કૃષ્ટ આરાધનાથી જઘન્ય ત્રીજા ભવે અને ઉત્કૃષ્ટે આઠમા ભવે મોક્ષે જવામાં હરકત નથી.

**एयं सामायारिं, जुंजंता चरणकरणमाउत्ता ।**
**साहू खवंति कम्मं अणेगभवसंचियमणंतं ॥**

ચરણકરણમાં આયુક્ત સાધુ, આ પ્રમાણેની સામાચારીનું પાલન કરતાં અનેક ભવમાં બાંધેલા અનંતા કર્મોને ખપાવે છે.

**दिव्यदर्भावतीपूर्यां, चातुर्मासिस्थितेन हि ।**
**रस-भू-खेद्विके वर्षे, परागोऽयं विभावितः ॥१॥**
**नित्यानन्दाख्यसाधुना, सुकृतं यदुपार्जितम् ।**
**क्षेमं भवतु भव्यानां, वर्ययाकृतिनानयार ॥२॥**

---

## "ઇતિ શ્રી ઓઘનિર્યુક્તિ પરાગ."

# શુદ્ધિ પ્રત્રક

| પૃષ્ટ. | લીટી. | અશુધ્ધ. | શુધ્ધ. |
|---|---|---|---|
| ૯ | ૩ | ૬૦ | ૧૦ લોક. |
| ૧૮ | ૪ | આશિવાદિ | અશિવાદિ. |
| ૧૮ | ૧૧ | ઉપવ | ઉપદ્રવ. |
| ૧૯ | ૧૭ | પોતપેતાના | પોતપોતાના |
| ૨૭ | | દશમી લીટી પછી 'તો તે માટે કોણ જશે ! ત્યારે બધા સાધુઓ કહે કે 'હું જઇશ હું જઇશ' આચાર્ય તે વખતે વૈયાવચ્ચ કરનાર, યોગવહન કરનાર, ગ્લાન વગેરે કારણો જણાવી, તે કામ' આટલું વધારી લેવું. | |
| ૨૮ | ૧૨ | ભગંત | ભગવંત |
| ૩૦ | ૭ | દેખતો | દેખાતો. |
| ૩૦ | ૮ | નિષ | નિષધુ. |
| ૩૦ | ૧૪ | તર | તરફ. |
| ૩૧ | ૧૭ | અન્યધામિક | અન્યધાર્મિક. |
| ૩૨ | ૧૬ | ૦ વાળ વૃદ્ધ | ૦ વાળો વૃદ્ધ. |
| ૩૪ | ૧૬ | તેવા | તેવી. |
| ૪૦ | ૧ | જીવની હિસા | જીવની હિંસા. |
| ૪૫ | ૨૩ | ગંદધોકથી | ગંધોદકથી. |
| ૪૮ | ૨૩ | નવકારથી | નવકારશી. |
| ૫૪ | ૧૩ | ધુત | ઘૃત. |
| ૫૬ | ૬ | આહાર તુરત | તુરત આહાર. |
| ૫૬ | ૧૫ | વૈદ્ય સાધુ | વૈદ્ય સાધુ. |
| ૫૬ | ૧૫ | આ વીને | આવીને. |
| ૫૭ | ૫ | ધર્માસ્તિકાયાદિની | ધર્માસ્તિકાયાદિની. |

| | | | |
|---|---|---|---|
| ૫૮ | ૧૩ | વસિતમાં | વસતિમાં. |
| ૬૩ | | પહેલો પેરેગ્રાફ છે તે બીજો વાંચવો. | |
| ૬૩ | ૧ | ગીતાથ | ગીતાર્થ. |
| ૬૬ | ૮ | વૈશાવચ્ચ | વેયાવચ્ચ. |
| ૭૯ | ૩ | લઇનસર | લાઇનસર. |
| ૭૯ | છેલ્લી | કાયિકદિ | કાયિકાદિ. |
| ૮૦ | ૩ | ઇરિયાવાહી | ઇરિયાવહી. |
| ૮૧ | ૨૧ | ન્માન | સન્માન. |
| ૮૨ | ૧૯ | અસહિષ્ણુ | અસહિષ્ણુ. |
| ૮૩ | ૧૯ | ધૂત | ધૂત, |
| ૯૪ | ૬ | વસ્ર | વસ્ત્ર. |
| ૯૯ | ૧૭ | સજમંમિ | સંજમંમિ. |
| ૧૦૧ | ૯ | ચંમમ | ચરમ. |
| ૧૧૩ | ૨ | પીલત. | પીલિત. |
| ૧૧૭ | ૬ | નિખિદ્ધ | નિસિદ્ધ. |
| ૧૧૭ | ૧૫ | હોય | હોય તે. |
| ૧૨૩ | ૧૪ | જુગુપ્સિતલા | જુગુપ્તિસ. |
| ૧૨૩ | ૧૪ | ચંડાદિ | ચંડાલાદિ. |
| ૧૨૩ | ૨૨ | મુક્કજો | મુક્કજોગી. |
| ૧૨૭ | ૯ | મુખી | સુખી. |
| ૧૩૨ | ૧ | લૌકિક | લૌકિક. |
| ૧૩૮ | ૧૮ | આ ગાઢ | આગાઢ. |
| ૧૩૯ | ૩ | પ્રાયશ્ચિત્તવાળા | પ્રાયશ્ચિત્તવાળા. |
| ૧૩૯ | ૧૨ | સધુા | સાધુ |
| ૧૪૧ | ૧૨ | પ્રાધુર્ણકના | પ્રાધુર્ણકના. |
| ૧૪૫ | ૨ | સંજમટ્ઠાએ | સંજમટ્ઠાએ. |
| ૧૪૫ | ૨૨ | બબ્ધિક | લબ્ધિક. |

| | | | |
|---|---|---|---|
| ૧૪૮ | ૧ | વંશીકરણકૃત | વશકરણકૃત. |
| ૧૪૮ | ૫ | જાપા | જાતા. |
| ૧૪૯ | ૧૦ | वुठी | वुठ्ठी. |
| ૧૫૬ | ૧૪ | ઓધો | ઓધો. |
| ૧૫૬ | ૧૭ | ઓધ | ઓધ. |
| ૧૫૭ | ૧૪ | ખુંધી | ખુંધી. |
| ૧૫૮ | ૨૦ | વૈકુવચ્ય | વૈયાવચ્ચ. |
| ૧૫૯ | ૧૧ | दट्ठुंमि | दट्ठुंमि. |
| ૧૬૦ | ૧૦ | **નીચેના** | **નીચેનાગુચ્છા.** |
| ૧૬૦ | | છેલ્લી પાંચ લીટી કાઢી નાખવી. | |
| ૧૬૯ | ૧૨ | સંસગ | સંસર્ગ. |
| ૧૬૯ | ૨૩ | ભાવક | ભાવુક. |
| ૧૭૦ ૧૭૧ | છેલ્લી ૨ | वियाणाहि | वियाणाहि. |
| ૧૭૪ | ૧૩ | રખેલું હોધ | રાખેલું હોય. |
| ૧૭૫ | ૧૫ | કાળપ્રિબંધ | કાળપ્રતિબંધ. |
| ૧૭૫ | ૨૧ | આરધના | આરાધના. |
| ૧૮૫ | ૧૯ | ભાવલોચન | ભાવાલોચન. |
| ૧૮૬ | ૧૭ | નિર્ધા | નિર્ધાર. |
| ૧૯૨ | ૫ | धुवमयाणं | धुयरयाणं. |

મુદ્રકઃ— છોટુભાઈ ધનાભાઈ પટેલે છાપ્યાં પૃ. ૧થી ૧૯૮
મુદ્રણસ્થાનઃ— પ્રતિમા પ્રન્ટરી—બોરસદ. (જિ. ખેડા,)

पू. श्री आर्य जंबूस्वामि जैन मुक्ताबाई
स्था. सं. १९९१
ज्ञानमंदिर डभोई (गुजरात)

ટાઈટલ · સુલેખા પ્રિન્ટિંગ પ્રેસ · ડીસા.